" સુન્દરીસુબોધ. "

માસિક પત્ર માટેના અભિપ્રાયો.

આ નામના માસિકના અંક અમને અભિપ્રાય માટે છે તેનો ઉપકાર સાથે અમે સ્વીકાર કરીએ છીએ જ્યાં દેશની સ્ત્રીઓ મનોબળમા, નૈતિકબળમાં, શરીરબળમાં ધાર્મિક વિષયોમાં આગળ પડતી નથી ત્યાં સુધી દેશની -દેશની પ્રજા તે બાબતોમાં આગળ પડતી થાય એવી રાખવી વ્યર્થ છે. આમ જોતાં સ્ત્રીઓની દશા સુધાર-ાલ જે 'સંસારસુધારાસમાજ' વગેરે મંડળો તથા હસ્થો તરફથી યત્ન કરવામાં આવે છે, તેનાથી પણ વવહારીક યત્ન થવાની ઘણી જરૂર છે આવા એક ત્નનો આરંભ બન્ધુસમાજ મંડળ તરફથી કરવામાં છે તે ઘણું ખુશી થવા જેવું છે. અને તેમના આ સુજ્ઞ પ્રજા વર્ગ તરફથી સારૂં ઉત્તેજન મળી તેમનો કાયમ રહે એવી આશા રાખવામાં આવે છે. આ વખતો વખત આવનારા વિભાગ પાડવામાં આવ્યા ઉપરથી તે સ્ત્રીઓને ઘણું ઉપયોગી પત્ર થઈ પડશે સ્પષ્ટ રીતે જણાય છે......બન્ધુસમાજના આ શુભ માટે અમે તે મંડળને અંતઃકરણ પુર્વક અભિ-આપીએ છીએ અને આ ઉપયોગી માસકને ઉત્તેજન અમારા ગુર્જર બન્ધુઓ અને બ્હેનોને વિનંતી કરીએ રોયલ આઠ પેજી ત્રણ ફોર્મનું-મ્હોટાં ૨૪ પાનાનું દેખાવવાળું હોવા છતાં ટપાલ ખર્ચ શિવાય તેનું વાર્ષિક મ માત્ર એક રૂપીયો રાખવામાં આવ્યું છે તે પ્રમાણમાં છે. આ ઉપરાંત ગ્રાહકોને 'એક સુબોધક પુસ્તક ભેટ આપ-યોજના રાખવામાં આવી છે."—ગુજરાતી પંચ.

'સુન્દરીસુબોધ' એ નામનું એક ઉપયોગી માસિક વાદ ખાતે પ્રકટ થતાં તેના અંક અમોને મળેલ છે.

એ માસિક ખાસ કરી દેશી સ્ત્રીવર્ગમાં વાચનના ફેલાવ
કેળવણીના વધારાના સાધન અર્થે પ્રકટ કરવામાં આવ્
તેમાં દાખલ કરવામાં આવેલા વિષયો ઘણા સારા ✓
સ્ત્રી વર્ગમાં બીજાં વાચનો કરતાં વધુ ઉપયોગી થઇ પડે
છે. વાર્ષિક લવાજમ પોસ્ટેજ સાથે રૂ.૧-૩-૦(હવે રૂ.૧-૪-૦
જે તેના ઉપયોગીપણા તરફ ધ્યાન આપતાં ઘણું જુજ ગ
શકાશે. અમે ઇચ્છીએ છીએ કે દેશી પ્રજામાંહેની કેળ
ખાનુઓ અને સારાં વાચનનો શોખ ધરાવનારા પુરૂષવ
ર્ગ ... સાહસને ઘટતો ઉત્તેજન આપવામાં આવશે.

—કાઠિયાવાડ

" અમદાવાદની 'બન્ધુસમાજ' તરફથી આ
રી સુબોધ) માસિકે જન્મ લીધો છે. તેમનો મોકલેલો
અમને મળ્યો છે. શીરૂઆત સારી છે. સ્ત્રી-પુરૂષ બેઉ
ચવા લાયક છે. ગૃહસ્થ ઘરમાં આવાં માસિકો વાંચવા
માં સ્ત્રી અને બાળકો નીતિવાન બને, તેવી ગોઠવણ
સમાવેલી છે. આ માસીકની અમો દીર્ધાયુ ઇચ્છીએ છ
—સિન્ધવર્તમાન.

" સુન્દરીસુબોધ નામનું એક માસિક તેના વ્યવ
તરફથી મળ્યું છે. આ માસીક...નો મુખ્ય હેતુ દેશી સ્ત્ર
ધીમે ધીમે કેળવવાનો છે અને તેના બે ત્રણ અંક
તે પોતાનું ધારેલું કામ બજાવવાની ઠીક કોશેષ કરે છ
કે ગુજરાતમાં પ્રકટ થતા કેટલાંક માસીકો ભારી અને
સમજ પડે એવા શબ્દો વાપરવામાં મોજ માને
છતાં આ માસીક તેવી ખોટથી લગભગ નીરાળું છે
નીમત (ખુશી થવા જેવું) છે. આ માસીકનો લવાજમ
ખર્ચ સુધાં ફક્ત રૂ. એક ને આનાં ત્રણ (હવે ચાર) છે
ખચીત જુજ છે. "—કોહિનુર-લક્ષ્મી.

યોગિની

અથવા

સાધ્વીઓના જીવનસુવાસ.

રચનાર, સુમન્ત.

પ્રકાશક

બન્ધુસમાજ.

LOVE AND BEAR!—વ્હાલો અને સહો!

વ્હાલી બાળાં! સહન કરવું એય છે એક લ્હાણું."—કલાપી.

અમદાવાદ.

ધિ ગુજરાત પ્રીન્ટીંગ પ્રેસ.

વિ. સં. ૧૯૬૦ ઈ. સ. ૧૯૦૪

મૂલ્ય:-આના બાર.

" મુજવૃત્ત જેવું ઘણાંકનું શુણુશો પુછયે આ દેશમાં;
" પરદેશી સજ્જન ! હિન્દુઓ ગાળેજ જીવન ક્લેશમાં;
" નરજાત સુખી હશે અહીં કદિ મ્હાલતી સ્વચ્છન્દથી,
" પણ નારીને રોવા વિના નહિં કર્મમાં બીજું કંઈ ! "

—સ્નેહમુદ્રા

" સમ્બન્ધીના મરણ પછી ના સર્વ સમ્બન્ધ તૂટે,
" બ્હેની ! આંહીં વિરહજ ખરો ચિર સમ્બન્ધ ભાસે;
" તો પ્રેમી–જે પ્રણયમયતા જોઈ મ્હાણુ વિયોગે,
" મીઠું કિન્તુ ક્ષણિકજ નકી સ્વપ્ન સંયોગ તો છે.
" છે વૈધવ્યે વધુ વિમલતા, બ્હેન ! સૌભાગ્યથી કૈં !
" છે ભાક્તમાં વધુ વિમલતા, બ્હેન ! શૃંગારથી કૈં !
" બાબાં ! ત્હારાં મૃદુ હૃદયને ઓપ વૈધવ્ય આપી,
" ઊંચે ઊંચે તુજ દિલ જશે લેઇ ધીમે ઉપાડી "

—કલાપીનો કેકારવ.

" સંસાર માંહિં પ્રયાણ કાજજ પાન્થ ચેતન સર્વ છે;
" બે એકથી જ ભલાં પ્રવાસ વિષે વળીઃ કહ્યું એવું યે.
" એ મિત્રતાનો હેતુ, પણ રસઐક્ય વિણ નહિ મિત્રતા;
" નહિ ગ્રહે ઉરપારો વિગુણ ચિત્તસ્થળીપર સ્થિરતા;
" રસઐક્ય વણ મનઐક્ય નહિ એ સૂત્ર શીખવ્યું તે દિને
" મનઐક્ય વણ નહિ મિત્રતા પ્રભવે, ગુરૂજી, કો રીતે.
" સ્ત્રીપુરૂષ કેરૂ લગ્ન એવી મિત્રતાનો હેતુ છે;
" ઘણીવાર આપની પાસથી મ્હેં, તાત, એવુંજ શુણ્યું છે.
" અન્યોન્ય કેરી ન્યૂનતા પૂરે અનુગુણ દમ્પતી;
" વિનિમય કરે નિજ રસ તણો ઉર ઉર આગળ ઉધડી.
" સંસારસ્વાર્થે અભિન્ન થાતાં ભેદનું કારણ નહિ;
" સ્ત્રીપુરૂષની તેથીજ સહુમાં મિત્રતા ઉત્તમ કહી.
" એ મિત્રતા વા સ્નેહ કહો, તે હાર્દ દમ્પતી–ભાવનું;
" રસઐક્યથી ઉત્પન્ન થઇ રસઐક્યનેજ વધારતું. "

—સ્નેહમુદ્રા.

નિવેદન.

વાર્તા લખનારને નજૂમી થવાનો હક છે; પરન્તુ તે સાથે ભવિષ્યને વર્તમાન બનાવી, પ્રજાઓને ઉદયમાર્ગ તરફ ગતિમાન કરતાં સાધનોનું સૂચન કરવું એ, ત્હેની મહાન્ ફરજ છે. આ વાર્તામાં ઉન્નતિનો એકાદ માર્ગ અને પ્રયાણનાં કાંઇક સાધન,–એટલુંજ સૂચવવાનો પ્રયત્ન થયો છે. સુંવર્ણ ફળપ્રાપ્તિની આશાભૂમિ તો દરેક હૃદયવાટિકામાં હશેજ; પણ આ પ્રયાસથી સૂચવેલાં સાધનો તરફ જનસમૂહની નજર જશે તો પણ લેખક ત્હેની સફળતા માનશે.

ખરૂં જોતાં આ વાર્તા નથી, તેમ નવલકથા પણ નથી: પરન્તુ મનુષ્યજીવનનાં ચિત્રો આલેખી સહૃદય મંડળમાં જન્મ પામેલાં વિચારકુસુમોથી ત્હેમને શોભાવી, વાચક મહાશયો સમક્ષ કથનીના રૂપમાં તે મૂકયાં છે. લેખકે તો માત્ર ગ્રંથકારનું કામ કર્યું છે અને ત્હેમાં પણ તે એક સન્મિત્રના આભાર તળે છે. ખામિઓ ઘણી આવી ગઇ છતાં, વિષયની મહત્તા પોતાની તરફ વાંચનારની આન્તર્ વૃતિઓ વાળશે, એમ આશા છે. નિર્માણ થયેલી એક સાંસારિક નવલકથાના પ્રથમ ભાગ રૂપ આ પુસ્તક છે; અને હવે પછી, બીજા વિભાગ તરીકે બ્હાર પડનારી 'બાળા' નામની વાર્તામાં–અત્રે થોડા–વધારે ચર્ચાયલા તથા રહી ગયેલા બીજા નવીન વિષયોનું વહન વધારે વિસ્તારવાન થશે, એમ જણાવવાની લેખક રજા લે છે.

અનુક્રમણિકા.

સમર્પણ.

(દ્રુતવિલંબિત૦)

જનનિનું ઉરપાન કર્યું-કર્યું
યુગલમાં, પ્રીતિવત્સલતાભર્યું
વહ્યુંજ સંગ રમન્ત ઉમંગમાં
પ્રણયજીવન, હા ! ક્ષણરંગમાં :

ભગિની ઓ ! પરલોકનિવાસિની !
જનનિઅંતરદિવ્યવિલાસની
ખીલવી જ્હેં મધુરથાંડા, સૂકાઇ તે
બની અચેતન, હોય સુગન્ધિ છે :

વિસરતું જગ ; પ્રીતિનિવાસ જે
તુજ હતા, પર થાય બધાય તે;
તદપિ તે ઉડશે તુજ આત્મની
કદિ ન બન્ધુહ્રદેથી-સુવાસિની :

અણમૂલાં, જગમંડપમાં કંઇ
મનુજજીવનચિત્ર મળ્યાં,-લઇ
સુરભી વિમલ ઉરફૂલે ગુંથી,
ધરું ત્હને સ્મૃતિ-સુન્દર મંજરી,

યોગિની.

પ્રકરણ ૧ લું. સાસરૂં.

૧. વીંટી ખોવાઇ !

" જી ! ઓ જી ! પેલી જોગણની વાત ત્હેં સાંભળી ? " ધમધમાટ કરી ચાલતી એક તરૂણ સ્ત્રી ઘરમાં પેસતાં બોલી.

" શી, કમુ ? " એક આધેડ વયની સ્ત્રી જે ઘરના તાકમાં પડેલી મ્હોટી ચોખંડી પાટ ઉપર બેશી દાળ વીણતી તી, ત્હેણે પૂછ્યું: " કઇ જોગણ ? "

કમળા લૂગડાં બદલી ત્હેની મા ભાગીરથી પાસે આવી, પાન સોપારીની રકાબી પડી હતી ત્હેમાંથી સોપારીની ભૂકીનો એક મ્હોટો બૂકડો મ્હોંમાં નાંખી, ધાણીચણાની પેઠે કચડકચડ ચાવતી, પાટ ઉપર બેઠી.

" જી, ઇસ્ટેશન ઉપર પેલું માતાજીનું મન્દિર નવું થયું ને, ત્યાં એક જોગણ આવીને ત્રણેક દિવસથી ઉતરી છે. કહે છે કે એ પુષ્કરજીથી આવી છે ને અહિં થોડા દહાડા રહી દ્વારકાં જવાની છે. તે એણે ગઈ કાલે હરિકથા કરી'તી. એવી સારી રીતે એ બાઈ બોલે છે ને શાસ્તરની વાતો એવી સારી રીતે સમજાવે છે કે,–જી, તું જાણે છે ને, મ્હારા સરા તો બધાંનું વાંકુ બોલે છે ને બ્રાહ્મણને કોઇ દહાડો કે કશુંયે આપતા નથી,–તેએ ઘેર આવીને રાતે એનાં

બેસતમ વખાણુ કરતા'તા. લોક કહે છે કે એ ઠાકોરની બ્રા-
હ્મણી છે ને બાળ રાંડ છે; અને હાલ એની ઉમર પાંતરીશેક
વરસ કરતાં વધારે નથી. પણ એનું જ્ઞાન તો એટલું બધું છે
કે બ્રાહ્મણિયા નિશાળના શાસ્ત્રી અને અમારો કોકો નદીપાઃ
જાય છે ને એ નિશાળના માસ્તરની સાથે સંસ્કૃતમાં એ એવી
તો કડકડાટ વાતો કરતી'તી કે બધા દંગ થઇ ગયા. મ્હારા
દિયર ને એ બધાયે કથા સાંભળવા ગયા'તા તે પણ એનાં
હદથી જાદે વખાણુ કરતા'તા. એક બે દહાડામાં ઘણું કરીને
અમારે ઘેર એને કથા કરવાને બોલાવશે ખરા. ને, જી, કહે
છે કે કથાની ગોઠવણ એને ત્યાં ઘણી સારી થાય છે. બાય-
ડીઓ એની પાસે અને પછી થોડો મારગ મૂકીને ભાયડાઓ
બેસે છે. જરૂર ન હોય ત્યાં સુધી એ નીચેથી ઊંચું જ જોતી
નથી ને જરા નવરી પડી કે તરત માળા હાથમાં લેવાને
અમથી તો બેશી રૂહેતીજ નથી. શરીરે ફકત ભગવાં લુગ
ધારણ કરે છે અને........"

"કમુ, કોની–પેલી જોગણની વાત કરે છે કે?" રે
યુવાન વિધવા ઘરમાં પ્રવેશ કરતાં બોલી, "જી, જ્યાં જઇએ
ત્યાં એનીજ વાતને વાત! બીજું કાંઈ સંભળાતુંજ નથી.
કોણ જાણે, બા; ખરૂં હશે કે નહિં તે તો ઉપલ્યાને ખબર,
પણ લોકો તો વાતો કરે છે કે એને માતાજી સાક્ષાત્ હાજ-
રાહજુર છે. કહે છે કે એ કોઇની પાસેથી પૈ પણ લેતી થી
ને શરીરે માંદી સાજી રૂહે છે પણ કોઇ દહાડો એને ઇ
પડતી નથી ને જ્યાં જાય છે ત્યાં પૂજાય છે. ધનકોર મ
તો એમ કહેતાં'તાં, હો, કમુ, કે એ બધી ગપ છે ને ઠ
ધુતી ખાવાની વાત છે,–' લોભિયા હોય ત્યાં ધૂતારા ભ
મરે';–એવી માતાજીની એના ઉપર મ્હેર હોય તો
ગામે ગામ ભટકે શું કરવા? એ...પોતાના ઘરમાં બે

ચમન ન કરે ? આમ કર્યું ને તેમ કર્યું ને લોકો એકઠા કર્યા ત્હેમાં શું ? ને, એં...એતો પીરનો મહિમા એમના પૂજારી વધારે ! જોજે ને કાંઇએ કાળું--અન્તે નીકળવાનું ને નીકળવાનું !--જોજે ને આમાંયે કાંઇ ભેદ હશે, હોં; આપણા પેલા મહારાજ ગુલાબગર બાવાનું આખરે શું જણાયું ? ”

“ લલી ! તું તો કોઈ દ્હાડો બદલાવાનીજ નથી, ” કમળાએ જરા તપી જઈ તડુકો કર્યો; “ ક્યાં ત્હારો ગુલાબગર બાવલો ને ક્યાં આ બાઇ ? એંહ !...એતો આ બાઇનાં પગરખાં ઉચકવાને યે લાયક નથી; ને ધનકોર માશીનેયે શું કહું ? જેની ત્હેની કુથલી કર્યા કરવી ! હું ત્હમારાં બધાંના જેવી તુલી નથી તો, કે તપાસ કર્યા વના કંઇયે કહું. તુંજ ક્‌હે છે કે પાઈનીયે કોઇ પાસે આશા રાખતી નથી; ને એનું શાસ્તરનું જ્ઞાન એવું છે કે ભલભલા શાસ્ત્રી પુરાણીઓને પણ ટક્કર મારે ! તુંજ વિચાર કરને કે મ્હારા સસરા ને બીજા સુધારાવાળા પણ એનાં વખાણ કરે છે ત્યારે એનામાં કંઇ તો હશે ? ગુલાબગરને તો મ્હેં જોયો ત્યારથીજ મ્હને એનું મ્હોં ગમતું ન્હોતું;--ને ત્હમે બધાં તો એની પાછળ ગાંડાં ગાંડાં થઈ જતાં'તાં ! આ બાઇનું કામ તો બહુ ચોખ્ખું છે. પેલા ત્હમારા બાવલાને તો નિત મિષ્ટાંન વગર ભાવતું નહિં અને એના ઠાકોરજીને પંખા જોઇએ ને પલંગ જોઇએ ને રાજભોગ જોઇએ ને માનભોગ જોઇએ; રોજ રોજ ક્‌હે કે કાંઇયે ભેટ તો મૂકવી જોઇએજ--ઠાલે હાથે તો જવાયજ નહીં કે ! આ બિચારી તો જાર બાજરીનો રોટલો ને નરમ ખોરાક વગર કાંઈ ખાતીજ નથી ને કોઈની પાસેથી કાંઈ લેતી પીતી, ત્હોયે એનો પિછોડો કોઈ મૂકતું નથી ! શી દુનિયાં છે ? ”

લલિતા વખત વિચારી ગઇ; તકરારનું પરિણામ પોતાની રૂદ્ધમાં ઉતરશે ધારી કમળાની તરફેણદારી બણી પોતાના મતનું

સુકાન ત્હેણે તરત ફેરવી દીધું. "જોજે બા, વળી મ્હારો વાંક ક્‌હાડતી ! હું તો કંઇયે કહેતી નથી. ત્હેં જેવી વાત સાંભળેલી, ત્હેવી મ્હેં પણ સાંભળી'તી તે કહી. ધનકોર માશીએ બિચારાંએ સાંભળ્યું એવું કહ્યું હશે. પણ ત્હને ત્હારે સાસરે ખબર પડી કે બીજા કોઇને ત્યાં ?"

"મ્હારા સસરા ગયા'તા તે ઘરમાં વાત કરતા'તા. ને મ્હારા દિયર ને એ બધાયે એનાં બહુ વખાણ કરતા'તા." કમળાએ શાન્ત પડી જવાબ દીધો. "તું જાણે છે સ્તો કે એ બધા સુધારાવાળા છે, પણ તેયે આ બાઇનું તો બહુ સારૂં બોલતા'તા."

"ત્યારે તો ખરૂં હશે, જી" લલિતાએ કહ્યું, "એ બધા તો સો ગયણે ગળે ત્યારે પાણી પીયે એવા છે; કમુ, ત્યારે તો બાપાને કહીને આપણે એની કથા સાંભળવા જવાનું ઠરાવીએ. જી, તું આવીશને ?"

"હું આવીશ ત્યારે આ બધું ઘરનું કામ કોણ કરશે ?" ભાગીરથીએ અકળાતી હોય એમ મ્હોં કરી જવાબ દીધો, "બળ્યાં, મ્હારા રાંડના તે કરમમાં કથા શી ? હું તે એ કથા સાંભળીશ કે આ મ્હારા કરમની કથા કરીશ ? મ્હારો તો-હું મરીશ ત્યાં લગી-છૂટકોજ થવાનો નથી."

"એમ અકળામણ શું કરવા કરે છે, જી," કમળા બોલી, "લાવ, આમ ખશેડી દે થાળી; જોને, હું સપાટાબંધ દાળ વીણી ક્‌હાડું છું. ત્હને નાની ના કહીએ છીએ પણ તું માને છે ક્યાં ?-ર્‌હેવા દેને કામતો એની મેળે આફોડું થશે. ત્હારે શરીરે પણ હમણાંનું ક્યાં ઠીક ર્‌હે છે ? જી, ત્હારે તો હવે ત્હારૂં શરીર પ્હેલું સંભાળવાનું છે. આટલી તું છે તો અમને બધાંને ઢાંકીને બેઠી છે; તું નહિં હોય ત્યારેજ બધાંયને ખબરો પડવાની છે તો !"

" અરે કમુ, ત્હને શી વાત કહું ? "લલિતા વચમાં બોલી ઉઠી, " હમણાંનો તો દરરોજ જીને રાતે તાવ ભરાય છે ને શરીર ધીકી જાય છે. એતો એનો ખરો સ્વભાવ છે તે ર્‌હેવાતું નથી, બાકી બીજું કોઈ હોયને તો ઉભુંયે થાય નહિં —દીકરાની બબ્બે વહુઓ ઘરમાં, પણ કોઇ એના હાથમાંથી કામ મૂકાવવાની હતી ? "

" અરે એતો બધાંયે ઠીક છે," ભાગીરથી એ ધીમા સ્વરથી કહ્યું, " હું ન કરૂં તો કોણ કરે ? ને કહુંયે કોને ? આ બિચારી લલીને કાલે રાતે ઢગલા ઉધરશ ચ્હડી'તી, ને મ્હોંયે મળતું ન્હોતું. હું ન કરૂં તો એને માથે આવી પડે. એની કાંઇ જાત છે ? અમે તો આગળનાં છીએ તે આટલો ઢસયડો ખેંચીએ છીએ ને આટલુંયે કરીએ છીએ:ત્હમારાથી ત્હેમાંનુ કાંઇ બનવાનું નથી. વળી ત્હારાં સાસરિયાં આડાં, ત્હને મોકલે નહિ; ને ઘરમાં તો બધાં જોવાનાં છે. વખત થાય ત્હારે પાટલા ઉપર આવીને બેસવાનાં !—ન્હાની વહુ એનાં છૈયાં છોકર ને ભાયડાની ઠઠમઠમાં ને ઠંઠમઠમાં-ને પેલી ! એનું તો નામજ બાળને. ક્‌હે, હવે બીજું કોઇ ઘરમાં—હાથમાંથી કામ મૂકાવે એવું છે ! "

" જી, હું તો પેલું કહું છું કમુને; હા, આપણાથી તો નહિં ર્‌હેવાય. " લલિતા બોલી. ભાગીરથીએ હાથના લ્હેકા કરતાં કહ્યું, " હા. ક્‌હેને: ઉલટો ચોર કોટવાળને દંડશે ? કાંઇ એનાં કે એનાં બાપનાં ઓશિયાળાં છીએ ? હું તો એમને પણ આજ ક્‌હેવાની છું કે, ' આ જુવો; આખો દ્‌હાડો જેનું ત્હમે તાણતાણ કરો છો તેજ ત્હમારાં લાડકવાયાંનાં લક્ષણ !' —પણ હાય હાય, એમનાસાંજ કાંઈ રામ નથી એટલે કરવું શું ? નહિં તો ઘરમાં આવું અબારૂં ચાલે ?."

" પણ એવું છે શું, લલી ? મ્હોટાં ભાભીનું છે કાંઇ ?"

કમળાએ પૂછ્યું. "ત્યારે એના વગર હોય બીજા કોનું ? ત્હને 'મ્હોટાં ભાભી, મ્હોટાં ભાભી' થઈ રહ્યું છે ને એની તો ..." મ્હો મરડી લલિતા બોલી: "જો બા, એમ થયું કે, પેલી મ્હારી વીંટી હતી ને, ચન્દુ મુંબઇ ગયો ત્યારે લેતો આવ્યો' તો–તે વીંટી આઠેક દિવસથી મ્હને જડતી ન્હોતી. મ્હેં જાણ્યું જે હશે, જડશે. જીવ તો ઘણોયે બળતો'તો; પણ આપણાથી ભર્યા ભાદર્યા ઘરમાં કોને પૂછાય ને કોને ક્હેવાય ? હું મ્હારી મેળે મ્હોં મીચીને બેશી રહી'તી. ત્હને કે જીને પણ ન્હોતું કહ્યું, મ્હારા મનમાં જે પાછી એ અકળાશે. એવામાં આજ બપોરે હું ને ન્હાની ભાભી મેડીએ બેઠાં'તાં ત્યાં થઇને લવંગી પેલી–ની ઝાંપી ઉપર લઇ જતી'તી. અમે તો ઝાંપીમાં શું શું છે તે જોવા અમસ્તી સ્હેજજ એની પાસેથી ઝાંપી લઈ ઉઘાડી અંદર જોઇએ તો કબજાના લૂગડાની બેવડમાં મ્હારાવાળીજ વીંટી ! મ્હેં ન્હાની ભાભીને સાહેદી રાખ્યાં ને તરત વીંટી ક્‌હાડી લઇ જીને લાવીને બતાવી, તે એણે પણ તરતજ ઓળખી.–ક્‌હે હવે, જોયાં ત્હારાં 'મ્હોટાં ભાભી'નાં પરાક્રમ ? એતો ઉપરથીજ આવી મીનીમુખી છે, ને હશી હશીને જરા ડાહી ડાહી વાતો કરે એટલે ત્હારા જેવાં ભોળિયાં હોય તે ગાંડાં ગાંડાં થઇ જાય: બાકી એતો છે તે છે, અંહ ! ...બ્હાર છે ને ત્હેનાથીયે વધારે તો એ અંદર છે ! નઠારી નઠારી ત્હોયે એનાથી તો ન્હાની ઘણી સારી. એતો ઠીક થયું કે એ પાસે બેઠી'તી, નહિં તો બધાં મળી મ્હને પણ જૂઠી ઠરાવત."

"ના. ના. ત્હારે તે એવાં એમૂનાં શાં રાજપાટ કે ઠકરાત લેવાં'તાં, તે તું જૂઠું ક્‌હે;" કમળાએ લલિતાના પક્ષમાં ભળતાં કહ્યું, "પણ ત્હેં એમને પછી પૂછ્યું'તું કે વીંટી ઝાંપીમાં ક્યાંથી આવી ?."

હા. એ પણ ચૂક્યાં નથી: એતો ક્‌હે કે 'મ્હારાભાઇએ

મ્હને કરાવી આપી છે. બહુ મ્હોટા એમના ભાઇ વીંટીઓ કરાવી આપનારા જોયા ન હોય તો !—પણ, હેં કમુ, ત્હેં કોઈ દહાડો એની આંગળિયે એવી વીંટી જોઈતી ? બાપા પાસેજ ન્યાય કરાવવો છે. આવી રીતે જાય ત્યારે તો ઘરમાં રૂહેવાયે નહિં. આજ તો વીંટી ગઇને કાલ કાંઇ બીજું હોય—એમ જાય તે સારૂં નહિં. ને મ્હારૂં તો બધું છૂટું છવાયુંજ રૂહેવાનું. જાય ત્યારે પડે બિચારા ચાકર માણસને માથે અને—પણ, બોલ્ય કમુ આમાં મ્હારો કાંઇ વાંક છે ? ”

“ નારેબા, એમાં ત્હારો શો વાંક ? આમ ઘરમાંથી ચીજની ચીજ જાય ને બોલીયે પણ નહિં ? ” કમળાએ જવાબ દીધો; “ બા, મ્હારાથી તો ન રૂહેવાય, પણ લલી, હું એમને એવાં ન્હોતી જાણતી, હોં. ”

“ અરે એ વાંઝણી તો છે તે છે ! ” ભાગીરથીએ વચમાં ટાપશીપુરી “ બિચારી લલીને જરાયે જંપવાવારો આવવા દેતી નથી. આ ગુલાબ છે સ્તો; બધાંની સાથે હસવું, બોલવું, વાતો ચીતો કરવી ! આતો એમાંનું કાંઇ નહિં. કામ કરે ત્હેમાંયે કાંઇ શકાર નહિં; ને તેયે પોતાના ભાયડાનું, એટલે આટલુંયે કરે—પણ બળ્યું એનું કામ કરવું ! એનું નામજ બાળોને ! ”

કોઇ માણસ ઉતરવાથી દાદર ખખડવાના અવાજે આ ફ્રિયાદનામું થોડીવાર બંધ પાડયું.

* * * *

૨. અગ્નિમાં ઘી.

પરસાળને દાદરેથી ગુલાબ નીચે ઉતરી. ત્હેણે હાથમાં એક બાળક લીધેલું હતું. “ કેમ કમુ બ્હેન ? ” ત્હેણે કમળા તરફ જોઇ, પૂછ્યું.

"સારૂં ભાભી" કમળાએ ત્હેની સામે મ્હોં મલકાવી જવાબ દીધો; અને ત્હેના હાથમાંના બાળકને પોતાના ખોળામાં લઇ, વ્હાલથી તે ત્હેને રમાડવા લાગી. "કેમ છે. અરૂણ?—કેમ લુચ્ચા! કેવો હસે છે!"

જીને શરીરે અત્યારે કેમ છે? લલી બ્હેન," ગુલાબે લલિતાને પૂછ્યું "ક્હો ન કહો પણ કાંઇ—નિતના જેવુંયે આજતો લાગતું નથી. હમણાંનું, કમુ બ્હેન, જીને શરીરે સારૂંજ રહેતું નથી."

"અરે! એતો હમણાંજ જરા બેઠી થઇ છે. એને કે દ્હાડે સારૂં રૂહે છે તે?" લલિતાએ કહ્યુ.—"એતો પેલી વીંટીની વાત ચાલતી'તી. ક્હો ન્હાની ભાભી ત્હમે પાસેજ હતાં ને? ક્હો બા, કાંઇ મ્હારો વાંક છે- હું કાંઇયે બોલી છું?"

"હાય હાય, બાપ!—એતો એમનાથીજ એવું થાય! એંહ—ઢાંકણીમાં પાણી ઘાલી બુડી મરવું પડે બુડી! આજ તો વીંટી છે ને કાલે શું ન હોય? કમુ બ્હેન, અમારા તો મનમાંયે નહિં ને ચંતમાંયે નહિ; અમે તો બેઠાં બેઠાં ઘરની વાતો કરતાં'તાં, એવામાં પેલી એમની ઝાંપી લઇને ઉપર જતી'તી. ત્યારે મ્હારા રાંડના મ્હોંમાંથી જરા એટલું નીકળી ગયું; મેં કુ—'લલી બ્હેન! મ્હોટાં ભાભીની ઝાંપીમાં પણ ચોપડીઓજ હશે તો?' ત્યારે બ્હેન હશી પડયાં ને ક્હે 'બળ્યું, ભાભી, ઝાંપીમાં તે ચોપડીઓ માતી હશે? ત્હમે તો એવાંને એવાંજ રહ્યાં!' પેલી દાદરા ઉપર ચ્હડી એટલામાં બ્હેને મ્હને પૂછ્યું, 'ભાભી, ઝાંપીમાં શું હશે?—મંગાવીને જોઇશું?' ત્યારે મ્હેં કહ્યું, 'ચોપડીઓ વગર ભણેલાં ભાભીની પાસે બીજું શું હોય? સો સો રૂપિયાની સરત, જો અંદરથી એકાદ ચોપડી પણ ન નીકળે તો!' લલી બ્હેને એને પાછી બોલાવીને ઝાંપી ઉઘાડી અંદર જુવે તો ઓટવાના બે ત્રણ

કબજા ને એક ટોપી ભરવા માંડી છે તે-એટલું ને એક ન્હાનો ગીતાજીનો ગુટકો: ને કાપ જોવાને એક કબજો ઉકેલવા જઇએ છીએ કે તરત વીંટી બ્હાર નીકળી નીચે પડી !—લલી બ્હેને તે લઇને તરત કહ્યું 'ભાભી, આ વીંટી તો મ્હારી !' કમુ બ્હેન મ્હને પણ એમજ લાગ્યું. કારણ એ વીંટી તો એમણે—મુંબઈ ગયા ત્યારે આણી'તી. મેં કુ—'લલી બ્હેને હા, બા; એતો ત્હમારા વાળીજ વીંટી !' પછી લલી બ્હેને જીને કહ્યું; જીને શરીરે ઠીક ન્હોતું તોપણ માંડમાંડ ઉઠયાં ! મ્હોટાં ભાભીને પૂછી જોવાનું લલી બ્હેનને કહ્યું. પણ એતો કહે કે મ્હને મ્હારા ભાઇએ કરાવી આપી છે. નીચેયે ન ઉતર્યાં ને બીજો એક અક્ષરે ન બોલ્યાં. કેમ લલી બ્હેન, એમજ થયું'તું ને ? "

" હા. ભાભી. " લલિતા બોલી, " કમુને પણ મ્હેં બધું કહી સંભળાવ્યું છે. કહે કમુ, હવે કોનો વાંક ?—ભાભીએ કહ્યું તે ત્હેં સાંભળ્યું ને ? "

" હા. હા. ત્હારૂં કહ્યું કોણ ખોટું માને છે તે. પાછાં ન્હાનાં ભાભીયે ત્યાંજ હતાં ને." કમળાએ વિચારમાં ને વિચારમાં જવાબ દીધો, " મ્હને તો એમ થાય છે કે એમના જેવાં સારા ઘરનાં ને ભણેલાં ગણેલાં આવું કરે ત્યારે બીજાનું તો—! "

" ત્હને ભણેલાં ગણેલાં સારાં લાગતાં હશે ! " કચડાગીમાં મ્હોં મચડી લલિતા બોલી. ઉઠી, " એહં—એ રાંડો તો તળેની ઉતરડ ગગડાવે ! એમના કરતાં તો આપણે સારાં, ભોળાં ને ભળભળિયાં ! જે આવ્યું તે કહી નાંખીએ. કેમ, જી, હું ખરૂં કહુંછું ને ? "

" જોને બા. 'લલી ! કમુને ત્યાં તો બધું સુધરેલું વાજું

થઇ ગયું છે, એટલે નહિં નહિં ત્હોયે થોડોયે એ બધાંનો ચેપ એને લાગ્યા વગર રૂહે નહિં. પણ એને દુનિયાંદારીના અનુભવ હજી હવે લેવાના છેઃ તડકી છાંયડી જોવાની છે—એ જોશે ત્યારેજ ખબરો પડશે તો, કે કેટલી વીશીએ સો થાય છેઃ ને ત્યારેજ ખાત્રી થશે કે ફૂલાણું આવું ને ઢીંકણું આવું!" ભાગીરથીએ ધીમેથી ટચકા મારતાં કહ્યું.

"પણ જી, એટલું તો ખરૂંજને, કે સારા ઘરનાં થઇને આવું કામ કરે ત્યારે—" કમળાએ ભાગીરથી તરફ જોઇ પૂછ્યું.

"મૂઈ એ રાંડો સારા ઘરની—જોઇ ન હોય તો?" ભાગીરથી જરા ચ્હીડાઇને બોલી ઉઠીઃ "હેં, કમુ, પૈસો તો ઢેડનાયે ઘરમાં હશે માટે એ પણ કળીવાન થયો કે? જોને બા, ધનલખમીના બાપના ઘરમાં તો—એંહ, અંનને ને દાંતને વેર હતું અને વિધાનંદના દાદા તો રસોઇની ડોઇ ફેરવવાનો ધંધો કરતા'તા! નાતમાં ખરા કળિયા તો આપણે, ગવરીશંકરવાળા, જાનીને તરવાડીના ઘરનાં—અને ત્હારાં મોસાળિયાંઃ એટલાં તો ખરાં. મ્હોટા જગનં ને નાતમેળા થયેલા તે એમને ઘેર, ને સમારંભ પણ થયેલા, બાકી બીજાં બધાંય તો લઇ પડેલાં! વિધાનન્દ જરા તરા કમાતો થયો એટલે એનું ઘર ઉંચું થઇ ગયું?" તિરસ્કાર કરતી હોય એમ મ્હોં મચડી, ઓઠથી 'પૂંકાર કરી ત્હેણે પોતાનું ભાષણ બંધ કર્યું.

"ને સારા ઘરનાં હોય તો,—કમુ, સાંભળ ભાભી કહે તે—એવું કરે કે? ભણેલાં ગણેલાં બધાંયે એ તો—અમે તો, એમને ઘરથી જાણીએ છીએ; ત્હારા જેવાંને છેતરી જાય!" લલિતા બોલી.

"શું હતું, ભાભી?" કમળાએ ગુલાબને પૂછ્યું.

" બા, જુવોને કુમુ બ્હેન, " ગુલાબે કહ્યું; " એ તો શૂળીનું વધન સોયે ગયું !—આતો મ્હેં આજજ લલી બ્હેનને વાત કરી'તીઃ વાતમાં ને વાતમાં વાત નીકળી ગઇ, બાકી મ્હારી બાયે તો સાફ નાજ કહી'તી કે કોઇને કાંઇ કહીશ નહિં. નકામો ક્લેશ થાય ને આપણાં હાથમાં કાંઇ આવે નહિં. જેનું લાગ્યું, જે ભોગવશે !—એ તો એમ બન્યું કે ધનકોરમાશીને ત્યાં થઇને મ્હારી બાને ત્યાં જતી'તી, ને એટલે ચ્હડું છું તો બાયણુાના વચમાં, ઉમરા ઉપર, સિંદૂરવાળું લીંબુ વચમાં સોય ખોશેલી એવું; કોઈ મૂકી ગયેલું ! મ્હેં તો તરત બૂમ પાડીને મ્હારી બાને ઓટલે બોલાવીઃ ને આડોશી પાડોશી બધાં જોતજોતામાં એકઠાં થઇ ગયાં. પૂછપરછ કરતાં કોઇકે કહ્યું કે એક કણબીનો છોકરો એ મૂકીને ન્હાશી ગયો હશે. શાથી જે એને ઓટલા ઉપર ચ્હડી, બારણું ઉઘાડયા વગર, ઉતરી ન્હાશી જતાં જોયો'તો. આમ વાત થાય છે ત્યાં આવ્ય કોઇ નહિં ને મ્હારી ફુલી કાકી;. ને એતો ત્યાં લગી કહેવા મંડી કે ' ધનલખમી વગર બીજા કોઇનું એ કામજ નહિં ' કહે કે ' એ રાંડો—માને દીકરી બંનેને છુંદીએ એવી છે. એને છોકરૂં નહિં ને એ વાંઝણી રહી ત્હેમાં મ્હારી દીકરી શું કરે ? ' આમ વાત થતી'તી એવામાં અધુરામાં પૂરૂં મ્હારા દાદા પણ આવી પહોચ્યા ! એ તો લાકડી લઇને જતા'તા લ્હડવા વિધાનંદને ઘેર. મ્હેં એમને વારી રાખ્યા કે, ' દાદા, એમાં મારા જીવને નકામો ક્લેશ થશે, ને કરશે તે ભોગવશે આપણે શું ? '—આ રાંડ છોકરી માનતી નથી ને ઉપરની ઉપર રહે છે; બાકી તે દહાડાનું મ્હને તો એવું થઇ ગયું છે કે કોઈ દહાડો કોકનું કોક—નવું જૂનું થવાનું છે ને મ્હારે નીચું જોવાનું છે ! "

" ભાભી, હવે ત્હમે આ વાત કહી એટલે જોજોને લ-વંગી કેવી ઉપરે જાય છે? રાંડનો ટાંટિયોજ કાપી નાંખું." લલિતા બોલી ઉઠી; "તે દ્હાડેજ મ્હને કહ્યું હોતને તો બાપાં ને ભાઇ લગી હું એ વાત લઇ જાત."

" પાછા બાપા ને ભાઇજ ત્હમ્હારૂં કહ્યું માને એવા છે તો!" ભાગીરથી બબડી. " ભાઇને તો એ રાંડે કોણ જાણે શુંયે કામણ કર્યું છે કે આંગળીનો એ ભાઇજ ન્હોય! બાય-ડીની હાયે હા, ને નાયે ના. એ ભાઇજ પાછા......

" ત્યારે હુંયે ક્યાં ભાઇની ઓશિયાળી છું જે!" લલિતા હાથ લાંબો કરી વચમાં બોલી ઉઠી. " બાપા છે ત્યાં લગી ભાઇ થાય છે કોણ? હા!–જી, હું ત્હને સાફ કહું છું કે આપણે કાંઇ ભાઇભાભીના હુંસા ખાઇ ર્‌હેવાનાં નથી! એમનો પૈસો એમને ગંધાય!"

" હજી પૈસો કમાય તો ખરા! ત્હારે તો ખાસ્સું સારૂં ઘેર છે–ત્હારે કોના હુંસા ખાવાના છે? ત્હારા બાપા ઘણું જીવો, પણ એ નહિં હોય ત્યારેયે તું કાંઇ ભાઇભોજાઇની ઓશિયાળી નથી."

વાત આમની આમ કેટલાક વખત સુધી આમળા ખાતી ખાતી આગળ વધી.

* * * *

૩. એક ગૃહ ચિત્ર:

મણિધરપ્રસાદ રજીસ્ટ્રેશન ખાતામાં લાંબાં વખત સુધી નોકરી કરી, પેન્શન લઇ હવે ઘેર બેઠા હતા. માણસ સારા સ્વભાવના અને સમયને અનુસરીને ચાલનાર પરન્તુ પ્રમાણિક

હોવાથી તેઓ બહુ પૈસો તો એકઠો કરી શક્યા ન્હોતા, પણ ાતજાતમાં તથા શહેર સરકારમાં આબરૂ સારી મેળવવાને ભાગ્યશાળી થયા હતા. એમને બે પુત્ર; પ્રબોધચન્દ્ર અને ચન્દ્રકાન્ત (જેને ઘરમાં ચન્દુ એ ટૂંકા નામથી બોલાવવામાં આવતો હતો) અને બે પુત્રીઓ લલિતા અને કમળા, મળી ચાર સંતાન હતાં. લલિતા સાસરે ગયા પછી થોડાજ વખતમાં વિધવા થયેલી હોવાથી ભાગીરથી—એમનાં પત્ની, ત્હેને ર્વે પ્રકારની છૂટ આપતાં અને ત્હેનું ધાર્યું કરવા દેતાંઃ આથી રિણામ એ આવ્યું કે, લલિતાને એનાં સાસરિયાં સાથે નહિં ાનવાથી એ પિયરજ રહેતી હતી. પ્રબોધચન્દ્રનું લગ્ન વિદ્વા ા, નીતિ અને હુંશિયારી માટે આખા ગૂજરાતમાં જાણિતા ઈ ગયેલા ડેપ્યુટી કલેક્ટર રાવબહાદુર વિદ્યાનન્દની પુત્રી રસ્વતી સાથે થયેલું હતું અને ત્હેને અત્યારસુધીમાં કાંઇ સંતતિ ન્હોતી; જોકે હાલ સરસ્વતીની મા ધનલક્ષ્મી તરફથી એમ કહેવામાં આવતું હતું કે એને સીમન્ત છે અને ત્રણેક મહિના થયા છે પણ તે વાત એનાં સાસરિયાં ખરી માનતાં નહિં હતાં. ચન્દ્રકાન્તનું લગ્ન એક સાધારણ સ્થિતિના ઘરની કન્યા ગુલાબ સાથે થયું હતું અને ત્હેને હાલ લવિંગી અને અરૂણી બે બાલકો હયાત હતાં. કમળાને સુપ્રસિદ્ધ સુધારક વકીલ અવન્તિરામને ઘેર પરણાવી હતી. પ્રબોધચન્દ્રે, પોતાના પેતાના આગ્રહને વશ થઇ, એમ. એ.ની પરીક્ષા ઊંચે નંબરે ાસાર કર્યા પછી રેવન્યુખાતામાં નોકરી લીધી હતી જ્યાં ેને હાલ દર મહિને વીસ રૂપિયા મળતા હતા; પરન્તુ મામલતદાર થવાને જરૂરની દરેક પરીક્ષા ત્હેણે માન સાથે પસાર ારી દીધેલી હોવાથી હવે થોડા વખતમાં ત્હેને સારી નોકરી મળવાનો સંભવ હતો. ચન્દ્રકાન્ત એટલો ચાલાક કે બુદ્ધિશા ે ન્હોતો. એ ત્રણવાર મેટ્રિક્યુલેશનની પરીક્ષામાં નપાસ થયા

પછી ત્હેણે હૉસ્પિટલ આસિસ્ટંટની પરીક્ષા માંડમાંડ પસાર કરી હતી અને હાલમાં થોડું થયાં સ્વતંત્ર દાક્તર તરીકે ત્હેણે શહેરમાં દવાખાનું ઉઘાડયું હતું.

રાતે વાળુ વખતે મણિધરપ્રસાદ ઘેર આવ્યાં અને દક્ષમી જમવા બેઠા. ઘરમાં રાંધવાનું કામ હમ્મેશાં સરસ્વતીને માથે રહેતું અને તે પ્રમાણે આજ પણ એજ રાંધતી હતી.–લાગ જોઇને ડોશીએ વાત ઉપાડી: ' આમ બન્યું'તું ' ને ' તેમ બન્યું'તું '–થી વાત શરૂ થઇ. મણિધરપ્રસાદ સાધારણ રીતે શાન્ત પ્રકૃતિના માણસ હોઇ, ઘણુંખરૂં ઘરની ભાંજગડમાં પડતા નહિં અને આવી ફરિયાદો ઘણીખરી વાર થયાં કરતી તેથી ખરેખરા કંટાળી ગયેલા હતા; જેથી તે ઉપર બીલકુલ લક્ષ આપતા નહિં. પરન્તુ દરરોજ માથા ઉપર ટકટકારો થયાં કરે તો કોઇક દિવસ પણ ત્હેની અસર તો થાયજ! ઉપરાંત વળી આજ તો કમળાનું નામ પણ આ ફરિયાદમાં દાખલ કરવામાં આવ્યું હતું અને ' કમુ પણ કહેતી'તી કે હું બાપાને કહેવાની છું કે આમ થાય તે સારૂં નહિં: એમાં તો ઘરની શોભા ઘટે '–એ શબ્દોએ પણ જરાતરા અસર કરી, કારણ જો કે તેઓ મ્હોંયે કબૂલ કરતા ન્હોતા તોંપણ એ જાણીતી વાત હતી કે કમળા એમની વ્હાલામાં વ્હાલી પુત્રી હતી.–બીજું એમના મનમાં ખાત્રી હતી કે કમળા અન્યાયથી વર્તે એવી નથી અને કંઇકવાર મ્હોટી ભાભીનાં એણે લીધેલાં ઉપરાણાંથી એ એમના મનમાં સાબીત થઇ ગયેલું હતું. એટલે આજ સઘળી દિશાઓમાંથી એમના ઉપર દબાણ લાવવાનો પ્રયત્ન થતો હતો, તે સફળ થવાનો ખાસ સંભવ હતો એ નિર્વિવાદ હતું.

પવન જૂદીજ દિશામાં અત્યારે વાતો હતો ; લલિતા

અને ભાગીરથી એ ફરિયાદ શરૂ કરી અને ગુલાબ ભાભીનું નામ અંદર સાક્ષી તરીકે ભેળવવામાં આવ્યું અને વીંટીની સાથે કામણટૂંમણની વાત પણ યુક્તિબંધ ભેળવવામાં આવી એટલે કાંઇ બાકીજ રહ્યું નહિં ! સરસ્વતીએ વીંટી ચોરી લીધી; અને એણે તથા એની માએ અરૂણના ઉપર કામણ કરવા ગુલાબના ઓટલા ઉપર મંત્રેલું લીંબુ મૂકાવ્યું; ધનલક્ષ્મીએ પોતાને બંનેને અને મણિધરપ્રસાદને ગાળો દીધી; એનાં પિયરિયાંએ ધનકોર માશીને મ્હોંયે 'લલીને બધું આપી દઇને દીકરાને ભીખ મંગાવવાના છે ' એમ કહ્યું; વગેરે, વગેરે,–અનેક વાતો કહી નાંખી. આ બધી નહિં તો થોડીયે વાતો ખોટી નહિં હોય એમ ડોસાને લાગ્યા શિવાય રહ્યું નહિં. બીજું પોતાને ગાળો દીધી એ વળી વધારે લાગ્યું; અને વીંટીની વાત આટલા સાક્ષીપુરાવા સાથે થઈ તે તો ખરી હોવીજ જોઇએ એમ, એમનો અભિપ્રાય થયો. તેઓ જૂના જમાનાના ગૃહસ્થ હોઇ, પોતાનો દરજ્જો તથા ' લાજ મરજાદના નિયમો પાળવા–પળાવવામાં આગ્રહી હતા; અને જોકે ઘણુંખરૂં ગૃહસંસારનાં તોફાનમાં તેઓ પડતા નહિં અને વખતે પડવાની વૃત્તિ થાય તોપણ ત્હેમનું ત્યાં ઝાઝું ચલણ ન હોવાથી પોતે પોતાના ભારમાંજ રહેતાઃ છતાં પણ, આજ એમનો મિજાજ હાથથી ગયો !

પ્રબોધચન્દ્રનું ઘરમાં સારૂં માન હતું. અત્યાર સુધીમાં તે એક પણ પરીક્ષામાં નપાસ થયેલો નહિં હોવાથી તથા ન્હાનપણથીજ દર વર્ષે ત્હેણે ઘણુંખરૂં સારાં સારાં ઇનામ અને સ્કોલરશિપો મેળવેલી હોવાથી, ખર્ચખૂટણમાં ત્હેનો હાથ છૂટો હોઈ, તે હમ્મેશાં લગભગ સ્વતંત્ર જેવોજ રહેલો હતો. ઉપરાંત તે બધાં બાળકોમાં મ્હોટો અને કેટલાક વખત સુધી એકનો એક પુત્ર હતો; અને ત્હેનો સ્વભાવ શાન્ત, મૃદુ, પ્રે-

માળ અને નિઃસ્વાર્થી હોવાથી તે બધાંને ઘણોજ કામનો થઇ પડતો અને આથી પરિણામ એ આવ્યું કે પ્હેલેથીજ ઘરમાં ત્હેનો વક્કર બંધાતો ગયો; અને એક વખત એવો પણ હતો કે પ્રબોધભાઈ કહે તેજ થાય ! અન્તે ત્હેનું લગ્ન થયું અને સરસ્વતી સાસરે રહેતી થઇ. ત્હેની પણ પ્રકૃતિ ત્હેવીજ વ્હાલસોઈ અને પરગજુ તથા કામગરી હતી; તેથી હવે ઘરમાં સર્વની સાથે સારૂં રાખવાનો અને બધાંને ખુશી રાખવાનો પ્રયત્ન આ બંને જણાંએ–પતિપત્નીએ સાથેજ કરવા માંડયો. પરન્તુ અનેક–અનેક જૂદા જૂદા પ્રકારનાં કારણોને લીધે ત્હેમાં તેઓ ધીમે ધીમે વધારે–વધારે નિષ્ફળ થવા લાગ્યાં અને અન્તે હમણાં હમણાંમાં સરસ્વતીની ઉપર લગભગ આખું ઘર ખાસ દુશ્મનાવટ રાખતું થઈ ગયું હતું. ગમે તેમ હતું પણ અત્યાર સુધી પ્રબોધચન્દ્રને મ્હોંયે આવી કાંઈ બીના ઉઘાડી રીતે આવી ન્હોતી અને તેથી આજ આ પ્રમાણે ત્હેણે સાંભળ્યું તે પ્રથમજ હોવાથી ત્હેને અન્તઃકરણમાં અત્યંત વેદના થવા લાગી અને એનું ખાવું સઘળું રાખ થઇ ગયું ! ગુસ્સો ઘણો ચ્હડેલો હતો છતાં શાન્ત દેખાવથી સઘળું સાંભળી લઇ, જમી ઉઠયા કે તરતજ મણિધરપ્રસાદ એક પણ અક્ષર બોલ્યા શિવાય પોતાની ઓરડીમાં જઇને બેઠા; ત્હેમને ક્રોધ તો બધાંના જેટલોજ ચ્હડયો હતો પણ એ ડાહ્યા હતા; તેથી મ્હોટા થયેલા પુત્રને બધાંના દેખતાં અને ત્હેમાંયે ત્હેની સ્ત્રી દેખતાં કાંઇપણ કહેવું એમને દુરસ્ત નહિં લાગવાથી, ત્હેને પોતાની પાસે બોલાવ્યો અને મર્યાદામાં રહીને પણ સૂચક રીતે જેટલું કહેવાનું એમને ઘટિત લાગ્યું તેટલું કહ્યું. ‘ આપણા ઘરમાં આવું થાય તે સારૂં નહિં; ’ ત્હમારા ઉપરતો અમારો મુખ્ય આધાર છે ને ત્હમેજ કુટુમ્બમાં આવો કલેશ થતો અટકાવો નહિં તે ઠીક

નહિં; ત્હમારી જી ને કહો-લલીને કહો-ગમે ત્હેને કહો પણ આવું હવેથી થવું ન જોઇએ; વીંટીની તો કાંઇ વસાત નથી પણ આપણા કુટુમ્બની એમાં પ્રતિષ્ઠા ઓછી થઇ જાય; અમારાં તો હવે વળતાં પાણી છે અને અમે બંને તો બે દિવસના પરોણા જેવાં છીએ એટલે લલીની બધી સંભાળ ત્હમારે બધાંને માથે છે ને એ બાબતની હું તો બીલકુલ કાળજી રાખતોજ ન્હોતો-તેજ મ્હારે આ બધું સાંભળવું પડે, ત્હમને આટલુંયે કહેવું પડે, એ મ્હને શરમ ભરેલું છે; ચન્દુ તો બાળક ને બેસમજ છે, એટલે હવે ઘરનો ભાર તો ત્હમારે બધાંયે ઉપાડી લેવો જોઇએ, ત્હમારી જીને અને ખાસ કરીને લલીને જેમ બને તેમ ખુશીમાં રાખવાં જોઇએ; હજી ત્હમારે દુનિયાના તડકા છાંયા વેઠવાના છે અને આપણા ઘરની લાયકાત અને માઝા સઘળાનો ત્હમારા ઉપર આધાર છે માટે આવું હવેથી ફરી કદિ પણ બનવું ન જોઇએ; '-ઇત્યાદિ જાત જાતની એળિયાની ગોળીઓ ડોસાએ ગોળે વીંટી વીંટીને ત્હેને ગળાવી.

પ્રબોધચન્દ્ર આ સર્વ સાંભળીજ રહ્યો; સ્હામા જવાબ દેવાની ત્હેની પ્રકૃતિ ન્હોતી અને ત્હેમાં વળી આજ કાંઇ પણ એ બોલે તો 'અર્થનો અનર્થ' કરી લેવામાં આવે એમ ધારી, અંતે ભાષણ પૂરૂં થયું એટલે તે ઉઠયો. પરન્તુ ઘરમાં ચાલતા ભાગવતનો ત્યાં સુધીમાં પણ પાર આવ્યો ન્હોતો!

* * * *

૪. પતિ પત્ની;

આજ ઘરમાં ત્રણ જણ ભૂખ્યાં રહ્યાં હતાં; ક્રોધના આવેશથી મણિશ્વરપ્રસાદ, ખિન્નતાથી પ્રબોધચન્દ્ર, અને ગમ-

ગીનીથી સરસ્વતી. ત્હેમાંયે પ્રબોધચન્દ્રને તો ખરું જોતાં ભૂખજ રહી ન્હોતી; બલ્કે આ ક્લેશ કંકાસની લ્હાણીમાંથી ત્હેને તો કંઈક દિવસોના દિવસો સુધી પચી શકે નહિં ત્હેવું મળી આવેલું હતું ! તે પોતાને સુવા બેસવાને ત્રિજે માળે જઈ, શોકના આ વેગથી અત્યંત હૃદય કષ્ટ ભોગવતો ખાટ ઉપર પડયો. થોડીવાર થઇ એટલે આંસુથી ઉભરાતી આંખો લ્હોતી સરસ્વતી પણ ઉપર આવી; તે તો જમવા બેઠીજ ન્હોતી. જોકે આવા કંકાસના બનાવ ત્હેને અસ્વાભાવિક ન્હોતા, સાસુ અને નણંદ દરરોજ કાંઇને કાંઈ ખોડખાંપણ-કાંઈને કાંઈ વાંક (પછી ત્હારો નહિં તો ત્હારી માનો-ત્હારી માનો નહિં તો ત્હારાં પિયરિયાંનો) ફુલાડયાંજ કરતાં, તેથી ત્હેને તો આવુ સાંભળવાની ટેવ પડી ગઇ હતી. પણ આજ તો પતિ અને સસરા સમક્ષ-અને તે પણ ચોરી જેવો ગંભીર આરોપ !-એથી ત્હેને બહુ લાગી આવ્યું હતું.

મેડીમાં પેસતાંજ પાસે એક કોચ પડયો હતો ત્હેના ઉપર ત્હેણે પડતું નાંખ્યું અને ઉંધું માથું નાંખી રોવાનું શરૂ કર્યું. પ્રબોધચન્દ્ર વિચારમાં હતો તેથી ત્હેણે સરસ્વતીને આવતી જોઈ ન્હોતી. થોડીવાર પછી ત્હેણે ડુસકાં સાંભળ્યાં અને પાછું જુવે તો ત્હેને બેફાટ રોતી જોઇ. ધીમે રહીને તે ઉઠયો અને પત્ની પાસે ગયો. નિત્યની મૃદુ, શરમાળ, વિવેકી, અને છલોછલ પ્રેમથી ઉભરાતા હૃદયવાળી સરસ્વતી ક્ષણભર આજ બદલાઇ ગઈ હતી: તેથી ત્હેણે પતિનો હાથ તરછોડી નાંખ્યો અને જેમ જેમ ત્હેને છાની રાખવાનો તે પ્રયત્ન કરવા લાગ્યો તેમ તેમ તે વધારે વધારે રોવા લાગી. અન્તે પ્રબોધચન્દ્ર થાકયો અને પાછો જઇને ખાટમાં પડયો.

આમને આમ અડધો કલાક ચાલ્યું ! પણ સરસ્વતી

રોતી રહી નહિં. અન્તે ત્હેનું હૃદય દયાનાં મોજાંથી પાછું છવાઈ ગયું. તે ફરીથી ત્હેની પાસે ગયો અને માંડમાંડ રોતી રાખી ' ના. ના. ' કહેતી હતી તો પણ ત્હેને ખેંચીને ખાટ આગળ લઇ આવી, પાસે બેસાડી.

" આ બધું હતું શું ? આજ આટલું બધું શા માટે થયું તે તો કહે, " ત્હેણે પત્નીના શોકગ્રસ્ત મનને વાત-ચીતમાં દોરવા પ્રયત્ન કરતાં પૂછ્યું.

ઉત્તર દેવાને બદલે તે પત્નીએ પોતાના પતિના ખભા ઉપર માથું નાંખી ફરીથી રોવા માંડ્યું. મહા પ્રયત્ને ખાળેલાં આંસુનું વ્હેણ પાછું પૂરપાટ ચાલવા લાગ્યું.

" મ્હારા સમ, રુવે તો, " પ્રબોધચન્દ્રે આગ્રહ કરતાં કહ્યું, " આમ રોવાથી તું નકામી ત્હારી આંખોને નુકશાન કરીશ ને વિના કારણ માંદી પડીશ. "

" મૂઇ હું ! આંખો ફુટતી હોય કે ખાટલે પડી મરી જતી હોઉં તોયે નિરાંત થાય : હું છૂટું, ત્હમે છૂટા થાઓ અને ઘરમાંથી પાપ જાય. હુંજ ભૂંડી છું ! આટલું બધું કરું-કારવું, વેતરૂં કૂટું. એ બધું પાણીમાં; ને શરપાવ બાંધ-વાનો તે તો આ ! મૂઇ હું ! મરી જતી હોઉં તો આ દુઃખમાંથી છૂટું ! " આંખોમાંથી આંસુ પાછાં ચોધાર ચાલ-વા માંડ્યાં.

" જો પાછી રૂવે છે કે ? " પતિએ ત્હેને છાતી સરસી દાબી આશ્વાસન આપતાં કહ્યું, " મ્હને તું કહે તો ખરી કે હતું શું ? "

" ત્હેમને કહેથી ત્હમે શું કરવાના હતા ? એ તો ત્હમે બધાંયે ઠીક છો-બધાંયે મ્હારા લોહીનાં તરસ્યાં છો, પણ હું નહિ હોઉંની ત્યારેંજ ખબરેં પડશે તો ! પેલી-કામમાં કાંઈ

અડચે દેતી નથી,–ત્હેને કોઇ એક અક્ષરે કહે છે? ત્હમારાં બ્હેને ન કરે ને કોઇયે ન કરે, ને ઘરનું બધુંયે કામ હુંજ કરૂં! –પણ ત્હેનીયે મ્હારે ક્યાં ના છે? એમ કરતાંયે જંપીને બેસવા દેતાં નથી.–ત્હેમાંયે મ્હારે માથે ચોરી મૂકી? હું તો બસ અત્યારે ને અત્યારે મ્હારે ત્યાં જઇ ભાઇને મોકલું છું કે ખરૂં કરાવો, એ વીંટી કોની હતી તે. એ બધી ભીખારણોના જેવી મ્હને પણ જાણતાં હશે! આ ત્હમે અને આ ત્હમારૂં ઘર; હું તો જાઉં છુ મ્હારે પિયર. ને ભાઇ આવીને બાપાની ખાત્રી કરી આપશે ત્યારેજ હું આ ઘરમાં પગ મૂકીશ. હું એકલીજ મજૂરણ અને રાંધનારીની પેઠે ધંધો કરીશ ને બીજાં બધાં પગ ઉપર પગ ચ્હડાવીને બેશી રહી હુકમ કરશે ને ખોટાં ખોટાં આળ ચ્હડાવશે? ધર્યું રહ્યું એ સાસરૂં ને ધર્યું રહ્યું એ ઘર! ત્હમે ત્હમારે એ બધાંનાં પગરખાં સાફ કરજો ને બધાંનું કહ્યું સારૂં લાગતું હોય તો મધ મૂકીને ચાટજો! હું તો મ્હારે–હવે એક મિનિટ પણ અહિં રહેવાની નથી." સરસ્વતી રોતી રોતી, ગુસ્સામાંને ગુસ્સામાં ઉભી થઇ.

"વ્હાલી, વ્હાલી! આ શું?" કોઇપણ દિવસ નહિં સાંભળેલા શબ્દો પત્નીનાં મ્હોંમાંથી નીકળતા જોઇ પ્રબોધચન્દ્ર બોલી ઉઠયો અને ત્હેનો હાથ પકડી પાછી ખાટ ઉપર બેસાડી. "વ્હાલી! આવું બોલાય? હોય, મૂર્ખ માણસો હોય તે ગમે તેમ બોલે; એમને બોલવું હોય તો ભલે બોલે. હું ત્હને કહું ત્યારે ખરૂં. ખરૂં કરાવવું એનો અર્થ એ કે એ બાબત શક પણ પડયો છે; પરન્તુ મ્હને ત્હારા ઉપર શક પડે? ત્હારા ઉપરન–ભલે એમને એ વીંટી રાખવી હોય તો રાખી લે. હવે તું એ વાત સંભારીશજ નહિં. એવી દસ વીંટીઓ હું ત્હને કરાવી આપીશ. જો, તું ડાહી થઇને આવું ત્હારાથી બોલાય?—ગાંડી!"

" ભલે અમે ગાંડાં રહ્યાં, " આંસુ લ્હોતી સરસ્વતી જરા શાન્ત થઈ બોલી, " આ બધાં ત્હમારાં ડાહ્યાં છે એવાં અમે નથી એજ સારૂં છેઃ નહિં તો ખબર પડત. " પોતાનાથી ગુસ્સામાં પતિને કહેવાઇ ગયેલા શબ્દો યાદ આવતાં તે જરા શાન્ત થઇ અને મનમાં શરમાતી-દિલગીર થતી હોય એમ જણાવા લાગ્યું.

" આમ ગુસ્સે થવાય ? તે દિવસ ત્હેં શું કબૂલ કર્યું હતું ? " પતિએ ત્હેને માથે હાથ ફેરવતાં કહ્યું, " રોવું નહિ, ગુસ્સે થવું નહિં, અને બીજું—શું ? " જાણે ભૂલી ગયો હોયની એમ ડોળ કરતાં હસતે મ્હોંયે પ્રબોધચન્દ્રે પૂછ્યું.

" એમતો ત્હમે કાંઈ ભૂલો એવા નથીઃ લ્યોને હું કહું, ' ખુશીમાં રહેવું, ' એજ કે બીજું ?—તે બધું અમારે ક્યાં ના કબૂલ છે ? પણ આજતો, વ્હાલા ! જરા ભૂલી જવાય એવું નહોતું ? " શરમાતે ચ્હેરે-સ્હેજ હસતે મ્હોંયે તે પતિની સાથે પ્રેમભર્યાં નયન મેળવતી બોલી.

ઉઘાડી બારીમાંથી સ્મિત ભરી ચન્દ્રા 'દૂધ જેવી ઉજળી' ચાંદનીનો અમી છંટકાવ કરી રહી હતી; અને શીતળ વાયુની મિઠ્ઠી લ્હેરો શાન્તિનો સંગીત ભર્યો સુવાસ અંતરાત્માની ઊંડી ઊંડી કુંજોમાં ઉતારતી હતી. પ્રેમના પવિત્ર આનન્દને આ કુદરતનાં બાલકો દેવદૂતોએ સતેજ કર્યોઃ જેથી જગતના હળાહળ ઝેરની પીડા પણ ઘડીભર વિસારે પડી.

* * * *

૫. સ્હવારઃ

અરુણોદય પૂરો થયો નહિં હતો એવામાં સરસ્વતી જાગી ઉઠી. રાત્રિના ક્લેશ કંકાસ તો ક્યારનાયે સ્મરણમન્દિરમાંથી

અદૃશ્ય થઇ ગયા હતા; પરન્તુ ત્હેની રહીસહી અસર–પોતાનાથી બોલાઇ ગયેલા શબ્દોની કડવી યાદદાસ્તી જે ત્હેના મનને વ્યથા કર્યા કરતી હતી તે પણ હવે સ્હવારની પવિત્ર ઠંડકમાં લુપ્ત થઇ ગઈ. જગજાળમાં ફસાઇ પડી ત્હેના વિચાર જે પ્રવૃત્તિના કિચ્ચડમાં મલીન થવા પામ્યા હતા, તે સર્વમાં નિર્દોષતા, વિશુદ્ધિ અને નિર્મળતાની દિવ્ય લહરિઓએ વિસ્મૃતિનું અમૃત રેલાવી, ત્હેના પતિભક્ત હૃદયના ઉન્નત સંસ્કારને પાછા સજીવન બનાવી દીધા.

પ્રબોધચન્દ્ર જાગૃત થયો ત્યારે ત્હેને પોતાની હમ્મેશની મધુરી સરસ્વતીમાં પણ આજ કાંઇ વધારે સારો ફેરફાર જણાયો. તે ઉભો થવા જાય છે એવામાં તો પત્ની ત્હેને પગે પડી અને ત્હેના ખોળામાં માથું મૂકી, પોતાના રાત્રિના અપરાધને માટે ક્ષમા માગવા માંડી. “ઓ મ્હારા વ્હાલા! મ્હને મ્હારો રાતનો ગુસ્સો માફ કરોઃ મ્હને બધું તો સાંભરતું નથી પણ જે સ્હેજસાજ યાદ છે તે ઉપરથી મનમાં એમ થઇ આવે છે કે એવું મ્હારાથી બોલાયુંજ કેમ? ને તે પણ ત્હમને?—એ બોલતાં પ્હેલાં જીભ કેમ ન કપાઇ ગઇ!–વ્હાલા! મ્હારો આટલો વાંક માફ કરો; મ્હારા સમ, ન માફ કરો તો.”

પ્રબોધચન્દ્રે માંડમાંડ ત્હેનું માથું ઉંચું કર્યું. સરસ્વતીની આંખમાં આંસુ ઉભરાવા માંડયાં હતાં. ત્હેના અન્તઃકરણમાં પોતાની પત્નીના હૃદયની કોમળતાએ ઘણીજ અસર કરી. “વ્હાલી! જો પાછી રુવે છે કે? રાતેજ ત્હને ન્હોતું કહ્યું કે મ્હેં માફ કર્યું છે? હવે ચાલ, શાન્ત થઇ જા; જ્યાં સુધી આંખમાં એક પણ આંસુ હશે અને મ્હોં હસતું નહિ હોય ત્યાં સુધી હું ત્હારી સાથે બોલવાનોજ નથી.” ત્હેણે મ્હોં મલકાવી કહ્યું.

સરસ્વતીએ ગવનના છેડાથી આંખમાંનાં આંસુ લોહી નાં-ખ્યાં અને મ્હોં જરા હસતું રાખી, ત્હેના પગ આગળ આ-વીને બેઠી.

“ હજી અંતરમાંનો ઊંડો-ઊંડો ગુસ્સો ઓછો થયો જ-ણાતો નથી, ” પ્રબોધચન્દ્ર હશીને બોલ્યો અને ત્હેના હાથ પકડી પોતાની પાસે ખેંચીને બેસાડી. “ વ્હાલી, હું કબૂલ ક-રૂં છું કે ત્હને બધાં ઉપર ખોટું લાગ્યું હશે, ” ત્હેણે કહ્યું, “ મ્હને પણ ખોટું લાગ્યા વગર રહ્યું હશે ?-ત્હારૂં આવું અ-નાહુતનું વાંકુ બોલે-આ પ્રમાણે ત્હારે માથે ખોટાં આળ ચ્હ-ડાવે ને મ્હને ગુસ્સો આવ્યા વગર રહે ? પણ, વ્હાલી, હાલ એનો કાંઇ ઉપાય છે ? જેમને આપણાં પોતાનાં કહ્યાં ત્હેમને પારકાં ગણતાં દિલ બહુ દુભાય છે. રાતે મ્હનેજ-હું સમજું તો-બાપાએ કાંઈ ઓછું કહ્યું'તું ?—પણ શું કરવું ? હુંયે સાંભળીજ રહ્યોને ! ”

“ હેં વ્હાલા ! ત્હમને પણ આ વખત ન મૂક્યા કે ? ” સરસ્વતીએ જરા સ્મિત હાસ્ય કરતાં પૂછ્યું, “ મ્હને તો, વ્હાલા, ત્હમે રાતે એ વિષેની બીલકુલ વાતજ ન્હોતી કરી ? ત્યારે હું એટલી જૂદીને ?-બાપાએ શું કહ્યું'તું, વ્હાલા ? ”

“ એમાં જૂદાપણાની કાંઇ વાત નથી, ” પ્રબોધચન્દ્ર ત્હેની સાથે મ્હોં મલકાવતાં બોલ્યો, “ એમાં મહત્વનું કાંઈ હતુંજ નહિં. બીજું મ્હારૂં પણ હૃદય રાતે બહુ ખિન્ન થયું હતું, ત્હેમાં વળી પાછું ત્હારૂં વ્યાખ્યાન મ્હારે સાંભળવું પડયું ! ઓફિસમાં આખો દિવસ કામ કરીએ ને ઘેર આવીએ ત્યારે પાછો કંકાસ તો સામોને સામોજ, ને રાતે જમ્યા ન જમ્યા કરીને ઉપર આવીએ ત્યારે પાછાં ત્હમારાં રોદણાં અમારે સાં-ભળવાનાં ! ” ત્હેનો ચ્હેરો બોલતે બોલતે મ્લાન થઇ ગયો.

" જુવો પાછા ત્હમે દિલગીર થયા કે ? " પત્નીએ કહ્યું, " મ્હારા સમ એમાંથી કાંઇ જરાપણ મનમાં રાખો તો.—વ્હાલા! મ્હારા સમ જો, ત્હમારૂં મ્હોં હસતું ન કરો તો. હવેથી હું ત્હમે કહેશો તેજ પ્રમાણે વર્તીશ. ચાલો અમે રાતે ગુસ્સે થયાં ત્હેને માટે અમને સજા કરો ! "

મ્હેં કહ્યું ને, કે ત્હને માફ કર્યું; ચાલ હવે એ વાત જ ભૂલી જા. " પ્રબોધચન્દ્રે જરા આગ્રહપૂર્વક કહ્યું. " મ્હારે માટે દાતણ લાવ અને મ્હને પાણી આણી આપ. હવેથી એવું ન કરીશ. "

" ના. ના. ના. વ્હાલા ! મ્હારા સમ જો, મ્હને મ્હારા ગુનાને માટે સજા ન કરો તો. ત્હમે કહો તે કરૂં. પણ મ્હારો વાંક થયો છે ત્હેની સજા કરો ત્યાર પછીજ અહિંથી ઉઠવા દેવાની. " સરસ્વતી બોલી.

" ત્હારે સજાજ જોઇએ છે તો લે સજા કરૂં. જો; મ્હેં ત્હને પેલી ત્રણ વાતો કબૂલ કરાવી છે તેજ પ્રમાણે વર્તવું. 'રોવું નહિં,–ગુસ્સે ન થવું,–અને ખુશીમાં રહેવું.' તે ઉપરાંત ત્હને ખાસ શિક્ષા એટલી કરવાની કે ત્હારે આ બધાંય ઘરનાં માણસોની સાથે પ્હેલાંની પેઠેજ સારી રીતે રહેવું—ગઇ કાલની વાત ભૂલી જવી–અને વીંટી પાછી માગવી નહિં. હું ત્હને નવી કરાવી આપીશ. "

સરસ્વતીની મુખાકૃતિમાં સ્હેજ ફેર થયો, તે જોઇ તે ફરીથી બોલ્યો, " હું તો ધારતોજ હતો કે તું નકામી સજા માગી લે છે; અને હવે મ્હેં મ્હારો વિચાર ત્હને જણાવ્યો ત્યારે તું તે પ્રમાણે નહિં કરે તો મ્હને ખોટું લાગશે. ભલે, એ બધાંને માટે નહિં તો મ્હારે માટે ! આપણે બે જૂદાં છીએ ?—જો જૂદાં નથી તો પછી મ્હારી મરજી વિરૂદ્ધ ચાલવાની ત્હારી વૃત્તિ પણ કેમ થાય ? "

" ના, વ્હાલા, ત્હમારા કહ્યા પ્રમાણે ચાલવાની હું ક્યાં ના કહું છું ?–અને મ્હને એવી વીંટીની જરાપણ દરકાર નથી–તેમ મ્હારે હવે તે જોઇતીયે નથી: પણ આતો એ બધાં મ્હારી સાથે કેવું રાખે છે ?–તે તો ત્હમે જુવો છો. મ્હારા મનમાં તો એમ છે કે ચન્દુભાઇને કહીને ભાઇને ત્યાં તપાસ કરાવી બધાંની ખાત્રી કરી આપું કે એ વીંટી મ્હારી છે. એમાં કાંઇ ખોટું છે ? ગમે તેમ થાય તો પણ મ્હારે ખરૂં તો કરાવવુંજ છે. "

" ખોટા ખરાનો અહિં સવાલ નથી, " પ્રબોધચન્દ્રે જવાબ દીધો, " ત્હારે મ્હારા શિવાય બીજા કોની ખાત્રી કરવાની છે ? રસિકભાઇ પંડે આવીને કહેશે તોપણ એમનું કહ્યું આ લોકો હાલ માનવાનાં નથી; તો પછી નકામી માથાકૂટ અને જીવ ઉકાળો કરીને કાંઈ કામ ? ખરૂં કરાવવાથી પણ ફળ શું ?—માટે આટલી વાર મ્હારૂં કહ્યું માન; અને મ્હારા સોગન પાળીને મ્હેં કહ્યું છે એજ પ્રમાણે ચાલ. મ્હારી તો એ મરજી છે, પછી ત્હારી જેવી ઇચ્છા ! "

" ના, વ્હાલા ! મ્હારા ઉપર એમ ખોટું લગાડવાનું નથી. " સરસ્વતી તરત બોલી ઉઠી, " લ્યોને ત્હમે કહો છો એમ કરીશ પછી કાંઇ છે ? ત્હમારી મરજી તે મ્હારી પણ મરજી. ચાલો હવે ખુશી થાઓ. મ્હારા સમ, વ્હાલા ! ત્હમારા કહ્યા પ્રમાણેજ ચાલીશ. હવે મ્હને માફ કરો. "

પ્રબોધચન્દ્રે હશીને ત્હેને છાતી સરસી દાબી, અને ત્હેના પ્રેમ ભર્યા મ્હોં ઉપર હૃદયમાં છલકાઇ જતી વ્હાલની ઉર્મિઓથી ચુંબન લઇ તે બોલ્યો, " વ્હાલી ! એક વાત ત્હારે અવશ્ય યાદ રાખવાની છે–અને તે મ્હેં ત્હને ઘણીવાર કહી પણ છે કે, ' જીંદગીમાં ખરેખરૂં સુખ મેળવવાનો એક-

જ ઉપાય છે અને તે એ છે કે, આપણી આસપાસનાં મનુષ્યોને સુખી કરવાને પ્રયત્ન કરવો. બીજાંઓને આપણે જેમ જેમ વધારે ચ્હાઇએ છીએ તેમ તેમ આપણો આત્મા વધારે વધારે ઉન્નતિ પામી, પ્રેમમય થતો જાય છે; અને તેથીજ હું ત્હને પણ મ્હારી સાથે ઉચ્ચ વૃત્તિઓમાં દોરવા પ્રયત્ન કરૂં છું. દુનિયામાંથી દુઃખ તો દૂર થઇ શકવાનું નથી, અને તે દરેક મનુષ્યને થોડું વધારે ભોગવવું તો પડવાનુંજ છે તો પછી પોતાને માટે દુઃખી થઇએ ત્હેના કરતાં બીજાઓને માટે દુઃખ ભોગવીએ તે ખરેખર વધારે સારૂં છે : **પ્રેમ** અને **ધૈર્ય**—**ચ્હાવું અને સ્હેવું**, એ તેથીજ ઉત્તમમાં ઉત્તમ આશ્રય ગણાય છે,' માટે વ્હાલી હવેથી તું આટલું તો ભૂલતી નહિં જ અને કદિ હું ભૂલ કરતો હોઉં તો ત્હારે જરૂર તે જણાવી મ્હને પણ સુધારવો."

પોતાના વિદ્વાન્, આત્મત્યાગી, પ્રેમભક્ત પતિના આ મિઠા શબ્દોએ તે પત્નીને પ્રીતિના અપૂર્વ વ્હેણમાં વહાવી, અને ત્હેના શરીરને ગાઢ આલિંગન આપીને, તે જીવનની સુવર્ણ ઘટિકાના સ્વર્ગીય સુખનો અનુભવ કરતી ઉભીજ રહી.

પ્રકરણ ૨ જું. ઉન્નતિનાં આગળ પગલાં.

૧. સ્ત્રીઓ માટે દવાખાનું :

શ્રીમતી નિર્મળબાળા ઠાકુર એક અલૌકિક વીર રમણિ હતી. ત્હેના પિતા દાક્તર પ્રતાપચન્દ્રરાય ઠાકુર હિન્દના સુપ્રસિદ્ધ વૈદ્યોમાં પણ માન પામતા હતા; અને સરકારે, ત્હેમણે પેન્શન લીધા પછી, સી. આઇ. ઇ. નો માનવન્તો ખિતાબ ત્હેમને આપી, ત્હેમની વફાદારી ભરેલી નોકરીની કદર યોગ્ય રીતે કરી હતી. હાલ તેઓ કાઠિયાવાડના એક મ્હોટા રાજ્યમાં મુખ્ય દાકતરનું કામ કરતા હતા. નિર્મળબાળા ન્હાનપણથીજ–માતા રહિત થવાથી–પિતાનીપાસે ઉછરી હતી, અને પ્રતાપચન્દ્રરાય જેવા બાલવત્સલ પિતા પાસે સર્વ પ્રકારની છૂટમાં મ્હોટી થઇ હતી. ત્હેને પોતાની માતૃભાષા બંગાળીનું સંપૂર્ણ જ્ઞાન હતું, તે ઉપરાંત ગૂજરાતમાં ત્હેણે પોતાનું સઘળું જીવન ગાળેલું હોવાથી ગૂજરાતી ભાષા પણ ત્હેવીજ સારી રીતે તે જાણતી હતી. ઇંગ્રેજીમાં પણ તે પ્રવીણ થઇ હતી અને ગયે વર્ષે વૈદ્યકની છેલ્લી પરીક્ષા ત્હેણે પસાર કરી હતી. બાલ્યાવસ્થામાં મળેલી છૂટના પ્રમાણમાં ત્હેની જીંદગીના અભિલાષનો વિકાસ ખરેખર આશ્ચર્યકારકજ હતો. યૌવનમાં આવવા માંડયા પછી સ્વદેશી બ્હેનોના ઉન્નતિ માટે તે અત્યંત ઉત્સુક થઇ રહી હતી અને દાક્તરની પરીક્ષા પસાર કર્યા પછી ત્હેની સ્વાભાવિક સ્વદેશ પ્રેમ, સ્વાર્થત્યાગ અને પરોપકારભરી વૃત્તિઓ ઘણીજ ખીલી નીકળી હતી.

પ્રતાપચન્દ્રરાય હવે થોડા સમયમાં નોકરી મૂકી દઇ, પોતાનું જીવન વાનપ્રસ્થ અવસ્થામાં ગાળવાના સંપૂર્ણ અને

દઢ નિશ્ચય ઉપર આવી પ્હોચ્યા હતા. કાઠિયાવાડની પૉલિટિકલ (ખટપટો ભરેલી) આબોહવા ત્હેમને પ્રથમથીજ અપ્રિય હોવાથી, નોકરી મૂકી દીધા પછીના નિવાસસ્થાન તરીકે ત્હેમણે ગૂજરાતના મધ્યસ્થાન અમદાવાદને પસંદ કર્યું હતું અને ત્યાં પ્રથમથીજ એક સારો સુશોભિત બંગલો બંધાવી રાખ્યો હતો. તેમ કરવાનું બીજું એક કારણ એ પણ હતું કે, ત્યાં ત્હેમના કેટલાક ખાસ મિત્રો રૂહેતા હતા અને વધારામાં વળી ત્હેમણે પુત્ર તરીકે ઉછેરેલા એક દૂરના સગાના –ન્હાનપણથીજ માતા પિતા રહિત થયેલા–પુત્ર, નવીનચન્દ્રને ત્યાંની કૉલેજમાં નોકરી મળેલી હતીઃ આ સર્વ કારણોને લીધે ડાક્તરની પરીક્ષા પાસ કર્યા પછી નિર્મળ બાળાએ પણ અમદાવાદમાં રહીનેજ લોકોને ઉપયોગી થવાના ઠરાવ ઉપર આવી, શહેરના એક ઉજળા લત્તામાં સ્ત્રીઓ માટે દવાખાનું ઉઘાડયું હતું.

નવીનચન્દ્ર અને પ્રબોધચન્દ્ર હાઇસ્કૂલ અને કૉલેજમાં સાથે હતા અને એમ. એ. ની પરીક્ષા પણ ત્હેમણે સાથેજ પસાર કરી હતી. તે બંને જણ કૉલેજના અભ્યાસમાં, એવા ખાસ પરિચયમાં આવ્યા હતા કે ઘણું ખરૂં, તેઓ સાથેજ અભ્યાસ કરતા. ત્હેમની વચ્ચે બંધાવા માંડેલી મિત્રતામાં સરખા સ્વભાવ અને એકજ પ્રકારની મનોવૃત્તિઓએ જોતજોતામાં વધારો કર્યો હતો, અને અન્તે તેઓ એક બીજાના ખાસ મિત્ર થઈ રહ્યા હતા. પ્રબોધચન્દ્રને સરકારી નોકરીમાં દાખલ થવું પડયું અને નવીનચન્દ્રને કૉલેજમાં પ્રોફેસરની જગો મળી એટલે હાલમાં જોકે ત્હેમને–એક બીજાને મળવાનું ઓછું. થયું હતું; તોપણ ‘ સમયવર્તી (જરૂર હોય ત્હેના પ્રમાણમાં અને તેટલાંજ વખત સુધીના) મિત્રો ’ ના જેવા તેઓ નહિં હોવાથી, ત્હેમની મૈત્રિના ગાઢ સંબન્ધમાં દરરોજ ઘટાડાને બદલે વધારોજ.થયાં કરતો હતો.

બંગલામાં નિર્મળબાળા અને નવીનચન્દ્ર હાલ એકલાં રહેતાં હતાં: પ્રતાપચન્દ્રરાય વાનપ્રસ્થ થવાનો ઘણા વખતથી વિચાર કરતા હતા પરન્તુ ઠાકોર સાહેબના સપ્રેમ આગ્રહને માન આપી ત્હેમનાથી હજી છૂટું થવાયું ન્હોતું. નિર્મળબાળાને પણ પોતાના રાજ્યમાંજ સારી નોકરી આપવાનો કાર્યભારી મંડળ તરફથી વિચાર જણાવાયલો છતાં પણ, તેથી ઉલટું નોકરી મૂકી દેવાની વિરૂદ્ધનાં આકર્ષણોમાં એક વધશે ધારી, તથા પોતાની એકની એક તનયાની લાગણીઓને સ્વતંત્ર હવામાંજ ખીલવા દેવી દુરસ્ત માની, ત્હેમણે તે માગણી કબૂલ રાખી ન્હોતી. અને ખરેખર જો નિર્મળબાળાનો પોતાનો આગ્રહ દવાખાનું કહાડવાનો નહોત તો, ત્હેમણે તો ત્હેવો વિચાર પણ કદિ કર્યો નહોત; કારણ પૈસાની બાબતમાં, —ત્હેમની જીંદગીની કમાણીજ, ત્હેમને સઘળાંને ખરચાળ રીતે રહેતાં પણ બસ થાય, ત્હેના કરતાં ઘણી વધારે હતી. બંગાળામાં કોઇ સગાં સંબન્ધી રહ્યાં નહિં હોવાથી તથા ગૂજરાત માંજ આખું જીવન ગાળેલું હોવાથી, ત્હેમને આ તરફ રહેવાનું ઘણું અનુકૂળ અને માફક હતું, અને તેથીજ ત્હેમણે અહિં રહેવાનો નિશ્ચય કર્યો હતો.

નિર્મળબાળાએ દવાખાનું કહાડ્યું; પૈસા કમાવાની સ્હેજ પણ દરકાર નહિં હોવાથી તથા પોતાના ધંધામાં પ્રવીણ હોવા ઉપરાંત, સ્વાભાવિક રીતે જાતે ઘણી ઉદાર, મીલનસાર અને માયાળુ હોવાથી થોડા વખતમાં તે ઠેકાણે ઠેકાણે પંકાવા લાગી. શહેરમાં સ્ત્રીઓ માટે સરકારી દવાખાનું તો હતું પરન્તુ એવાં ઔષધાલયોમાં દર્દીઓ કરતાં પોતાના ઉપરીઓની મેહેરબાની મેળવવાનો દાક્તરો વધારે પ્રયત્ન કરે છે, તેથી ત્હેમની સારવાર તરફ બીલકુલ કાળજી રખાતી નથી; એવાં દવાખાનાં ધાર્યાના પ્રમાણમાં ઘણાં ઓછાં ઉપયોગી થઇ

પડે છે. અને તેથી ખાસ કરીને સ્ત્રીઓ માટેનાં ખાનગી દવાખાનાંની હમ્મેશાં જરૂર રહ્યાંજ કરે છે.

નિર્મળબાળા એક ઔષધાલય ફ્હાડીનેજ બેશી ન રહી; ગરીબોને ત્યાં તે ફી લીધા વગર જતી અને ત્હેમની મફત દવા કરતી. અને શ્રીમન્તોને ત્યાંથી જેટલું મળતું તે બધું ગરીબ સ્ત્રીઓની સારવારમાં તથાં સંભાળ માટે ખર્ચી નાંખતી. થોડા વખતમાં ત્હેણે એક અનાથ બાલિકાશ્રમ (તંગીમાં આવી પડેલી વિધવાઓ તથા અનાથ બાળકીઓ અને નિરાધાર સ્ત્રીઓ માટેનું મકાન) ઉભું કરવાનો પ્રયત્ન કરવા માંડ્યો અને પત્નીશાળા (પરણેલી સ્ત્રીઓ માટે નિશાળ) ઉઘાડવાની ઇચ્છા જણાવવા માંડી. આ ઉપરાંત સ્ત્રીકેળવણીને લગતા સઘળા સવાલો ત્હેણે હાથમાં લીધા અને ત્હેમાં પણ ઉત્સાહથી મહેનત કરવા લાગી.

પ્રતાપચન્દ્રરાય બ્રાહ્મધર્મી અને સંસાર સુધારક હતા. તેથી તે બાબતમાં પણ ત્હેમની હૃદય વૃત્તિઓની સજ્જડ છાપ ત્હેમની પાસે રહેલાં આ બંને બાલકો ઉપર પડી હતી. નવીનચન્દ્રે નોકરી લીધા પછી એક સુધારક મંડળીની સ્થાપના કરી હતી, જેમાં સભાસદો દર અઠવાડિયે એકધાર ભાષણો અગર વ્યાખ્યાનો આપી, હિન્દુસ્થાનમાં સંસાર સુધારો પ્રવર્તાવવાનો ત્હેમણે માથે લીધેલો ભગીરથ પ્રયત્ન સફળ કરવા ધારણા રાખતા હતા ! નવીનચન્દ્ર આ સર્વ ખામિઓથી અજ્ઞાત ન્હોતો; પરન્તુ ‘ ન મામા કરતાં ક્હેણો મામો સારો ’ એ ક્હેવતને અનુસરીને પોતે સ્થાપેલું મંડળ તે ટગુમગુ ટકાવી રાખતો હતો. તે ઘણો આગ્રહી અને ખંતીલો હતો પરન્તુ જે પ્રજામાં–નર્મદાશંકર અને કરસનદાસ અને મહીપતરામ જેવા વીરનરોની જગો ઘણા લાંબા વખતથી ખાલી પડેલી તે ખાલીજ રહી છે.–એવી મનોબળની શિથિલતા છે,

ત્યાં ત્હેના જેવો પરદેશી એકલો ઘણુંજ ઓછું કરી શકે એ સ્વાભાવિક હતું.

દેશકાળની સ્થિતિ આમ હતી એવામાં નિર્મળબાળા જે મુંબાઇ રહી અભ્યાસ કરતી હતી તે પાસ થઈ અમદાવાદમાં આવી. જે કામ પુરુષોના ઉપર ઘણો થોડોજ આધાર રાખે છે, જેમાં તેઓ બ્હાર–જાહેરમાં પણ ભાષણો કે વિવાદો શિવાય બીજું કાંઇ ઓછુંજ કરી શકે છે, જેની અંદર ખાસ અન્તઃપુરોમાંથી થતા પ્રયત્નો વિના ફળ પ્રાપ્તિની ઘણી નજીવીજ આશા રહે છે,–તે કામ ત્હેણે તરત માથે લઇ લીધું: અને બેશક, સ્ત્રી તરીકે–પંડિતા તરીકે–સ્ત્રીવૈદ્ય તરીકે, ત્હેમાં સર્વ રીતે તે યોગ્યજ હતી. ત્હેણે ધીમે ધીમે, ઠેકાણે ઠેકાણે, સારાં સારાં કુટુંબોમાં જવા આવવાનો પરિચય વધારવા માંડ્યો; ગરીબ સ્ત્રીઓની સાથે સહવાસ કરવા માંડ્યો; અને દવાખાનાંઓમાં, અનાથાશ્રમોમાં, જ્યાં ત્યાં રોગીઓની સંભાળ માટે જઇ તથા પોતાની પાસેથી પણ પૈસા ત્હેમની સગવડ માટે ખર્ચી, સર્વસ્થળે તે પ્રિય થઇ પડવા લાગી.

‘ મંદવાડની પથારી પાસે બેશી સારવાર કરવાના જેવું બીજું કાંઇ પુણ્ય નથી, અનાથ માટે દયા ભાવ રાખવાના જેવું બીજું કાંઇ મહાકાર્ય નથી, દુનિયાંને ઉપયોગી થઇ પડવાના જેવો જીંદગી સારી રીતે ગાળવાનો બીજો કોઇ માર્ગ નથી, ’–એવી એવી અનેક મિઠી મિઠી સુબોધક વાતો સાંભળનારનાં મનરંજન થાય એવી કથનીઓમાં ભેળવી, તે જ્યાં જતી ત્યાં કરતી: અને ત્હેનું પોતાનું જીવન, પિતાની પાસે અઢળક પૈસો હોવા છતાં, દેશ સેવામાં ત્હેણે અર્પણ કર્યું છે, એ વાતના સ્મરણથી આ સર્વને સબળ પુષ્ટિ મળતી. ટૂંકામાં, ત્હેના આગમનનું એક ઘણુંજ સારૂં ફળ એ થયું કે, મ્હોટાં મ્હોટાં પૈસાવાળાં કુટુંબોમાં ધીમે ધીમે પોતાને માથેની જવા-

બેદારી પ્રત્યે સ્ત્રી મંડળની બુદ્ધિનો ઉદય થતો ચાલ્યો અને શ્રોતાઓની ઇચ્છા અને વૃત્તિઓને અનુકૂળ પરન્તુ ઉત્કર્ષક વિચાર લહરિઓ ત્હેમનાં ચિત્તોમાં જાગૃત થવાથી કેટલેક સ્થળે તે ઘણી સારી રીતે પોતાના પ્રયત્નમાં સફળ થવા લાગી હતી. બાલ્યાવસ્થાથી મળેલું સંસ્કૃતનું સારૂં જ્ઞાન ત્હેને આ કામમાં ઘણું ઉપયોગી થઇ પડયું અને શાસ્ત્રોમાંથી વાતો કરનાર તથા પોતાનાંજ પ્રિય પુસ્તકોમાંનાં દૃષ્ટાન્તો તથા શ્લોકો રજુ કરનાર આ બાલિકા જૂના વિચારનાં કુટુંબોમાં પણ સર્વદા સન્માન અને પ્રેમ ભર્યો સત્કાર પામવા લાગી.

૨. સંસાર સુધારક મંડળ.

નવીનચન્દ્રે જે મંડળની સ્થાપના કરી તે પ્હેલાં બીજી ત્હેવાજ પ્રકારની મંડળીઓ અગર સમાજો શહેરમાં ન્હોતી એમ નહિં; ઘણીયે સ્થપાઈ હતી; પરન્તુ તે સર્વ જન્મથીજ મરવાની આળસે જીવે એવી હોવાથી, અલ્પકાળ, નામનું આયુષ્ ભોગવી અન્તે અસ્તગ્રસ્ત થઇ ગઈ હતી. ગૂજરાતીઓનો એક મહાગુણ તે સર્વમાં એક સરખો દેખાયાં કરતો હતો; પ્રારંભશૂરા; અને પછી આળસુ અને બેદરકાર; અને છેવટે બળહીન અને જીવનહીન !—એટલે આવા પ્રકારની નિરંતર રાખવાની એક સરખી જાગૃતિની ખામિના ભોગરૂપ તે સર્વ મંડળીઓ અને સમાજો દૃષ્ટિગોચર થતી હતી. અને નવીનચન્દ્રવાળી સમાજ પણ ત્હેમાં જો એક બે દાક્ષિણી ગૃહસ્થો ત્હેની સાથે આગ્રહથી ભાગ લેતા ન હોત તો ક્યારનીયે મૃત્યુશૈયા ઉપર સૂતી હોત !

આ મંડળનું મંડાણ અને ત્હેની કાર્યભાર વ્યવસ્થા—અન્ય સર્વ ત્હેવા પ્રકારની સંસ્થાઓની પેઠેજ—ભભકાબંધ અને ઝળકદાર હતાં. સરદાર બહાદુર હિંમતલાલ ઇનામદાર સી.

એસ. આઇ. ત્હેના પ્રમુખ હતા; મીલવાળા શેઠ શંકરદાસ લખપતી, રાવ સાહેબ દિનકરરાવ સબોર્ડિનેટ જજ, તથા સરકારી વકીલ અવન્તિરામ, ઉપપ્રમુખ હતા; અને કેળવણી ખાતાવાળા જગન્નાથ દેવદત્ત જોશી. બી. એ. તથા નવીનચન્દ્ર સહમંત્રીઓ હતા. કમીશનર, કલેકટર અને ડિસ્ટ્રીકટ જજ, ત્હેના મુરબ્બી થયા હતા અને તેથી ત્હેની પ્રતિષ્ઠા બહુ સારી પડી ગઇ હતી. સભાસદોની સંખ્યા પણ ઠીક હતી અને ત્હેમાં શહેરના કેટલાક જાણિતા અને બ્હાર પડતા ગૃહસ્થો તથા યુવકો જોવામાં આવતા હતા. 'ગૌરીશંકર ગદ્ય' અને 'પાર્વતીશંકર પદ્ય' નો લેખક અને પ્રકાશક શ્રીયુત ગૌરીશંકર પાર્વતીશંકર, શીઘ્ર કવિ, પ્રખ્યાત ભાડુતી ભાષણકાર ભીમશંકર શર્મા, રોજિંદા પત્રનો અધિપતિ ધામધૂમરામ વર્મા, તથા ઉછરતો વકીલ અને શહેરી મિ. ગરબડિયા, વગેરે અનેક નાગરિકો ત્હેમાં આગળ પડતો ભાગ લેવાનો ડોળ કરતા હતા; ઉપરાંત વળી બુકસેલર અને જનરલ એજન્ટ ગપ્પીરામ સ્વાર્થીરામ, પરમહંસ શમાનન્દજી, શાસ્ત્રી વેદાન્તીરામ, અને ડાકતર મારખમાર પણ, ત્હેના સભાસદો સમક્ષ ભાષણની ભયંકર ગર્જનાઓ કરતા–તડાકાની ગોળીઓ ન્હેંચતા હતા !

જ્યાં બોલવામાંજ બધું શૂરત્વ સમાયલું છે, અને તે પ્રમાણે ચાલવનું સ્હેજ ચિંત્વન પણ નથી, ત્યાં ફત્તેહ ન મળે અને અભિલાષાઓ ફલિભૂત ન થાય એમાં કાંઇ નવાઇ નથી. જે મંડળમાં દાખલ થવાનો હેતુ મ્હોટાઓની ખુશામત અથવા કાંઇ લાભ ક્હાડી લેવાની વૃત્તિ અગર કોઇક દિવસ પણ તે 'ફળદાયિકા' થઇ પડવાની આશા, એજ હોય ત્યાં ઉત્સાહ અથવા આગ્રહ નજરે ન પડે તો ત્હેમાં આશ્ચર્ય પામવાનું નથી: આ સર્વ નાગરીકો ઉપરજ જો બધો આધાર રહ્યો

હોત તોતો થોડો વખત પણ સુધારા—સમાજની જીંદગી ટકી શકત નહિં. પરન્તુ ત્હેમાં જે થોડા સ્વદેશ પ્રેમી, આત્મ ત્યાગી વીરલા હતા ત્હેમને લીધેજ ત્હેનું ખરૂં બંધારણ હતું અને ત્હેમના ઉપરજ ત્હેના જીવનની મહેચ્છાઓ ટકી રહી હતી. દિનકરરાવ, જગન્નાથ અને નવીનચન્દ્ર આવા પ્રકારના દેશભક્તો હતા. તે ઉપરાંત કૉલેજના કેટલાક યુવકો પણ ત્હેમની સાથે ઘણીજ ખંતથી મહેનત કર્યે જતા હતા. અને પ્રબોધચન્દ્ર તથા થોડાક સરકારી નોકરિયાત યુવાનો પણ ત્હેમાં પોતાનાથી બની શકતો ભાગ લેતા હતા. ધાર્યા કરતાં આ મંડળ બહુ મ્હોટું અને નકામા—નામના સભાસદોથી ઉભરાઇ જવાથી ઘણું અવ્યવસ્થિત થઇ જવા પામ્યું હતું ત્હેને માટે નવીનચન્દ્ર ઘણીવાર દિલગીર થતો અને વખત આવ્યે ત્હેને સાફ કરી, પવિત્ર કરવાની જરૂર છે એમ જણાવતો.

પરન્તુ આવી આવી પણ એક સંસાર સુધારા સમાજ તો સ્થાપન થઇ ચૂકી હતી; અને નિર્મળબાળાએ દવાખાનું ઉઘાડ્યું તથા દેશોદયની યોજનાઓ હાથમાં લીધી તે વખત તે જીવતી તો હતીજ. તેથી કેટલીક બાબતમાં ત્હેને બહુ સવડ થઇ ગઇ, અને જેમ જેમ તે પોતાની શુભેચ્છાઓમાં આગળ વધતી ગઇ તેમ તેમ—જોકે ત્હેને વારંવાર અડચણો તો નડ્યાં કરતીજ હતી તોપણ—તે મંડળના કોઇ કોઇ સભાસદો ઉપર ત્હેની સારી અસર થવા લાગી અને ત્હેમનાં કુટુંબોમાં થવા માંડેલા ફેરફારને લીધે પણ જણાવા લાગ્યું કે કોઈ ઉદયબળનું ચક્ર પ્રવૃત્તિમાન તો છેજ.

૩ યોગિની:

શહેર બ્હારના દેવી મન્દિરમાં થોડા દિવસથી મહાદેવી નામની એક સાધ્વી સ્ત્રીએ મુકામ કર્યો હતો, જ્યાં તે દર-

રોજ સ્હવારમાં કથા–ભજન–કીર્તન કરતી હતી. એની કથા કહેવાની ઢબ એવી તો મનોહર હતી, ત્હેનો કંઠ એવો મધુર હતો, ત્હેની સમજાવવાની રીત એવી સુન્દર હતી, કે પ્હેલે દિવસથીજ તે મન્દિર જ્યાં પ્રાત:કાળની આરતી વખતે દસ પંદર મનુષ્યો પણ ભાગ્યેજ જોવામાં આવતાં, ત્યાં શ્રોતાઓની ભીડ થવા લાગી અને અલ્પ સમયમાં ત્હેનું નામ શહેરમાં ઘેરે ઘેર જાણિતું થઇ ગયું.

મહાદેવી એક ગૂજરાતી બ્રાહ્મણ કુટુંબમાં જન્મ પામી, લગ્ન થયા પછી તરતજ આઠ વર્ષની કુમળી વયમાં બાળ વિધવા થઇ હતી. ત્હેના પિતા ત્હેને બે વર્ષની મૂકી મૃત્યુ પામેલા હોવાથી, ત્હેની માતા હવે ત્હેને પાસે આવેલા શ્રી શાન્તિદાસજીના આશ્રમમાં ગુરૂપત્ની ભક્તિમૈયા પાસે લઇ જઈ રહી હતી અને તે પવિત્ર સ્થળમાંજ મહાદેવીના યૌવન વિકાસનો કઠિન સમય પસાર થયો હતો. તે સોળેક વર્ષની થઈ ત્યારે ત્હેનું મૂળનામ મહાલક્ષ્મી હતું ત્હેમાં સ્હેજ ફેરફાર કરીને મહાદેવી કરી ત્હેને દિક્ષા આપવામાં આવી અને શ્રી શાન્તિદાસજીના નિવૃત્તિ નિવાસ આશ્રમમાં ભક્તિમૈયા સાથે કેટલોક વખત શાસ્ત્રાદિનાં આન્તર રહસ્યોનું અધ્યયન કર્યા પછી, ત્હેમની સાથે તે ભારતનાં સર્વ પુણ્યશીલ ધામોની યાત્રાએ જઇ આવી, જેમાં પણ અનેક મહાત્માઓ તથા સાધ્વીઓના સત્સંગથી ત્હેનાં હૃદય તથા બુદ્ધિ, જ્ઞાન અને ભક્તિમાં સારી રીતે ખીલ્યાં. આ સમયે ત્હેની માતા તો ક્યારનીયે ગુજરી ગયેલી હતી પરન્તુ યાત્રાથી પાછાં આવ્યા પછી ઘાટઘાટનું પાણી લાગવાને લીધે–ભક્તિમૈયા પણ થોડોકાળ મંદવાડ ભોગવી પરલોકવાસી થયાં. આ સમયે નિવૃત્તિનિવાસ આશ્રમમાં ત્હેમની ખોટ થોડે અંશે પણ પૂરી પાડી શકે. એવી મહાદેવી.શિવાય બીજી કોઇ સાધ્વી નહિં

હોવાથી, બત્રીસ વર્ષની ન્હાની ઉમ્મરે આશ્રમના સ્ત્રી વિભાગની સંભાળ, શિક્ષણ આદિનું કામ ત્હેને માથે આવી પડ્યું, અને તે ત્હેણે એવી સારી રીતે બજાવ્યું કે ત્હેના ગુરૂને પણ પોતાની શિષ્યાના અનુપમ આત્મબળ અને સામર્થ્યની થોડા વખતમાંજ ખાત્રી થઇ ગઈ.

શ્રી શાન્તિદાસજી પૂર્વાશ્રમમાં ઉત્તર હિન્દુસ્થાનના એક શ્રીમાન્ વણિકના એકના એક પુત્ર હતા. ત્હેમણે યૌવનમાં અનેક ભાષાઓ અને શાસ્ત્રોનું જ્ઞાન મેળવ્યા ઉપરાંત યુનિવર્સિટીની ઘણી માનવન્તી ડિગ્રીઓ પણ મેળવેલી હતી. પચીસથી ત્રીસ વર્ષ સુધીનો સમય ત્હેમણે ઇંગ્લંડ જઇ અધ્યયન કરવામાં તથા દુનિયાંના પ્રવાસમાં ગાળેલો હતો; અને આથી ત્હેમની મનોવૃત્તિઓ અને વિચાર ઘણા પ્રફુલ્લિત થયા હતા. ઘેર આવ્યા પછી ત્હેમનું લગ્ન જે અત્યારસુધી ત્હેમના આગ્રહને લીધે મુલતવી રાખવામાં આવેલું હતું તે એક સ્વજ્ઞાતિની બાલિકા સાથે કરવામાં આવ્યું પરન્તું એવામાંજ દૈવયોગથી કોઇ એવો અકસ્માત થયો કે જેમાં ત્હેમના પિતા અને માતા જોતજોતામાં મૃત્યુ વશ થયાં. મૂળથીજ દયાશીલ પ્રકૃતિ અને ત્હેમાં આ પ્રમાણે અચાનક પોતાનાં આ બંને પ્રીતિપાત્ર જીવનો નાશ પામ્યાં, તે જોઇ ત્હેમને અત્યંત ક્ષોભ થયો અને પરિણામે વિરાગ–તીવ્ર, ઉત્તમ વિરાગ થયો; ત્હેમનાં પત્ની જે તે સમયે વિવાહિતા કન્યા રૂપેજ હતાં ત્હેમના કોમળ, પરન્તુ સંસ્કાર ભર્યા, અન્તઃકરણ ઉપર પતિના થોડા શબ્દોની ગાઢ અસર થઇ અને આ પ્રમાણે તે પતિપત્નીના વિચારનું સંમીલન થતાં, ઘરનો સર્વ વ્યાપાર અને મિલ્કત પોતાના પાંચ્ય સાત પેઢીથી ચાલ્યા આવતા નિમકહલાલ મુનીમ કુટુંબના મિત્રને સોંપી, તે બંને સાથેજ યાત્રાએ નીકળી ગયાં. સારા ગુરુનો સંગ તથા પૂર્વ પુણ્યનો ઉદય, એ બંને

મહાબળો હેમની તરફથી પ્રવૃત્તિમાન હોવાથી, કેટલાક કાળ પછી એક પવિત્ર પરન્તુ એકાન્ત ધામમાં હેમણે 'નિવૃત્તિનિવાસ' એ નામનો આશ્રમ બાંધ્યો જ્યાં સ્ત્રી અને પુરૂષો બંને જૂદાં રહી શકે એવી યોજના કરવામાં આવી; અને ત્યાં દુઃખી સ્ત્રીપુરૂષોને શાન્ત કરવાનું, સાધુજનો ઉપર પરમાર્થ કરવાનું, અને સર્વ શિષ્યમંડળનો ઉત્કર્ષ થયાં કરે એમ પ્રયત્નો કરવાનું ચાલુ થયું; પ્રસંશનીય રીતિઓનું અનુકરણ કરવાથી, તેઓ ધીમે ધીમે પોતાની ઘણીખરી મહેચ્છાઓ પાર પાડવાને શક્તિમાન થયા હતા. મુનીમ અને હેનું કુટુંબ હેમના શિષ્યોમાં પ્રથમ હતાં અને જોકે તે અને હેની સ્ત્રી હાલ નિવૃત્તિનિવાસમાં રહેતાં હતાં તોપણ હેના બે પુત્રો હેનું સઘળું કામકાજ ચલાવતા અને ઉપજનો સઘળો વધારો દરવર્ષે શ્રી શાન્તિદાસજીની ઇચ્છાઅનુસાર સત્કાર્યોમાં વપરાતો હતો.

આવા પુણ્યસ્થાનમાં મહાદેવી ઉછરી, આવા સંસ્કારી મહાત્માની પ્રીતિનું સ્થાન થઇ; આવાં જગદંબા સ્વરૂપ ભક્તિમૈયાની સેવામાં ન્હાનપણથીજ સમર્પાઇ; અનેકશાસ્ત્રોનું સદ્ગુરુદ્વારા જ્ઞાન મેળવી શકી; ભારતોન્નતિનાં કંઇ કંઇ કલ્પનામન્દિર ગુરુજીના શ્રીમુખે જન્મ પામેલાં હેના પાયા હૃદયમાં ચણી શકી; આત્મોન્નતિના કઠિન માર્ગે માટે જરૂરની પવિત્રતા, પ્રીતિ, ભક્તિ, સહૃદયતા, દયા આદિ અનેક દિવ્યસત્વોની સાથે હેના આત્મવિલાસ તન્મય થયા; આ સર્વેનું પરિણામ એ આવ્યું કે, અનાથ સ્ત્રીઓનાં દુઃખી જીવનોમાં શાન્તિનું અમૃત રેડવાને તે ઉત્સુક થઇ ગઇ, અને અન્તે ભક્તિમૈયાના પરલોક ગમનને કેટલોક કાળ ગયા પછી ગુરુની આજ્ઞા તે મેળવી શકી. કે તુરતજ, ભારતયાત્રા કરવાને

તે એકલીજ નીકળી પડી અને ફરતી ફરતી હાલમાં અમદાવાદમાં આવી પ્હોંચી હતી.

યોગિની મહાદેવીનું નામ થોડા સમયથી આખા હિન્દુસ્થાનમાં પ્રસંશા પામવા લાગ્યું હતું; પોતે ધારતી હતી તેટલી તે લોકોથી અજ્ઞાન ન્હોતી. મુનીમના પુત્રો આશ્રમના કોશાધ્યક્ષ અને વ્યવસ્થાપક તરીકે ત્હેના અતિથિઓની ઘણીજ સંભાળ રાખતા, અને જે આશ્રમવાસીઓ યાત્રા કરવા નીકળતા ત્હેમને સવડ કરી આપવાનું કામ ત્હેમનું પોતાનું ગણાતું. આથી સર્વ સ્થળે ત્હેમણે જૂદા જૂદા પ્રકારની ગોઠવણો કરી રાખેલી હતી. પરન્તુ મહાદેવીનાં વ્યાખ્યાનો અને કથાકીર્તન વર્તમાનપત્રો દ્વારા ક્યારનાંએ સુપ્રસિદ્ધ થયેલાં હતાં; આથી ત્હેના આગમનની રાહ કેટલાક ધાર્મિક પુરુષો જોયાં કરતા હતા અને ત્હેને માટે ઉતારાની ગોઠવણ દેવીમન્દિરમાં કરનાર પણ તેઓજ હતા.

મહાદેવીના આચાર વિચાર ત્હેના ઉચ્ચજીવનના હેતુઓને સર્વ રીતે દીપાવે એવાજ હતા. તે પાછલી રાતે જાગૃત થઇ ઠંડા પાણીથી દરરોજ તારાસ્નાન કરતી, અને તે સમયથી તે સ્હવારના આઠ વાગ્યા સુધી પૂજા અને નિત્યકર્મમાં રોકાતી. પછી કથા કરતી, જેમાં ભજનકીર્તન પણ ભળતાં હોવાથી લગભગ બે કલાક સુધી તે કામ ચાલતું; કથા શ્રવણ કરવા આવનાર સ્ત્રીપુરૂષોને જવા આવવાની તથા બેસવાની ખાસ જૂદીજ વ્યવસ્થાની ત્હેના આગ્રહથી દરેક સ્થળે સંભાળ રાખવામાં આવતી. ત્યારથી એક વાગ્યા સુધીનો સમય તે શાસ્ત્રોના અધ્યયન માટે અથવા સંતસમાગમ માટે રાખતી. પછી તે ભોજન લેતી; આ ભોજનમાં બાજરીનો રોટલો અને કોઈ પણ પ્રકારનું હલકામાં હલકું નરમ શાક અથવા દાળનું

પાણી તે શિવાય બીજું કાંઇ તે ખાતી નહિં. ત્યારબાદ જે કોઇ ત્હેની પાસે આવે ત્હેને મળી, વાતચીત કરતી; અથવા કોઇનો આગ્રહ હોય તો ત્હેને ત્યાં કથા કરવા જતી. પરન્તુ આવી કથાઓ ખાસ સ્ત્રીઓને માટેજ કરવામાં આવતી. રાતે લગભગ બાર એક વાગ્યા સુધી તે પૂજા અને માળા કરવામાં રોકાતી અને પછી શયન કરતી, પરન્તુ તે પણ એક કામળી જમીન ઉપર પાથરીનેજ.

આવા પ્રકારની જીંદગી ભોગવવા છતાં તે સર્વદા આનન્દમાંજ જોવામાં આવતી, અને કદિ પણ—ગમે ત્હેવું કારણ હોય તો પણ-તે શાન્તિ, મધુરતા, અને વત્સલતાનો ત્યાગ કરતી નહિં. દુઃખી **ભા**રતીય બાળાઓ,—અનાથ વિધવાઓ, પશુવત્ જીંદગી ગાળતી સ્ત્રીઓ, ત્રાસ પામીએ ત્હેવાં કષ્ટનો હમ્મેશાં ભોગ થઇ પડતી યુવતીઓ,—ની સ્થિતિ કેવી રીતે સુધારવી, એ ત્હેના મનોરાજ્યના સર્વ તરંગોની ક્ષિતિજ હતી, અને ત્હેનેજ માટે ત્હેના આત્મબળે પોતાના ઉપર ઉપાડી લીધેલું, ત્હેના હૃદયના વિચારનું સિન્ધુમન્થન નિરંતર થયાં કરતું હતું.

પ્રકરણ ૩ જું: પિયર.

૧. દિયરભોજાઇ:

સરસ્વતી સ્હાંજે ખડકીમાં હીંચકા ઉપર બેઠી બેઠી ચોપડી વાંચતી હતી; આ હીંચકાની સામે એક મ્હોટી જાળી હતી, જેમાંથી ઓટલા ઉપર થઇ રસ્તામાં નજર પડતી હતી. એવામાં બારણું ઉઘડયું અને બૂટ પાટલૂન ચશ્માં તથા દક્ષિણી પાઘડીનું ખોખું પ્હેરેલો એક યુવાન અંદર દાખલ થયો; ત્હેણે 'કોલર' અને 'નેકટાઇ' ગળામાં લગાવી દીધેલાં હતાં અને ગજવામાંથી છાતીના ધબકારા માપવાની નળી બ્હાર નીકળતી હતી.

" ઓહો ચન્દુભાઈ! આવોને, ત્હમે અત્યારે ક્યાંથી ભૂલા પડયા? " સરસ્વતી બોલી ઉઠી અને હીંચકો ખાલી કરી સામી જાળીમાં જઇને બેઠી; " હમણાંના ત્હમે તો બહુ મોંઘા થયા છો, ભાઈ, બિલકુલ ઘરમાંયે જણાતા નથીને, " ત્હેણે મ્હોં મલકાવીને કહ્યું.

ચન્દ્રકાન્ત હીંચકા ઉપર બેઠો: " ભાભી! સાળું, ઘરમાં ર્‌હેવા જેવુંયે ક્યાં રહ્યું છે તે! હું તો ઘણોખરો વખત કલબમાં અને દવાખાનામાંજ ગાળું છું. ડોશીનીએ બુદ્ધિ બગડી છે ને તેથી લલી જેમ ચ્હડાવે છે તેમ ચ્હડે છે! જુવો કાલ રાતેજ; મ્હને તો એવો ગુસ્સો આવ્યોતો કે બધાંને કંઈ કંઈ સંભળાવું. સાળાંઓને બીજો કાંઈ ધંધોજ નથી. મ્હોટાભાઇ ને ડોસા બેઠા'તા ત્હેમાં, નહિં તો........" તે કપાળે તલ્લૈયાં ચ્હડાવતો બોલ્યો.

સરસ્વતી હસી પડી. " ભાઇ, ત્હમે તો એવાને એવાજ રહ્યા ! " ત્હેણે કહ્યું, " હોય, એ તો બોલે; જરા અકળામણ આવી હશે. રાતે તો જરા મ્હને પણ ગુસ્સો આવ્યો'તો, હોં, પણ હવે તો કાંઇ નથી. બીજું તો કાંઇ નહિં પણ વીંટી...!" તે જરા ખિન્ન થઇ હોય તેમ બોલતી અચકી ગઇ.

" ત્યારે તેજ ખુબી છે તો ! જાણે દુનિયામાં કાંઇ બીજી એવી ત્રણ રુપૈડીની વીંટી મળે છે ? " ત્હેણે કહ્યું, " જાણે બધાં લખેશરીનાં...હોયની, તેમ પાછાં ત્હમારા ઉપર ત્હેની ચોરી મૂકી ! ને અરુણને ત્હમે મારી નાંખવા માગો છો ! ! ! સાળાં ચોર ! એ બધાંયને હું શું કહું ?–બહુ પાછી લાખ્ખો રુપિયાની દોલત કે મ્હારાં રાજપાટ ત્હમારે લેવાં'તાં ખરાંને ! એ તો મ્હોટા ભાઇજ એવા છે, હું હોઉંની તો–જોવા જેવું થઇ જાય. સાળાં કોઇને ઘરમાં કામ તો કરવું નહિં. મ્હને તો ફિકરજ એ હતી કે આજ સ્હવારે કોઇ રાંધવાનું નથી ! એકને તાવ ચ્હડશે ને એક ઉધરશ આવશે–ને બધું લગભગ જૂઠું ! તાવ તો ત્હમને આવે છે, ને નહિં સંભાળોને તો, ભાભી ! આગળ ઉપર પસ્તાશો. માટે જરૂર દવા કરો. મ્હારી નહિં તો મિસ ઠાકુરની. ત્હમારેને એને તો સારૂં છે, ને એ ત્હમારાં બહું વખાણ કરતી'તી. " " પણ ભાઈ, હું ક્યાં ત્હમારીયે દવા પીવાની ના કહું છું ? " તે મ્હોં મલકાવીને બોલી, " ને ઘરમાં હોઇએ ત્યાં સુધી કામ કર્યા વગર કાંઈ ચાલે ? "

" ઠીક ત્યારે,–કુટાતાં પીટાતાં પણ કામ કરજો ને બહુ માંદાં થાઓ ત્યારે ઇન્દુને સંભારજો ! મ્હારે શું ?–હું તો ખરેખરૂં કહું છું; ને ત્રણ દિવસ ઉપર તો મ્હેં મ્હોટા ભાઇને પણ કહ્યું'તું. એ બાબતમાં તો ત્હમે બંને જણ બહુ બેદરકાર રહો છો. " . . . .

" પણ જ્યારે ત્હમે આટલા બધા કાળજીવાળા છો, ત્યારે લવિંગીની આંખોનું કેમ કાંઇ કરતા નથી ? ત્હમે કોઇ દ્હાડે એના સામું જૂવો છો ખરા ? " સરસ્વતીએ પૂછ્યું.

" જોઇએ તો બધુંય છીએ, " ચન્દ્રકાન્તે જવાબ દીધો, " પણ ભાભી, આખો દિવસ કાંઈ હું આંખમાં દવા પાડવાને ઘેર બેશી રહું ? હું દવા લાવું છું ને એક બે વાર પાડું છું. પણ પછી !–કોઇને કાંઈ દરકાર નથી ને કાંઇ કહીએ તો કડવા ધાય ! "

ખુલ્લા દિલના દિયરને આવી પોતાની ખાનગી બાબતો ઉઘાડી કરતો જોયો કે તરત સરસ્વતીએ વાત બદલી.

"ચન્દુભાઈ, મ્હેં સાંભળ્યું છે કે મહાદેવી ઘણી સારી કથા કરે છે ! "હા ભાભી," ત્હેણે જવાબ દીધો, " ઘણીજ સરસ. પેલો આર્યસમાજનો શર્મા આવ્યો'તો, અને પેલો બ્રહ્મચારી–તે બંને ઠીક ક્હેતાતા: પણ આની આગળ તો એ કોઈ હીસાબમાંજ નહિં. આજ તો મિસ. ઠાકુર પણ એની પાસે જવાની છે. એ બાઇની ખુબી એટલીજ છે કે સર્વ ધર્મ ઉપર બધાં મનુષ્યોના અભિપ્રાય તરફ સમભાવ. નવીનબાબુ ક્હેતાંતા કે મિસ. ઠાકુરને ઠીક બનશે; કારણ બંનેના સ્વભાવ લગભગ મળતા આવે છે."

ચન્દ્રકાન્તે ઘડિયાળ જોઇ અને તે બોલ્યો, "ભાભી, ત્યારે હું જાઉંછું." તે ઉભો થયો.

" આવજો, ભાઇ, " ત્હેણે સ્મિતભર્યા મ્હોંયે કહ્યું, અમથાજ આવ્યા'તા કે આ તરફ કંઈ કામ બામ હતું ?"

" હ્યો, ત્યારે, જે કામે હું આવ્યો'તો, તે તો ભૂલીજ ગયો'તોને, " તે બોલી ઉઠ્યો, " ભાભી, રસિકભાઇ છે કે ?"

"ના ભાઇ, હમણાંજ બ્હાર ગયા. કાંઇ ખાસ કામ હતું?"

"ના. ના.—પણ હા; જરા જરૂર જેવું તો હતું સ્તો. ને હવે મ્હારે એક બે દર્દીઓને જોવા જવું છે એટલે મા-રાથી રહેવાય ત્હેવું નથી. ત્હમે જરા એ આવે તો વાત કરી મૂકશો?–મ્હારે એમની સલાહ લેવી છે તેથી બ્હાર નીકળે તો મ્હારે દવાખાને આવી જાય."

"હા, પણ ત્હમારી પેઠે બરોબર મ્હારાથી વખતે નહિં કહી શકાય ને ત્હમે પાછા મ્હારો વાંક કહાડશો," તે બોલી.

"ના. ના. ભૂલ થાય એવું કાંઇ નથી: ત્હમે ત્હમારી મેળે આ કાગળો એમને આપજોને; અને કહેજો કે સ્હવારે એ મ્હને મળે, અગર હું એમને મળીશ.–એતો એમ છે, કે મ્હારે એક કેસમાં જુબાની આપવા જવાનું છે, અને મ્હારે થોડા દિવસ ઉપર પેલા સાળા મ્યુનીસીપાલેટીના માણસ સાથે જરા ચકમક ઝરી'તી, ને તેથી એણે ઇન્સ્પેકટરને કહીને મ્હારા ઉપર ગંદકીની ફરિયાદ કરાવી છે. એમાં માલ તો કાંઈ નથી પણ ત્હોયે વકીલની સલાહ લઇને કામ કરવું સારૂં. હું જા-ઉંછું ત્યારે, ભાભી." **ચન્દ્રકાન્તે સરસ્વતીને** કાગળોનું એક બંડલ આપ્યું અને જવાને બારણું ઉઘાડ્યું. "આવજો, ચ-ન્દુભાઈ!" તે બોલી; અને પાછી હાથમાંની ચોપડી ઉઘાડી હીંચકા ઉપર બેશી, ત્હેણે વાંચવાનું શરૂ કર્યું.

૨. વિદ્યાનન્દનું કુટુંબ:

રાવ **બહાદુર** વિદ્યાનન્દ કૃષ્ણાનન્દ ડેપ્યુટી કલેકટર, પે-ન્શન લીધા પછી થોડોજ વખત જીવ્યા; ત્હેમણે દેહ ત્યાગ કર્યો તે વખત ત્હેમનો પુત્ર રસિકભાઇ **બી. એ. એલ્. એલ. બી.** માં અને ત્હેમનો જમાઈ પ્રબોધચન્દ્ર **એ.**મ. **એ.**માં તા-જાજ પાસ થએલા હતા, એટલે જીવા પ્રકારનું, સંતોષમાં ત્હે-

મનું જીવન પસાર થયું હતું ત્હેવાજ પ્રકારનું, નિવૃત્તિમાં ત્હેમનું મૃત્યુ પણ થયું. ‘ કરણી ત્હેવી પાર ઉતરણી ’ એ લોક વાક્ય ત્હેમના બાબતમાં ઘણુંજ, અસરકારકરીતે, સાચું પડ્યું હતું. ત્હેમનાં પત્ની ધનલક્ષ્મી શ્રદ્ધાળુ, દયાદાન તરફ વૃત્તિવાળાં, સાદાં અને સ્હેલાં, એક માર્ગી તથા વ્હાલસોયાં હતાં. પતિના સ્વર્ગવાસ પછી તેઓ પોતાનો ઘણોખરો વખત દેવસેવામાંજ ગાળતાં હતાં.

રાસકભાઇ અને સરસ્વતી, એ બંનેને ન્હાનપણમાં દ્યાનન્દે સારી કેળવણી ખાસ જાતે મહેનત લઇ આપી હ ત્હેમની રમત ગમ્મતો–ત્હેમના બાલ વિચાર–ત્હેમની કોમ મનોવૃત્તિઓ અને લાગણીઓ ભર્યા આચાર એ સર્વ ઉપ જાતે લક્ષ રાખી, ત્હેમને ઉત્તમ માર્ગે વાળ્યા હતા. પોતે જ ના જમાનાના, જૂના વિચારના, અને જૂની વૃત્તિ–પ્રવૃત્તિઓમાં ઉછરેલા હોવા છતાં, તે જેમ જેમ મ્હોટે દરજ્જે ચ્હડતા ગયા, જેમ જેમ સાહેબલોકો અને વિદ્વાનોના પરિચયમાં વધારે વધારે આવતા ગયા, તેમ તેમ ત્હેમનાં મનબુદ્ધિ વિકાસ પામતાં ગયાં: અને જાતે ખંતીલા, આગ્રહી, અને ઉત્સાહી હોવાથી જેટલું બાકી રહ્યું હતું તે ત્હેમણે પુસ્તકોદ્વારા પણ પ્રાપ્ત કરી લીધું. બાલકોને ઉછેરવા અને કેળવવાની બાબતમાં, વિદ્યાનન્દે ઘણો વિચાર કર્યા પછી અમુક નિશ્ચય કરેલો હતો, જે ત્હેમને જ્યારે વ્યવહારમાં મૂકવાનો વખત આવ્યો ત્યારે તેઓ પાછા ન ફર્યા. ત્હેમનું લગ્ન મોડું થયું હતું અને તેથી જ્યારે રસિકભાઈ અને સરસ્વતી અભ્યાસ શરૂ કરવાના વયનાં થયાં ત્યારે ત્હેમના પોતાના વિચાર બાળકેળવણીની પદ્ધતિની બાબતમાં ક્યારનાયે દૃઢ થઇ ગયા હતા. ધર્મ, નીતિ અને જ્ઞાન એ ત્રણે સાથેજ કેળવવાં જોઇએ; બુદ્ધિ કરતાં પણ મનનો વિકાસ થાય એ વધારે અગત્યનું છે; ચોપડી હાથમાં

આપી અમુક પાઠ ગોખી ફ્હાડવાથી નહિં, પરન્તુ માતા પિતા અને કુટુંબી જનમંડળમાંજ રાખી શિક્ષણ રીતિથી બાળકોને અભ્યાસ કરાવવો જોઇએ; સારી સોબતની અસર થતાં જેટલો વખત લાગે છે ત્હેના કરતાં ખરાબ સોબતની અસર ઘણીજ વ્હેલી થઈ જાય છે, માટે ત્હેનાથી શિક્ષકે ખાસ બ્હીતા રહેવું જોઇએ; અને બાલકો મુરબ્બીઓની સાથે મિત્રભાવથી, છતાં મર્યાદામાં રૂહે, એવી ત્હેમની હૃદયવૃત્તિઓ બંધાવી જોઇએ; આવી આવી અનેક વિચારશ્રેણિઓ જે પ્હેલાં ત્હેમના હૃદયતરંગોમાં ઘૂમતી તે ત્હેમણે પોતાનાંજ બાલકો અને પત્નીને કેળવવામાં અજમાવી, અને જોકે ત્હેમાં તેઓ સંપૂર્ણ રીતે તો વિજય મેળવી શક્યા નહિં,–કારણ આપણા હિન્દુસંસારમાં અનેક જીવનવ્યક્તિઓ જેનો સમાવેશ થયેલો હોયછે તે આવા પ્રયત્નોની આડે આવ્યા વિના રૂહેતી નથી,–તોપણ એટલું તો થયુંજ કે અન્ય અનેક ગૃહસંસારનાં તોફાન ત્હેમને ત્યાંથી ઘણાંખરાં અદૃશ્ય થયાં, અને આપણા લોકોમાં કોઇ કોઈ ઠેકાણેજ ફક્ત જોવામાં આવતી જીવનશાન્તિ તેઓ જેમ જેમ ઉતરતી અવસ્થામાં આવવા લાગ્યા તેમ તેમ ભોગવતા થયા. બંને બાળકોને ત્હેમણે ન્હાનપણથી ધર્મ ઉપર શ્રદ્ધાશીલતા શીખવી હતી એટલુંજ નહિં પણ નવરાશનો ઘણોખરો વખત તેઓ ત્હેમને, તથા ધનલક્ષ્મી–જેમને પૂરૂં લખી વાંચતાં પણ ન્હોતું આવડતું ત્હેમને,–પાસે બેસાડી ધર્મશાસ્ત્રોની વાતો કરતા, ત્હેમના બાલસંશય દૂર કરતા, આડી અવળી પણ નીતિ અને બુદ્ધિની કેળવણીને આવશ્યક બીજી અનેક વાર્તાઓ કહેતા, અને જ્યાં જતા ત્યાં જવાથી ત્હેમને લાભ થશે કે નહિં એ બાબત ઉપર ખાસ લક્ષ રાખતા. ર-સિકભાઈ અને સરસ્વતીના ઉપર આથી શાળાની કેળવણી તથા કુસંગતિના ગેરલાભની બહુ અસર થવા પામી નહિં.

ઉલટું નિશાળીના શિક્ષણથી તેઓ–આવા પ્રકારની ગૃહકેળવણીના પ્રભાવે કદાચ ધર્મોધ થાત તે થતાં અટકી, સારાસાર જોવાની–વિવેક બુદ્ધિ વાપરતાં શીખ્યાં; અને બાળકોની સોબતમાં, ફક્ત ઘેરજ રહેવાથી 'ઘરઘેલાં' થઇ જાય છે ત્હેવાં નહિં થતાં, બ્હારની દુનિયાંનો અનુભવ લેતાં થયાં. સંસ્કૃત ગુજરાતી અને ઇંગ્રેજી, થોડું વધારે પણ વિદ્યાનન્દે ત્હેમને પોતાની પાસે રાખી શીખવ્યું હતું; અને ત્હેમાંથી સરસ્વતીએ ઇંગ્રેજી તો જો કે લગભગ–મહાવરા વિના વિસારે મૂક્યું હતું તોપણ તે સંસ્કૃત અને ગુજરાતીમાં તો સારી પ્રવીણ થઇ હતી.

બંને બાળકોનાં લગ્ન થયાં : સારો પતિ મેળવવાને સરસ્વતી જેટલી ભાગ્યશાળી થઇ હતી, તેટલોજ સારી પત્ની મેળવવાને રસિકભાઈ ભાગ્યશાળી થયો નહિં હતો, સુશીલા એક સાધારણ પાંચમી ચોપડી સુધી ભણેલી બાલા હતી; અને જો કે ત્હેના સાસરે આવ્યા પછી રસિકભાઇએ ચોપડીઓ આપી ત્હેનો અભ્યાસ વધારવાનો પ્રયત્ન તો કર્યો હતો, પરન્તુ પોતે પોતાની અધ્યયન પ્રવૃત્તિમાં રાત દહાડો રોકાઇ રહેતો હોવાથી પત્નીને કેળવવા તરફ તે પુરતું લક્ષ આપી શક્યો ન્હોતો. પછી ધીમે ધીમે ત્હેની ત્હેવી વૃત્તિ પણ ઓછી થઇ ગઇ હતી, કારણ મૂળથીજ સુશીલાને ચોપડી વાંચવાનો ઘણોજ કંટાળો હતો. તે પોતાના પિયરથી ઇર્ષ્યા, કુલેપણું, છીછર, તામસી પ્રકૃતિ, મિજાજ, વગેરે અનેક દુર્ગુણ લેતી આવી હતી. અને તેથી,–ધનલક્ષ્મી ઘણાં શાન્ત, સમજુ અને ભોળાં હતાં; સરસ્વતી ઘણી વ્હાલસોઇ, મધુર અને કામ કરી છૂટે એવી હતી; રસિકભાઇ બહુ નિખાલસ, માયાળુ અને પત્નીભક્ત હતો; છતાં પણ–ત્હેમના ઘરમાં પણ વખતે કંકાસના છમકલાં-કદિ કદિ કલેશની ઝાંખી–થયા વગર રહેતાં નહિં.

પરન્તુ વહુનો ઘરમાં વક્કર પાડવો કે નહિં, તે ઘણું ખરૂં –તે સાસરામાં નવીન હોય છે ત્યારે–સાસુ નણંદો વગેરે ઉપર ખાસ આધાર રાખે છે. વહુ ગમે ત્હેવી ખરાબ હોય તો પણ તેઓ પોતાનાં અન્તઃકરણની એક સરખી મધુરતાથી ત્હેના મન ઉપર થોડી વધારે પણ અસર કર્યાં વગર રૂહેતાં નથી; અને ત્હેનાં પિયરિયાં ત્હેને ગમે તેટલી ચ્હડાવતાં હોય, આસપાસનાં આડોશીપાડોશી અને ત્હેની બ્હેનપણીઓની ગમે ત્હેવી ખોટી શિખામણ ત્હેને મળ્યાં કરતી હોય તો પણ, જો પતિ એક સરખા આગ્રહ, ખંત, પ્રેમ, અને સમયવર્તીપણાથી પત્નીને સુધારવાનું કામ માથે લે છે, તો જરૂર તે પોતાના ધારેલા કાર્યમાં ઘણી વધારે ફત્તેહ મેળવ્યા વગર રૂહેતો નથી. તેથી ઉલટું, અમે કેટલીક જગોએ નજરોનજર જોયું છે કે ઘણી ડાહી, વિવેકી, અને શાણી વહુઓ ફક્ત પતિની બેદરકારી અને સાસુનણંદોના દોષને લીધેજ હઠીલી, જાતરખી, વિવેકહીન, બેતમા, અને સાસરે જવાનો કંટાળો ખાતી થઇ ગઇ છે ! અને આવા વર્તનનાં કડવાં ફળ પાછાં એજ સાસુ નણંદો અને એજ પતિને આખી જીંદગીભર અને ખાસ કરીને પાછલી અવસ્થામાં ભોગવવાં પડે છે, એ સત્યનો અનુભવ કરતી વહુઓ જ્યારે પોતે સાસુ થાય છે ત્યારે ભૂલી જાય છે, એ વિચિત્રતા પણ અમારી નજરે પડ્યા વિના રહી નથી. ગમે તેમ હો પણ, એટલું તો નક્કિજ છે કે જેટલે અંશે બાળકોને સારાં કરવાને માટે માતાપિતા જવાબદાર છે, તેટલેજ, બલ્કે તેથી પણ વધારે અંશે વહુઓના ઉપર ખરાબ અસર કરવાને માટે ખાસ કરીને ત્હેમનાં સાસરિયાંજ જોખમદાર છે !

સુશીલામાં કેટલાક સારા ગુણ પણ હતા. તે કામ કરવામાં આળસુ ન્હોતી. તે પોતાના પતિને પરમેશ્વર માનતી

હતી. અને તે માયાળુ, કોમળ અન્તઃકરણવાળી અને પોતાના ઘરની–પિયરની તેમ સાસરાની–આબરૂને માટે ટેક વાળી હતી. આથી સાસુ, નણંદ અને પતિની એક સરખી ભલાઇ તથા મિઠાશની ધીમે ધીમે ત્હેના મન ઉપર છાપ પડવા લાગી હતી અને જો કે કોઈ કોઇ વાર ત્હેમના ગૃહસંસારમાં કંકાસના ચમકારા તથા ક્લેશની ગાજવીજ થતી, તોપણ તે બહુ વખત ટકતું ન્હોતું. સારી કે નઠારી પ્રકૃતિઓ બળવાન ત્યારેજ થાય છે કે જ્યારે ત્હેમને પુષ્ટિ મળે; અહિં ક્લેશ કંકાસના છમકલાં ઉપર શાન્તિ–વારિનો છંટકાવ થતો, અને પછી તેજ સ્થળે થઇને પ્રીતિની--સમભાવની દૂધ ધારા વહન કરતી. એટલે પછી સારૂં ફળ થયા વિના રહેજ કેમ ?

કુટુંબ સ્નેહ.

“ બા, ભાઇ હજી આવ્યા નહિં, ” સરસ્વતીએ ધનલક્ષ્મીને પૂછ્યું, ” હું તો હવે જાઉં છું. ”

“ ઉતાવળ હોય તો જા; નહિં તો થોડીવારમાં તો એ જરૂર આવશે. મ્હને કહેતા ગયા’તા કે બ્હેનને જવા ન દેશો.” ધનલક્ષ્મીએ જવાબ દીધો.

એવામાં બારણું ઉઘડવાનો અવાજ સંભળાયો અને સુશીલા આંદર દાખલ થઈ. “ આ ભાભી આવ્યાં. ” સરસ્વતી બોલી, “ સારૂં થયું, ભાભી, નહિં તો હું જતી’તી.”

“ કેમ, બ્હેન, ” સુશીલાએ પૂછ્યું, “ ત્હમને તાવનું કેમ છે ? ”

“ અરે એતો કયારનોયે ઉડી ગયો, ભાભી,” ત્હેણે કહ્યું, “ આપણને તો કશુંયે થવાનું નથી–રમા કયાં ગઇ ? ”

“ એ આજ મ્હારે ત્યાં રહ્યાં છે. બા, અહા મૂકયો છે ? અત્યારે કોઇ વાળું કરવાનું નથી; ને કહેતા ગયા’તા કે રાતે

મ્હાજ પીશ. બ્હેન પાછાં જવાની ઉતાવળ કરશે." સુશીલા બોલી.

"ના. ભાભી," સરસ્વતીએ કહ્યું, "અત્યારે માફ કરો, મ્હને નકામી વાર થશે ને મ્હારે ત્યાં વાળુનું મોડું થશે."

"જા, બા, જા ત્યારે; ત્હમારા જીવને દુઃખ થાય એમ ન કરશો," ધનલક્ષ્મી બોલી ઉઠયાં, "બ્હેન, અત્યારે ત્હારે ઉતાવળ હોય તો જા, પણ કાલે વ્હેલી આવજે, હોં."

"અરે, બા! એમાં શી વાર થવાની છે તે? નાં, બ્હેન; ચ્હા પીને જવાનું છે. અરે, ત્હમારે ત્યાં તો દસ વાગે થાય તો તો વ્હેલું: ત્યારે અત્યારથી ત્યાં જઇને કરવું છે શું?"

બારણું ખખડયું અને રસિકભાઇએ અંદર આવી બૂટ ક્હાડયાં. "લ્યો આ ત્હમારા ભાઇ આવ્યા," સુશીલા બોલી, "હવે જાઓ ત્હમારે જવું હોય તો ખુશીથી;" તે મજાકમાં બોલી, ચ્હા મૂકવા ઉઠી.

"ઓહો, બ્હેન! ત્હમે બેઠાં છો કે?" રસિકભાઇએ અંદર આવી પરસાળી ઉપરની એક ખુરશીપર બેસતાં કહ્યું, "સો સો રુપિયાની સરત, સાસરે જાઉં જાઉં કરતી હશે; ખરૂં કહેજે, બા." તે ખડખડાટ હશી પડયો.

"ભાઈ, એતો સાસરિયાંનાં કામ છે." ધનલક્ષ્મીએ કહ્યું, "બીજું બધું રૂહે પણ ત્યાંનું કામ કોઇ બીજું આવીને કરે?"

"અરે! માંડ માંડ આટલો વખતે રોકાયાં છે," સુશીલાએ જરા લાજ ક્હાડી, પરસાળમાં શગડી ઉપર ચ્હાનું પાણી ઉકાળતી હતી ત્યાંથી, ધીમેથી પણ સંભળાય એવી રીતે હસતા હસતાં કહ્યું; "નહિં તો કયારનાંયે જતાં રહ્યાં

હોત. બાને તો એકજ વાત—' જાઓ, બા.' કોઇ દહાડો કહેવાતું મ્હેં એમને મ્હોંયેથી સાંભળ્યું નથી."

સરસ્વતીને રસિકભાઇ હશી પડયાં. "એ તો ખરૂં, હો, ભાઇ, પણ બાનો તો સ્વભાવજ એવો, જે રખેને કોઇના જીવને દુઃખ થતું !" સરસ્વતી બોલી.

"બ્હેન આજ તો એક વધામણીની વાત લાવ્યો છું. પેલી યોગિની વાતતો ત્હેં સાંભળી હશે."

"હા. ભાઇ; આજ બપોરે બાએ એની બધી હકીકત મ્હને કરી હતી. એની કથા, ભાઈ, આપણાથી ન સંભળાયે ? બા, ત્હમેને હું એક દહાડે એને ત્યાં તો જઈ આવીએ ? ભાઇ, સિગ્રામ નવરૂં હોય તે દિવસ કહેજો."

"અરે, સાંભળતો ખરી;" રસિકભાઇએ કહ્યું "બ્હેન, આવી ઉતાવળિયણ કયાંથી થઇ ?—પરમ દિવસ અવન્તિરામને ત્યાં કથા છે, સ્હાંજના ચારવાગે: ફકત સ્ત્રીઓ માટેજ. તે હું આજ એમની પાસે જરા કામ હતું તે ગયો' તો ત્યારે એમને ત્યાંથી બધાંયે બહુ આગ્રહ કર્યો ને ત્હમને બધાંને મોકલવાનું કહ્યું; ને મ્હેં પણ હા પાડી છે. એ બાઇ કથા બહુ સારી કહે છે. કેમ, જઇશ ને ?"

"હા ભાઈ; બા ગે ભાભી જવાનાં હશે તો હુંયે જઇશ; પણ મ્હારું નક્કિ નહિં. હું કાલે કહીશ."

"કેમ, સાસુજીની પરવાનગી જોઇશે ?"

"ના. ના. એમાં પરવાનગી શાની ? આતો વખતે કાંઇ કામકાજ હોય ને ઘેર રહેવાની જરૂર પડે, તેથી."

"કામકાજ હોય તો એક દહાડો મોડું થશે," સુશીલાએ ચ્હાનો પ્યાલો દરેક જણ પાસે મૂકતાં કહ્યું, "પણ બ્હેન જરૂર આવવાનો વિચાર તો રાખજોજ; ત્હમે નહિં આવો તો અમે પણ નહિં જઇએ."

" ભાભી, હું ઘણું કરીને તો આવીશજ. આ ચ્હા-ના પ્યાલા ત્હમે શું કામ લાવ્યાં ? મ્હને કહેવું'તું ને; હું ન લાવત ? ત્હમે તો, ભાઈ સાહેબ, બહુ પાડીલાં છો ? "

" ના, ના, એમાં કરવું'તું શું ? " ભાભીએ જવાબ દીધો. " પાડીલાંતો ત્હમે છો, બ્હેન;–કે ' રખેને મ્હારું કોઇ જરાયે કામ કરી જતું !' "

" ભાઈ, મ્હારા દિયર કાંઇ કામનાં કાગળિયાં આપી ગયા છે તે મ્હેં ટેબલ ઉપર મૂક્યાં છે, હોં," સરસ્વતીએ કહ્યું; અને ચ્હા પી, પાન સોપારી ખાઈ તે સાસરે ગઇ અને રસિકભાઇ પણ ઉપર જવાને ઉભો થયો.

" બા, મ્હારે અત્યારે નથી જમવું "

" કેમ ભાઇ, ત્હમે દ્હાડે તો કાંઇ ખાધું નથી ને ! " ધનલક્ષ્મીએ પૂછ્યું. " મ્હને તો વહુએ કહ્યું ત્યારની ફાળ પડી છે કે કાંઇ શરીરે ઠીક બીક નહિં હોય ! "

" ના, બા. શરીરે તો સારૂં છે; પણ કાલે સ્હવારે જરા વ્હેલું જમવું છે. કોર્ટમાં વ્હેલું જવાનું છે. " તે મ્હેડીએ ચ્હડયો.

૪. ન્હાનું સરખું તણખલું !

રાતના આઠેક વાગ્યા હતા, તે વખત એક આધેડવયની સ્ત્રી વિદ્યાનન્દના ઘરમાં પેઠી. સાસુવહુ બેઠાં હતાં. ધનલક્ષ્મી મન્દિરના ઉમરા આગળ પાટલા ઉપર બેશી માળા કરતાં હતાં અને સુશીલા હીંચકા ઉપર બેઠી બેઠી સ્હવારને માટે શાક સમારતી હતી. " આવો, ધોળી બ્હેન ! અત્યારે ક્યાંથી ભૂલાં પડયા ? " તે બોલી.

"મ્હેં'કુ, માશીબાને મળતી જાઉં; તે જરા આમ આવી." "આવોને, હીંચકા ઉપર બેસો."

"ના, બા. હું તો અહિંજ બેસીશ." ધોળી ધનલક્ષ્મી પાસે જઇ બેઠી.

"અલિ, હીંચકા ઉપર બેશને," ધનલક્ષ્મીએ કહ્યું, "આમ ભોય ઉપર શા સારૂ બેસાંછાં ?"

"ના બા. કોઇને પાસે બેસીએ તે ગમે ને કોઇને ના ગમે," તે બોલી, "એ તે કાંઇ સરસતી દીઠી ?"

"આવોને બ્હેન, હીંચકા ઉપર; મ્હેં કી દ્હાડે એવું કાંઈ કહ્યું, તે આમ અમસ્તું ખોટું લગાડો છો ?" સુશીલાએ પૂછ્યું.

"વહુ, ત્હમે ખોટું લગાડશો નહિં, બેટા," ધનલક્ષ્મી બોલી ઉઠી;" એ તો છેજ એવી ફૂડાપાડી !"

"ત્હમારાં 'વહુ-બેટા' સારાં ને અમે ફૂડાપાડાં !-છો રહ્યાં અમે જેવાં છીએ ત્હેવાં !-પણ ત્હમારાં લાડકવાયાં વહુને પૂછો તો ખરાં કે, ત્હમે પેલી રૂપાળીને મ્હોંયે શું શું કહી આવ્યાં'તાં ? માશીબા, ત્હમે તો બહુ ભોળિયાં છો ?-ડાહી ડાહી વાતો કરી એટલે વહુ બહુ સારી ! પણ એંહ, એ તો જે જાણે તેજ જાણે !"

"ધોળીબા, મ્હેં તો કાંઇ કહ્યું નથી; મ્હારા જીવના સમ ત્હમે ક્હો ત્હેના સમ ખાઉં: હા; ને હું તો કહું છું કે, મ્હારું ખોટું નામ દેતું હશે ત્હેના ભોગ !-હું શું કરૂં, લોકો તો ગમે ત્હેવી વાત ઉરાડશે. ઉલટી મ્હનેજ રૂપાળીબા તો ક્હેતી'તી કે 'અલિ, ધોળી ઘણુંખરૂં ત્હારે ઘેર જમે છે-તે શું? મ્હેં'કુ 'જમેસ્તો, પોતાનું પિયર છે.' જો ધોળીબ્હેન, આ આટલાવના બીજું કાંઇ બોલી હોઉં તો-એના સમ ! પછી બીજી વધારીને વાતો જે કરતું હોય તે જાણે; ભોગ એમના !"

"એમ ભોગ બોગ કરશો નહિં. જાણ્યું ને, સુશીલાવહુ! આંખમાં આંસુ આણી ધોળી બોલી," એ તો અમેય બધું-યે સમજીએ છીએ. માશીબા કાંઈ ન કહે ને ભાઇયે કાંઇ ન કહે, ત્હેમાં કાંઇ-મ્હારા ઉપર એટલાં શાનાં તતડી જાઓ છો?-એમ ભોગ બોગ કરશો નહિં. ભોગ હોય ત્હેમના!"

"અલિ, અલિ! ધોળી! આ શું?-વહુ, બા, ત્હમે હમણાં બોલશો નહિં: હોય બોલે, એને અત્યારે ઘેલછા આવી છે." ધનલક્ષ્મી વચમાં બોલ્યાં.

"એમની એમજ છકાવી મૂકી છે તો! મ્હારી માશીનું ઘર છે ને ખાઇશ-ને લૂંટાવી દઇશ. ત્હેમાં બીજાંને શું? એમ મ્હારી જરાયે બ્હાર જઇને હવેથી વાત કરી જુવે તો!-હા. એ તો સરસતી સાથે ફાવ્યું છે,-હું તો જીભજ બ્હાર ખેંચી કહાડું?" ધોળી વધારે વધારે ગુસ્સે થતી બોલી.

"ધોળીબા, તમે વધારે ઓછું બોલશો નહિં. હા, એવા કાંઈ ત્હમારા છણુકા લપકા હું ખાવાની નથી! બધુંયે ખાઓ ને બધુંયે લૂંટાવી દોને, ત્હેમાં મ્હારે શું? કોઈ કોઇનું નશીબ કાંઇ કોઇએ વેચી ખાધું છે?-હું મ્હારે બોલી નથી, ચાલી નથી. ને મ્હારું ખોટું નામ દો છો? ત્હમ્‌ને કહ્યું કોણે?-ત્હમે કહેતાં હો તો રૂપાળીબાને બોલાવીને અત્યારે ને અત્યારે ત્હમારા દેખતાં પૂછી જોઉં: પછી કાંઈ છે?-ને એ કહે કે હું કશુંયે બોલી છું તો પછી ત્હમારું ખાસડું ને મ્હારો વાંસો! પણ આમ અનાહૂતનું કહો છો ત્યારે રીસ ચ્હડે છે. એને બોલાવીને પૂછી જુવો.'

"પૂછ્યાં પૂછ્યાં એ તો!-પૂછીજ મૂક્યાં છે તો!" ધોળી બોલી. "માશીબા અત્યારે બેઠાં છે ને ત્હમે આમ કરો છો ત્યારે એ નહિં હોય ત્યારે તો ત્હમે શું શું નહિ કરો?-હું ખોટી, તે પાછું રૂપાળીને પૂછી જોવું છે? હું મરૂ, કે મ્હારા

જીવના સમ, કે આ માશીબાને ગળે હાથ—જો એણે એમ ન કહ્યું હોય તો!"

"પણ ત્યારે એને બોલાવીને મ્હારા દેખતાં હું જે બોલી હોઉં તે ફ્હેવડાવોને," સુશીલા બોલી. "એટલે તરત ખરૂં કોણ ને ખોટું કોણ તે જણાશે."

"હા. બા, હા. અમે જૂઠાં, થયું? ત્હમે મ્હોટાં સતવાદીનાં પૂંછડી!—આ, એંહ...વહુ, એ તો આ બિચારાં માશીબા—ને, તે આવાં ભલાં છે ને પરમેશ્વરનું માણસ છે, ત્હેમાં આટલો છાક ત્હમનેયે સૂઝે છે. અમારા જેવાં કે સરસતીના જેવાં સાસરિયાં મળ્યાં હોતને તો પાંદડે પાણી પાત—પાંદડે! ને આ બધાયે ધમધમાટ ને તમતમાટ—ને ખરાં ખોટાં—બધુંયે ભૂલી જાત!"

"જો, જો, બા ધોળી બ્હેન કાંઇ બોલે છે? પછી મ્હારો વાંક તો નીકળવાનોજ છે!—પણ કાંઈ હું એમની ઓશિયાળી નથી કે આમ મ્હારા ઉપર આટલા છણકા-તરફોડા કરે ને હું સાંભળી રહું" સુશીલા રોતી રોતી બોલી."

"માશીબા, જુવો ત્હમારી વહુ બોલે છે તે. હું ક્યાં કહું છું કે કોઈ મ્હારું ઓશિયાળું છે-લ્યોને હવે ત્હમારે ઘેર આવે ત્હેનેજ સોગન છે. ચાલો ઉઠો, ધર્યું રહ્યું ત્હમારું ઘર! ત્હમારા જેવાં તો બહુયે દીઠાં છે!" ધોળી આંસુ ભરી આંખે ગુસ્સામા પોતાને સાસરે જવાને ઉભી થઇ.

"ત્યારે ત્હમારા જેવાંયે બહુ દીઠાં છે, સમજ્યાંને: એમ કાંઇ મ્હારા ઉપર તડુકા કરવાના નથી." સુશીલા આંસુ લ્હોતી બોલી, "આવશો, તો ત્હમારૂં ઘર છે, નહિ આવો તો મ્હારે માટે તો કાંઈ ઓછાંજ આવો છો?"

"વહુ, વહુ! ત્હમે ઉપર જાઓ, બા. એક અક્ષર બો-

લો તો મ્હારા સમ-માતાજીના સમ-બાઇના સમ!" ધનલક્ષ્મી ઉઠી, બંનેને શાન્ત પાડવાને પ્રયત્ન કરતાં બોલી; "ને ધોળી, તુંયે ડાહી થઇને આવું બોલે છે? વહુને એવું કહેવાય?-એ ન્હાની છે તે નથી સમજતી પણ તુંયે આવડી મ્હોટી થઇને-ત્હારાં બધાં વરસ ક્યાં ઘાલ્યાં?-ધોળી, બા," વાંસે હાથ ફેરવતાં ધનલક્ષ્મીએ પૂછ્યું, "ત્હારે શરીરે ઠીક નથી? આવ્ય મ્હારી સાથે, આવ્ય હીંચકે બેશ. કોઇએ કાંઇ કહ્યું છે-કે ત્હને કાંઇ થયું છે?—જો બેટા, મ્હારે તો ત્હમે બંને સરખાં-મ્હારાથી ત્હમને કોઇને કાંઇ કહેવાવાનું હતું? એ રાંડ રૂપાળી તો જૂઠી છેઃ એના બોલવા ઉપર તે આટલો બધો કલેશ શો? માટે એયે જણ છાંનાં રહી જાઓ-મ્હારા સમ રુવો તો!"

ધનલક્ષ્મીએ બંનેને માંડમાંડ છૂટાં પાડી છાનાં રાખ્યાં; સુશીલાને સમજાવીને મ્હેડીએ મોકલી અને ધોળીને પાસે લઇને હીંચકે બેશી, એનું ઉકળેલું મન શાન્ત થાય એમ ધીમે ધીમે વાતચીતમાં ત્હેને ઉતારી.-થોડીવાર પછી ધનલક્ષ્મીએ જાતે ઉઠીને શગડી ઉપર દશમી કરી, અને પોતાને જમવાની વૃત્તિ નહિં હોવા છતાં, સુશીલાને નીચે બોલાવી, ત્હેને તથા ધોળીને-તે બંને 'ના,ના' કહેતાં હતાં છતાં પણ 'સમસગરા' ખવડાવીને, ઘણોજ આગ્રહ કરી, પોતાની સાથે વાળુ કરવા બેસાડયાંઃ ગમે ત્હેવો ગુસ્સો જમ્યા પછી શાન્ત થાય છે, અને ત્હેમાં પણ ખાસ કરીને પ્રેમ, ધૈર્ય અને શાન્તિ ભરેલા વાતાવરણમાં લાંબો વખત તો તે રહેવા પામતોજ નથી. ત્હેણે જમતે જમતે અનેક મિઠ્ઠીં વાતો કહાડી, પોતાના આગળના અનુભવ કહ્યા, 'કહેતા કહેતી'માં વાતો કેવી રીતે વધી જાય છે ત્હેના દાખલા રજુ કર્યા, અને પોતાને જાતે એવી ભાંજગડોમાં કેટલું સહન કરવું પડયું હતું; એવી એવી અનેક

કથનીઓએ બંને જણને સંપૂર્ણ રીતે શાન્ત કર્યાં. પ્હેલાં એક બીજાની સામે પણ જોતાં ન્હોતાં તે જોવા માંડયું, રોષભરી આંખથી જોતાં હતાં તે રોષ ઉડી ગયો, બોલતાં ન્હોતાં તે બોલવા માંડયું; અને અન્તે જ્યારે ધોળી વાળુ કર્યા પછી રાતે મોડી ઘેર જવાને ઉભી થઇ ત્યારે-" વહુ, ખોટું ન લગાડશો: મ્હારા સમ! મ્હને, બળ્યું, એવું બોલી જવાની ટેવ છે. મ્હને ગુસ્સો ચ્હડે છે ને, ત્યારે હું ગાંડીજ થઇ જાઉં છું." ત્હેના મ્હોંના એ શબ્દોએ અમૃતના છંટકાવ કરતાં પણ વધારે ઠંડક કરી.

" ના. ના. ધોળીબા, માફ તો મ્હારે માગવી જોઇએ," હસતે મ્હોંયે શરમાતી શરમાતી સુશીલા બોલી; " મ્હારોયે સ્વભાવ ક્યાં ઓછો આકળો છે?—હું તો ઠાકોરજીની પાસે નાકલીંટીઓ તાણીને નિત એજ માગું છું કે 'બાના જેવો શાન્ત મ્હારો સ્વભાવ કરજો!' પણ એ કાંઇ થાય છે? બા તે બાજ છે: હું ઘણુંયે કરું છું પણ એમની પેઠે નથીજ રૂહેવાતું. "

" ધીમે ધીમે ત્હમે તો મ્હારા કરતાંયે વધારે ડાહ્યાં ને સમજુ થશો, " ધનલક્ષ્મીએ કહ્યું, " વહુ! બા, હોય એતો, પ્રકર્તી છે, થઇ જાય! હુંયે ઘણીયેવાર ગુસ્સે થઇ જાઉં છું."

" ના. બા. ભાઇસાહેબ, " સુશીલા બોલી, " ત્હમે એવું બોલશો નહિં. મ્હેં તો કદિયે ત્હમને ગુસ્સે થતાં દીઠાંજ નથી.—કેમ ધોળી બ્હેન, જશો?—મ્હારા ઉપર ખોટું ન લગાડશો, હોં!—રાત ગઇ છે તે ફાનસ લઇને માણસને લઇ જાઓને. "

" ના રે, ના. ફાનસ શું કરવું છે? ખાસ્સી અજવાળી રાત છે ને. હું જાઉં છું, માફીબા. "

" આવજો, ધોળીબા; મ્હારા ઉપર જરાએ માઠું લગાડો તો મ્હારા સમ !–આવજો હોં " સુશીલા ફરીથી બોલી ઉઠી.

" આવજે ધોળી ! " ધનલક્ષ્મીએ કહ્યું " જોયું, વહુ ! જો ત્હમે થોડીવારજ ન બોલ્યાં હોત તો કેવું સારૂં થાત. જો, બેટા, સાસરિયાં તો બોલે, પણ આપણે જરા લોહીનો ઘૂંટડો ગળી જઇએ.–એમ લ્હડમલ્હડા કરવામાં આપણી ને આપણા ઘરની શોભા નહિં. ખોટું ન લગાડશોઃ હું તો સ્હેજજ કહું છું હોં; વહુ ! "

" હવે મ્હને એવું થઈ જાય છે કે હું બોલીજ શું કરવા ? બા, એમ કાંઈ જૂદાં થવાનું હતુ ? ઉને પાણીએ કાંઈ આગ લાગતી હશે ?–ત્યારે હું ન બોલી હોત તો કેવું સારૂં થાત ?-પણ બા, ત્હમે મ્હારા ઉપર માઠું ન લગાડશોઃ હવેથી એવું હું કદિ નહિં કરૂં. હેં, બા ! ત્હમને મ્હારા ઉપર ખોટું લાગ્યું છે ? "

" ના, વહુ, " ધનલક્ષ્મીએ ત્હેને માથે અને વાંસે હાથ ફેરવતાં બોલ્યાં; ત્હમે ને સરસ્વતી–મ્હારે મન તો બંને સરખાંજ છોઃ–ત્હમારા ઉપર તે ખોટું લાગે ? "

વહુ પાછી મ્હેડીએ ગઇ અને સાસુ પોતાની માળા પાછી હાથમાં લઈ હીંચકા ઉપર બેઠાં.

પ્રકરણ ૪ થું: બે સાધ્વી સ્ત્રીઓ.

૧. નિર્મળાબાળાને બંગલે:

સ્ત્રીઓની હાલત સુધારવાનાં સાધનો વિષે વાતચીત ચાલતી હતી. અવન્તિરામને ઘેર થયેલી હુરિકથાએ નિર્મળબાળાના વિચારભુવનમાં નવીન નવીન તરંગ દાખલ કરી દીધા હતા; અને જૂના વિચારના સ્વદેશહિતચિંતકો તથા સુધારકોની હૃદયલહરિઓ ત્યાં રમવા લાગી હતી. જાગૃતિ-પ્રવૃત્તિનો જોમ ત્હેના આખા જીવનને સતેજ બનાવી ત્હેની અન્તરકુંજમાં હિન્ડોલા ખાધાં કરતો હતો. ઝળઝળિયું ઉડી જઇ, આત્મબળ નિર્મળતામાં પ્રકાશતું હતું.

નવીનચન્દ્ર, જગન્નાથ, પ્રબોધચન્દ્ર અને રસિકભાઇ તથા નિર્મળબાળા અને જગન્નાથનાં પત્ની ઇન્દિરાબાઇ, એક સુશોભિત અને સુન્દર બંગલાના વિશાળ વચલા હૉલમાં બેઠાં હતાં. મનોહર ચિત્રો, સુરમ્ય છબીઓ, ન્હાનાં મ્હોટાં મનોરંજક બાવલાં, કોચ, ખુરશીઓ, પુસ્તકોથી ભરેલાં કબાટો, અને એવી એવી કંઇક ચિત્તાકર્ષક વસ્તુઓથી મકાન ભરપૂર હતું: જ્યાં ત્યાં ચિત્રકારની પીંછી, કવિની કલમ, શિલ્પકારના ટાંકણાની રમણીય કૃતિઓના આનન્દન નમૂના નજરે પડતા હતા. રસિકભાઇ જે સાધારણ રીતે સુધારકોના પક્ષમાં ભળતો નહિં હતો ત્હેને પણ આજ નવીનચન્દ્ર પોતાને ત્યાં બોલાવી શક્યો હતો.

“ મ્હારું કહેવું એમ નથી કે સ્ત્રીઓને કેળવણીની જરૂરજ નથી, ” રસિકભાઇએ કહ્યું, “ મ્હારા કહેવાનો એમ અનર્થ કરવાનો નથી-પણ, મિ. જોશી, મ્હેં તો એટલુંજ

કહ્યું કે કેળવણી ઘણીજ અપૂર્ણ સ્થિતિમાં છે, અપક્વ છે, અને ત્હેની અમારી બાળકીઓ ઉપર ખરાબ અસર થાય છે. આ વાત બીલકુલ ખોટી નથી; હું તે સાબીત કરી આપવા તૈયાર છું. ”

“ નહિં, નહિં, રસિકભાઈ! ” જગન્નાથ બોલ્યો; “ હું ત્હમારા ક્હેવાનો જૂદો અર્થ લેતોજ નથી. હું માત્ર એટલુંજ પુછું છું કે ત્હમારા સિદ્ધાન્તનું પરિણામ શું ?–સ્ત્રીકેળવણીનો ઘટાડો ! ” તે ખડખડાટ હસી પડયો.

“ ત્હમને ગમે તેમ અર્થ કરોને,” રસિકભાઇએ ફરીથી કહ્યું; “ સત્ય છે તેજ ગ્રાહ્ય છે. સ્ત્રીકેળવણીની હાલની પદ્ધતિ પસંદ કરવા યોગ્ય નથી, અને હું શું, પણ ત્હમને ત્હમારા સુધારાવાળા પણ એમજ ક્હેશે તો કેમ ? ”

“ ત્યારે ત્હમે એમ કહેવા માગો છો, ” નવીનચન્દ્રે પૂછ્યું, “ કે બાળા અને ઇન્દિરા એવી નિર્માલ્ય, બળહીન કેળવણીનાં ફળ છે ? ”

“ નવીનબાબુ, અપવાદ રૂપ દાખલા–અને તે પણ સમક્ષ મંડળમાંથીજ–લેવાથી ત્હમે સામાવાળાને મુશ્કેલીઓમાં નાંખો છો, ” પ્રબોધચન્દ્ર વચમાં બોલી ઉઠયો, “ નીતિસર વિવાદની એ રીત નહિં. ”

“ અરે ! પણ હું તેમ વિવાદ કરવામાં પણ ડરતો નથી, ” રસિકભાઇએ વિચાર કરતાં જવાબ દીધો. “ કારણ, પ્રબોધચન્દ્રે કહ્યું તેમ નવીનબાબુના દાખલા અપવાદરૂપ છે. પરન્તુ એ દાખલામાં જેમનું નામ દેવાયલું છે ત્હેમનેજ–ત્હેમના પોતાના અનુભવ ઉપરથી–હું આ બાબતનો ન્યાય કરવાનું સોંપુ છું, ઇન્દિરા બ્હેન, ત્હમે અને મિસ ઠાકુર જે ક્હેશો તે મ્હારે કબૂલ છે. ”

ઈન્દિરાએ ન્હાનું સરખું, મંજુલ સ્મિત કર્યું. " મ્હને ત્હમે આ કામ સોંપશો તો વધારે અન્યાય થવાનો સંભવ છે; " ત્હેણે કહ્યું, "–છતાં પણ મ્હને મ્હારો અનુભવ કહેવાને કાંઇ વાંધો નથી. કેળવણી પામેલી ગૂજરાતી સ્ત્રીઓનો જેટલો મ્હને પરિચય થયો તે ઉપરથી અભિપ્રાય બાંધું તો તે ત્હમારી વરુદ્ધમાં જશે; પણ હું આઠ દસ કુટુમ્બ શિવાય અહિં બીજાં કોઇને હજી ઓળખતી નથી. મ્હને તો તે બધાંય બહુ સારાં માણસ લાગે છે; કેળવાયલી બાળાઓ વધારે મેળાવડી અને ચકોર જણાય છે અને ત્હેમની બુદ્ધિ વિકાસ પામેલી હોવાથી, ત્હેમની સાથે વાતચીત કરવામાં મ્હને વધારે રસ પડે છે. અન્તઃકરણના ગુણ વિષે મ્હને એક બે વાર જરા શક પડયો હતો પણ હું ત્હેમને શકનો લાભ આપી, મ્હારો મત ત્હેમની તરફેણમાં સંપૂર્ણ રીતે નોંધાવું છું કહો શ્રીમતી, ત્હમે શું ધારો છો ? "

"મ્હારા અને ત્હમારા અનુભવમાં તફાવત પડવાની મ્હને ધાસ્તી રહે છે," નિર્મળબાળા બોલી; "પૈસાવાળાં તેમજ ગરીબ, સર્વે પ્રકારનાં કુટુંમ્બોમાં મ્હારે જવા આવવાનું થાય છે; અભણ સ્ત્રીઓ સુખી નથી હોતી એમ તો નહિંજ કહી શકાય, પણ કેળવાયલી સ્ત્રીઓ બુદ્ધિના વિકાસનું જે સુખ ભોગવી શકે છે ત્હેનું તો તેઓને સ્વપ્ન પણ નથી; પાંજરામાં પૂરી મૂકેલાં પક્ષિ અને ત્હેમની હાલત બરોબર છે. આથી કેળવણીની જરૂર તો સાબિત થાય છેજ; પરન્તુ કેળવાયલી સ્ત્રીઓ અને બાળાઓના વધારે વધારે પરિચયમાં હું આવતી જાઉંછું તેમ તેમ ઇર્ષ્યા, અસંતોષ, અપ્રમાણિકતા, મનની મલીનતા, પાપવૃત્તિઓ, આદિ જે અનેક દુર્ગુણ દૂર કરવા એ કેળવણીનું એક મુખ્ય કામ છે તે–અન્ય સ્ત્રીઓમાં હોય છે ત્હેવાને ત્હેવાજ–ત્હેમનામાં પણ દિલગીરીની સાથે મ્હારે જોવા

પડે છે! કબૂલ છે કે કેળવણી ત્હેમને વધારે મિઠાશ આપે છે, વધારે કોમળ બનાવે છે, વધારે વિશાળ ધોરણની મનોવૃત્તિઓવાળી કરી દે છે, પણ એ સર્વે ઉપરની ટાપટીપ છે! જ્યાંસુધી મન નિર્મળ થયાં નથી, વૃત્તિઓ સ્વાર્થત્યાગભરેલી અને હૃદયવિલાસ પવિત્ર થયાં નથી, ત્યાંસુધી આપણી કન્યાશાળાઓની કેળવણીનું ખાસ ફળ શું? લખતાં વાંચતાં તો ઘણીખરી ઊંચી કોમોમાં બાલિકાઓ ઘેર પણ શીખેછે; અને 'નિશાળે જવાથી છોકરીઓ વધારે ચિબાવલી, વધારે ડોહ્કડાહી, વધારે નાસ્તિક થાય છે, તેથી અમારે તો અમારા ઘરની કોઇ પણ છોકરીને નિશાળેજ મોકલવી નથી'—એવા એવા ઉદ્દ્ગાર તો મ્હેં કંઇક ઠેકાણે સન્માનપાત્ર સ્ત્રીઓને મ્હોંયેથી સાંભળ્યા છે. કેળવણીનું આવું પરિણામ છે એમ હું માનતી નથી, છતાં નજરે જોઉંછું તે સ્વીકારવું પડે છે! અને તેથીજ હું મ્હારી 'પત્નીશાળા ઉભી કરવા ઇચ્છા રાખું છું, અને ત્હેમાં ત્હેવી ખામિઓ ઓછી આવે એવી યોજના કરવા આશા રાખું છું; પણ એ વાત આગળ ઉપર રાખીએઃ હાલની કન્યાકેળવણી અને પુત્રીશિક્ષણ બીલકુલ સંતોષકારક નથીઃ' તો પછી સ્ત્રીશિક્ષણનું તો કહેવુંજ શું? "

"ખરેખર એમજ છે!" રસિકભાઈ બોલી ઉઠયો; "મ્હારા વિચારને ત્હમે ખાસ ટેકો આપો છો. કેળવણીની પદ્ધતિમાં શામાટે ફેરફાર ન કરવો જોઇએ?—શામાટે ધર્મશિક્ષણ, નીતિશિક્ષણ, ન આપવું અને યુવકોને જરૂરની કેળવણીજ બાલિકાઓને આપવાનો દુરાગ્રહ રાખવો?"

"એટલું તો ખરૂંજ છે," પ્રબોધચન્દ્રે કહ્યું, "મ્હારે પણ કબૂલ કરવુ પડશે, કે જો સાધનો સંપૂર્ણ રીતે સારાંજ છે કે તેમાં કાંઇપણ સુધારવા લાયક છે એ બાબતનો નિશ્ચ-

ય કેળવાયલી બાળાઓના આપણા અનુભવજ ઉપરથી કરીએ, તો મ્હેં ખાસ કરીને બે મ્હોટી ખામિઓ જોઇ છે; વખાણવા લાયક અભ્યાસ કરી ઊંચાં ધોરણો સુધીની કેળવણી પામેલી સ્ત્રીઓ પોતાની ઓછી કેળવાયલી બ્હેનોને હજીસુધી કોઇ પણ રીતે ઉપયોગી થઇ પડેલી જોવામાં આવી નથી; અને બીજું, હાલ જેને જનસમૂહ કેળવણી કહે છે તે ધોરણો સુધી અભ્યાસ કરી પસાર થયેલી બાળકીઓનું પોતાનાં ઘરમાંનું વર્તન કોઈ પણ રીતે વધારે સારૂં થયેલું મ્હારી નજરે પડતું નથી. ”

“ જો ત્હમે એમ કહો છો તો પછી મ્હારે ત્હમને પૂછવું પડશે કે ત્હમે હાલની યુવકોની કેળવણીની રીતિ સામે વાંધો લેતાજ હશો. ” જગન્નાથે સવાલ કર્યો.

“ હા જી. ” પ્રબોધચન્દ્રે કહ્યું, “ પણ ત્હેનો હાલ ઉપાય નથી. એ કેળવણી જેવી હોય ત્હેવી પણ આપણા બાળકોને આપ્યા વિના ઉપાય નથી, કારણ ત્હેમના નિર્વાહનો મ્હોટો આધાર ત્હેના ઉપર છે. પરન્તુ સ્ત્રીઓની બાબતમાં ત્હેવું કાંઇ નથી. સ્ત્રીઓને કેળવણી આપી, સારી માતાઓ, સારી પત્નીઓ, સારી ગૃહિણીઓ બનાવવી એ આપણો હાલ પ્રથમ હેતુ છેઃ પછી કદાચ કોઇને ગરિબાઇને લીધે, વિપત્તિને લીધે, પોતાની કેળવણી ઉપરજ આજીવિકાનો આધાર રાખવાની ફરજ પડે એ જૂદી વાત છે; પણ સામાન્ય રીતે આપણો મુખ્ય આશય-સ્ત્રીઓનાં હૃદયોની ઉન્નતિ, આપણાં ગૃહરાજ્યોનો સુધારો, આપણી સંતતિમાં સદ્દગુણોનો વિકાસ,—એજ છે; એટલે દોસભરેલી કેળવણી સ્ત્રીઓને આપવી ફરજિયાત નથી; મ્હારા નમ્ર અભિપ્રાયમાં તો સારૂં ગૃહશિક્ષણ તેથી શ્રેયછે. ”

“ ના ના. હું એટલે બધે અંશે તો ત્હમારા મતનો

નહિં થઇ શકું, જોકે ત્હમે કહ્હો છો ત્હેનું સત્ય તો મ્હારે માન્ય કરવું પડે છે જ.” જગન્નાથ બોલી ઉઠયો, “ કાંઇ ન હોય ત્હેના કરતાં થોડું હોય તે શું ખોટું ?–કેમ નવીનબાબુ, ત્હમે કાંઇ બોલતા નથી ? ”

“ નવીનબાબુ શું બોલે ? ” ઇન્દિરાએ મ્હોં મલકાવીને કહ્યું, “ ત્હેમના અને ત્હેમના મિત્રના મત જૂદા ભાગ્યેજ હશે ! ”

નવીનચન્દ્ર જરા હસ્યો. “ ઇન્દિરા, મ્હારેને પ્રબોધચન્દ્રને ઘણી બાબતમાં મતભેદ રૂહે છે; પણ અત્યારે તો નથી, એમ મ્હારે કબૂલ કરવું પડશે.—ત્હમારો અને બાળાનો અનુભવ એ બંનેનું મિશ્રણ કરતાં, તથા ” રસિકભાઈ તરફ નજર કરી ત્હેણે કહ્યું, “ આ ગૃહસ્થનો મત અને અમારા બધાના અભિપ્રાય–એ સર્વના પરિણામ રૂપે સ્ત્રીકેળવણીની કોઇ સારી પદ્ધતિ બનાવી શકાય તો ખરીજ એમ મ્હારું માનવું છે. ”

“ એટલું તો મ્હારે પણ મંજુર છે. ” રસિકભાઇએ ગજવામાંથી ઘડિયાળ ક્હાડીને જોઇ. “ ઓહો ! ચાર વાગી ગયા ? મ્હારે જરા કામ છે એટલે જવું પડશે.” ઉઠતાં ઉઠતાં તે બોલ્યો.

“ ઇન્દિરા ! આપણે પણ રસિકભાઇને ત્યાં થઈ દેવીમન્દિર જવાનું છે; ત્હમને સાંભરે છે કે નહિં ? ” નિર્મળબાળાએ પૂછ્યું. “ હા. હા. ” ત્હેણે જવાબ દીધો, ચાલો ત્યારે આપણે પણ ઉઠીએ. ”

૨. દેવીમન્દિરમાં મહાદેવી.

યોગિની મહાદેવી દેવીમન્દિરના એક અંદરના ખૂણામાં આવેલી ન્હાની સરખી ઓરડીમાં બેઠાં હતાં: હાથમાં માળા

ચાલ્યા કરતી હતી; તથા આંખ્યો બંધ અને મન ધ્યાનસ્થ હતું. તે એક મૃગચર્મ ઉપર પાછળની ભીંતને અઢેલી બેઠાં હતાં.

"માજી! માજી!" એક પૂજારણે બારણા આગળ આવી, મ્હોટા અવાજથી કહ્યું, "માજી! ત્રણ ચાર ભક્ત-જન દર્શનની ઇચ્છા રાખે છે; આજ્ઞા હોય તો ભીતર પ્રવેશ કરવા દઉં."

મહાદેવીએ આંખ્યો ઉઘાડી: "મુરલીમૈયા, એમને પધારવાનું કહો."

મુરલી પાછી ગઇ અને થોડીવારમાં નિર્મળબાળા, ઇન્દિરાબાઈ, સરસ્વતી અને સુશીલાએ અંદર આવી મહાદેવીને પ્રણામ કર્યો, અને સામું એક બિછાનું પાથરેલું હતું ત્હેના ઉપર તે બેઠાં.

"ભગવતી ત્હમારું કલ્યાણ કરો!—સર્વ કુશલ તો છો ના." યોગિનીએ પૃછ્યું; "શ્રીમતીમૈયા, ત્હમારા દર્શનની બહુ ઇચ્છા હતી: આ સર્વ મૈયાઓ પણ ત્હમારા મંડળમાંનીજ હશે."

"માજી," નિર્મળબાળાએ જવાબ દીધો, "ત્હમારો પ્રેમ જેટલો પવિત્ર છે તેટલોજ ગાઢ જોઈ મ્હને દરવખત ત્હમારાં દર્શનની ઉત્કંઠા વધ્યાંજ કરે છે. આ ઇન્દિરા જગન્નાથનાં પત્ની છે અને અમારી મહિલાસમાજમાં તેઓ આગળ પડતો ભાગ લેછે; અને આ સરસ્વતી રસિકબાઈનાં બ્હેન તથા આ સુશીલા એમનાં પત્ની• થાય;—તે દિવસ જે પ્રબોધચન્દ્ર વિષે નવીનબાબુ વાત કરતા હતા, તે આ સરસ્વતીના પતિ. આ બંને બ્હેનો અમારા મંડળમાં તો નથી, ણ એમના હૃદયસુવાસ અને અમારી મનોવાંચ્છના ઘણે

અંશે મળતી આવવાથી મ્હને એમનો સહવાસ અતિપ્રિય થઇ પડયો છે."

"ઘણું સારૂં," મહાદેવીએ કહ્યું, "સમાજો અને મંડળો કરતાં પણ વધારે સારૂં કામ—એ મૈયાઓ ધારશે તો—ઘેર, કુટુંબમાં કરી શકશે: ત્હમારી સમાજના હેતુ પાર પાડવાનું રણક્ષેત્રતો ગૃહભૂમિજ છે ના."

"હા. માજી, આપ કૂહો છો તે સંપૂર્ણ રીતે સત્ય છે." નિર્મળબાળાએ જવાબ દીધો.

"મૈયા સુશીલા, ત્હમે અને આ ત્હમારાં નણંદ મહિલાસમાજમાં દાખલ થયાં નથી ત્હેનું કાંઈ કારણ તો હશેજ!" યોગિનીએ પૂછ્યું.

સુશીલા નીચું જોઇ રહી: આ વિષય ઉપર ત્હેણે વિચારજ કર્યો નહોતો. રસિકભાઇની ઇચ્છાને અનુસરીને તથા સરસ્વતીના આગ્રહને લીધે તે વખતોવખત ત્હેની સાથે આવી ત્હેવી જગોએ—સ્ત્રીઓના મેળાવડા કથાઓ વગેરેમાં—જતી ખરી; પરન્તુ ત્હેના ચિત્તની દૃષ્ટિમર્યાદા હજી 'હું અને મ્હારું' એ વિચારમાં—અથવા સામાન્ય સ્ત્રીઓની હૃદયવૃત્તિઓના જેવીજ અપકવ હાલતમાંજ—હતી!

"માજી," સરસ્વતી બોલી ઉઠી; "મ્હારાં ભાભીને એવી જાહેર પ્રવૃત્તિમાં ન પડવાનું ખાસ કારણ 'પતિની ઇચ્છા' એ શિવાય બીજું કાંઇ નથી—અને પતિવ્રતાને બીજું કારણ હોય પણ શું? મ્હારા ભાઇ કેટલીક બાબતમાં સુધારાવાળાઓના વિચાર આચારથી તદ્દન વિરુદ્ધ છે અને ખાસ કરીને સ્ત્રીઓ પુરૂષોની પેઠે બ્હાર પડી પુરુષત્વ ધારણ કરે એ એમને પસંદ નથી.—અને મ્હને, એવા પ્રકારની નહિ પણ, બીજીજ કાંઇ અડચણોને લીધે એવા મંડળમાં ભાગ લેવાની અનુકૂળતા નહિં હોવાથી હું ત્હેની સભાસદ નથી."

" હા. રસિકભાઇ અને જગન્નાથભાઇનાં દર્શનનો મ્હને લાભ મળ્યો હતો: અને એમના ઉદ્દેશ એકજ હોવા છતાં સાધનોની બાબતમાં એમની વચ્ચે મતભેદ છે એ તો મ્હને તરતજ જણાયું હતું. ચાલો, બહુ સારૂ થયું કે આપ સર્વે મૈયાઓનાં દર્શન થયાં." મહાદેવી બોલ્યાં.

" માતાજી, લાભતો અમને થયો કે અમે આપ જગદંબાના પરિચયનું અમૃતપાન કરીએ છીએ," ઇન્દિરાએ કહ્યું.

" જગદંબા તો સર્વદા હાજરજ છેને: આપણે એની કૃપાદૃષ્ટિ વિના બીજી કઇ રીતે ખરો આનન્દ પ્રાપ્ત કરી શકીએ ?" મહાદેવીએ જવાબ દીધો. " ઇન્દિરા મૈયા, આપણાં સર્વનાં હૃદયોમાં શુભવાસના રૂપે એ હમ્મેશાં પ્રત્યક્ષ છે."

" ખરૂં કહો છો, માજી;" સુશીલા બોલી. " મ્હારાં સાસુ-જે આપના જેવાંજ શાન્ત, પવિત્ર, અને ભક્તિમાન છે એ પણ વારંવાર એમજ કહે છે." સરસ્વતી તરફ જોઇને ત્હેણે પૂછ્યું, " કેમ બ્હેન, ખરૂંકની ?"

" હા. મૈયા; મ્હારી બા પણ એક ખરેખરી સાધ્વીજ છે," સરસ્વતીએ ભાભીને પુષ્ટિ આપતાં કહ્યું, " મૈયા, એણે તો આપનાં દર્શન કર્યાં છે ત્યારની ઘેલી ઘેલી થઇ ગઇ છે કે ' માતાજીની આપણે ઘેર પધરામણી કરાવો.' અવન્તિરામભાઇને ત્યાંની કથા સાંભળનારાંમાં એ પણ અમારી સાથે આવી હતી અને આપની કહેવાની રીત તથા કથા બંને એને ઘણાંજ પ્રિય થઇ પડયાં હતાં. મૈયા, તમને અવકાશ હોય ત્યારે તમે કહોતો એ પણ અમારી સાથે આવશે. એનું હૃદય ઘણું કોમળ અને ભક્તિમય છે."

" શ્રીમતી મૈયા ! " યોગિની બોલી, " આ સાધ્વી વિષે તો ત્હમે મ્હને કાંઇ કહ્યુંજ નહિં હતું. સરસ્વતી મૈયા, ત્હમને સર્વને અવકાશ હશે ત્યારે હુંજ ત્હમારાં માતુશ્રી પાસે આવીશ. એમનાં દર્શન કરવાથી પણ સર્વ પાતક નષ્ટ થઇ જાય, ત્યારે એમના પરિચય વિષે તો પછી ક્હેવુંજ શું ! મૈયાઓ, હું તો એવી ભગવતીના અવતારરૂપ સાધ્વીનાં દર્શન-પરિચયની નિરંતર અપેક્ષામાંજ રહું છું. ક્ષણુપણ સત્સંગ ક્યાંથી ? "

" ભગવતી, આપના હૃદયની ખરી ઉદારતા આપને આમ બોલાવે છે. આપને તસ્દી લેવાની જરૂર નથી; મ્હારી બા જ દર્શન માટે કાલેક સોરી અહિં આવશે. " સરસ્વતીએ કહ્યું, " અમે બધાં સાથેજ આવીશું. "

" ભલે, ભલે ! જેવી ત્હમારી સર્વ મૈયાઓની ઇચ્છા, " યોગિનીએ જવાબ દીધો.

" માજી, " નિર્મળબાળા બોલી, " કાલે રાતે મ્હારે બંગલે અમારી મહિલાસમાજનો મેળાવડો છે, ત્યાં આપ પધારશો ? ત્હમે હશો તો અમારા અભિલાષ વધારે વધારે ઉન્નત થશે અને ત્હમને જૂદા જૂદા પ્રકારની સ્ત્રીઓની હૃદયવાસનાઓ જોવાનું મળશે એમ હું માનું છું.—મૈયા, આ વખતતો હું ત્હમને 'ના' ક્હેવા દેવાનીજ નથી: આ બંને બ્હેનોએ પણ આવવાની હા કહી છે; વળી સરસ્વતીનાં માતુશ્રીને પણ પધારવા હું વિનંતી કરી ચુકી છું, અને રસિકભાઇને હું કહીશ એટલે એ ઘણું કરીને તો આવવાનાંજ. માટે આટલી તો-આ વખત તસ્દી લો જ. " .

" ઘણું સારું, જેવી જગદંબાની ઇચ્છા ! " મહાદેવીએ કહ્યું, " મ્હારી વૃત્તિઓ આવા મેળાવડાની તરફેણમાં નથી

પણ ત્હમારો બોલ પાછો ફેરવાતો નથી. શ્રીમતી મૈયા, શું જગતનું કલ્યાણ મેળાવડા ભરવાથીજ થઇ શકાવાનું ? આપણે ઘેર રહીને લોકોનું હિત નહિં કરી શકીએ ? સુન્દર વાંચ્છનાઓ-શુભ વિચાર આપણે ગમે ત્યાં રહીને પણ ગતિમાન કરી શકવાનાં. તો પછી આટલી બધી મિથ્યા પ્રવૃત્તિઓનું ફૂળ શું ? ”

“ માતાજી,” ઇન્દિરા બોલી ઉઠી, “ વાંચ્છના અને વિચાર ઉપરાંત જીવનમાં બીજું કાંઇ છે અને તે આચાર છેઃ અને આચારને શુભમાર્ગે વહન કરાવવામાં સત્સંગની ખાસ જરૂર છે; આવા મેળાવડા ત્હેવા પ્રકારના સત્સંગને જન્મ આપે છે. ”

“ પરન્તુ ત્હમે એમ કહી શકશો ? ”–સરસ્વતીએ ત્હેને પૂછ્યું. “ત્હમે ખાત્રીથી કહી શકશો કે ત્હમારા મંડળમાં સત્સંગજ છે ? બૂટ-સ્ટોકિંગ-અને પોલકા પ્હેર્યા એમાંજ સત્સંગ આવી ચૂક્યો ?–જનાતરા ઇંગ્રેજી અને જરાતરા ગૂજરાતી બોલતાં વાંચતાં આવડ્યું એમાંજ સત્સંગ આવી ચૂક્યો ?–ખુરશી ઉપરથી ઉઠીને ભાષણો કરવામાં, યુનિવ્હર્સિટીની ડિગ્રીઓ ધારણ કરવામાં, કે સભાઓ સ્થાપી ઠરાવો કરવામાંજ સત્સંગ આવી ચૂક્યો ?-ત્હમારી મહિલાસમાજની પ્રવૃત્તિ વિરુદ્ધ મ્હારા વિચાર નથી, કારણ હું જાણું છું કે એટલુંયે ક્યાં છે ?–પણ ખરૂં બોલાવો તો પુરુષોની સાથે હરવા ફરવામાં–જૂના વિચારના લોકોની નિન્દા કરવામાં–ધર્મની લાગણીઓ અપમાનરૂપ ગણવામાં–અને ઘરની ફરજો વિષે બેદરકારી રાખવામાંજ આપણા હાલના–આ ત્હમારા સત્સંગના ફૂળનો સમાવેશ થાય છે. યોગિની મૈયા ખરૂં કહે છે કે એ પ્રવૃત્તિઓ મિથ્યા છે. હું તો એટલુંજ જાણવા માગું છું કે

આપણી મહિલાસમાજે કર્યું શું ? ત્હમે મ્હને જવાબ દેશો કે દરેક દેશની ઉન્નતિના ઇતિહાસમાં એકાદ વર્ષ એ દરિયામાં પડતા વરસાદના ટીપા જેવું છે. ભલે એમ હો; પણ સભાસદ સન્નારીઓમાંની બે ત્રણ બાદ કરતાં બીજી કોઇએ આ બાબત ઉપર જરા વિચાર પણ કર્યો છે એ ક્હેવુંયે ત્હમને મુશ્કેલ પડશે. અમારૂં તો ક્હેવુંજ એટલું છે કે, ક્હો તે કરો: નહિં તો ત્હમારા કરતાં અમારા જેવાં સારાં કે અમે ક્હેતાંયે નથી અને કરી શકતાંયે નથી ! ”

ઇન્દિરાએ કાંઇ જવાબ ન દીધો. સરસ્વતીનાં સત્ય વાક્યોની સત્યતા ત્હેના ન્યાયી હૃદયમાં સજ્જડ ચ્હોટી ગઈ. થોડો ઘણોયે બચાવ તો તે કરી શકત, પરન્તુ પોતાની બાજુની નિર્બળતાનો ખોટો કિંવા લૂલો-ભાગ્યો તૂટ્યો બચાવ કરવો એ ત્હેના જીવનના ધોરણમાં ન્હોતું.

“ સરસ્વતી, ત્હમે પણ હદ વાળી ! ” પોતાના પક્ષ ઉપરના આ સબળ ઘસારાએ નિર્મળબાળાને જાગૃત કરી દીધી: “ ત્હમે ક્હો છો એટલું તો કબૂલજ છે. અમારે એ પણ મંજુર છે કે હજી સુધી અમે કાંઇ કરી શક્યાં નથી. પણ તેથી ત્હમારી જવાબદારી દૂર થઈ શકે છે? ત્હમે શું કરો છો? -ત્હમે નથી કરતાં તો નહિં, પણ ત્હમે એ બાબતના વિચાર પણ બ્હાર મૂકો છો ?-અમારાથી કાંઈ નથી થતું, અમે ફક્ત બોલીએજ છીએ,-પણ તેથી કરીને પણ, ત્હમારા મૌન કરતાં, સ્હેજ પણ વધારે અમારી અસર નહિં થતી હોય ? -બીજું, અમે જરાતરા પણ કામ કરીએ છીએ તે જોઇ જોઇને પણ થોડી અસર થવા લાગી છે એતો ત્હમે પણ નાકબૂલ નહિં કરો. વળી ત્હમે અમારી સમાજના મુખ્ય દોષ ક્હાડ્યા તે ત્હેના નથી; પણ બાળાઓને મળતી કેળવણીના છે. સમાજ અત્યારસુધીમાં કાંઇ કરીજ શકી નથી એ

કબૂલ છે; પણ તેથી કાંઇ નુકશાન થયું નથી; એટલે અમારા હેતુ સ્તુત્ય છે તો હવે પછી કાંઇક પણ લાભનીજ આશા રૂહે છે.-અને ત્હમે સર્વ, ત્હમારા આવા ઉચ્ચ મનોવિલાસ સાથે અમારા ભેગાં ભળો;-યોગિની મૈયા અમને પ્રેરણા કરે; અને ત્હમે ભલે સભાસદ ન થશો પણ, સ્વતંત્ર રીતે પ અમારી સૂચવેલી દિશાઓમાં પ્રવૃત્તિમાન થાઓ અને ત્હમારા અનુભવોનો અમને લાભ આપો તો-ક્હો, પછી પણ અમારા વિચાર માત્ર સ્વપ્નરૂપજ રૂહેશે ? ”

નિર્મળબાળાના પરોપકારી હૃદયના આ વિશિષ્ટ ઉદ્ગારે સર્વને ત્હેની સાધુતામાં વિલીન કરી દીધાં. “ તથાસ્તુ ! મૈયા, ત્હારી આ બધી પરમાર્થવૃત્તિઓ સફળ થાઓ ! ” મહા-દેવી બોલી ઉઠયાં. આમ, સ્ત્રીઓની ઉન્નતિમાં કેવી રીતે અને શી શી રીતનો ભાગ તેઓથી લઇ શકાય,-એ વિચારોમાં સર્વના હૃદયતરંગો આગળ આગળ વધતા ચાલ્યા.

પ્રકરણ ૫ મું. આપણું ગૃહરાજ્ય !

૧. અવન્તિરામને ઘેર. (ચિત્રની એક બાજુ.)

" લોકનાં ઘરની પેઠે છે કંઈ ? અમારે ત્યાં તો વહુએ સરખીને દીકરીએ સરખી: બાકી લોકને ઘેરતો વહુઓને પરસાળમાં પણ પૂછીને પગ મૂકવાનો ! " અવન્તિરામનાં પત્ની જમનાંબા, એટલે બેઠાં બેઠાં, પગ ઉપર પગ ચ્હડાવી, છીંકણીના સડાકા ઉડાવતાં, પાસે બેઠેલી તથા જતી આવતી સ્ત્રીઓની સાથે ઠંડા પ્હોરની ગપસપ હાંકતાં બેઠાં હતાં. " ના, નવી ભાભી, અમારે ત્યાં તો વહુદીકરીમાં ભેદજ નહિં. "

" હા. ભાભી; " જમનાંબાની આસપાસ ભરાયલી મંડળીમાંથી એક ત્રીસ પાંત્રીસેક વર્ષની વિધવાએ ટાપશી પુરી. " એ તો, બા, આપણા ઘરમાંજ જોયું ! બાકી બધેય ઠેકાણે-આખી નાતમાં-જ્યાં જુવો ત્યાં-ઘેરે ઘેર માટીના ચૂલા. ભાઇનો એ પ્રમાણે રાખવાનો આગ્રહ તો હોય પણ જ્યાંસુધી ત્હમે તે પ્રમાણે ઘરમાં ચલાવો નહિં ત્યાંસુધી પોથીમાંનાં રીંગણાં ! કેમ, મોંઘી, બોલતી નથી ? "

" કાકી, ત્હમે ક્હો છો તે અક્ષરે અક્ષર ખરૂં છે ! " અવન્તિરામની મ્હોટી પુત્રી મોંઘીએ જવાબ દીધો, " આ... જુવોને; મ્હારે ત્યાં ખાસ્સું છે; સાસુ સસરા કોઇયે નથી ત્યારે અમારાં મ્હોટાં બ્હેન સાસુપણું કરી સાસુની જગ્યા સંભાળે છે ! ને કોઇથી એમને કાંઇ ક્હેવાય નહિં. મનમાં ફાવ્યું બોલે, ને બોલે તે ઉભાંને ઉભાં બળી જઇએ એવા બોલ !- અરે, એ તો વાતજ જવા દોને. આ આપણી જીવા ! જુવોને, એને ત્યાં ગાડાં ભરીને પૈસો છે-પણ શું પૂજો મૂકવાનો ? એને હલાઝે જંપવાવારો આવવા દેતાં નથી. "

" નવી ભાભી, એ ડોસલીને ક્‌હેવુંયે શું ? " જમનાં બા મિજાજ ખોતાં બોલ્યાં, " રાંડના ઘરમાં કોઇ માણસ નહિં–તાઇ, પીંજીને રતનિયો !–એ ત્રણ જણ; ત્હેમાં તો છોકરીનો જીવ લેશે ત્યારે જંપશે ! ને એમના દીકરા એવા ઉઠયા છે કે–' મ્હારી બાને કશું કહીશ નહિં; મ્હારી બાને કશું ક્‌હેવાય નહિં !'–એટલે રાંડ છોકરીનો મરો ! મ્હારા જેવી હોયને, તોજ ખબર પડે તો ! "

" અરે, ભાભી ! " નવી ભાભીએ કહ્યું; " આપણી છોકરીજ રાંડ એવી ત્યાં બીજા ક્‌હેનો દોષ કહાડવો ? ને જમાઈનું તો નામજ જવા દોને. માવડીમુખો ગોવંદયો !–બાયડીઓમાં રહી રહીને રાંડવો થઇ ગયો છે ! આવવા દોને એક વાર અહિં, પછી એની વાત છે ! આ...હું તો છેને તે,...એને ગજ ગજના સંભળાવીશ. મોંઘી, તુંયે જીબાને કાંઇ કહેતી નથી તો ! આખો દ્‌હાડો સાસરેને સાસરે શું ભરાઈ ર્‌હેવું ? એનેજ સાસરાં હશે, બીજા કોઇએ કાંઈ દેખ્યાં હશે ? " ત્હેણે એક હાથ લાંબો કરીને કહ્યું.

" કાકી, જીબા બાપડી શું કરે ? ડોશલીનાં ભાણેજાં આવે ને ભત્રિજાં આવે ! ખાવા લેવાનાં સહુ,ને કામ કરવાનું કોઇ નહિં ! એટલે ન કરે તો જાય કયાં ? એકવાર ડોશી તડુકો કરે ને તો હમણાં બધી ધાડ ઓછી થઇ જાય ને જીબાના હાથમાંથી કામ ઓછું થઈ જાય ! " મોંઘીએ કહ્યું.

" એંહ...મોંઘી ! " નવી કાકી બોલી ઉઠયાં. " હવે તું જોતો ખરી; હવેથી વાત છે ! ઉજી જીબા આવી નથી ને ? આજ આવે ને તો પછી એને બે ત્રણ દ્‌હાડા સાસરે જવાજ ન દેવી: ત્યારેજ રાંડોને ખબરો પડશે તો ! એવું અત્યારથી ' સાસરૂં–સાસરૂં ' શુ ?–બે દ્‌હાડા શરીરે ઠીક ન

હોય ને અણગમતું આવ્યું હોયતો નયે જવાય ! આતો સાત વાગ્યા કે આ ચાલીઃ ન રૂહે પૂછવા, ન રૂહે ગાછવા-' કંઇ કામ છે ? કે આપણે ત્યાં અડચણ છે ? તે,-જમનાંબા, આજ જાઉં કે ન જાઉં ? ' આતો સ્હાંજ પડી કે પોટકી બગલમાં મારીને આ ચાલ્યાં ! અત્યારથી તે એને આટલું બધું હોય ? રાંડને ઘયડી કરી મૂકી છે ? હજી તો બચ્ચું છેઃ અત્યારથી સાસરાનો ભાર એને માથે નાંખશે ત્યારે એની ડોશલી શું કરશે ? રાખે રસોઇયો, એનાથી ન થતું હોય તો !—માટે કાંઈ છોકરીને મારી નાંખવી છે ? જે હશે તે એનુંજ છેનેઃ ભલે એટલું ઓછું આવશે ! મ્હારી છોકરીના નશીબમાં હશે તો ઘણુંયે આવી રહેશે ! ભાભી, ત્હમે ત્હમારે એની કામ કરનારી આવે તો કહી દેજો. ને ત્હમે નહિં કહો તો હું તો મ્હારે કહેવાની ! "

" હા નવી ભાભી ! ત્હમે શું ખોટું કહો છો ? " જમનાંબાએ કહ્યું. " બેલાશક કહેજો, હુંયે કહીશને. ઠાકોરજીનું આપ્યું ઘણુંયે છે ! પણ ભોગવવાનું લખ્યું હોયતો ને ! અરે ! એ રાંડ ડોશલી તો રાંધ્યા ધાનની વેચનારી છે એ તે શું રસોઇયો રાખતી ' તી ? " " માટે કાંઇ આપણી છોકરીને મારી નાંખવી છે ? " મોંઘી બોલી. " આ જીબા આવી ! કેમ, અલી, વાર લાગી ? તું તો ભલી !-ત્હેં તો હવે બહુ મોડાં આવવા માંડયું.-પાછી, દીવા થયા કે ઊભી પૂંછડીએ ન્હાશીશ ! "

જીબાએ મ્હોં મલકાવ્યુંઃ " અરે, આજ તો હું માંડમાંડ આવી છું ને ખોટું લગાડીને આવી છું ! માજીને આજ બપોરનો ગોળો ચ્હડયો છેઃ અત્યાર સુધી તો પાસે બેશી રહી પણ એટલામાં રૂપાળીબા ને ધોળીબ્હેન આવ્યાં એટલે મ્હેં

જાણ્યું કે એમની છાની છાની વાતોમાં હું શું કરવા આડે આવું ? એટલે ઉઠીને હું મ્હારે અહિં આવી. એમને ખોટું તો લાગ્યું કે ' માજીને આવાં મૂકીને પિયર ગયા વગર શું નથી ચાલતું ? ' પણ મેં"કું-ત્હમે છો તે માજીને સંભાળજો -કહીને હું તો ચાલીજ આવી ! ન આવું તો પાછાં ત્હમે કાઉકાઉ કરતાં વળગી પડો ! " તે હસી પડી.

" કેમ અલી જીબા, રાંડ ફાટી કે ? " નવી કાકીએ કહ્યું; " ત્હને કહીએ તે વળગી પડયાં કેમ ? આજ તો અમે બધાંયે ઠરાવ કર્યો છે કે ત્હને આજ એ ડોસલીને ત્યાંજ ન જવા દેવી ! કરશે ઘણોય એનો માવડી મુખો-ને એની સગલીઓ ! છાનું છાનું બોલાવી બોલાવીને આપવાનું તો રૂપાળીને ને નરબદીને ! ને ઘરનો બધો ઢસયડો તાણે તુ ? આજતો જવુંજ નથી ! એને ત્યાંથી તેડવા આવશે તો હું છું જવાબ દેનારી ! "

" ના. ના. કાકી, ભઇસાબ, આજ નહિં. આજ મ્હારાથી નહિં રહેવાય ! " જીબા કરગરી પડી: " ઉડતી હું જેમ તેમ કરીને આવી તે કહેતાં નથી ને-આજ મ્હને કહેશો તોયે મ્હારાથી નહિં રૂહેવાય ! માજીને શરીરે ઠીક નથી ને હું બધાંને ખોટું લગાડીને આવી છું. કાલે ત્હમે કહેશો તેમ કરીશ. "

" અરે, કાલે શું ? " જમનાંબા બોલ્યાં, " કાલે શું ? આજજ નથી જવાનું ! કાકી કહે છે તે શું હિસાબમાં નથી? આજ નથી જવું. એ રાંડને જે કરવું હોય તે કરે !-રાખે રસોઇયો !-કાંઇ મ્હારી છોકરી રંધવારી છે ? એના ભાગ્યમાં હશે તે કોઇથી ખોટું થવાનું નથી. સાંભળ્યું, કાકી કહે છે તેમ કરવાનું છે. "

" ત્હાંજે આપણે ક્હાવી દઈશું કે ત્હારે શરીરે ઠીક નથી, સમજીને જીબા, " મોંઘીએ કહ્યું; " એમ શું પોચી થઈ જાય છે: એ તો સાસરિયાં ને તો,-નબળાં દેખે તો વધારે પીસે !-સ્હામાં થયેજ પાંશરાં રૂહે. "

" જુવો વળી, મ્હોટી બ્હેન, ત્હમેયે એ બધાંના ભેગાં ભળ્યાં કે ? ગમે તેમ કરો, આજ તો મ્હારાથી નહિં રૂહે-વાય. " જીબા આંખમાંનાં આંસુ લ્હોતી બોલી.

" ઓહોહો ! રોયાં એટલે બ્હી જઈશું ? " નવી કાકીએ ગર્જના કરી: " એમ રડયાં રોજે શેણે આવતાં હશે ? ત્હારે રોવું હોય તેટલું રોને; પણ આ ઘર વગર છૂટકો નથી. ને કાંઈ છડાં નથી કે કોઈનોયે ખપ નહિં પડે ! સરસુવાવડ, પિયરિયાંને કહીયે કે કરો ત્હમે; ને જરા હરતાં ફરતાં-સાજાં થાઓ કે આ મ્હારો ભાયડો ને આ મ્હારું સાસરું ! એતો ઠીક છે કે છોકરાં અહિં રૂહે છે નહિંતો બધુંયે જણાત !-એંહ...ભાયડો ભાયડો શું કરી રહ્યાં છો ? આ...ભાયડો તો-ત્હમારો વાળ વાંકો થયો કે તરત-બીજી પયણીને બેસશે ને જશો ત્હમારા જીવનાં-છોકરાંનાં-ને પિયરિયાંનાં !—આમ જીવ કૂહાડી નાંખીને કામ કરો છો ને માંદાં પડશો તો ત્હમારાં સાસરિયાંમાંથી કોઈ દવા કરવા આવવાનું નથી ! તે વખત તો મા ને બ્હેન ને કાકી, બધાંયે સાંભરશે !-ભાયડોયે રાખવાનો નથી ! "

" ના. ના. આજ નથી જવાનું, સમજીને જીબા; " જમનાંબાએ હુકમ ફરમાવ્યો " એટલી બધી તું એમની શી ઓશિયાળી છું જે !-નવી ભાભી, એમને જે કરવું હોય તે કરે હું તો એમને ત્યાંથી કોઈ બોલાવવા આવશે તો ક્હેવાની કે ' ડોશીથી ન બનતું હોય તો રાખે રાંધનારો !-મ્હારી દીકરી કાંઈ મ્હેં રંધવારું કૂટવાને પયણાવી નથી. ને એના

વરનેયે જે કરવું હોય તે કરી લે!-હા...બહુ થશે તો મ્હારી દીકરીને નહિં તેડે એજ કે બીજું કાંઇ? ન તેડે તો ધર્યો રૂહે! મ્હારી છોકરીને રાંડી પાળું ને માંડી પાળું એટલું હજી મ્હારામાં સામરથ છે! કેમ ખોટું કહું છું, નવી ભાભી?"

પોતાની માના અસાધારણ દાબમાંજ ઉછરેલી જીબાની આંખમાંથી આંસુ ચોધાર ચાલ્યાં જતાં હતાં; કાકીના બોલ અંતરમાં ઊંડા ઊંડા ભોંકાયા કરતા હતા; તે કાંઈ જવાબજ દેઇ શકી નહિં. સાસુ માંદી હતી, ઘરમાં કોઇ માણસ ન્હોતું, સસરા પરગામ ગયેલા હતા, પતિને ખોટું લગાડીને ફક્ત એકાદ કલાક માટે પિયર આવી હતી, ને ત્યાંજ રોકાઇ ગઇ! એ ત્હેના લાગણીવાળા અંતઃકરણને ઘણુંજ લાગી આવતું હતું; પણ ઉપાય ન્હોતો, કારણ અવન્તિરામના ઘરમાં ત્હેમની સ્ત્રીનો સઘળાં ઉપર ઘણો ભારે, એકસરખો દાબ હતો.

૨. અવન્તિરામને ઘેર: (ચિત્રની બીજી બાજુ.)

"કાકી, આજ તો અહિંજ વાળુ કરી લેજો;"–મોંઘીના આગ્રહ ઉપરથી નવી ભાભીને જમનાંબાએ આજેરાતે પોતાને ઘેર રોકી દીધાં હતાં. "બળ્યું, ભાભી,––બઇસાબ, ત્હમારે ઘેર આવીએ શું?–ત્હમે તો ઝટ જવાજ ન દો;"–એમ કહેતાં, બબડતાં પણ તે રોકાયાં હતાં: જમનાંબા અને નવી ભાભી પાલખા ઉપર હીંચકા ખાતાં બેઠાં હતાં; અને મોંઘી જીબાની ન્હાની છોકરીને ખોળામાં થાપડતી પાસે શેતરંજી ઉપર બેઠી બેઠી, ત્હેમની સાથે વાતોના ગપગોળા ગબડાવતી હતી. એટલામાં કમળા અને જીબા આવીને ત્હેની પાસે બેઠાં. જીબા તો વાળુ કરવાનીજ ન્હોતી પણ માનો

અને કાકીનો હુકમ ત્હેને પાળવો પડ્યો હતો: એ અને કમળા સાથે જમી ઉઠયાં ને દસ્તુર મુજબ પાલખા આગળ ભરાતી કચેરીમાં-મને, કમને,-પણ આવીને હાજર થયાં. હમ્મેશના રિવાજ પ્રમાણે કમળાએ પાનની બીડીઓ કરવા માંડી.

" કમળા ભાભી, " મોંઘીએ પૂછ્યું, " અલ્યાં, સરસ્વતીએ ત્હમારી બ્હેનની વીંટી ચોરી'તીને શું ? ત્હમે તો વાતે ન્હોતી કરી ? કાકી, એતે કેમ ખમાય ? સાળું, ઘરનાં માણસે ચોર ! "

" કોની વીંટી ચોરી'તી ? " જીબા બોલી; " સરસ્વતી વીંટી ચોરે ! જાઓ જાઓ, મ્હોટી બ્હેન ! હું તો એવા ત્હમારા તડાકા માનવાનીજ નથી. "

" ત્યારે પૂછ્યને, આ રહ્યાં કમળા ભાભી, ત્હેમને ! " મોંઘીએ જવાબ દીધો: હું ખોટું કહીશ, પણ એતો નહિં કહેને. "

" હેં કમળા, મોંઘી કહે છે તે ખરૂ છે ? " જમનાંબાએ પૂછ્યું.

" ના. ના. ચોરે તો શું ? કાંઇ આડી અવળી પડી હશે, તે લલીના હાથમાં પાછી આવી. મ્હોટાં ભાભી શું ચોરે ? લોકોને તો કાંઇ ધંધોજ નથી: વીંટી ખોવાઇને પાછી જડી, તેટલામાં હજારો ગપ ઉરાડી ! "

" વાહરે, કમળા ભાભી ! " મોંઘી કપાળનાં તલ્લૈયાં અને આંખો ચ્હડાવી બોલી; " વાહરે, આજેતો મ્હનેય પણ ઉડાવવા માંડીને શું ? આ...ત્હમારી લલિતાએ આ વાત કરીને મ્હેં કાનોકાન સાંભળી. કહો હવે, કરો કબૂલ. સરસ્વતીની ઝાંપીમાંથી નીકળી ત્યાં સુધીની વાત આખી નાત જાણે છે: ત્હમારે છાનું રાખવું હોયતો ત્હમે જાણો ! બાકી

એ તો છેજ એવી મિની મુખી !–એના કરતાં તો ત્હમારી ન્હાની ભાભી ઘણી સારી: પણ હું જાણું છું તો–જે ત્હમને મ્હોટીનું વધારે લાગે છે ! ”

મ્હોટી બ્હેન, જે કૂહે છે તે ખાંડ ખાય છે ખાંડ ! ” જીબા સરસ્વતીનું ઉપરાણું લઇ બોલી ઉઠી: “ સરસ્વતીને શી ખોટ છે જે લલિતાની વીંટી લે ? એના રુપિયા એને નામે છે ત્હેનું વ્યાજ મહિને પચીસ–ત્રીસ રુપિયા જેટલું આવે છે ને ઘરેણાં ગાંઠાં તો ડોશીનાં બધાં એનેજ આપ્યાં છે ! એને શી કમી છે કે... ?–ભાભી, માઠું લગાડશો નહિં, પણ એના પિયરમાં રુપિયા છે એટલા બીજા કોઇને ત્યાં પૈસાયે નહિં હોય ! ને એના ભાઈ તો એને શીવાત જાણેછે ! ”

“ ગમે તેમ હોય, પણ વીંટી લીધાની વાત તો ખરીજ છે, ” નવી કાકીએ કહ્યું, “ એંહ...જીબા, ગમે તો એને એનો ભાઈ લખેશરી હશે પણ વીંટી તો એણેજ ચોરી ! પૈસો તો હોય પણ જીવ નાદાર હોય તે કયાં જાય ? મ્હેં તો ત્રણ ચાર જગોએથી એની એ વાત સાંભળી ! કમળા હવે કેમ બોલતી નથી ? ”

“ શું બોલે ? ” મોંઘી બોલી ઉઠી: “ ખરૂં હોય તે કાંઇ ખોટું પડાય એવું છે ? એંહ...એ સરસ્વતી ને, તો ડાહીડમરી થઇને ફરે એટલું એજ: બાકી એતો છે તે છે ! હું તો કી દૂહાડાની એને ઓળખું છું.

“ કોણ જાણે, બા, ત્યારે; ” જીબાએ કહ્યું, “ ભાભી કૂહે તે ખરૂં. બાકી સરસ્વતીના જેવી ભલી અને ડાહી તો આખી નાંતમાં કોઇકજ હશે ”

“ ન્હાની બ્હેન, હું તો ખરૂં કહું છું કે વીંટી ચોરાઇ કે ન ચોરાઈ તે વિષે હું તો કાંઇ જાણતી નથી; જે જાણ-

તાં હોય તે ખરૂં !-બાકી વીંટી ખોવાઇ'તીયે ખરીને જડીયે ખરી-તે તો હું કહું છુંજ ને. ”

એવામાં ઘડિયાળમાં કડંગકડંગ અગિયાર ટકોરા વાગ્યા.

“ ઓહો, અગિયાર થયા ? આપણે ત્યાં હમણાંની બહુ-વાર થાય છે, ” **મોંઘીએ** કહ્યું, “ કમળા ભાભી આવ્યાં ત્યારેજ આઠ સ્હાડા આઠ થયા હશે !-એટલે પછી વાર થાય જને. ”

“ હા. કમળા, તું હમણાં હમણાંમાં બહુ મોડી મોડી આવે છે. ” **નવી કાકી** બોલી ઉઠયાં, “ જો, બા, જરા વ્હેલાં આવતાં રહીએ; એમ પિયરઘેલાં થઇ જઇએને, તો વાજ આવીએ; એ તો બીજાંને શાવે ! ભાભીનાથી હવે નીબજતું નથી ને આ છોકરીઓતો ઘડીમાં હોય ને ઘડીમાં નહિં. માટે જરા વ્હેલાં આવતાં રહીએ. ”

“ કાકી, હું આવ્યા પછી સ્હાડા સાત થયા'તા, ” કમ-ળાએ જવાબ દીધો; “ હું તો છ સાત વાગતામાં અહિં આવીજ જાઉં છું. ત્યાં કામ હોય ત્યારે-વખતે વાર થાય, બાકી હું તો ત્યાં રૂહેતીજ નથી. ”

“ જો, જમનાંબા, મ્હને ભાભી જૂઠી પાડે છે ! આજ તો ત્હમે બધાંયે હતાં. કૂહો, બાઈ, ભાભી આવ્યાં ત્યારે કેટલા થયા'તા ? ” મોંઘીએ પૂછ્યું.

કોઈ બોલ્યું નહિં પણ **નવી** કાકી ત્હેની વ્હારે આવી પ્હોચ્યાં; “ વહુ, છ થાય કે સાત થાય કે આઠે થાય !-પણ આટલું કહીએ છીએ ત્હેમાં ચટકો શેનો લાગે છે ? હા. હા. આજ મોડાં આવ્યાં'તાં ! વળી ખરૂં કૂહેવું ત્હેમાં ખાર શાનો ?-એમ કાંઇ નણંદો ત્હમારા જહાંસા સાંખી રૂહેવાની નહિં, સમજ્યાંને. ” . . .

“ પણ નવી કાકી હું બોલી છું શું જે, ત્હમે આટલું ખોટું લગાડો છો ને આમ બોલો છો ? ” કમળા ગળગળી થઈ જઇ બોલી.

“ અલી, એમાં કાકીએ શું કહ્યું તે રોઇને ઓશિયાળાં કરે છે ? ” જમનાંબાએ જરા તપી જઇ કહ્યું, “ એમાં એમણે શું ખોટું કહ્યું ? આપણા મનમાં કે કોણ બોલે ?– નવી ભાભી, મ્હારે મન તો વહુ દીકરીમાં જરાયે ફેર છે ? હું જાણું જે વહુ તે શી વાત !–પણ આતો મ્હોમાં આંગળાં ઘાલીને બોલાવવાનું કરે છે !–આ...લ્યોને, ખરૂં પૂછો તો, મોંઘીએ શું ખોટું કહ્યું ?–દરરોજ બપોર થયા કે આ ચાલી પિયર ! નિત નિત પિયર જઇને કરવું છે શું ? કાંઇ ઘોડિયામાં રમતી તો નથીને કે ધાવણ ચુઇ જશે ! બોલતાં નથી ત્યાં સુધી ?–બપોરે જમીને જાય છે તે રાતે વાત ! એમ છે કે ઘરમાં સંભાળવું છે કે જોવું છે કે વીણવું ઝાટકવું છે ! બીજું કામ શું છે, ભાઇ ?–પાણી ભરવા કે વાસણ માંજવા તો બેસવાનું કોઇ ક્‌હેતાં નથી ? ન બોલ્યાં એટલે ફાવી ગયું ! એ તો આ ઘરમાં છો ત્હેમાં નણંદો અને કાકીજી, બધાંને સામા જવાબ અપાય છે: બીજે હોત તોજ ખબર પડત તો !

“ પણ, બા, હું શું બોલીછું, ભઈસાબ ? ” કમળાએ રોતાં રોતાં પૂછ્યું, “ ત્હમે ક્‌હો છો તેમ તો કરૂં છું; હવે તો મ્હારા નશીબનો વાંક. ”

“ અમે કહીએ છીએ તેમ કરનારી મ્હોટી જોઇ હોય નહિં તો ! કામ કરનારી, એ તો દીઠી ત્હને ! સાળું ભાગીરથીનું આખું પેટજ એવું ! ગમે તેટલું કરોને. ચાલ, ઠીક ત્યારે,–હવે કાલથી તું મ્હારી રજા વગર પિયર કેવી જાય છે,

તે તો જોઉં ! ન બોલ્યાં-ન બોલ્યાં એટલે વ્હડી ગઇ ? સ્હામા સવાલ જવાબ શા કરવ ! ”

વહુના ઉપર ઠપકાની-મ્હેણાંટૂણાંની ‘ પસ્તાલ ’ પાડવામાં નવી ભાજી અને મોંઘી પણ સામેલ થઇ ગયાં અને એમની એમ-એવીને એવી-વાતોમાં બાર પણ થયા !

જીબા તો ક્યારની ઉઠીને પોતાની પથારીમાં જઈ સૂઇ ગઇ હતી; ને હવે કુમળા પણ ત્યાંથી ઉઠીને ગઈ. પણ આ વાતોની લ્હેર તો લાંબા વખત સુધી ચાલ્યાંજ કરી !

૩. અવન્તિરામ સુધારકનું કુટુમ્બ:

સરકારી વકીલ અવન્તિરામ મેદિનીરામ શહેરમાં અને દેશમાં એકસરખી રીતે જાણીતા થયેલા વિદ્વાન્ અને સંસાર-સુધારક હતા. સંસારસુધારાના ફેલાવા માટે ઉત્પન્ન થયેલી અને જન્મ પામતી સર્વ સંસ્થાઓના તેઓ મુખ્ય સહાયક હતા, અને ઘણાંખરાં સાર્વજનિક કામોમાં આગળ પડતો ભાગ લેનાર ગૃહસ્થ તરીકે સરકારમાં તેઓ જાણીતા થયેલા હતા. ત્હેમની પ્રકૃતિ ઉગ્ર અને તામસી હતી; આથી પોતાના ઘર-માંહાંને તથા જેઓ કમનસીબથી ત્હેમના તાબામાં આવ્યા હોય તે સર્વ મનુષ્યોને તેઓ ત્રાસદાયક થઇ પડતા. પરન્તુ ત્હેમનું અન્તઃકરણ ઉદાર અને પરોપકારી હતું તેથી કોઇને ખરાબ કરવાની વૃત્તિ ત્હેમાં નજરે પડતી નહિં. પોતે સુધારા વાળા, એટલે સઘળા જૂના વિચારના લોકોને પોતે દુશ્મન ગણતા, અને વખતે લાગ આવ્યે ત્હેમને-પોતાનાથી વિરુદ્ધ અભિપ્રાયના થવા માટે-નશિયત આપવા પણ ચૂકતા નહિં. દોષ તો ત્હેમનામાં ઘણાય હતા-દુર્ગુણ બહુ ન્હોતા-સદ્‌ગુણનું અસ્તિત્વ ત્હેમને મ્હોંએ સ્વીકાર્યું વિના ચાલે તેમ નહતું,

પરન્તુ તે વિષય ઉપર કોઇ સંતોષકારક ખાત્રી આપી શકે તેમ હિમ્મત ધરતું નહિં: એ બધુંય હતું. પણ એક ગુણ એવો હતો કે જેને લીધે તે સરકારમાં સન્માન પામતા, પોતાના પક્ષમાં પૂજાતા, અને લોકોમાં વંદનીય ગણાતા; આ ગુણ એ એમનો દૃઢ-આગ્રહી સ્વભાવ હતો. સંસારસુધારકોમાં ભળ્યા એટલે ભળ્યાજ! એમને માટે કોઇ વચલો રસ્તો હતોજ નહિં. અને ખરેખર સંસારસુધારકોને એ ન હોત તો મ્હોટી ખોટ પડ્યા વિના રૂહેત નહિં. આગ્રહથી દરેક કામ માથે લેતા; અને હાથ નીચેનાં માણસોનું ગમે તે થાય-આખી દુનિયાંનું પણ ગમે તે થાય, પણ આગ્રહથી તેઓ તે કામ પૂરૂં કરતા.

અવન્તિરામે પોતાના ઘરમાં પોતાની સર્વ સુધારાની લાગણીઓ, વૃત્તિઓ દાખલ કરી દીધી હતી. ત્હેમનાં પત્ની જમનાંબા ત્હેમાં ભળે ત્હેવાં ન્હોતાં; છતાં પણ અવન્તિરામે નિશ્ચયપૂર્વક ત્હેમને મંદિર દર્શન કરવા જતાં બંધ કરી દીધાં, ઠાકોરજીને કબાટમાં પધરાવી દીધા, બૂટ સ્ટૉકિંગ પ્હેરીને મિટીંગો ને મિજલસોમાં જતાં કર્યાં; જ્યાં ત્યાં એમને નામે સારી સારી રકમો ભરી ત્હેમનું નામ બ્હાર પાડી દીધું અને પોતે જેમ બ્હાર બોલતા તેમ ઘરમાં પોતાનાં પત્ની પણ કરે તેટલા માટે દરરોજ ભાષણો કરી કરીને ત્હેમના મન ઉપર ત્હેમણે,-પોતાના માન્યા પ્રમાણે,-સજ્જડ અસર કરી દીધી હતી. જો કે આ અસર અવન્તિરામને તો સંતોષકારક થઇ શકે તેટલી ન્હોતી, પરન્તુ સામ, દામ, ભય અને ભેદ-આ ચારે યુક્તિઓની ત્હેમણે અજમાયશ કરી ચૂકેલી હોવાથી-પરિણામ એ આવ્યું, કે જમનાંબાની ગરમ અને તીખી પ્રકૃતિ પણ થોડે અંશે બદલાઇ: છોકરાં,-અનન્તરામ, મોંઘી અનન્ત-

રામ (અનુ) અને જીબા,-તથા ભાણેજ કીકો અને ત્હેમનાથી ન્હાનાં બધાં બાળકો ઉપર ઓછી વધારે અસર થઈ, અને એટલું તો થયુંજ કે બધાં સુધારાનો ડોળ કરતાં શીખ્યાં !

અવન્તિરામનું ધાર્યું ન થયું ત્હેનાં અમુક કારણ હતાં: ત્હેમનો ધંધો એવો હતો કે તેઓ ઘરસંસારની બાબતોમાં જોઇતું લક્ષ ભાગ્યેજ આપી શકતા; પત્નીને પ્રથમથી યોગ્ય પ્રકારની કેળવણી નહિં મળવાથી તથા તેને બિનકેળવાયલી, ખરાબ સ્વભાવની, જ્ઞાતિની બીજી સ્ત્રીઓનો વધારે સહવાસ રહેવાથી તે ત્હેવીને ત્હેવી રહી,-અન્તઃકરણ સુધર્યું નહિં અને જે સુધારાનો દેખાવ થયો તે ડોળ માત્રજ હતો; માતા જ્યાં સારી રીતે કેળવાયલી નહિં ત્યાં બાળકો ક્યાંથી સારાં હોય ? -ફેર ફક્ત જીબામાં પડ્યો અને ત્હેનું કારણ પણ એજ હતું કે ન્હાનપણથી તે પિતાના પડખામાં ઉછરવા પામી હતી. બાકી પત્ની અને પુત્રપુત્રીઓ,-સર્વ, **અવન્તિરામના** દાબથીજ સુધરેલા મંડળમાં ભળેલાં જણાતાં;-ત્હેમનાં મનક્ષેત્રમાં સુધારાનાં બીજ પણ રોપાયલાં ન્હોતાં. “ સુધારાનો અર્થ સર્વ પ્રકારની છૂટ; સુધારક હોવાથી સંધ્યાપૂજા કરવી પડતી નથી,-ખાવા પીવામાં છોછ રાખવાની જરૂર નથી,-મરજી પડે તે પ્હેરવું, દિલ ચ્હાય ત્યાં જવું આવવું-મનની મોજ પડે તેમ કરવું ”—એ એક **શાસ્ત્રી** મહારાજે પોતાના ભાષણ-વ્યાખ્યાનમાં ‘સુધારા’નો ચાલુ અર્થ સૂચવ્યો હતો ત્હેના એક દૃષ્ટાંત રૂપે **અવન્તિરામનું** કુટુમ્બ નજરે પડતું હતું.

હમણાં હમણાંમાં **અવન્તિરામ** પોતાનાં પત્નીને પોતાના મત પ્રમાણેજ ચાલનારાં માનતા થયા હતા, જેથી ગૃહરાજ્યની વ્યવસ્થામાં તેઓ ભાગ્યેજ વચ્ચે પડતા.

બધું કુટુમ્બ સ્હવારમાં ન્હા પીવાને એકઠું થયું હતું:

આડાં અવળાં ગપ્પાં ચાલતાં હતાં. એવામાં મનન્તરામ નીચે આવ્યો.

“ પિતાજી, મહાદેવીએ શ્રીમતીનેત્યાંના મેળાવડામાં આવવાનું કબૂલ કર્યું છે, એટલે હવે ઓર ગમ્મત પડશે. કેમ જમનાંબા, ખરૂં કની ? એમનું વ્યાખ્યાન લખી લેવું જોઇએ.”

“ હેં મનુ, કોણે કહ્યું ?” અવન્તિરામે પૂછ્યું, “ મહિલા સમાજમાંતો આવવાની એમણે ના કહી હતી. ”

“ હા પિતાજી, ” હેંણે જવાબ દીધો. “ એમણે નાજ કહી હતી; પણ મિસ. ઠાકુર, ઇન્દિરાબાઈ અને રસિકભાઇનાં બ્હેન તથા વહુ એમને મળવા ગયાં'તાં, ત્યાં મિસ. ઠાકુરના આગ્રહ ઉપરથી એમણે આવવાનું કબૂલ કર્યું. પિતાજી, એમનું ભાષણ આપણાથી નહિં સંભળાય; કારણ કે બેઠકો જૂદી જૂદી રાખવાની ગોઠવણ થઇ કહેવાય છે. ”

“ નહિં સંભળાય તો જોઇશું, કોઈ પાસે લખાવી લઇશું. ” અવન્તિરામે કહ્યું; “ ઠીક છેઃ તું નવીનબાબુને ત્યાં જઇ શું વ્યવસ્થા છે તે તપાસ કરી આવજે અને જરૂર હોય તો ત્હમે બધાં એમને મદદ કરવા પણ જજો, સમજ્યો.” મ્હા પી અવન્તિરામ અને મનન્તરામ ઉઠયા. મ્હાનાં વાસણ ખશેડયાં ને જરા વાર થઈ નહિં એટલામાં લલિતા ઘરમાં આવી અને સ્ત્રીવર્ગ બેઠો બેઠો પાનસોપારી ખાતો હતો ત્યાં જઇ બેઠી.

“ આવ, લલિતા, તું અત્યારમાં ક્યાંથી ભૂલી પડી ?” જમનાંબાએ પાસેની રકાબીમાંથી પાનસોપારી ત્હેને આપતાં પૂછ્યું, “ કેમ ત્હારી જી અને બધાં ખુશીમાં છે ને. ”

“ હા. જમનાંબા, ” લલિતાએ જવાબ દીધો. “ મ્હારી જી એ મ્હને ત્હમારી પાસે મોકલી છે. અમારાં ધનકોર માશીની બાણીના આજ ચાંલ્લા • કરવાના છે તેથી જો ત્હમે

કુમુને ત્યાં આવવાની રજા આપો તો સારૂ, એમ મ્હારી જી-એ કુહાવ્યું છે. ત્હમારેયે લલના જતાં ખરેખરી ખોટ પડી ગઈ છે, " તે બોલતે બોલતે ગળગળી થઇ ગઇ ને આંખ-માંનાં આંસુ લ્હોવા લાગી; " લલના જેવી તો છોકરી નહિં-જ થાય, પણ શું કરવું, ઈશ્વર આગળ કાંઇ ઉપાય છે ? ઠાકોરજી રાખે તેમ રૂહેવાનું છે-ધનકોર માશીનું કાંઇ લોકનું ઘર છે ? એટલે જીને એમણે બહુ આગ્રહ કર્યો ને એ પંડે ત્હમારી પાસે આવતાં'તાં. પણ જીએજ ના કહી, એમણે કુહાવ્યું છે કે, વારૂ, એ વાના પ્હેરી ઓઢીને નીકળવા જેવું તો ક્યાં છે ?-આ કાંઇ ખુશીના દ્હાડા છે ?-પણ જરા ત્યાં આવે તો માશીને સારૂં લાગે. કુમુથીયે ક્યાં ખવાય છે, કાલે એને ઢગલા તાવ આવ્યો'તો: પણ, વારૂ, જો એ કોળિયા મ્હોંયે લાગે તે ખાય. માટે ત્હમે કુહો તો હું વખત થાય તે ઘડીએ તેડવા મોકલું. "

" હું ક્યાં ના કહું છું બા, " જમનાંબાએ કહ્યું, " આ રહી ત્હમારી કમળા, એને આવવું હોય તો મ્હારા તરફની તો કોઇ દ્હાડો ના જ નથી, મ્હારે તો જેવી મોંઘી-જીબા ત્હેવી એ છે. "

" ત્યારે હું એને કહું આવવાનું ? " લલિતાએ પૂછ્યું. " કુહેને, બા, એને મોજ આવે તેમ કરે ને મન ફાવે ત્યાં જાય. આપણી તો કોઇ બાબતની ના જ નથી. કેમ નવી ભાભી, બોલતાં નથી ? "

" ખરૂં કુહો છો ભાભી, " ત્હેણે જવાબ દીધો, " લ-લિતા, બા, ત્હારી બ્હેન આવતી હોય તો ખુશીથી લઇ જા. અમારે તો કાંઇ વાંધો છેજ નહિ. "

" પણ એમ ત્હમે છૂટી પડતો જવાબ દો તે કેમ ફાવે ?

–એમ તે એ આવે પણ ખરી ? ત્હમે ક્હો કે જા, તો આવે. ” લલિતાએ આગ્રહપૂર્વક કહ્યું.

“ કમળા, ત્હારે જવું હોય તો જજે, ત્હારાં ધનકોર માશીને ઘેર ! ” ઘાંટો પાડીને જમનાંબા બોલ્યાંઃ “ લે થયું, હવે મ્હારો કાંઈ વાંક છે ? ”

લલિતા તો આમ એને નાટક કરતી જોઈ સ્તબ્ધજ થઈ ગઈ !

“ શું છે ? ” એટલામાં અવન્તિરામ ચોકમાં આવેલા, ત્હેમણે આમાંનું થોડું સાંભળેલું હોવાથી પૂછ્યું, “ આ બધું શું છે ? ” “ ઉભા ર્‌હો, હું આવીને કહું છું. ” જમનાંબા બ્હાર આવ્યાંઃ “ એ તો એમ છે કે આપણી લલનાને ઠેકાણે ધનકોર ડોશી પોતાની ભાણીનો વિવાહ કરે છે ને વહુની માએ લલિતાને મોકલી છે કે વહુને ત્યાં જમવા જવાની છૂટ કરો. રાંડને પૂછાવતાં શરમે ન આવી ? આવું બેશરમ થઈને પૂછાવે ત્હેને ક્હેવુંયે શું ? એટલે મ્હેં તો કહ્યું કે વહુને જવું હોય તો જાય–હું ક્યાં ના કહું છું !–પણ જવાની છે ક્યાં ? કૂટાવા દોને ! આપણું શું જાય છે ?–વહુનું લાગ્યું એ ભોગવી લેશે ?–આપણેયે માણસ ભાગ્યું છે કે લાકડું ? ” ત્હેણે ધીમેથી બધી વાત કહી.

“ પણ એમાં કમળાનો શો વાંક ? ” અવન્તિરામે ગંભીર સ્હેરે કહ્યું, “ લલિતાને ચોખ્ખું કહી દો કે નહિં આવે: ત્હેમાં ચોળાચોળ શી ? મ્હને એ પસંદ નથી, સમજ્યાં. એની માએ પૂછવા મોકલ્યું ત્હેમાં વહુને બિચારીને મ્હોંયે ના ક્હેવડાવીને મુશ્કેલીમાં શા માટે મૂકવી ? ”

પતિની આજ્ઞાની મ્હોંયે અવગણના કરતાં જમનાંબા ઘણા વખતથી ભૂલી ગયાં હતાં, તેથી મનને ગમે તેટલું

ન્હોતું ગમતું તોપણ કાંઈ બોલાયું નહિ અને લલિતાનો ચોખ્ખો જવાબ આપવો પડ્યો. પણ પછી કેટલાક વખત સુધી, તેના તે વિષય ઉપર કમળા અને ત્હેનાં પિયરિયાં વિ- રુદ્ધની ચર્ચા, ચાલુ ને ચાલુજ રહી !

૩. ભાગીરથી અને લલિતા :

સ્હવારના નવ વાગવા આવ્યા હતા, પણ હજી રસોડામાં અંધારૂં હતું, ભાગીરથી ન્હાવા બેઠાં હતાં, એવામાં લલિતા ઘેર આવી.

"શું થયું ?" ભાગીરથીએ પૂછ્યું, "ના કહીને ?"

"બીજું શું કહે; એ રાંડનું નામજ બાળ્યને." લલિ- લિતા ગુસ્સામાં ને ગુસ્સામાં બોલી ઉઠી. "જી, હું તો ત્હને સાફ કહુંછું કે આપણે તો એને ઓટલે પણ પગ મૂકવાનાં નથી. કમુનું સાસરૂં છે તો ભલે રહ્યું, ને જ્યારે એનું ઘર થશે ત્યારની વાત ત્યારે છે; બાકી હવે હું તોને, એ રાંડોના મ્હોં ઉપર થુંકવાનીયે નથી ! શો મિજાજ ને શી કચડાગી ને શો આટલો બધો છાક !–કોના ઉપર ?"

"લલી, કોણ કોણ હતું ?" ભાગીરથીએ કહ્યું. "એ બે રાંડો–માદીકરીજ હશે તો ! ન્હાની તો સારી છે."

"અરે, એ મા દીકરી અને ત્રીજી પાજી પેલી રાંડ શિ- કોતરી નવડી !" લલિતાએ જવાબ દીધો. "જી, કોઇ રાં- ડો જવાબજ દે નહિં ને; એ તો સારૂં થયું કે એટલામાં ક- મુનો સસરો આવ્યો: ત્યારે કહ્યું કે, ત્હમે જાણોજ છો સ્તો કે એનાથી શી રીતે આવી શકાય ?–પ્હેલાં તો કહે કે, હું શું જાણું બા ?– આ રહી ત્હારી બ્હેન, આવે તો લઇ જા ! રાંડને વાશ નાંખું એવી છે–એવી !" લલિતા પાટ ઉપર જ- ઇને બેઠી.

. . .

"જી, હજી રસોડામાં કેમ આમ છે? ધનકોર માશીને ત્યાં તો સ્હાંજે વખત થશે. કોઇ ન્હાયું નથી કે શુ?" ત્હેણે પૂછ્યું.

"કોણુ ન્હાય!–ઘરની પડી છે કોને? તું જરા બ્હાર ગઇ એટલે તરત ઘરમાં અંધારૂં!" ભાગીરથી ધીમે ધીમે–અચકાતાં અચકાતાં–જરા અકળાઇને બોલ્યાં: "નવ વાગ્યા ત્હોયે કોઇને નીચે દીઠું નહિં ત્યારે મેં'કુ મ્હારો રાંડનો છૂટકો થવાનો છે? હજી શેવા કરવાની છે–રસોઇ કરવાની છે ને હમણાં ભાઇને જવાનો વખત થશે. આજ તો અત્યાર સુધી પેલાં નીચેજ ઉતર્યાં નથી, ને ન્હાની તો ક્યારની છપાંચ ગણી ગઇ છે!"

"પણ જી, એમ કેમ ફાવે? ન્હાની તો છેજ એવી પ્હેલેથી, ને હવે તો એનો વાદ લઇને પેલી વાંઝણીયે એવું કરતાં શીખવા માંડી છે, હો." લલિતાએ કહ્યું: "જી, ત્હને શી વાત કહું; કાલ સ્હવારેને, તો હું પથારીમાંથી ઉઠું છું તો સામે એ રાંડ ઉભેલી! મેં'કુ કે મ્હારા તો આજ ભોગ લાગ્યા: આજ ખાવાનું મળવાનું નથી. જી, થયુંયે એમજ! જોને થોડીવારમાં માથું કૂટાયું, ને કાલ ન્હાનીની સાથે ઝગડો થયો તે તો જૂદો, ને પાછો મ્હારો કાકોજી વ્હડી ગયો તે્ય જૂદો! એ રાંડનાં નશેત પગલાં થયાં ત્યારથી મ્હારો તો–કોણ જાણે કેવી રીતે પણુ–કાળ થઇનેજ પાછળ પડી છે!–બળ્યું એનું નામ!–જી, તું રૂહેવા દે હુ નાહીને ખીચડી મૂકી દઉં છું; મ્હારું આખું શરીર કળે છે નહિં તો દાળ ભાત શાક ને રોટલી કરી નાંખવી ત્હેમાં તે કેટલીવાર? તું જોને હું આમ–સપાટા બંધ કરી નાંખું છુ!"

"ના બા, ના." ભાગીરથી બોલી ઉઠયાં, "ના બા, તું આવી તાવે તરફડતી ચૂલામાં પેસું ત્યારે 'પછી હું શું કરવા-

ની છું જો?-આતો, પાછલી રાત થાય છે ને! કે કોણ જાણે શું થાય છે કે મ્હોંડું બધું કડવું કડવું વખ જેવું થઇ જાય છે ને ઉઠાતુંજ નથી.!"

"હાય હાય, બા!—જી! તું રહેવા દે; મ્હારા સમ-મ્હારા જીવના સમ!" લલિતાએ કહ્યું: "તું રહેવા દે, જી! આમ ત્હારું શરીર રાતે સસડી તો જાય છે ને કોણ જાણે હજીયે તાવ હશે: એ તો તું આટલી જૂના જમાનાની છે તે ત્હારાથી થાય છે. બાકી અમે તો ઉઠીને ઉભાંયે ન થઇએ! તું રહેવા દે, જી, હું સેવા ને રસોઇ બધું-આમ જોત જોતામાં કરી નાંખું છું. તું જોને!"

માદીકરીના પરસ્પર આગ્રહના સંવાદનું ફળ એ આવ્યું કે ભાગીરથીએ દેવસેવા કરવી અને લલિતાએ ખીચડી મૂકી દેવી એમ ઠરાવ થયો. "પણ ભાઇને પાછી વખત થઇ જશે!" ભાગીરથી એ જરાતરા અનિશ્ચિત મનથી કહ્યું.

"એમનાં પદ્દમણી નવ વાગ્યા લગી પોઢી રહે ત્યારે વખતે વારે લાગે!" લલિતાએ ત્વરાથી શંકાનું સમાધાન કર્યું.

ઉપર તપાસ કરાવતાં જણાયું કે સરસ્વતીને સખ્ત તાવ આવેલો હતો. પ્રબોધચન્દ્ર પાસે બેશી રહેલો હતો અને ચન્દ્રકાન્ત પણ આજ મ્હોટાં ભાભીની સારવાર કરતો ઘેરજ રહ્યો હતો.

"આ શી સાહ્યબી!-હેં, અલ્યા નારણિયા! ચન્દુયે ઘરમાં છે?-જી તો આટલી હેરાન થાય છે ત્હેના ભણી જોતોયે નથી, ને આ જોને પૈસાવાળી ભાભીની આટલી ખુશામત! એનો પૈસો એને ઘેર ગંધાય!" લલિતા બોલી ઉઠી. "અરે, લલી! એ રાંડ આપણા ઘરમાંથી તો ચોરી ચોરીને પિયર ભરે છે ને શેનો પૈસો! એ તો બધુંયે જાણીયે છીએ:

બાપની પાસે હતું શું?—છેલ બટાઉ જેવા થઇને ફર્યા એટલે લોકો મોહી પડયા—બાકી દેવાના તો માથે દાટ વળી ગયા છે!" ભાગીરથીએ પુષ્ટિ આપી. "પણ આ ચન્દુડાને શું થયું છે? હેં લલી?—એ તો ઘરમાં આવ્યો કે 'ભાભી ક્યાં ગયાં?' ને 'ભાભીએ ખાધું?' ને 'ભાભીને શરીરે કેમ છે?'— એ વગર બીજું કાંઈ એને સૂઝતું નથી! એનાં બાયડી છોકરાંનીયે આટલી કાળજી નથી: તો પછી ત્હારું કે મ્હારું તો કહેવુંજ શું?"

કહે ન કહે, જી! પણ કાંઇ એ બેમાં વ્હેમ પડતી વાત છે ને છેજ! હોં!" લલિતાએ એક નવોજ ગોળો ગબડાવ્યો.

"હે!...એ ત્હેં કહ્યું એ તો મ્હારા મનમાંયે નહિં ને ચંતમાંયે નહિં! પણ એમ હોયે ખરૂં, હોં! એ રાંડ વાંઝણી ઓછી નથી તો! શો એનો લટકો! ને શો એનો મટકો! હા, લલી, એમજ હોં! ચન્દુને એણે રાંડે આંજ્યોજ છે, બીજું કાંઇ નહિં. નીકર આમ હોય?"

ગુલાબ ઘરમાં પ્રવેશ કરી આ બંને જણ વચ્ચે થતી વાતો સાંભળતી હતી તે અંદર આવી.

૪. ગૃહસંગ્રામ: (આવસોઇ!)

"વાહરે, ન્હાનાં ભાભી! આ શું?" લલિતા ગુલાબને જોતાંજ તડૂકી ઉઠી: "ત્હમે અત્યારના પ્હોરમાં રઝળવા જાઓ છો, તે ત્હમને જીની જંરાયે દયા આવે છે કે નહિં? પેલાં માંદાં થઇને સૂતાં ને ત્હમે ભટકારા મારવા બહાર ગયાં! —પછી ઘરમાં રસોઇનું શું થશે ત્હેનીયે ત્હમને ફકર છે?"

"અરે, ઘરતો દીસતું 'રહ્યું', પણ પોતાનો બાયડો શું

ખાશે એનીયે એને ક્યાં ફકર ચંતા છે તે ! ” દેરાસરમાંથી ડોશીએ લલિતાનો બોલ ઉપાડી લેતાં કહ્યું.

“ બિચારી જી માંદી માંદી ઉઠીને ન્હાઇને શેવા કરવા બેસે ને હું-મ્હારે શરીરે ગમે તેમ હોય તોપણ તે ન ગણ-ગારી-રાંધવા ન્હાઉં, પણ ત્હમે કોઇ દહાડો એમ કહ્યું કે ‘ લાવો લલી બ્હેન ત્હમારે શરીરે ઠીક નથી તે આજ તો હુંજ રાંધી નાંખીશ ? ’-અરે, એની તો આશાજ શી ? પણ ત્હમારી મરવાને બોય સુંધતી સાસુના હાથમાંથીજ કામ મુકાવો ત્હોયે ઘણું છે ને ! એને બિચારીને રાતે ઢગલા તાવ આવ્યો’તો, ત્હોયે એનાથી કાંઇ સૂઈ રૂહેવાયું ? બીજું કોઇ હોય તો પોતાના વરની તો કાંઈ કાળજી રાખે કે નહિં રાંધું તો ખાશે શું ?—આ.....ત્હમે તો ત્હમારે ભલ્લો ઓઢયો છે ! ”

“ એમ ભલ્લો બલ્લો કરશો નહિં, સમજ્યાં ને, લલી બ્હેન, ” ગુલાબનો મિજાજ માદીકરી ઉપર હાથથી ગયો ! “ હું કાંઈ ત્હમારી કે કોઇની ઓશિયાળી નથી જે ત્હમારાં બધાંના ઠુંસા ખાઇ રહું !-મ્હારા દાદા સો વરસના થાઓ-પણ એ નહિં હોય ને, ત્યારેયે હું કાંઇ ત્હમારા ઘરની લાલચ રાખતી નથી, સાંભળ્યું ને ! અત્યાર સુધીમાં મ્હેં કે છોકરાંએ ત્હમારા ઘરની રાતી પાઇ સરખી તો દીઠી નથી ને કામ હોય ત્યારે તો મ્હોટાં લખપતી !-જાણે કરી કરીને ઉંધાં ન વળી જતાં હોયની એમ પાછાં હુકમ કરવાનાં !—જાઓ, જાઓ, ત્હમારાંથી થાય તે કરી લેજો-હુંતો ત્હમારાથી કે કોઇથી બ્હીતી નથી. ન બોલ્યાં, ન બોલ્યાં ત્યાં સુધી! ઘરમાં ત્હમે શું એવું કરી કરીને ઉંધાં વળી જાઓ છો ? ત્હમારાને ત્હમારા કળેશ કંકાસમાં મ્હારી જાત અડધી તો થઇ

ગઈ પણ હજી જંપતાં નથી !—જરા મ્હારી બાને કામ હતું તે મેંકુ જઇ આવું, એટલામાં તો મા ને દીકરી બંનેયે પરિયાને પરિયા ઉકેલવા માંડયા ! જે જબરૂં થાય તે જીતે ! પેલ્લાં મોટાં થઇને સૂઇ રહ્યાં રહ્યાં પોતાના ધણી ને દિયર ઉપર હુકમ કરે છે ત્હેને તો કોઇથી અક્ષરે કહેવાતો નથી. હું રાંડ જેટલું બને તેટલું કરૂં છું ત્હોયે મ્હારા કરમમાં "તો જસને બદલે જૂતિઓજ ! " ગુલાબ મ્હોટા ધાંટા પાડીને રોવા માંડી: " મુંવાં મ્હારાં માબાપ ! જે મ્હારૂં આવાં નઠારાં માણુસો સાથે પાનુ પાડયું ! એ કરનારાં–હું તો કહું છું કે–મુવાં હોય ત્યાંથી મરજો ! "

" અલી ગુલાબ વહુ, આમ ફિતુર શાં કરે છે—આમ બાજંદાવેડા ? " ભાગીરથી ધાંટા કહાડતાં દેરાસરમાંથી બ્હાર નીકળ્યાં: " અલી, આ શું વળી ફાટી કે ?—ત્હારી તો વાત હવે બહુ વધી ગઈ ! "

" અરે, જી, તું જવાદેને એને, " લલિતાએ કહ્યું, " એને તો વ્હેતીજ મૂકીશ ત્યારે પાંસરી થશે: ભાયડાની, જેઠની, સસરાની કોઇની શરમજ નહિં ! રાંડનું આમ કેમ ખમાય ?"

" રાંડ હોય ત્હારી સગલીઓ તે, સમજી ને ! " ગુલાબે ગર્જના કરી: " લૂંટી લૂંટીને ઘર આખું ખાલી કરીને ભાઇઓને ભીખ મંગાવી–ને પાછી ' રાંડ–રાંડ ' કરે છે ? ' રાંડ ' તો–જેનું નશીબ ફૂટયું હોય તે !–બીજાંની. શેની અદેખાઈ કરે છે તે ! હા....,એતો હું ન બોલું ત્યાં સુધી, સમજ્યાં ને, નિકર ગણી ગણીને ન્હોડું એવી છું–એમ ત્હમારા માદીકરીથી ડરી જાઉં ત્યારે તો જીવવા પામુંજ શેની ? નાતમાં બધાંયે કહે છે, ' અલી ગુલાબ, ત્હારી સાસુને લલિતા તો સાત ઉતારમાંનાં ઉતાર છે ! ત્હને કેમ ફાવે છે ? '

સમજ્યાંને, ત્હમારાં પરાક્રમ તો બધાંયે જાણીએ છીએ, તે એમ ' રાંડ—રાંડ ' કરવાની નથી ! એ તો હુંજ આટલુંયે સાંભળી રહું છું ! "

" ઓ મ્હારી જીરે ! મ્હને કાંઇ કાંઈ થઇ જાય છે !" લલિતાએ માથું કૂટયું અને ડુસકાં ભરી રોતાં રોતાં બૂમ પાડીઃ " ઓ બાપા ! ઓ ભાઇ ! ઓ ચન્દુ ! કોઇ આવોરે ! આ રાંડ ચુડેલ મ્હારો જીવ લેશે !—ઓ જી ! મ્હને કાંઈ કાંઇ થઇ જાય છે ! "

ભાગીરથી ' શું થાય છે, લલી ?—ઓ મ્હારી બા, ત્હને શું થાય છે ?' બોલતાં અંગોળમાંથી અભડાઇ ત્હેને પોતાના ખોળામાં લઇ રોતી છાની રાખવાને પ્રયત્ન કરતાં, ગુલાબને ગાળો દેતાં, ચોકમાં આવીને બેઠાં. મણિધરપ્રસાદ ઘરમાં તહોતા; પણ પ્રબોધચન્દ્ર અને ચન્દ્રકાન્ત લલિતાની કારમી ચીસો સાંભળીને ' શું છે–શું છે ? ' કરતા નીચે ઉતરી આવ્યા. ત્હેમને જોઈ ગુલાબ ડુસકાં ખાતી ખાતી પરસાળમાં ગઈ. લલિતા આંખો મીંચીને પડી હતી. આ બે જણાને ઉતર્યા જોઇ ડોશી વધારે વધારે બૂમો પાડવા લાગ્યાંઃ " ઓ મ્હારી લલી ! ઓ....લલી ! ત્હને શું થાય છે, બા ? જરા આમ તો જો; જરા આંખ્યો તો ઉઘાડય: ઓ મ્હારી લલી ! ઓ....., લલી ! "

" શું છે, જી ? " પ્રબોધચન્દ્રે પૂછ્યું: " જી, લલીને શું થયું ?–તાણુ આવ્યું છે ?–ન્હાનાં ભાભી કેમ રુવે છે ? "

" લલીની બહુ કાળજી રાખો છો ખરાને પાછા; તે અત્યારે બ્હેનની ખબર પૂછતા હશો, " ભાગીરથી કચવાગીમાં બોલ્યાંઃ " હજી તો એના બાપ બાર વરસના બેઠા છે, પણ નહિં હોય ત્યારે ત્હમે બ્હેનોની શું કાળજી રાખવાના હતા !

–બ્હેનોને તો ‘ ભાઇ ! ભાઇ ! ’ કરતાં જીભ સૂકાય ને ભાઈની તો નજરમાંયે નહિં ! કોઇ દહાડો એમ પૂછ્યું છે કે ‘ લલી ! બા, ત્હારે શરીરે કેમ છે ? ’—કે ‘ ત્હારે કાંઇ જો ઇએ છીએ ! ’ ”

પોતાના ખરા અન્તઃકરણના સવાલનો આવો અણધાર્યો જવાબ મળતો જોઇ, પ્રબોધચન્દ્ર હીંચકા ઉપર જઇને બેઠો.

ચન્દ્રકાન્તથી ન રૂહેવાયું: “ જી, ભાઇસાહેબ, તું આમ આડો જવાબ શું કરવા દે છે ? ચાલો હવે દરરોજ પૂછીશું: ને પૈસા તો જેટલા આવે છે એટલા બધા ઘરમાંજ આપી દઇએ છીએ એટલે ‘ શું લાવવું છે ? ’ એ પૂછવાનું તો રૂહેતું નથી, પણ હવે કહે તો ખરી કે લલીને થયું છે શું ?-તાણ આવ્યું હોય તો સુંઘવાની શીશી લઇ આવું ! ”

લલિતાથીજ ફક્ત વ્હાલમાં ઉતરતો ચન્દ્રકાન્ત ભાગીરથીનો માનીતો, લાડકવાયો પુત્ર હતો. ત્હેને ગમે તેમ બોલવાની છૂટ હતી, તેથી આજ પણ ત્હેના જવાબથી વ્હેણ વળી ગયું; “ કોણ જાણે શું થયું છે તે તું જો તો ખરો ? ભોજાઇની પાસે તો બેઠાને બેઠા રૂહો છો ! ” ચન્દ્રકાન્તે આ જવાબની વક્રોક્તિ ઉપર લક્ષ ન રાખતાં લલિતાની નાડી જોઈ અને છાતી ઉપર ધબકારા માપવાનું યંત્ર મૂકી ખાત્રી કરી તે બોલ્યો: “ જી, કાંઇ દરદ તો જણાતું નથી, નબળાઇયે નથી ને કાંઈ બીજી વિક્રિયા પણ જોવામાં તો આવતી નથી. ”

“ એ તો ભોજાઈ માંદી હોય ! બ્હેનને શું થવાનું હતું તે ! ” ડોશીએ ફરીથી ટાણો માર્યો.

“ અરે, ત્હારું ભલું થાય, જી ! ” ચન્દ્રકાન્તે જવાબ દીધો: “ બાબીને ત્હેં આજ સ્હવારે જોયાં'તાં ? સાત ડિગ્રી તાવ હતો-સાત ! તમે બાયડીઓ શું જાણો ?—અરે, ત્હને

જેમ લાગે તેમ કહે, પણ લલીને શું થાય છે તે મ્હારાથી તો સમજાતું નથી-કહે તો ખરી કે આમ શાથી થઇ ગઇ?"

"આ...ત્હારી વહુનાં એ બધાં પરાક્રમ! એણે આજ તો લલીને બેસતમ ગાળો દીધી છે! રાતે બિચારીને ઢગલા તાવ આવ્યો'તો, પણ ત્હને કાંઇ નવરાશ છે કે કેટલી દિગરી થઇ ને કેટલી ન થઈ તે જુવે? સ્હવારમાં એવી એવીયે પણ એ બિચારી રાંધવા ન્હાતી'તી એટલામાં તો ત્હારી વહુ આવીસ્તો! કોઇએ શ્હડાવી હશે તે આવી કે તરત લલીને કહે કે તું બધું મ્હારું લઈ જાય છે ને ખાઇ જાય છે કરી ગાળો ભાંડવા મંડી!—લલી તો બિચારી એક અક્ષરે બોલી નથી. એટલામાં તો એને અકળામણ આવી ને તે ચોકમાંને ચોકમાં ચતાપાટ પડી! * * *"

વાત આગળ વધતી અટકાવવાને પ્રબોધચન્દ્ર ઉઠીને લલિતાની પાસે આવી, ત્હેને હલાવવા માંડીઃ "લલી, લલી બ્હેન! જરા આંખ્ય ઉઘાડય, બાઃ જો, જોઇએઃ આમ જો... લલી બ્હેન!" થોડીવારમાં લલિતા જાગૃત થઇ, બેઠી થઈ અને ત્હેણે પીવાનું પાણી માગ્યું, જે પ્રબોધચન્દ્રે તરત લાવીને ત્હેના હાથમાં મૂક્યું.

"ભાઇ, ત્હમે શું કરવા લાવ્યા?" લલિતા વિવેક બતાવતાં બોલીઃ "એતો જી કે ચન્દુ આણી આપત."

"પણ બ્હેન, એમાં શું થઇ ગયું?" પ્રબોધચન્દ્રે જવાબ દીધોઃ "એ તો જે હોય તે લાવે. કેમ બ્હેન, હવે ત્હને જરા ઠીક લાગે છે?"

"હા. ભાઇ!" લલિતાએ કહ્યું; હવે મ્હને સારું છે. તે વખત તો મ્હારો જીવજ ઠેકાણે નહોતો!"

"હું દવા આણી આપું તે પીજેને; એટલે લલી તું હ-

રતી ફરતી થઇ જઇશ. હું દવાખાનામાં જઇને લઇ આવું છું." ચન્દ્રકાન્તે ત્હેને ખુશી કરવાને કહ્યું.

લલિતાની આસનાવાસના કરી બંને ભાઇ પોતપોતાની મ્હેડીમાં ગયા: પણ ચન્દ્રકાન્તને તો આ બયાનની સઘળી તવારીખ જૂદાજ સ્વરૂપમાં પોતાનાં ધર્મપત્નીના શ્રીમુખથી સાંભળવી પડી, અને તે સાંભળી ત્હેમનું સાંત્વન કર્યા પછીજ ત્હેનાથી બહાર જવાયું !

પ્રકરણ ૬ ઠું: મહિલાસમાજ.

૧. વ્યાખ્યાન:

ડાકતર પ્રતાપચન્દ્રરાયના બંગલામાં આજ શહેરના ઘણાં મનુષ્યો એકઠાં થયાં હતાં: બંગલાને બે આગળપડતી શાખાઓ હતી અને ત્હેમની વચમાં એક ન્હાનો સરખો બાગ તથા ફુવારો હતો. અહિં સ્ત્રીઓનો મેળાવડો અને ગરબાની યોજના કરવામાં આવી હતી; અને પુરૂષવર્ગને માટે ઉપર જણાવેલી શાખાઓની મેડીઓમાં બેઠક તથા *ઉપાહાર આદિની વ્યવસ્થા થયેલી હતી: સ્ત્રીઓને પોત પોતાની રુચિને અનુકૂળ ઉપાહારની ગોઠવણ બંગલાની અંદરના મ્હોટા ખંડમાં હતી. આમ સ્ત્રીપુરુષોના વિભાગ સંસારસુધારકોને પસંદ

૧. મેવા મીઠાઇ ઇ૦ નું આનન્દભોજન.

પડયા ન્હોતા, પરન્તુ જૂના વિચારની સ્ત્રીઓ પણ આવવાનું કબૂલ કરે એ હેતુથી નિર્મળબાળા પોતાની યોજનામાં દૃઢ રહી હતી. વળી યોગિની મહાદેવીની પધરામણી ત્યાં થવાની છે, એ ખબરે ઘણાં મનુષ્યો–પુરુષો અને સ્ત્રીઓ–જેઓ ભાગ્યેજ આવવાનો વિચાર પણ કરત, તેઓ પણ–આવ્યાં હતાં. રંગબેરંગી–નવનવીન–પોશાક, સુવાસ ભર્યાં પુષ્પો, અત્તરો અને 'સેન્ટ' (સુગન્ધી પાણી) ની ચોતરફ ઉડી રહેલી બમક, અને બેઠકો દીવાઓ, વગેરેની ગોઠવણ, ખરેખર, ચિત્તને આનન્દમય કર્યા વિના રહેતાં ન્હોતાં. પારસી, યૂરોપિયન, ઇસ્લામી, દક્ષિણી અને ગૂજરાતી, સર્વ જાતિની રમણીઓની મનોહર સુન્દરતા જ્યાં ત્યાં નજર આગળ તરતી હતી.

મહાદેવી, એક બાજુના મધ્યસ્થાન ઉપર બેઠાં બેઠાં, સરસ્વતી, ઇન્દિરાબાઇ, સુશીલા અને કમળાની સાથે ધીમે ધીમે વાતો કરતાં હતાં: ઈન્દિરાબાઈ અને નિર્મળબાલા સર્વ મહિલાઓને સત્કાર આપવાના કાર્યભારમાં રોકાયલાં છતાં, વખતો વખત ઈન્દિરાબાઇ તો ત્યાંથી છટકી જઇ મહાદેવી પાસે આવી વાતોમાં ભાગ લેતાં. અંતે નિર્મળબાલાએ ત્યાં આવી વિનંતિ કરી કે "મૈયા, સઘળું મંડળ ત્હમારા શબ્દામૃતનું પાન કરવાને ઘણુંજ ઉત્સુક છે: આજ અમારે ત્યાં શરદુત્સવ (શરદ્ પુન્યમની રાતનો મેળાવડો) છે એટલે મુખ્ય કામ સાધારણ રીતે હમ્મેશાં તો ગરબા ગાઇ આનન્દ કરવાનું તથા ઉપાહારાદિ લઇ વિસર્જન થવાનું હોય છે. પરન્તુ આજ આપના આગમનથી ગૃહસ્થો અને સન્નારીઓની અસાધારણ મ્હોટી સંખ્યા હાજર થઈ છે: અને કેટલાંકે તો મ્હને મ્હોંયે મ્હડીને પણ આપને સર્વની તરફથી વિનવવા કહ્યું, માટે અમને નિરાશ ન કરશો."

"શ્રીમતીમૈયા, ત્હમારો હૃદયનો ભાવ અતિ ઉદાર

અને પ્રીતિભર છે એટલે ત્હમને મ્હારાથી ના કહેવાતી નથી. પણ શું બોલવું તે વિષે મ્હેં વિચાર કર્યો ન્હોતો તેથી ફક્ત બે શબ્દો બોલું તોપણ ત્હમારે તેથી સંતોષ માનવો પડશે."

"મૈયા, એટલો ઉપકાર પણ ઘણો છે." ત્હેણે જવાબ દીધો. થોડીવારમાં સર્વ શાન્ત થઇ ગયુ, કારણ યોગિની કાંઇક બોલવાનાં છે એમ બધાંને સૂચવવામાં આવ્યું હતું.

"મૈયાઓ!"–મહાદેવીએ પોતાનું વ્યાખ્યાન શરૂ કર્યું: "મૈયાઓ, આપણું જીવન ટૂંકું છે, ક્ષણભંગુર છે; અને તેથી કોઇપણ મનુષ્ય 'આવતી કાલ' ઉપર આધાર રાખી શકે તેમ નથી. તેથી જ્યારે મ્હને શ્રીમતીમૈયાએ કાંઇક બોલવાનું કહ્યું ત્યારે, વૃત્તિ ઓછી હોવા છતાં પણ, જેટલો સમય મળ્યો ત્હેનો સદુપયોગ કરવો એ હેતુથી ત્હેમના આગ્રહને માન આપી મ્હારા હૃદયના કંઇક તરંગ ત્હમારી સમક્ષ મૂકું છું: યોગ્ય લાગે તો સ્વીકારજો.

"મૈયાઓ! અમદાવાદમાં મ્હારું આવવું અને શ્રીમતી મૈયા તથા એકાદ બે બીજી સાધ્વીઓનો પરિચય મ્હને થવો, એ મ્હારું પણ મહાભાગ્ય હું સમજું છું. જે સમયે મ્હારાં ગુરુપત્ની ભગવતી ભક્તિમૈયાનો પરલોકવાસ થયા પછી ગુરુ મહારાજ ભગવાન શાન્તિદાસજીએ યાત્રા–પર્યટન ઉપર જવાની આજ્ઞા મ્હને આપી, તે વખતના ત્હેમના શબ્દોનું મ્હને હજી ત્હેવું ને ત્હેવું સ્મરણ છે: 'પુત્રી! તું હવે જૂદી સૃષ્ટિમાં જાય છે, ત્હેમના આન્તર્‌વિલાસ અને ત્હારા મનોવિહાર જૂદાં જૂદા છે: ત્યાં મનુષ્યોનું શ્રેય કરવું હશે તો ત્હેમના ભેગાં ભળ્યા વિના–ત્હેમની લાગણીઓ સમજ્યા વિના ત્હારાથી બની શકવાનું નથી. પુત્રી! યાદ રાખજે કે તું પ્રવૃત્તિપથ ઉપર ચ્હડે છે: ત્યાં કર્તવ્ય શોધ્યા શિવાય–તે પ્રમાણે વર્ત્યા શિવાય બેશી રહેવું એ પાપ છે! અત્યારે ત્હારા અન્તઃકરણમાં જે

જે વાસનાઓ રહી ગઇ છે તે ભોગવી લીધા વિના છૂટકો નથી. માટે જા ધર્મજીવન આચર અને અન્ય જીવનોમાં તે પ્રેર!'—મૈયાઓ, અહિં આવ્યા પછી મ્હને ઘણાક પ્રકારની સ્ત્રીઓની દુઃખાર્ત્ત સ્થિતિનું જ્ઞાન થયું છે; કેટલીક મૈયાઓના હૃદયસુગન્ધની લહરિઓએ મ્હારા અંતરમાં નિવાસ કર્યો છે; અને મ્હારી નજર સમક્ષ કર્ત્તવ્યની—ધર્મની એક જૂદીજ દૃષ્ટિ-મર્યાદા ખડી થઇ છે. મૈયાઓ, એ સર્વે ત્હમારો પ્રતાપ છે. હું એક અલ્પ નિર્બળ પ્રાણિ છું: મ્હારાથી કાંઈ બની શકે તેમ નથી; તોપણ જે કાંઇ બની શકશે તે સર્વ—ભગવતી, કલ્યાણી જગદંબાની કૃપાથી—ત્હમારી સેવામાં હાજર છે!

"મૈયાઓ! આપણી સ્ત્રીઓની ત્રણ પ્રકારની હાલત ત્હમે પણ જોતાંજ હશો;—કન્યા, પત્ની, અને વિધવા: તે દરેકના વિભાગ, અને ઉપવિભાગ છે—જેવા કે ભગિની, જનનિ, વગેરે,—પણ અત્યારે વિચાર કરવાને મ્હારા સૂચવેલા ત્રણજ બસ છે. ગૂજરાતમાં જોઉં છું તો ઘણીખરી જગોએ બાલ્યાવસ્થાની સાથેજ કન્યાપણું પણ અદૃશ્ય થાય છે અને કન્યા તે પત્નીજ બની રૂહે છે! વિધવાઓની સ્થિતિ બહુ દયાજનક છે; એ પોતેજ જ્યાં સહાય પાત્ર છે, કરુણાને યોગ્ય છે, ત્યાં તેઓ બીજાનું શું કરી શકે?—એટલે મુખ્ય આધાર—પુરૂષરત્નોના સંશોધનનો, યુવતીકુસુમોના વિકાસનો,—બંનેના યોગ્ય પોષણનો આધાર આ દેશની પત્નીઓના ઉપરજ છે. પરંતુ હું સાંભળું છું તે ખરું હોય તો પત્નીઓ—પત્ની થવાને યોગ્ય પણ પૂરી થઇ નથી હોતી તે—વયમાં બાલિકાજ હોય છે એવામાં જનનિ પણ થાય છે! હવે કહો, એમને પોતાના મહાન્ કર્ત્તવ્યનું જ્ઞાન કે ભાન ન હોય એમાં કાંઇ આશ્ચર્ય છે? મૈયાઓ! સાધ્વીપત્ની એ દેશના ઉત્કર્ષનું મુખ્ય સાધનછે, એટલું ખાસ કરીને ધ્યાનમાં રાખજો: અને મ્હારા મનોમન્દિરમાં

ત્હેનેજ જગજ્જનનિ સ્વરૂપ હું જોઉં છું. હવે, આપણી મૈયાઓ મધુર, સહનશીલ અને નમ્ર થાય; પવિત્ર અને પતિવ્રતા થાય; અને પોતાનાં હૃદયમાં સતીત્વ અને ભક્તિ ધારણ કરે; તથા સમભાવ અને આત્મસંયમથી પોતાના આચારવિચાર તથા મનોવિકારને વશ કરતાં શીખે; તો પછી બાળકો પ્રતાપભર્યાં અને આત્મબળવાળાં થાય એમાં કાંઇ સંશય છે? ભવિષ્યની પ્રજાઓમાં હૃદયનું તેજ રેડનારી, દિવ્યતા સીંચનારી, અને કુટુમ્બોનાં ગૃહ-દેવાલયોમાં શાન્તિ, શ્રદ્ધા, નીતિ અને ધર્મનો સુવાસ રેલાવનારી, પત્ની જ છે અને તેથીજ ત્હેને હું ત્યાંની અધિષ્ઠાતા ગણું છું:--મધુરતામાં, મન્દોદરી --જેણે અત્યંત હૃદયકષ્ટ ભોગવ્યા છતાં, પોતાના પતિનો અનાચાર પણ માફ કરી, ત્હેવીને ત્હેવીજ જે મધુર રહી શકી --ત્હેને અનુસરવાને પ્રયત્ન કરે;--દમયન્તી જેણે ઘણુંજ શારીરિક દુઃખ સહન કર્યાં છતાં જે એકસરખી ક્ષમાશીલ-સહનશીલ રહી પોતાનો ત્યાગ કરી ન્હાશી ગયેલા પતિ તરફજ લક્ષ રાખી રહી શકી ત્હેની પાસેથી સહનશીલતા શીખવાનો પ્રયાસ કરે;--ગાન્ધારીની નમ્રતા, અર્થાત્ ભારતના મહાન્ રાજ્યની મહારાણી છતાં, પતિને અંધ જોઇ, ત્હેના કરતાં પોતાની કોઇ પણ રીતે અધિકતા ન થાય માટે ખરા અન્તઃકરણની નમ્રતાથી ત્હેણે આંખે પાટા બાંધ્યા હતા--ત્હેવા પ્રકારની નમ્રતા પોતાના ઉરમાં એકાત્વલિહારની પેઠે ધારણ કરી રાખે;--સીતાજીના જે પવિત્ર પ્રભાવથી રાવણ જેવો મહાબળવાન અસુર પણ ત્હેમના સતીત્વનું ઉલ્લંઘન ન કરી શકયો તે પવિત્રતા, અને સાવિત્રીના જે પતિવ્રતના ઉગ્રપ્રતાપ આગળથી યમ પણ ત્હેના પતિને લઇ શકયો નહિં, તે પતિવ્રતપણું-પોતાનાં જીવનમાં ઉતારે;--બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર જેવા દેવાધિદેવ પણ જેની સમીપ બાલક બની ગયા તે

અનુસૂયા દેવીનું સતીત્વ—અને ભગવાન શ્યામસુન્દર શ્રી કૃષ્ણચન્દ્રે પોતે આગળ આવી જેને પોતાનામાં સ્વીકારી લીધાં એ મીરાં ભગવતીની ભક્તિ—થી પોતાના આત્માને વિશુદ્ધ કરે;—અને કુન્તામૈયાનો સર્વના પ્રતિ એક સરખી પ્રીતિ ઝરતો સુન્દર સમભાવ—તથા ઉમાદેવીનો પ્રિયપતિ પ્રસન્ન કરવામાં પ્રફુલ્લ થયેલો દિવ્ય આત્મસંયમ, એથી પોતાના આચાર વિચાર અને મનોવિકાર શાન્ત—કાન્ત કરવા મન ઉપર લે:—આમાંનું થોડું પણ, સ્હેજપણ થાય—અને ધીમે ધીમે પણ આગ્રહ પૂર્વક પ્રયત્ન કરે તો તે અસાધ્ય નથી—તો આપણાં મનુષ્યજીવન કેટલાં સુખમય, રસમય, સંસ્કારમય અને આનન્દમય થાય ?

મૈયા ભગવતીઓ ! કન્યાઓએ ગૃહકુંજોનાં બાલકતરુ ઉછેરવામાં આસપાસ આનન્દભૂમિ પાથરી સહાય કરવાની છે; પત્નીઓએ ત્હેમને જ્ઞાનવાતાવરણમાં રાખી, ત્હેમનામાં સુનીતિજળ સીંચી ત્હેમની આન્તર્ પવિત્રતા, કોમળતા જાળવી, વિશાળતા વધારી. કર્તવ્યમાર્ગો ઉપર ત્હેમને રોપવાનાં છે; વિધવાઓએ ત્હેમનાં મૂળ બાળી નાંખતાં વિષ, ત્હેમનો ઉદય અટકાવતાં જન્તુ, આદિથી ત્હેમનું રક્ષણ કરી ત્હેમનો તેજની લહરિઓમાં વિકાસ કરાવવાનો છે. સર્વને કામ છે; કર્તવ્ય ખોળી ફ્હાડવું એ આપણી ફરજ છે : ધર્મમાર્ગે વહન કરી ત્હેને પ્રભુ સ્વરૂપમાં ભેળવવા પ્રયાસ કરવો એ જીવનનો હેતુ છે. ઓ મ્હારી મૈયાઓ ! આસપાસ દરિદ્રતાથી કષ્ટ પામતાં,—દુઃખાદિથી હેરાન થતાં,—વ્યાધિઓથી પીડાતાં મનુષ્યોથી જગત ઉભરાય છે : જગદંબાની કૃપાનાં ત્હમે પાત્ર છો—ત્હમને થોડું ઘણું પણ મળ્યું છે ! પણ શું તે ત્હમારી પોતાની લાલસાઓ તૃપ્ત કરવાનેજ માટે છે ? ઓ મૈયાઓ ! ત્હમારા પડોશમાં—આસપાસ—જૂવો તો ખરાં ?—એક મધુર સ્મિત ફ-

ઈક વિપત્તિ દૂર કરી શકશે-એક નિર્મળ દૃષ્ટિપાત કંઈક પીડાતાં હૃદયો શાન્ત કરી શકશે-એક મિઠો શબ્દ કંઈક જીર્ણ થતા આત્મામાં સજીવનતાનું અમૃત રેડી શકશે. જગતનાં ત્હમેંજ રાણી છો, ભગવતી છો, કલ્યાણી છોઃ ત્હમે ત્હમારો કાળ શા સારૂ મિથ્યા ક્લેશ કલહો અને વૃથા કુથલીઓમાં વ્યતીત કરો છો ? અવકાશનો સમય સાચવો; ક્ષણનો કાંઇ પણ સારૂં કર્યા વિના નાશ ન થવા દોઃ અને જૂવો કે ત્હમને પરિણામે કોઈ અનન્ય, સ્વર્ગીય સુખની પ્રાપ્તિજ થશે. ઓ વિધવા ભગવતીઓ ! ત્હમને તો દુઃખાગ્નિની ઝાળનો અનુભવ છે તો ત્હમને શા માટે ત્હમારા કરતાં વધારે દુઃખી મનુષ્યોની દયા આવતી નથી ? મૈયાઓ ! દુનિયામાં **પ્રેમ અને ધૈર્યઃ મ્હાવું અને સ્હેવું** ! એ મ્હોટામાં મ્હોટા મંત્ર છે, અને ત્હેના અનુકરણથી નિશ્ચય ત્હમે પરંપદ પામશો.

"મૈયાઓ! **आत्मवत् सर्व भूतेषु ।** (પોતાના જેવાંજ અન્ય સર્વને ગણવાં.)-એ ભગવાનનો મહાન્ બોધ છે. મૈયાભગવતીઓ! એજ પરમ ધર્મ છેઃ અને **यतो धर्मस्ततः कृष्णो यतो कृष्णस्ततो जयः ।** (જ્યાં ધર્મ છે ત્યાંજ પ્રભુ છે અને જ્યાં પ્રભુ છે ત્યાં શ્રેય છે.) એજ બતાવી આપે છે કે પરમાત્મા શ્રીમહાપ્રભુનું સ્થાન પણ ધર્મમાંજ છે. ધર્મ અને કર્તવ્ય જૂદાં નથી ! જેમ જેમ કર્તવ્ય કરવાને મહા પ્રયત્નો કરશો તેમ તેમજ ત્હમારા આત્માનો ઉદય થશે. સુન્દરમાં સુન્દર, મધુરમાં મધુર ગુલાબ પણ જેમ કાંટાવાળા ઝાડ ઉપરથીજ મળે છે તેમ, અદ્ભૂતમાં અદ્ભૂત અને પરમમાં પરમ સુખ પણ મહાપ્રયત્નોથીજ અને મહા વિપત્તિઓથીજ મળે છે. ભગવતીઓ ! એટલું સ્મરણમાંથી જવા ન દેશો કે મહાન્માં મહાન્ કાર્યોનાં બીજ ત્હમારાં ગૃહ

મન્દિરોમાંજ રોપાય છે; ન્હાનામાં ન્હાનાં ત્હમારાં કામ ઉપર દુનિયાંમાં મ્હોટાંમાં મ્હોટાં કાર્યોનો આધાર રૂહે છે ! જે કરો તે પ્રેમ, સમભાવ અને ઉદારશીલથી કરજો; ખરેખરો આત્મ-ત્યાગ–આપણે બીજાંથી કાંઇ વિશેષ છીએ અને ત્હેમનું ભલુ કરીએ છીએ–એવા અહંકારી ભાવમાં નથીજ! ખરેખરો આત્મ ત્યાગ–આપણેમાત્ર આપણું કર્તવ્ય કરીએ છીએ અને તે પ્રભુપદ સમક્ષ આપણા આત્મારૂપી પ્રીતિપાત્રમાં ધરી શકીએ છીએ એ ત્હેની કૃપા છે—એમ માનવામાંજ ઉદયમાન થાય છે. **चित्ते वाचि क्रियायांच साध्वीनामेकरुपता ।** ભગવતી-ઓ, મૈયાઓ ! ચિત્ત, વાણિ અને કર્મ ત્રણે એકજ પ્રકારનું વર્તન કરે ત્યારેજ ખરૂં સાધ્વીપણું પ્રાપ્ત થાય છે. અને તે વિષય ઉપર ભગવાન ભવભૂતિ જેવા મહાત્માનાં વચન પણ પોતાનો પ્રભાવ વિસ્તારે છે કે,

प्रियप्राया वृत्ति र्विनयमधुरो वाचि नियमः
प्रकृत्या कल्याणी मतिरनवगीतः परिचयः ।
पुरो वा पश्चाद्वा तदिदमाविपर्यासितरसम्
रहस्यं 'साध्वी' नामनुपधि विशुद्धं विजयते ॥ *

---

* 'સાધ્વી' જનોનું રહસ્ય સર્વથા વિજયથી વર્તે છે; તે કેવું છે માટે એમ વિજય પામે છે? ત્હેમનાં હૃદયની વૃત્તિ પ્રિય ગુણોથી છલોછલ ભરાયેલી હોય છે, ત્હેમની વાણિમાં નિયમ હોય છે તે વિનયથી મધુર હોય છે, ત્હેમની બુદ્ધિ સ્વભાવથીજ કલ્યાણી જીવોને માટે કલ્યાણકારક હોય છે, અને ત્હેમના પરિચયમાં નિન્દાપાત્ર પદાર્થનો લેશ હોતો નથી. જગતના રસ

" મૈયાઓ! આ સર્વ સદ્દ્ગુણપુષ્પોથી ત્હમારી આત્મકુંજો પ્રફુલ્લિત થાઓ, ત્હેમની સુગન્ધભરી મંજરીઓથી ત્હમારાં જીવન લચી પડતાં રહો, અને જગતમાં સર્વત્ર ત્હમે જગદંબા સ્વરૂપે વિસ્તરતાં રહી, 'કલ્યાણ' 'કલ્યાણ'ની અમૃત વૃષ્ટિમાં ત્હેને ઉદયમાન, પ્રભા ભર્યું કરો! બીજું દયા અને પ્રેમ-સ્વરૂપ પ્રભુ પાસે આપણે શું માગવું ?

૨. ગરબા:

અભિપ્રાયોનો ગમે તેટલો ફેર હશે, વૃત્તિવિલાસ ગમે તેટલા ભિન્ન હશે, પણ જૂના તેમજ નવા સર્વ પ્રકારના મત વાળા શ્રોતામંડળને આ વ્યાખ્યાનની ઉપયોગિતા, મનોહરતા કબૂલ કરવી પડી. સર્વ અન્તઃકરણોને યોગિનીએ પોતાના આત્માની સુગન્ધભરી ભભકમાં વિલીન કરી દીધાં.

અંતે ઉપાહારાદિ લીધા પછી, ગરબા ગાવાની શરૂઆત થઇ. નિર્મળબાળા અને ઇન્દિરાબાઇ સરસ્વતીને ગાવા ઉઠવાનો આગ્રહ કરવા આવ્યાં, પરન્તુ 'મ્હને શરીરે ઠીક નથી'

આગળ ઇષ્ટ હોય તો પાછળ બગડે છે, ને પાછળથી ઇષ્ટ થાય તો પ્રથમ દશામાં વાંધા ભરેલા હોય છે, પણ 'સાધ્વી'જનના નિર્દોષ સાત્વિક પ્રીતિકર રસ તો પ્રથમ કે પછી, આગળ કે પાછળ, સર્વદા સર્વથા વિપર્યય વિનાનાજ રહે છે. 'સાધ્વી'જનોનું નિષ્કપટ, નિર્દોષ, વિશુદ્ધ-રહસ્ય હોય છે તે આજ'! અને તેજ વિજયથી વર્તે છે.

—ઉત્તરરામચરિત (સરસ્વતીચન્દ્ર ભાગ. ૪. માંના ભાષાન્તર ઉપરથી.)

એ જવાબ શિવાય બીજું કાંઈ ત્હેની પાસેથી તેઓ મેળવી શક્યાં નહિં. તે ઉપરથી ઇન્દિરાબાઇએ મહાદેવીને વિનંતી કરી.

" માતાજી, સરસ્વતીને ત્હમે કાંઇ સમજાવો. ' ભારતી સ્ત્રીગીત ' કરીને, એક નવીન પ્રસિદ્ધ થયેલા સુન્દરી સુબોધ નામના સ્ત્રીઓ માટેના માસિકમાં, એક ગરબો છે તે આ પ્રસંગને તદ્દન અનુકૂળ છે. પારસી બાનુઓ–ત્હેમાં જરા કઠિન શબ્દો હોવાથી–તે ગાઇ શકે તેમ નથી : અને મ્હેં સાંભળ્યું છે કે સરસ્વતીએ એમની જ્ઞાતિમાં એક ઠેકાણે તે બહુ સારો ગાયો હતો. આપ આજ્ઞા કરશો તો માનશે. શ્રીમતી, ત્હમે કેમ કાંઇ ક્હેતાં નથી ? "

" એમને તાવ આવ્યો હતો અને અશક્તિ તો એમના મ્હોં ઉપરથીજ જણાય છે એટલે હું શું કહું ? બીજા કોઇને આવડે છે કે કેમ તે તપાસ કરોને. "

" ઇન્દિરાબાઇ, મ્હને શરીરે ઠીક હોત તો હું જરૂર આવત;–મ્હારે કાંઇ ખેંચતાણ જોઈએ છીએ ? આ મ્હારાં નણંદ, કુમુ બ્હેનને પણ સારો આવડે છે. "

" ઉઠો ત્યારે કમળા ત્હમે તો ચાલો ! " નિર્મળબાળા બોલી ઉઠી.

" હું તો આવવાનીજ છું. " ત્હેણે જવાબ દીધો: " પણ તે દહાડેયે મ્હેં તો મ્હોટાં ભાભીની સાથે ગાયો'તો. મ્હારી એકલીથી સારૂં નહિં ગવાય."

ઇન્દિરાબાઇ અને નિર્મળબાળા ખિન્ન ચ્હેરે વિચાર કરતાં ઉભાં રહ્યાં.

" સરસ્વતીમૈયા, " યોગિનીએ ત્હેને વાંસે અને માથે પોતાનો હાથ ફેરવીને કહ્યું : "સરસ્વતીમૈયા, જાઓ ઉઠો : ભગવતી ત્હમને શક્તિ આપશે; જાઓ મૈયા, આ સર્વ મૈયા-

ઓના આનન્દનો ભંગ થાય એ મ્હને ગમતું નથી. જાઓ મૈયા, જગદંબા ત્હમારું કલ્યાણ કરશે. ”

સરસ્વતી એકદમ ઉઠીને ઉભી થઈ: “ યોગિનીમૈયા, આ શું ?-જાણે મ્હારા શરીરમાં એકાએક જાગૃતિ આવી ગઈ ન હોય એમ મ્હને લાગે છે. મૈયા, આપનો આટલો બધો પ્રભાવ હું જાણતી ન્હોતી. ” તે પોતાનું માથું નમાવવા જતી હતી એટલામાં મહાદેવીએ ત્હેને રોકી.

“ અત્યારે તો જાઓ: સરસ્વતી મૈયા આપણે પછી વાતો કરીશું. ભગવતીની ત્હમારા ઉપર સંપૂર્ણ પ્રીતિ છે. કમળા મૈયા, જાઓ, ઉઠો ! નિર્દોષ આનન્દનું વહન કરાવવું એ પણ પુણ્યનું કામ છે. ”

સરસ્વતી અને કમળાએ ગરબો ગાવો શરૂ કર્યો અને દસ બંદર સન્નારીએ તે ઝીલવા માંડયો :

*ભારતી સ્ત્રીગીત.

ગરબે રમવા, સાહેલી ! સાંચરોરે લોલ,
ભારતી મન્દિર ચારુ ચોક પ્રીતિથી ફરોરે લોલ;
આવો બ્હેની ! ગીતરંગ રેલીએ રે લોલ.-ગરબે૦

૧.

(સાખી) શરદપુનમરજનિ ખીલી, અનિલ સુરભિ મલકાય,
ચન્દ્રામુખ નન્દન શીળી સ્મિતલહરિ લહકાય:—

(ગરબે રમવાને ગોરી નીસર્યાંરે લોલ. ૧)—એ રાગ.

*ભારતીસ્ત્રીગીત—ભારત (હિંદુસ્થાન) વાસી સર્વ જાતની સ્ત્રીઓની એકતા દર્શાવનારૂ ગીત. ચારુ—સુંદર. ૧. રજનિ—રાત્રી, અનિલ—પવન. સુરભિ—સુગંધી. ચન્દ્રામુખ—ચંદ્રના

રમે રમા, શારદા સોહામણીરે લોલ,
કુંકુમે જ્યાં સાથિયા પુરેલ, છે શોભા ઘણીરે લોલ;
આવો બ્હેનો ! આજ રાસ ખેલીએરે લોલ-ગરબ૦

૨.

(સાખી) મિઠાં ઝરણ ઝરી રહ્યાં, મધુરું મધુરું સુરગાન,
કોકિલ, બુલ્બુલ, રસભર્યાં દ્રવે અનુપમ તાનઃ—

દેશવાડી નવલ પલ્લવે ભરીરે લોલ,
કુંજ કુંજ ધારી પુષ્પપુંજ વૃક્ષવલ્લરીરે લોલ;
આવો બ્હેનો ! જનનિગાન ગાઇએરે લોલ.-ગરબ૦

૩.

(સાખી) ભાગીરથી, ગોદાવરી, બ્રહ્મપુત્ર શુભ તીર;
રમે સિન્ધુ, કાવેરી જ્યાં, રમ્ય નર્મદાનીરઃ—

ગુર્જરીને બંગસુન્દરી મળીરે લોલ,
કાશ્મીરી, દ્રાવીડી, મહારાષ્ટ્રી, રજપૂતાણીઓરે લોલ;
આવો બ્હેનો ! ઐક્યતાન વાઇએરે લોલ-ગરબ૦

મ્હોં ઉપર. નન્દન—આનન્દ ભરેલી. સ્મિતલહરિ—સ્મિત (ધીમુ હસવું તે) રૂપી લ્હેર. લહેકાય—રમે, પથરાય. રમા—લક્ષ્મી. ૨. સુરગાન–દૈવીગીત. દ્રવે—ઝરે, (પ્રવાહી કલ્પેલુ) તાન રેલે. નવલ—તાજાં, ખીલતાં. પલ્લવ—ફણગા. કુંજ–છોડ અને વેલનો માંડવો. પુષ્પપુંજ–ફૂલના ગુચ્છા. વૃક્ષવલ્લરી—ઝાડ અને વેલ. જનનિ—સ્વદેશરૂપી માતા. ૩. ગુર્જરી—ગુજરાતની સ્ત્રીઓ. બંગસુન્દરી—બંગાળી સ્ત્રીઓ. દ્રાવીડી—દ્રાવીડ દેશની (મદ્રાસ તરફની) સ્ત્રીઓ. મહારાષ્ટ્રી—દક્ષિણી

૪.

(સાખી) કુસુમિત લીલી લલિતા લતા-લલના તરૂ-પતિ સંગ,
ભારતવાડી દીપાવતી, વિવિધ વર્ણ, નવરંગઃ—

પારસી, ઇસ્લામી, આર્ય રમણિઓરે લોલ,
યુરોપી સન્નારીઓ, ઉલ્લાસરસવિલાસિનીરેલોલ;
આવો બ્હેનો ! હિન્દદેવી વંદીએરે લોલ—ગરબે૦

૫.

(સાખી)-હીમાલયશિરસમ ઊંચી, નિર્મલ એ મનઆશ,
'ભિન્ન જાતિ-રીતિ, તદપિ રૂહો એક ઉર અમવાસ':—

લાવો ! લાવો ! હૃદયપાત્રમાં ધરીરે લોલ,
મંગલ પ્રીતિઅર્ધ્ય, ભક્તિઆત્મસુવાસે ભરીરે લોલ;
આવો બ્હેનો ! માતૃભૂમિ પૂજીએરે લોલ.—ગરબે૦

સ્ત્રીઓ. ઐક્યતાન—એકતાનું, એકસંપ ભરેલું તાન. વાઇએ—વગાડીએ, પ્રસારીએ. ૪. કુસુમિત—પુષ્પોથી ભરેલી. લલિતા—સુન્દર. લતા-લલના—વેલરૂપી સ્ત્રી. તરૂ-પતિ—ઝાડરૂપી પતિ. ઇસ્લામી—મુસલમાન સ્ત્રીઓ. ઉલ્લાસ ૪૦—આનન્દના રસમાં વિલાસ કરનારી. ૫. શિર—શિખર. રૂહો ૪૦—એક જ હૃદયમાં અમારો વાસ થાઓ, અમારાં સર્વના હૃદય એક થાઓ. હૃદયપાત્ર—હૃદયરૂપી વાસણ. અર્ધ્ય—પૂજામાં દેવને અર્પણ કરવાની વસ્તુ. મંગલપ્રીતિઅર્ધ્ય—પ્રેમરૂપી માંગળિક અર્ધ્ય (પૂજાપો). ભક્તિઆત્મસુવાસ—આત્માના સુગંધ—સારરૂપી ભક્તિ.

'ભારતી શ્રીગીત' ગવાઇ રહ્યું, પણ સરસ્વતીને જરા પણ થાક કે શ્રમ જણાયો નહિં. એટલે થોડીવારમાં બધાંના આગ્રહથી—સરસ્વતી અને રત્નાવલી નામની એક મહિલા-સમાજની ઉત્સાહી સભાસદ-બાળાએ એક ગરબી ઉપાડી:

*આવો, આવોને, સાહેલી! આજ, આનન્દે રમીએ;
લાવો, લાવો બ્હેનો! પ્રીતિ સુખસાજ, ઉછરંગે ભમીએઃ—
રમીએ ને ભમીએ નન્દન વનઆ વાડી જ્યાં ગુર્જરી ખીલીરે;
વ્હે અમીઝરણાં સંગીતધરણાં, લચી રહી ફુલવનવેલીઃ-આનન્દે૦
પ્રીતિનીતિનાં, ગૃહકુંજોમાં, કોયલ બુલ્બુલ ગાયરે;
મિઠડા સુણીસુણી ટૂહુરવ, ઉરરવ ભરિયું વિલીન મન થાયઃ—
આનન્દે૦
ભક્તિવીણા કરધરીને કવિવરસંત કવે કલ્લોલ રે;
પ્રિયપતિના પ્રીતિભર સ્વર જ્યાં જીવન કરે રસલોલઃ—આનન્દે૦
ગગન ગજવતી, ગાનવિમાને, પતિવ્રતવેણુ વાય રે;
તે લલકારની લલનાહૃદયે પ્રણયશી મૂર્તિ સુહાયઃ—આનન્દે૦
પતિપત્નીનાં આત્મયુગલની ગુંથી રૂડી ફુલમાળ રે;
પ્રભુપદ ધરીએ, ગાતાં ફરીએ ગુર્જરીગુણ, સહુ બાળઃ—
આનન્દે૦

નિર્મળબાળા મહાદેવી પાસે જઇને બેઠી હતી; ત્હેને ગૂજરાતની રીત મુજબ ગરબા ગાતાં પ્રયત્ન કર્યા છતાં પણ હજી બરોબર આવડી શક્યું ન્હોતું. તે અને યોગિની વાતો

---

* ઝલબેલીરે અંબે માત, લેવાને જઇએ:—એ રાગ.

કરતાં હતાં: “ **માજી**, આ **રત્નાવલીને** ઓળખી ? એ અ-મારી **મહિલાસમાજમાં** ઉપતંત્રી છે.” ત્હેણે કહ્યું.

“એમ કે ?” **મહાદેવીએ** ઉત્સાહવિના જવાબ દીધો : “ત્હમારી સમાજ કાંઈ આન્તર્વર્તન સુધારી શકે તેમ છે, સદ્વર્તન આપી શકે તેમ છે ?—એતો ફાંફાંજ છે !” ત્હેણે નિઃશ્વાસ નાંખ્યો “આ **સરસ્વતી** જુવોને, એ ત્હમારી સ-માજમાં નથી છતાં ત્હમારાં બધાંથી ચ્હડિયાતી છે : આ ર-ત્નાવલી ત્હમારામાં છે છતાંય શું...?”

નિર્મળબાળા ચમકી ! “ **મૈયા**, ત્હમે એને ઓળખો છો ?”

“ના ના. મ્હેંતો એને જોઇજ આજ : ત્હમે કહ્યું ત્યારે મ્હેં એનું નામ જાણ્યું !”

“ત્યારે, **મૈયા**, ત્હમે શી રીતે જાણી લીધું કે એ કેવી છે ? ખરૂં પૂછો તો મ્હને એનો ખાનગી પરિચય તો નથી પણ મ્હેં કાંઈ એનામાં વાંધા પડતું તો જોયું નથી ! **મૈયા**, ત્હમે શી રીતે જાણ્યું ?—મ્હારો એક સંશય દૂર કરો, **મૈયા**; **સરસ્વતીને** ત્હમે એકાદ વાર જોયાં એટલામાં એમના ઉપર ત્હમારી આટલી બધી પ્રીતિ ક્યાંથી ?—આજ ત્હમે એમને ત્હમારી પાસેથી દૂર ખસવા દીધાંજ નથી ! બધાંને આશ્ચર્ય લાગ્યું છે !”

“ **શ્રીમતીમૈયા**, એ વિષે કોઇવાર મંદિરમાં પધારજો, ત્યાં અવકાશે વાર્તાવિનોદ કરીશું.—આ ગરબા બધા ખરા પણ **દયારામભાઈના** ગરબા-ગરબીઓને ન પ્હોચે !” યો-ગિનીએ વાતનો વિષય બદલતાં કહ્યું.

“ **મૈયા**, પણ કરવું શું ?” **નિર્મળબાળા** બોલી ઉઠી : “એમનામાં સ્થૂલ શૃંગાર અનીતિથી ભરપૂર લાગે છે અને

"તેથી નીતિમાન અન્તઃકરણોને કર્કશ–કઠોર થઈ પડે છે। મૈયા, તે દિવસ ત્હમે જે ગરબો કથામાં ઉપાડયો હતો તે એમની ઢબ ઉપરજ હતો, છતાં એમાં હાલના સુધારક મંડળનાજ બધા વિચાર તરતા હતા. એ આપે રચ્યો છે?"

"ના ના. પણ મ્હારી એક શિષ્યા છે અને તે હજી બાળક છે ત્હેના ભાઇએ એ બનાવેલો છે: એ મ્હારી પાસે વખતો વખત ગાતી અને એનો કંઠ ઘણોજ કોમળ અને મધુર હોવાથી, તે સાંભળવું પણ ઘણું સુન્દર લાગતું. ત્યાંથી એ મ્હારે મ્હોંયે થઈ ગયેલો તે મ્હેં ગાયો હતો."

"ત્યારે, માજી, એટલી કૃપા ફરીથી અમારા ઉપર અહિં ન કરો? આપ ગાશો ને આ બધાં ઝીલશે." "ભલે મ્હને એમાં કાંઇ વાંધો નથી; ત્હમે બધાં જેમ પ્રસન્ન થાઓ તેમ." ખોટું માન માગવાનું કે ખેંચતાણ કરાવવાનું મહાદેવી સમજતીજ ન્હોતી. ગરબી ગવાઇ રહી એટલે તરત નિર્મળબાળાએ યોગિનીને સર્વના દેખતાં ફરી વિનંતિ કરી: ત્હેણે ગાવાનું શરૂ કર્યું.

* જળ ભરવાને ચાલોરે, મિઠલડાં જળ ભરવા,
ખીલ્યું યૌવન મ્હાલોરે, મધૂરાં જળ ભરવા;
આજ અમુલખ લ્હાવોરે, મિઠલડાં જળ ભરવા,
ચાલો ! બ્હેનીઓ ! ચાલોરે, મધૂરાં જળ ભરવા;

તરશે તરફતાં મરે, બ્હેનો–ભાઇ, અનેક;
પાવું અમૃત ત્હેમને, એજ ધરો મન ટેક:

---

* શીખ સાસુજી દેછે રે વહુજી રહો ઢંગે:—એ રાગ.
(આ ગરબામાં દર ચાર લીટીને અંતરે સાખી આવે છે.

ધાન્ય લણવાને ચાલોરે, મિઠાં ધાન્યજ લણવા,
લીલાં ક્ષેત્રમાં મ્હાલોરે, ખીલ્યા ધાન્યના કણ જ્યાં;
લ્યોને અનુપમ લ્હાવોરે, મધુર યૌવન ભરમાં,
ચાલો ! સજનીઓ ! ચાલોરે, મિઠાં ધાન્યજ લણવા;

ભૂખ્યાં, ત્રાસ તપ્યાં દીસે મનુબાળક ચોપાસ;
પ્રભુની થાળ દઇ, કરો તૃપ્ત ત્હેમને, ખાસ.

ફુલ વીણવાને ચાલો રે, મધુર ફુલડાં વીણવા,
મીઠું યૌવન મ્હાલોરે, રુડેરાં ફુલ વીણવા;
આજ આનન્દ દ્હાડોરે, મધૂરાં ફુલ વીણવા,
ચાલો ! સાહેલી ! ચાલોરે, રુડાં ફુલડાં વીણવા;

દુઃખ, ક્લેશ, ચિન્તા ભર્યું જગ રડનું લાચાર;
કરો શાન્ત, આશા ભર્યાં પુષ્પ તણો ધરી હાર.

રસ સીંચવાને ચાલોરે, મિઠલડો રસ સીંચવા;
યૌવનવન મ્હાલોરે, અમર ફાલ્યાં ફૂળ જ્યાં,
ગાનઝરણ ઝરાવોરે, લતાકુંજે લચતાં;
ચાલો ! સજનીઓ ! ચાલોરે, મધૂરો રસ સીંચવા :

સૂકી, રસહીન બની રહી, હૃદયવાડી દેખાય;
વર્ષાવો અમિધાર, ત્યાં, પ્રફુલ્લ રમણીય થાય.

ગીત ઝીલવાને ચાલોરે, મિઠલડાં ગીત ઝીલવા;
આજ યૌવન મ્હાલોરે, પતિ પ્રભુનાં ગીતમાં,
રમી રાસ લ્યો લ્હાવોરે, પ્રીતિ ભક્તિ ઉરમાં;

ચાલો ! બ્હેનીઓ ! ચાલોરે, મધુરાં ગીત ઝીલવાઃ

નન્દન સુન્દર નન્દનો વાયે રસિલી વેણુ;
અંતર ઝીલી, અમૃત ભર્યાં રેલાવો પ્રભુ ફ્હેણ.

જળ ભરવાને ચાલો રે, મિઠલડાં જળ ભરવા,
લીલું યૌવન મ્હાલો રે, મધુરાં અમિ ભરવા.
હ્યોને આનન્દલ્હાવો રે, મિઠલડાં અમિ ભરવા,
ચાલો ! સાહેલી! ચાલો રે, મધુરાં જળ ભરવા.

આકાશમાંથી શરદ્ પુન્યમની શીતળ ચન્દ્રિકા વરસી રહી હતી; વાટિકાનો સુવાસ ભર્યો અનિલ નદી ઉપરથી મિઠ્ઠી મિઠ્ઠી લહરો લાવી ગાત્રને સુધાપાન કરાવતો હતો; અને ગાનઝરણુંના નન્દન સૂર, મનુષ્યઉરનાં ઊંડાં ઊંડાં આત્મવાજીંત્રોના નાદ સાથે ભળી જઇ, પૃથ્વી અને આકાશ બંનેને, સંગીતજ્યોતિનો એક દિવ્ય સ્તંભ ઉભો કરી, સંયુક્ત કરી નાંખતા, ઊંચાં ઊંચાં ઉડ્ડયનો પ્રસાર્યે જતા હતા.

પ્રકરણ ૭ મું :
દિવ્ય ચિત્રદર્શન–(પતિપત્નીનું જીવન.)

૧. નરક :

રાતના દશેક વાગ્યા હતા; એક ન્હાના સરખા ઘરની મેડીએ ફાનસમાં દીવો બળતો હતો. બારી આગળ એક ત્રીસેક વર્ષનો યુવાન આરામ ખુરશી ઉપર પડયો પડયો બીડીઓ ફૂંકયા કરતો હતો–

" સાલ્લું, આ કેમ ખમાય ? " તે બબડયો; " દસ વાગી ગયાને બાઈ સાહેબને હજી આવવાનીયે ફુરસદ મળી જણાતી નથી ! રાંડ કમજાત છે; કરવું સું ? આજ તો આવે ને કે તરત એની બરોબર ખબર જોઉં ! "

એવામાં મકાનનું નીચેનું બારણું ઉઘડયું અને થોડીવારમાં એક યુવતી મેડી પર ચ્હડી : " હજી ત્હમારી બીડીઓ ગઇ નહિં, શશિશંકર;–અરર ! ત્હમારૂં મ્હોં કેટલું બાસ મારે છે ? તાડી કે મહુડી !–બીજું કાંઇ મળતું નથી તે એવી ગંદી ચીજો લીધા કરો છો ? ત્હમને કેટલીવાર કહ્યું, ત્હમને બીલકૂલ શરમજ નથી !–હવે એવું કરતું હોય તો મ્હારા ઘરમાં નહિં આવતા. હું ત્હમને સાફ જણાવી દઉં છું. સમજ્યા ? "

" બેસ, બેસ; જણાવી દેનારી મ્હોટી જોઇ નહિં તો ! રત્નાવલી ! બસ, વધારે લવરી નહિં કર. " ત્હેણે કહ્યું–" આટલી મોડી કેમ આવેછ ? ખબર નથી કે ધણી થાકયો પાકયો ઘેર આવ્યો હોસે તે ખાસે સું ? સાલ્લું, ઘરની કંઇ બી કાળજી નહિં !–અત્યાર સુધી કરતીં'તી સું ? "

" કાંઇ બેશી ન્હોતી રૂહી ? " રત્નાવલીએ જવાબ દીધો. " નિશાળેથી આખો દિવસ મહેનત કરીને તો મરી રહ્યાં હઇએ ને પાછું પિયરનો બધો ઢસરડો તાણવો :- ને પછી કૂહે છે મોડી કેમ આવી ને શું કરતી'તી ? કાંઇ એમ છે કે કોઇ દૂહાડો વાર થાય તો હાથે કરી લઇએ ? "

" પણ અત્યાર સુધી પિયરમાં પડી રહે છ સું કરવા ? ના કહી દે : સાલ્લું, એ જગોનું કેમ સચવાય ? વળી પાછી મ્હને કૂહેછ કે હાથે કરી લો ! બહુ સારી સાહ્યબી ! કોઈ દૂહાડો મ્હારો મિજાજ જસે ને તો... ! રત્નાવલી, હું ત્હને સાફ જણાવું છકે ત્હારે હવેથી વ્હેલાં આવી જમવાનું કરી રાખવું. "

" પણ તે નહિં બને. પિયર શું કરવા રહીએ છીએ?- ત્હમે બિચારા કાંઈ જાણો છો ? પેટે છોકરાં તો ચાર પડયાં છે-રૂહેવાને ઘર નથી, ને ઘણું જીવો મ્હારા મામા કે વગર ભાડે રૂહેવા દે છે અને છોકરાંને રાખે છે; નહિંતો- પગાર તો ત્હમને પંદર રુપૈડીજ મળે છે ને મ્હારો તો બધો દેવામાં જાય છે ને છોકરીઓને તો હવે પરણાવ્યા વગર ચાલે ત્હેવુંજ નથી-મ્હોટી માઓ તો થઈ છે ! : તે પિયરિયાંને રાજી ન રાખીએ તો કેઈ ત્હમારી સગલીઓ કામ આવવાની હતી ? ત્હમે તો આવા વ્યસની રહ્યા ને રાત દૂહાડાનું ભાન નહિ ! પણ કાંઈ ખબર છે કે ઘરમાં કેમ થતું હશે ? વસ્તારીક છો -એ તો હું શિક્ષકની પરીક્ષામાં પાસ થાઉયે નહિં ને ત્હમને કાયમ નોકરી મળેયે નહીં : બાકી બધેયે ઠેકાણે ત્હમે તો તુમડાં ઉગાડયા વિના રહ્યા નથી : ઘરમાં આટલું હાથીનું ખરચ કેમ નભે છે તે કોઇ દૂહાડો પૂછ્યું ?-હવે વળી મ્હારાં પિયરિયાં સાથે બગાડો !-એટલે પછી થયું !-એમ ભાન છેકે ત્હમારી

સગલી-હમણાં કાંઈ સાંભળશો,-કોણુ કામ કરવા આવવાની હતી ! ”

“ રાંડ, વધારે ફાટી કે બોલતાં બોલતાં ! ” શશિશંકર પગમાંથી બૂટ છૂટું ફેંકે છે. રત્નાવલી ખશી જવાથી ભીંતે જઇને અથડાય છે. “ રાંડ બેસરમ, જો હવે વત્તું ઓછું બોલીને તો ત્હારો જાન કુહાડી નાંખીસ. તું સું સમજે છ ત્હારા દિલમાં ? ”

“ આવો તો ખરા જાન કુહાડવા ?-ત્હમે ત્હમારા બારમાં રૂહેજો-ત્હમને હાથ ઉપાડતાં કાંઇ શરમ નથી આવતી તો મ્હને શાની આવશે ? ” રત્નાવલીએ તિરસ્કાર કરતાં કહ્યું. “ બાયડી ઉપર હાથ ઉગામતાં કાંઇ શરમ આવે છે ?–નબળો માંટી બૈરીપર શૂરો ! તિદ્હાડે પેલીના...ઘરમાં પકડાયો’તો ને પડોશીઓએ હાડકાં ખોખરાં કર્યાં’તાં, ત્યારે એ બધો રોફ કયાં નાશી ગયો’તો ?–એ તો બોલાવશોજ નહિંને : કાંઇ બીજું વધારે સાંભળશો ! ”

“ રાંડ, આજ કેમ ફાટી છે ?—ત્હારૂં મોતજ આવ્યું છે ! ” શશિશંકર પોતાના પગનું બીજું બૂટ કુહાડીને ઉભો થયો : “ રાંડ ! ત્હારાં પરાક્રમ તો બધું ગામ જાણે છ !–હું નથી બોલતો ત્યાં લગી ?–આ જોયું છે બૂટ ? માથુંજ ભાંગી જસે-માથું ! આખો દ્હાડોને રાત ભટકારાજ કર્યા કરવા ને નામ દેવું નિશાળનું ને પિયરનું ? ” તે દાંત પીસતો પીસતો, મ્હોંમાંથી બીડી ફેંકી દઇ, પાસે આવી બૂટ ઉગામે છે.

“ પીટયા બાયલા, દારૂડિયા ! તું ત્હારા બારમાં રૂહેજે,

બે, મારી તો જો! હાથ અરાડેને તો તો ખબરજ પડે ખબર!—માર્યા માર્યા હેં! ત્હારા જેવા તો સેંકડો દીઠા છે! સમજ્યો કની!"

શશિશંકર ગુસ્સામાંને ગુસ્સામાં પોતાની પત્નીને બૂટ મારે છે એટલે રત્નાવલી ત્હેને સ્હામો ધક્કો મારે છે: બંને જણાં એકબીજાને મનમાં આવે ત્હેવી ગાળો દે છે.

"નીકળ મ્હારા ઘરમાંથી, રાંડ કભારજા!" "ત્હારા બાપનું કે હ્હાડાનું થઈ ગયું? રડયા હીચકારા! ચાલ, ચાલ, ખાલી કર મ્હારૂં ઘર!" વગેરે-વગેરે, ધ્વનિ પ્રતિધ્વનિ નીકળ્યા કરે છે. એવામાં શશિશંકરનો પગ લૂગડામાં ભરાવાથી તથા ઘેન ચ્હડવાથી તે જમીન ઉપર ગબડી પડે છે અને ત્હેને ઉલટી થઈ જાય છે. રત્નાવલી ત્હેની જરાપણ દરકાર ન કરતાં તરત નીચે ઉતરી, કબાટમાંની શીશીમાંથી 'તબિયત સુધારવાની દવાઈ' નો પ્યાલો પી લઈ—આગલે બારણે તાળું દઈ, પતિ ભૂખ્યો છે-કેફ ચ્હડવાથી ત્હેને ઉલટી થઈ છે,-ત્હેનું શું થશે, તે વિષે મગજને સ્હેજ પણ તસ્દી આપ્યા સિવાય બ્હાર ચાલી જાય છે!

*   *   *   *   *   *   *

ચન્દ્રકાન્ત ખાટમાં પડયો પડયો વાંચે છે; અરુણને ઉંઘતોને ઉંઘતો ખભા ઉપર નાંખીને ગુલાબ અંદર પવેશ કરે છે.

"મૂવાં, રડયાં માણસો! બધાંયે જોવાનાં!—કોઈ કામમાં આવવાનું નહિં. ત્હમારાથીયે કાંઈ ક્હેવાય નહિં? એટલા બધા માવડીમોહ્યા શું થઈ જાઓ છો? જરા બારીયે જઈને સાંભળો તો ખરા કે ત્હમારાં જી ને ત્હમારાં મોંઘાંને લાડવાયાં બ્હેન શું બોલે છે?—આંને તેડીને ઉપર મૂકી જ-

વાતું ચાકરને કહ્યું એટલામાં !...બાયડી છોકરાંની જરા તો દરકાર રાખો ? ”

ચન્દ્રકાન્ત વાંચ્યે ગયો : ત્હેણે જાણે ગુલાબને જોઇજ ન હોય, ત્હેનું કહ્યુ સાંભળ્યુંજ ન હોય, એવો ડોળ કર્યો.

“ હા. હા. ત્હમનેયે હું ઓળખું છું. જાઓ ન બોલશો ! –એ તો પેલાં ત્હમારાં ભણેલાં ગણેલાં, રૂપાળાં, ડાહ્યાંડમરાં ભોજાઈ હોયને તો હમણાં ગાંડાગાંડા થઈ જાઓ;—લાવો ભાભી, હું ત્હમારાં પગરખાં લ્હોઈ આપું, પગે કચરો લાગશે !–એમ ક્હેતાંયે શરમ ન આવે ! ”

“ ત્હમે બહુ બોલો છો હેં ! ” ચન્દ્રકાન્ત બોલ્યો : “ પછી મ્હારો વાંક ક્હાડશો. ”

“ ઓહોને, ભાભીનું નામ સાંભળીને જીભ નીકળી આવીને શું ? પૈસાવાળાંની બધાંને શેહે પડે ! પણ એનો પૈસો મ્હારે શા કામમાં આવવાનો છે.–હેં ! એવાં શાં મરવા સૂતાં છે કે, ભાયડો તો પાસેનોપાસે હોયજ પણ દિયરને પણ ખાટલા આગળથી ખસવા દેતાં નથી ? સાહ્યબીના મંદવાડ છે !—પોતે ખાટલામાં સૂતાં છે દિયર ઘડીયે ઘડીયે શરીરે હાથ મૂકી મૂકીને તપાશી જુવે છે કે તાવ કેટલો છે, ભાયડો ખુરશી ઉપર બેશીને મ્હોં સામુંને સામું ‘ શો હુકમ થશે ’ ત્હેની વાટ જોયાં કરે છે : એ તો બધું એમના જેવાંનેજ ફાવે !–ને એ માંદાં હતાં, ત્યારે ગરબા ગાવાનું ક્યાંથી પગમાં જોર આવ્યું ?–રાંડોના ઢોંગ જુવોને ઢોંગ ! એ તો ત્હમારા જેવાજ છેતરાય ! ”

“ હવે કાંઇ બીજી વાત કરવી છે ? ” ચન્દ્રકાન્તે ચ્હીડાઇને ચોપડી આઘી ખશેડી : “ ત્હમને બીજું કાંઈ વાત કરવાનુંજ સૂઝતું નથી ! ”.

" કેવો ચાટકો લાગ્યો છે ? " ગુલાબે હાથ લાંબો કરી મ્હોં મરડતાં કહ્યું : " એ તો ખરાને ખરૂં કહેનાર મળશેજ નહિં. અત્યારે એક અક્ષરે બોલાય છે ?–પેલાં ત્હમારાં લાડકવાયાં પાસે તો ' હાહા–ઠીઠી ' ને વાતોનો છેડોયે આવતો નથી !–હું દાદરામાં ઉભી ઉભી સાંભળતી'તી તો ! પણ જાણો છો ? લોકો તો વાતો કરે છે કે બાયડી છોકરાંની તો સામુંયે નથી જોતા ને ભોજાઇની પાછળ તો ગાંડા ગાંડા થઇ જાઓ છો તે કોણ જાણે શું હશે !

" કોણે કહ્યું ? " ચન્દ્રકાન્તે ગુસ્સે થઇને પૂછ્યું : " રાંડો નવરીઓને કાંઈ ધંધોજ નથી; બેઠાં બેઠાં કાંઇની કાંઈ કૂથલી કર્યા કરવી ! "

" હા, એમ ગાળબાળ દેશો નહિં. એ તો મ્હારી ફુલી કાકી કહેતી'તી ને ધનકોર માશીએ કહેતાં'તાં. અરે, ત્હમારાં મા બ્હેન પણ વાતો કરતાં'તાં. મ્હારે શું, બા. જેનું લાગ્યું જે ભોગવશે ! હા. ને હું તો દેખીશ એવું કહીશ તો ખરી ! કહીશ, કહીશને કહીશ ! કાંઇ હું કોઇની લૂંડી નથી, કે જોઉં ત્હોયે ન બોલું ! "

" પણ ત્હને શરમ નથી આવતી, આવું મ્હને કહેતાં ?" ચન્દ્રકાન્ત ઉભો થયો : " જો હવેથી એવું બોલીને તો જીભજ ખેંચી કહાડીશ "

ખેંચી કહાડો જોઇએ ! એમ આખો દહાડો વઢવઢ કર્યે કાંઇ હું મરી જવાની નથી–હું તો મ્હારાં માબાપને ઘણી મોંઘી ને લાડવાઇ છું, સમજ્યાને ? ભુંડી ભુંડી ત્હોયે ત્હમારી બાયડી તો હું કહેવાઇશ–એ નહિં, સમજ્યાને ? !"

ચન્દ્રકાન્ત ક્રોધના આવેશમાં ગુલાબને એક તમાચો લગાવી દે છે.: ગુલાબ મ્હોટો ઘાંટો પાડીને બાજંદાવેડા કરી

રોવા માંડે છે. " મુવો...! મ્હારો જીવ લેશે ત્યારેજ જંપશે: બધાંયે મ્હારાં દુશ્મન થઇને પાછળ લાગ્યાં છે ! "

ચન્દ્રકાન્ત કંટાળીને ઘરમાંથી જતો રહી, પોતાના દવાખાનામાં જઇને સૂઇ રહે છે.

૨. પૃથ્વી :

" કેમ અત્યાર સુધી શું કરતી'તી ? જાણુતી ન્હોતી કે મ્હારે માટે બીડીઓ વાળી મૂકવાનું મ્હેં કહ્યું'તું ? " મનન્તરામ ઝુલતી ખુરશી ઉપર આરામ લેતો, પત્ની ઉપર કપાળનાં તલ્લેયાં ચ્હડાવતો, બોલ્યો.

" ભૂલી ન્હોતી ગઈ, ભાઇસાહેબ, " કમળાએ નમ્ર સ્હેરે જવાબ દીધો : " પણ નીચેથી બધાંના ઉઠયા વિના મ્હારાથી શી રીતે ઉઠાય ?–આજ સ્હવારે મ્હેં પચીસ તો વાળી મૂકી'તી ! "

" ડેઇમ્ !... યુ બ્રૂટ ! " મનન્તરામે પગ પછાડયો : " બધાં જહાનમની ખાડમાં જાય !–ત્હને હું આજથી કહી મૂકું છું કે ત્હારે વખત થાય એટલે તરત ઉપર ચાલ્યાં આવવું.–પચીસ બીડીયે થાય ? અરે, હું તો સો સો–ને બસ્સો બસ્સો દ્હાડાની ભોર મૂકું છું ! તું શું જાણે !– ત્હારે ત્હારી મેળે સ્હવારે ને રાતે પચીસ પચીસ વાળી મૂકવી; સમજી ? – ને નીચે તો નજ બેસવું. "

" પણ એટલી બધી બીડીઓ, વ્હાલા, ત્હમને નુકશાન નહિં કરે ?–ચન્દુભાઇએ પણ કહ્યું છે કે બહુ પીશો તો છાતી બળી જશે ને આખરે પસ્તાવાનું થશે ; માટે જરા...... " કમળાએ ત્હેને પાનસોપારી આપતે આપતે કહ્યું.

" અરે, સાળા બધા દાક્તરો જૂઠા છે! આ પેલો રહે-માનજી દાક્તર રાત દહાડો મ્હોંમાંથી બીડો તો ક્હાડતો નથી ને આપણુને ક્હેશે 'ત્હમે પીશો નહિં'.-એ જાણે છે શું, એમના બાપનું કપાળ?—એ તો ઠીક, પણ ત્હેં પાનમાં તંબાકુ બરોબર નાંખી નથી, પાન બગાડયું!"

"લ્યોને ફરીથી કરી આપું;" કમળા ત્વરાથી બીજું પાન કરીને ત્હેને આપતાં બોલી: "નીચે બા ને બ્હેન બેઠાં હોય ને હું ઉપર આવીશ તો પાછું ક્હોપણ નહિં ક્હાડે?-ભાઇસાહેબ, ત્હમારે સાંભળવું પડતું હોય તો જાણો! એવા એવા બોલ બોલે છે કે પગથી તે માથા સુધી ઝાળ લાગે!"

"એમને બોલવું હોય તે ભલે બોલે; પણ મ્હારો હુકમ માનવો પડશે!"

થોડીવાર પતિપત્ની કાંઇ બોલ્યાં નહિં.

"કમળા, આજ બપોરે તું ને અનુ શુ કરતાં'તાં? એક બીજાની સાથે કાંઇ છાનીમાની વાતો તો કરતાં જણાતાં'તાં. શું હતું?"

"એતો એમ હતું કે બા કાંઈ બોલ્યાં હશે ને તેથી અનુભાઈના ઉપર પિતાજી ગુસ્સે થયા હશે તે કહેતા'તા: બીજું કાંઇ ન્હોતું. હું ત્હમને ક્હેવાનુંજ કરતી'તી."

"એતો જાણે ઠીક! પણ અનુ ને તું એક બીજાના સામું આખો દહાડો જોયાં કરો છો ને હસ્યાં કરો છો—એ રીત મ્હને પસંદ નથી. તું ત્હારા મનમાં સમજતી હઇશ કે કોઈ જાણતું નથી પણ આ ઘરમાં એવાં આચરણ ચલાવ્યાં ને તો ખબર પડશે! એ ત્હારું પિયર ન દીઠું કે લલિતા ને ગુલાબની પેઠે તુંયે ફાવે તેમ વર્તે છે. કાંઇ તો ત્હારી મ્હોટી ભાભીની અસર લે?-આગળ જતાં તુંયે પેલી રૂપાળી ને રત્નાવલીના જે-

વીજ થવાની છે, મ્હારી ખાત્રી છે તો ! ” તે દાંત પીશીને ગુસ્સાના આવેગમાં પગ પછાડી ઉભો થયો; “ યાદ રાખજે, રાંડ, જો એવાં લક્ષણ રાખ્યાંને તો ચાંમડીજ ઉતારી નાંખીશ ! ”

“ ભાઇસાહેબ, ગમે તો મ્હને મારી નાંખો, પણ એવાં ખોટાં ઓઠાં ન આપશો ! ને ‘ રાંડ–રાંડ ’ કહીને એવી નઠારી ગાળ ન દેશો. એનો અરથ શું થાય છે તે સમજો છો ? હું ત્હમને પગે પડીને–હાથ જોડીને–કાલાવાલા કરીને કહું છું કે મ્હને એવું ન કૂહેશો. –અને ત્હમારી મરજીમાં આવે તો માથું કાપી નાંખો : નહિં તો કૂહો તો હું આ બારીયેથી ભૂશકો મારીને મરી જાઉં પણ એવાં ખરાબ–એવી રાંડોનાં–ઓઠાં મ્હને ન આપશો. ” કમળાની આંખમાં આંસુ આવી ગયાં ને ધીમે ધીમે ગાલ ઉપર ટપકવા માંડયાં : “ અનુભાઇ મ્હારા ભાઇ જેવા છે ને–ત્હમારા સમ જો હું કાંઈ એમાંનું જાણતી હોઉં તો ! હું તો કાંઇયે એમના કે કોઈના સામું જોતી નથી–મ્હારા જીવના સમ, ત્હમારા સમ ! મ્હારે માથે એવું આળ ન મૂકશો. હું આટલું આટલું સાચવીને ચાલું છું ત્હોયે... ! ” તે રોઈ પડી.

“ સારૂં, ઠીક ત્યારે. એમ નહિં હોય ! ” મનન્તરામે જરા શાન્ત પડતાં કહ્યું : પણ એમાં રોઇને ઓશિયાળા શેના કરે છે ? લોહી નાંખ આંસુ !–મ્હેં તો જોયું તે કહ્યું. ચાલ હવે, એવી રીતે કોઇને શક પડે એમ વર્તવુંજ નહિં. આજ મ્હને એમ લાગ્યું ને કાલે બીજા કોઇને લાગે ! ”

“ પણ, વ્હાલા, ત્હમારા સમ !–ત્હમારાથી મ્હારે કોઈ વધારે છે ? ” કમળા આંસુ લ્હોતાં બોલી : “ ત્હમારા સમ, જો ત્હમે કૂહો છો તે તદ્દન ખોટું ન હોય તો. અશે, ત્હમને એમ લાગ્યું તો હવે વળી વધારે સાવચેતીથી ચાલીશ. જો

પાછી હું કોઇ જોડે ઘરમાં હસું કે બોલું નહિં તો ત્હમેજ પાછા મ્હારો વાંક ફ્હાડશો.–પણ ચાલોને, અત્યારે તો માફ કરો. ” મનન્તરામ પાસે જઇ તે ઉભી રહી.

“ જોે, એમ પાછાં ત્રાગાં કરવાનાં નથી !” ત્હેણે કહ્યું; “ બધાંની સાથે સરખી રીતે ચાલવું. જા, ત્યારે હવે ત્હને માફ કર્યું,–થયું ? ચાલ, હવે એક, ફક્કડ, મઝેદાર પાન બનાવી લાવ : જોજે કાથો ચૂનો કે તંબાકુ વધારે ઓછાં ન પડે હોં ! કાળજી રાખજે. ”

* * * * *

રસિકભાઈ આવીને મેડીનાં બારણાં ઠોકે છે : અંદરથી સાંકળ હોય છે. સુશીલા જવાબ દેતી નથી. કેટલીકવાર ઉભા રહી વાટ જોયા પછી બ્હારની અગાશીમાં પડેલી આરામ ખુરશી ઉપર જઇને બેસે છે. એમનો એમ અડધો કલ્લાક વહી જાય છે: રસિકભાઇ ઉંઘ આવવાને માટે પવનની ઠંડી લ્હેરોમાં આંખ મીંચી પડયો રહે છે.

“ નથી આવવું કે ? ” અગાશીની બારી ઉઘાડી ડુસકાં ખાતી સુશીલાનો અવાજ આવ્યો: ” નથી આવવું કે ?–હવે નવરાશ મળી ? સૂઈ ર્‌હેવું’તું ને માના ખોળામાં !–અત્યારે તો અહિં આવવું પડયું ને ! હવે બાયડીનો ખપ પડયો ? ” તે બેસતમ રોવા લાગી.

રસિકભાઇ ખુરશીમાંથી ઉઠયો અને પત્ની પાસે જઇને ત્હેને છાતી સરસી દાબી: “ વ્હાલી, વ્હાલી ! આ શું ?–આમ નકામી નકામી રૂવે છે તે ?–ત્હને તે મ્હારે ઠપકો દેવો કે શું ક્હેવું ? તું હમણાં હમણાંની બહુ બોલે છે હોં: પછી હું કાંઇ કહીશ તો ત્હને માઠું લાગશે ! ”

“ ક્હે મ્હને !–મ્હને શું કરવા ક્હો ?–ક્હોને પેલી ત્હ-

મારી સગલી ધોળીને, કે અત્યાર સુધી બેસાડી મૂકે છે ! એને ભાયડાની દરકાર નહિં એટલે ત્હમને બાયડીનીયે ફિકર શેની હોય ?—એ રાંડજ મ્હને જંપવાવારો આવવા દેવાની નથી: એ નહિં હોય ત્યારેજ મ્હારૂં ઘર મંડાશે !—જાઓ-ને, નીચેજ, એ બધાંની સાથેજ રૂહોની: અત્યારે, આટલા બધા મોડાએ અહિં તો આવવું પડયું ને ! નાચે તો ન સુ-વાયું ને ? ”

રસિકભાઇ કાંઇપણ બોલ્યા ચાલ્યા વિના પોતાની પત્નીની સામું એકી નજરે જોઈ રહ્યો: “ એમ અમારા ઉપર આંખો ફૂહાડવાની નથી; સમજ્યાને ! આંખો ફૂહાડવી હોય તો ફૂહા-ડો ત્હમારૂં જે હોય ત્હેના ઉપર !– અત્યાર સુધી હેઠળ બેસાડી મૂકે છે તે જાણુતી નહિં હોય કે ત્હમે પરણેલા છો, કુંવારા નથી !–ને બાયડી હજી જીવે છે, મરી ગઇ નથી ! ” સુશી-લાનાં આંસુ રસિકે લોહી નાંખ્યાં: “ આમ ઘણું બોલવામાં કાંઈ ફાયદો છે ?–નકામાં મન ઉંચાં થશે અને કંકાસ થશે તે તો જૂદો ! અને આપણુા એથી કાંઇ છૂટાવાનું હતું ? ” ત્હેના કપાળ ઉપર ક્રોધનાં રહેજ તલ્લૈયાં રમવા લાગ્યાં; ત્હેની આંખો હવે શાન્તિ ધારણુ કરી શકતી ન્હોતી. “ ઓહોને ! આજ તો પાછા બ્હેનને સાસરે પણુ ગયા’તા ને શું ?–બહુ માંદાં છે ? તાવ નહિં મટે ?–પ્હણે ગરબા ગાતી વખત તો કાંઇયે માંદાં ન્હોતાં ને પાછું આજ શું થયું ?–મ્હારે જવું પડશે કે ?–પથારીવશ હશે ને ખાટલામાંથી ઉઠાતુંયે નહિં હોય !–હોય ભાઇ, હોય ! ભાઇ શી વાત જાણે છે, દિયર અસોઅસો ન્નાનાં કરે છે ને ભાયડા તો જીવ ફૂહાડી નાંખ-વોજ બાકી રાખે છે !–શાં બ્હેનનાં માન !...અમે તો માંદાં થઇને મરી જઇએ ત્હોયે કોઈ ભાવ પૂછવાનું નથી. વકીલ સાહેબનાં બ્હેન, દાક્તર સાહેબનાં ભોજાઇ, અને મામલતદાર

સાહેબનાં ધણિયાણી, એટલે બધાંયે એમની ખુશામત કેમ ન કરે ?...હેં, તે એટલું બધું શું હતું કે ત્હમારે બ્હેનને સાસરે જવું પડયું ?–હેં, ભોંય ઉતાર્યા'તાં ? ”

રસિકભાઇનો મિજાજ ચોખ્ખો ગયો; ત્હેણે સુશીલાને ધક્કો મારી વેગળી ખશેડી દીધી, અને કોટ અને ટોપી પ્હેરીને દાદર ભણી જવા માંડયું : “ મ્હારા સમ જાઓ તો ! મ્હારા સમ !–ભાઈ સાહેબ !–મ્હારા સમ ઉભા ન રૂહો તો ! ” ત્હેણે રોતાં રોતાં પતિની કમ્મરે વળગી પડી કહ્યું. પણ રસિકભાઇએ ત્હેને ફરીથી તરછોડી નાંખી : “ ત્હારામાં કદિ અક્કલ આવવાનીજ નથી !–શું બોલવું, શું ન બોલવું ?–-જરા તો વિચાર રાખવો ! બસ, હું તો ઓફિસમાં જઇને સૂઇ રહીશ. મ્હારે ઘરમાં રૂહેવુંજ નથી ! ત્હારે જે બાતે જવાબ દેવો હોય તે સ્હવારે દેજે : હું તો ખરેખરૂં કહી દઇશ. મ્હારી આબરૂના કાંકરા કરવા છે ?—ફાવ્યું ન ફાવ્યું બોલે છે તે !–આજ બપોરે પણ રજનિકુમાર અને માણેકભાઈ બેઠા હતા તે વખત પણ એમનું એમ કરતી'તી ! તું સુધરીશ ક્યારે ? મ્હને તો ફિકરજ એ છે !—એ બધાના મનમાં શું આવે કે એની બાયડીયે એનું કહ્યું નહિં માનતી હોયુ ? અમે બેઠા'તા, તે વખત તું કેટલીવાર પેલી ન્હાની મેડીમાંથી મ્હને અમથી અમથી બોલાવી ગઇ'તી ? ન આવું તો પાછી ધમપછાડા કરે કે રોવા મંડે : ત્હારાં ડુસકાં અને ખડખડાટ–ભડભડાટ અમે બધાયે અહિં સાંભળતા'તા ! રાતે જરા બા પાસે બેઠો'તો ત્હેવામાં પણ પરસાળમાંથી ત્હને,–મ્હને બોલાવ્યા વિના–જંપજ ન વળે ! એ કામનું શું ? આજ તો બસ હું જવાનોજ–ત્હને ઘણીવાર શીખામણ દીધી પણ પત્થર ઉપર પાણી ! માણસ હોય ત્હેને શીખામણ વળે ને ! ” ત્હેણે દાદરમાંથી નીચે ઉતરવા માંડયું ; પણ સુશીલા ત્હેને વળગેલીજ રહી.

" ભાઇસાહેબ, આટલી વારના બધા ગુના માફ કરો, હવેથી ત્હમને કાંઇ નહિં કહું. મ્હારા સમ ! જો ઉભા ન રૂહોતો : મ્હારા સમ ! ત્હમને વ્હાલામાં વ્હાલું હોય ત્હેના સમ ! બાના સમ ! બ્હેનના સમ !—જો ત્હમે જશો તો હું પછી મ્હોટેથી રડી પડીશ, હોં ! હવે મ્હારાથી નહિં રૂહેવાય. મ્હારો આ વખતનો—આટલો વાંક માફ કરો ; અને હવે કદિપણ ગુનામાં આવું તો મારી નાંખશો ત્હોયે હું બોલવાની નથી. મ્હારા સમ, ઉભા ન રૂહોતો ! "

પત્નીને રોતી જોઇ, રસિકભાઇને દયા આવી : તે પાછો ફર્યો. " તું કદિ પણ સુધરવાની નથી; ત્હેં આવું કેટલીવાર કર્યું ? ત્હને જરા શરમે નથી આવતી ? ન બોલવાનું બોલે છે, ન કરવાનું કરે છે; ને ગમે તેટલું કહીએ છીએ પણ કાંઈ લક્ષમાંજ નહિં ! જો હવેથી એવું કર્યું ને, તો યાદ રાખજે; હું પછી કદિ ત્હારી સાથે બોલીશજ નહિં. "

" અરે, જો હવે વાંકમાં આવું તો જાઓ ત્હમારી નજરમાં આવે તે કરજો : ગમે તો ન બોલાવશો, ગમે તો માથું કાપી નાંખજો; જાઓ—ત્હોયે હું નહિં બોલું ! પછી કાંઇ છે ?......વ્હાલા, મ્હને માફ કર્યાં. હવે થયું ? વ્હાલી ઉપર આટલો બધો ગુસ્સો હોય ? મ્હારા સમ ! ખુશી ન થાઅ તો ! " ત્હેણે પતિના ખોળામાં પડતું નાંખ્યું : " હા હા. જાઓ, ગમે તેટલા ગુસ્સે થાઓ ને પણ અમે તો અહિં સૂવાનાં !—ગમે તેટલું કરોને પણ અમને તો જૂદાં પાડવાનાં નથી, જાણ્યુંને ; હું તો અહિં સ્હોડી છું—અહિં ! " સુશીલાએ રસિકભાઇની છાતીએ હાથ મૂક્યો. " હે વ્હાલા ! આપણે બે એક નહિં ?—ત્યારે, કહો હવે, ત્હમે હમણાંના અમારા સોગન કેમ નથી પાળતા? અમને ખોટું ન લાગે કે ?—

ખાઓ મ્હારા સમ, કે 'હવે હું ત્હારા સમ પાળીશ' એમ અમે નાંખી દેવાનાં નથી, સમજ્યાને ? અમેયે વ્હાલાં ને સાત મોંઘાં ને લાડવાયાં છીએ !" તે પતિને બાઝી પડી. "કબૂલ કરો વ્હાલા," ત્હેણે હસતે મ્હોંયે કહ્યું, "ક્હો કે 'હવેથી જરૂર ત્હારા સમ પાળીશ.'"

"જા ત્હારા સમ પાળીશ; થયું હવે ?" રસિકભાઇએ પ્રીતિભર્યા નયનથી હસતાં હસતાં કહ્યું: "પણ તું મ્હારૂં કહ્યું પાળતી નથી ત્હેનું શું ? કોણ જાણે શું પણ-ત્હને ઘડી ઘડીમાં ઘેલછા ભરાઇ આવે છે !"

"હવે ત્હમારા કહ્યા પ્રમાણે બરોબર ચાલીશ; લ્યો આ વચન ! ત્હમારા સમ ! થયું ?— હું સમજું છું તો બધુંય; પણ ત્હમને થોડીવાર નથી જોતી ને, એટલે કોણ જાણે શું થઈ જાય છે ! વ્હાલા, મ્હારાથી ત્હમારા વગર નથી રૂહેવાતું ! આપણે એને કાંઇ કામજ ન હોત-એક બીજાની પાસેજ રૂહેવાનું હોત-જૂદાં પડવાનું હોતજ નહિં તો, વ્હાલા, કેવી મઝા પડત ?-હું તો જરાએ વ્હીલા મૂકતજ નહિં, હોં, વ્હાલા !"

* * * * *

"ઇન્દિરા ! આ મહિને ખર્ચ વધારે થયું, હોં !-ચાળીસ રૂપિયા તો થઇ ચૂક્યા ને પાંત્રીસ હજી આપવા બાકી છે; ત્હમારી સાડી ને ચંદનહારનું આવતા મહિના ઉપરજ રાખવું પડશે." જગન્નાથે હીસાબની ચોપડીમાંનો મેળ તારવતાં કહ્યું.

"એટલું ખર્ચ થયું ત્હેમાં વાંક ક્હોનો ?" ઇન્દિરાબાઇ મંદહાસ્ય કરતાં બોલ્યાં: "ત્હમારાં ભાણેજાંને વીસ રૂપિયા આ માહિને ન્હોતા મોકલવા !-તે વીસમાંથી એક ખાસ્સી મઝેદાર, સુન્દર સાડી આવી શકત:-મ્હારે તો તે લીધા

વગર ચાલવાનું નથી. પૈસાની શી ઉતાવળ છે, આવતે મહિને આપજો. ”

“ ના. ના. તેમ નહિં બને. એક મહિનાની રકમ બીજા મહિનામાં ખેંચી ન જવાનો મ્હારો સિદ્ધાન્ત હું હરગીજ તોડવાનો નથી. બાપુને વીસ રૂપિયા મોકલ્યાની ત્હમે ફરિયાદ કરો છો; ને ત્હમારાં માને બે મહિના ઉપર દોઢસો રૂપિયા મોકલવા પડયા’તા ત્હેનો તો વિચાર પણ નથી કરતાં! જરા ન્યાયપૂર્વક તો જુવો ! ”

“ તે તો મોકલોસ્તો ! ત્હેમાં શું મ્હોટો ઉપકાર કર્યો તે આખો દિવસ એનું એજ ગા ગા કરો છો ! મ્હારાં માબાપે પૈસા ખરચીને મ્હને ભણાવી ગણાવી, ઉછેરી પરણાવી, ને હું એમને જરૂર પડે ત્યારે દોઢસો રૂપૈડી સારૂ ના ક્હેવા જાઉં ?-પણ એમ વાત ઉડાવી નાંખવાની નથી. મ્હારે આ વખત સાડી ને ચંદનહાર વગર ચાલવાનુંજ નથી. ત્હમે કેવા નવ રૂપિયાનાં બૂટ લાવ્યા અને ત્રીસ રૂપિયાનું ખોખું કરાવ્યું ?-એ તો બધાંયને એવુંજ ! ન્યાયપુરસ્સર તો ત્હમે જોતા નથી. ”

“ હું ન્યાયથી વર્તું છું કે નહિં તે જોવાનું ત્હમારૂં કામ નથી ! ” જગન્નાથે રોફ માર્યો. “ હું ત્હમને કહું છું કે, આ મહિને મ્હારાથી બની શકે તેમ નથી; હું દેવું કરવાનો નથી. માટે હવે એ વાત સંભારશોજ નહિં. નહિં તો મ્હારે બે શબ્દો સંભળાવવા પડશે ! ”

“ ત્યારે સંભળાવતાં મ્હને નહિં આવડે કે ?-એમ ડરાવતા નહિં. ત્હમારે પૈસા આવતે મહિને આપવા પડે છે ત્હેમાં શું થઈ જવાનું હતું ?-હા. જો મ્હને એમ ખાત્રી થાત કે એ ખર્ચ કરવા જેવી ત્હમારી સ્થિતિંજ નથી તો હું આગ્રહ

ન કરત. પણ તેમ નથી : અને તેથી...! પણ ત્હમે જાણો છો કે મ્હારે મહિલાસમાજના આવતા વાર્ષિક સમારંભ માટે તે જોઇએ છીએ ?-મ્હારી પાસે કાંઇ પ્હેરવા જેવાં કપડાંજ નથી. અને ચંદનહાર કરાવી આપવાનું તો ત્હમે કે દિવસથી વચન આપેલું છે ! ”

“ કપડાં નથી ?-આ શું કહો છો, ઇન્દિરા ? ગયે વર્ષે અઢીસો રૂપિયા ખર્ચ્યા તે લૂગડાં બધાં ફાટીયે ગયાં ? ત્હમે તો જૂલમ કરો છો ! ”

“ એમાં જૂલમ બૂલમ કાંઇ નથી !-જૂવોને પેલી રેશમી સાડી તો ત્હમને કહીને મ્હેં મ્હારી બ્હેનને આપી’તી; ને પિરોજીનો તો રંગજ ઉડી ગયો છે એટલે પ્હેરવા લાયક રહી નથી : બે ત્રણ છે પણ તે બહુ ભારે છે એટલે આવા સાધારણ પ્રસંગમાં જરા અણઘટતી લાગે. બાકીની તો મેલીયે થઈ ગઈ !-વળી આંકડો ગણ્યો અઢીસોનો પણ હીસાબમાં જોયું કે શું શું સામાન આવ્યો’તો ?-બૂટની બે ચાર જોડ, મોજાંની જોડ એક બે ડઝન, ‘સેન્ટ’ની શીશીઓ, વગેરે વગેરે બધું અઢીસોમાંજ ને ? એમાંથી એકલી સાડીઓ તો ન્હોતીજ આણી ? -આ બધા વિવાદમાં સાડી ને ચંદનહાર ભૂલી જવાનાં નથી, સમજ્યા ? ”

“ ત્હમે હઠ લેશો તો મ્હારે કબૂલ કરવુંજ પડશેસ્તો !” ખિન્ન થઇને જગન્નાથે કહ્યું, “ પણ ત્હમે મ્હને બહુ મુસ્કેલીઓમાં ઉતારો છો. મ્હારો સિદ્ધાન્ત તોડવો પડશે ને-આ નક્કામું ખર્ચ છે ! ”

“ ભલે ! નક્કામું તો નક્કામું !-ત્હમે જેને હઠ કહો છો ત્હેને હું આગ્રહ કહું છું ! ” ઇન્દિરાબાઇએ કહ્યું : “ જો આટલી પ્હેલેથીજ માથાકૂટ ન કરાવી હોત તો કેવું સારૂં થાત ?......પછી પેલો વિચાર’તો ત્હમે માંડીજ વાળ્યો ને? ”

" કયો ?—રાજ્યની નોકરી કબૂલ કરવાનોને ?- હું એનાજ વિચારમાં છું. પગારમાં સારો ફાયદો થાય છે, પણ ગામડાં-ઓમાં જવાનું, ને ચોમાસામાંયે શહેરનું મ્હોં જોવાનું નહિં ! -એટલો જરા વાંધો છે, પણ હું તો કબૂલ કરવાના વિચાર ઉપરજ આવ્યો છું. "

" ત્યારે ત્હમારે એકલા જવું હોય તો જજો ! મ્હને તો એવાં જંગલની હવા બિલકૂલ માફક આવવાનીજ નથી !" ઇન્દિરાબાઇ છણકો કરીને ઉભાં થયાં : " ત્હમને મ્હારી કયાં દરકાર છે ?-પૈસો ત્હમારો પરમેશ્વર છે !-અહિં તો રહાંને ફરવા જવાનું, બ્હાર નીકળ્યાં કે કોઇને કોઇ મળે, મહિલા-સમાજ છે ત્હેનું કામ હોય ! -કાંઇને કાંઇ હોયજ, એટલે દ્હાડો જણાતો પણ નથી. ને ત્યાં કોઇ ગામડામાં લઇ જઇ-ને ગોંધી રાખવી છે ? અઠવાડિયામાં તો મરવા સરખું ? - ત્હમને મ્હારી તો કાંઇ કાળજીજ નથી ! પુરુષોનું હૃદય શું નિષ્ઠુર ને સખ્ત હોય છે ! - ત્હમને ફાવે તેમ કરો; હું તો જઇને સૂઈ જાઉં છું. ત્હમે ત્હમારી મેળે ત્હમારો પગાર કેટ-લો વધવાનો ત્હેના હીસાબ ગણ્યા કરો. ત્હમને મ્હારે વિષે કાંઈ લાગણી છેજ નહિં ! " ત્હેમણે ઉઠી ચાલવા માંડ્યું.

જગન્નાથે ચોપડી હાથમાંથી મૂકી દીધી ને ઉભા થઇને ત્હેમનો હાથ ઝાલી લઈ, ત્હેમને જતાં અટકાવ્યાં : " પ્રિય ઇન્દિરા, હું તો જે કરૂં છું તે ત્હમારેજ માટે છે ! પૈસા વ-ધારે ઓછા થશે તો ત્હેનાં પણ ત્હમેજ ભાગિયાં છો, તો પછી ત્હમારી મરજી નહિં હોય તો હું ત્યાં નહિં જાઉં ! " તે દિલગીરીભરેલે ચ્હેરે બોલ્યો : " ત્હમને ઠીક લાગે તે મ્હને પણ ઠીકજ છે; ત્હમારા વિચારથી હું કયારે જૂદો ચાલ્યો છું ? થયું હવે મ્હારો વાંક હોય તો મ્હારે માફ માગવી જોઇએ. મ્હને માફ કરો. "

“ ના, ના. ત્હમે શું માફ માગો ? ” ઇન્દિરાબાઇએ હાસ્યભર્યા ચ્હેરાથી પાછાં આવીને બેસતાં કહ્યું : “ માફ તો મ્હારે માગવી જોઇએ કે મ્હેં આટલીવાર ત્હમારૂં મન દુખાવ્યું ! ચાલો, પ્રિય પ્રાણ, હવે મ્હને માફ કરો ! ”

૩. સ્વર્ગ :

બંને જણ એક બીજાની સાથે, એક ન્હાના સરખા કોચ ઉપર, અગાશીમાં બેઠાં હતાં : મધુરી, શીળી ચન્દ્રા પોતાના અમિભર્યા કર વિસ્તારી પૃથ્વીને ગાઢ આલિંગન દેતી હતી,–પવિત્ર પ્રેમના આવેગમાં ચુંબતી હતી. સુગન્ધ ઝરતો મનહર અનિલ મિઠ્ઠી મિઠ્ઠી લહરિઓમાં ત્હેમના બંનેના નિર્મળ અંગ ઉપર આનન્દની સુધાવૃષ્ટિ કરતો હતો. રજનિ ભરયૌવનમાં ખીલી રહી હતી. આસપાસ સર્વ શાન્ત–શાન્ત હતું; આ સમયની અલૌકિક, અનુપમ શાન્તિ આ પ્રેમમય હૃદયયુગલને કાન્ત, સુરમ્યજ બનાવી દેતી હતી. પતિપત્ની પ્રીતિભરી વાતોમાં લીન થઇ ગયાં હતાં:–તે પ્રબોધચન્દ્ર અને સરસ્વતી હતાં.

“ઓ મ્હારા વ્હાલા! ત્હારો હું શો શો પાડ માનું? ત્હેં મ્હને કેટલી કેટલી શિખામણો દઈ સુધારી ? ત્હારા ડ્હાપણનો તો પારજ નથી–જેટલાં વખાણ કરૂં તેટલાં ઓછાં છે; જ્યાં ને ત્યાં ત્હારાંજ વખાણ સાંભળું છું, ને સાંભળું છું ત્યારે મ્હારૂં શેર શેર લોહી ચ્હડે છે. હું તો પરમેશ્વરને પગે લાગીને નિત્ય એટલુંજ માગું છું કે ત્હને મૂકીને મ્હારો જવાવારો આવજો ! ત્હને ગમતું નથી; પણ ખરેખરૂં કહુ છું કે, વ્હાલા ! ત્હારાં જેટલાં વખાણ કરૂં તેટલાં ઓછાંજ છે ! ”

“ એતો ઠીક, પણ કદિ ત્હારૂં કોઇ બીજાની સાથે લગ્ન થયું હોત તો ત્હેને પણ તું આમજ ક્હેત ને આટલીજ ચ્હાત ! ક્હે ખરૂં કે નહિં ? ”

"જુવો વાત ફેરવી ખરી ?–હું જાણું છું કે ત્હમારાં વખાણ ત્હમને ગમતાંજ નથી : પણ હું તો ખરૂંજ કહું છું ! –તું મ્હને કદિ એવું પૂછતોજ ના !–હાં, વ્હાલા !–મ્હને વિચાર કરતાં પણ કંપારો છૂટે છે કે ત્હારા વગર હું શું કરત ?–લે હું આજ કહું છું કે આપણો વિવાહ થયો હતો ને,–અને તું અમારે ત્યાં આવતો કે હું અહિં જમવા આવતી ત્યારે તું તો મ્હારી તરફ નજરે ફેરવતો નહિં, પણ હું તો ત્હને ને ત્હનેજ જોઇ રહેતી એવું વ્હાલ આવતું !–ન્હાનપણથી એમજ થતું તો પછી અત્યારે કેમ ન થાય ?–હવે તો ત્હારો સવારથ દીઠો છે ને તે હવે તો વૈકુંઠ મળતું હોયને, ત્હોયે ત્હારા વગર ત્યાં ન જાઉં !" બોલતે બોલતે ત્હેની મુખાકૃતિ જરા મ્લાન થઇ : "વ્હાલા ! પણ એકલાં જવુંજ પડશે તો !–આ રોગ મ્હને નઠારો પેદા થયો છે, ત્હેણે કોઇનેયે મૂકયાં છે, તે મ્હને મૂકશે ?–ત્હારા વગરજ જવું પડશે ? વ્હાલા, આપણો ત્યાં પાછો મેળાપ નહિં થાય ?"

"ગાંડી છે ! ગાંડી" પતિએ વ્હાલથી વાંસે હાથ ફેરવતાં, ત્હેનું માથું છાતી સરસું દાબી કહ્યું : "એવા ગાંડાઘેલા વિચાર વળી ત્હને કોણે શીખવ્યા ? ત્હને વળી દ્હેસત ભરેલો રોગજ શો છે ? અશક્તિનો ને રૂતુનો તાવ આવે છે ને શરદીને લીધે ઉધરશ વખતે આવે, એટલે રોગ થઇ ગયો ? એવા એવા વિચારમાંજ માણસ માંદુ ન હોય ત્હોયે થઇ જાય !–વ્હાલી ! મ્હારા સમ ! એવું કાંઇ મનમાંજ આણે તો !"

"હું તો ઘણુયે કરૂં છું પણ રહેવાતુંજ નથી ! હેં, વ્હાલા, પરજીવન કે પુનર્જન્મ નહિંજ હોય ? શું પ્રભુએ આપણાં જીવન એક કર્યાં, હૃદયોનો સંબંધ આવો ગાઢ કર્યો, મ્હને ત્હમારા અંતર્–વિલાસમાં આટલી ઉતારી, આપણા આત્માઓને પ્રેમમય કર્યા–તે શું જુદા પાડવાને સારૂજ ?...

એકલી પડું છું ત્યારે એના એજ વિચાર મનમાં ઉભરાયાં કરે છે! શું ખરૂં હશે?

" એ બધુંયે ખરૂં છે: આ જીવન પણ ખરૂં છે-પર-જીવન પણ ખરૂં છે: ઇશ્વરની દયા-પ્રેમ તે પણ ખરોજ છે! એવા ઉંડા ઉંડા વિચારોમાં ઉતરવું ત્હારે માટે લાભકારકજ નથી. આપણો બંનેનો સંબંધ, એ આપણા આત્માઓનુંજ લગ્ન છે અને પરલોકમાં કે પુનર્જન્મમાં આપણા આત્મા પ્રભુ હવે જૂદા પાડેજ નહિં. મ્હારૂં હૃદય ત્હારા પ્રેમથી પ્રફુલ્લ થયું ન્હોતું, મ્હારો આત્મા ત્હારી પ્રીતિભક્તિમાં વિકાસ પામ્યો ન્હોતો ત્યાં સુધી હું પણ નાસ્તિક જેવોજ-અજ્ઞાનમતવાદી હતો! પણ ત્હારા પ્રેમે મ્હને મનુષ્ય બનાવ્યો છે, ત્હારી ભક્તિએ મ્હારામાં પ્રભુનાં કૃપાકિરણનો ઉદય કરાવ્યો છે. વ્હાલી! મનુષ્યજીવનનું તારણ પ્રીતિ અને ભક્તિ શિવાય બીજું શું હોઇ શકે?"

તે બંને જણ અરસ્પરસના પ્રેમભર્યા હૃદયતરંગોની સુવાસ લહરિમાં આન્દોલન પામતાં ક્ષણભર મૌન પામ્યાં. સરસ્વતી પતિના ખભા ઉપર માથું મૂકીને-મંદહાસ્યમય મુખચન્દ્રથી શોભતી-કાંઇ અવર્ણનીય વિચારોર્મિઓમાં વિલીન રહી. હૃદય આનન્દમાં હોય છે, આત્મા દિવ્યતામાં રમતો હોય છે, તે સમયની સુન્દરતા ખરેખરી રમણીયજ, સ્વર્ગીયજ હોય છે! પ્રબોધચન્દ્રે આ નિર્દોષ, કોમળ, લલિત મનોહરતાને પ્રીતિભર્યા ચુંબનોથી વધાવી લીધી.

"વ્હાલા, યોગિનીમૈયાની મ્હારાં ઉપર કાંઇ સહજજ પ્રીતિ થઇ હોય એમ લાગે છે. એમના હૃદયવિલાસ મ્હને તો બહુ સુરમ્ય, બહુ આદરણીયજ લાગે છે! શ્રીમતી અને મૈયા એ બંને જણ સ્ત્રીઓની સ્થિતિ સુધારવાને ઘણોજ પ્રયત્ન

કરે છે. મ્હારો જીવ ઘણોયે બળે છે, પણ મ્હારાથી અશક્તિ અને ઘરકામને લીધે એમની સાથે જોઇએ તેટલો ભાગ નથી લઇ શકાતો. તું જુવેજ છેને. બાકી એ બંનેનો મ્હારા ઉ-પર-મ્હારી યોગ્યતા કરતાં પણ વધારે ભાવ છે...પણ, વ્હાલા, એક મ્હને જરા શક પડયો છે; તે દ્હાડે ગરબા ગાવાને મ્હને બધાયે બહુ આગ્રહ કર્યો—ને માન માગવાની મ્હને ટેવે નથી-તોપણ મ્હારાથી ઉઠાતુંજ ન્હોતું: પણ એ બૈયાએ કોણ જાણે શું કર્યું તે મ્હને તરત સ્ફૂર્તિ આવી ગઇ અને જરા પણ અશક્તિએ જણાઇ નહિં ને થાકે ન લાગ્યો: એનું કારણ શું હશે?—એમનામાં કાંઇ પ્રભુતા તો હશેજ!"

"હા. હોય પણ ખરી. પરન્તુ મ્હારા માનવામાં આવતી નથી. ને તું ક્હે છે તે ખરૂં હોય તો...પણ ત્હારો કંઠ પણ બહુજ મઝાનો ખીલ્યો 'તો ને બધા પૂછતા' તા કે 'આ કોણ છે?'—મ્હને તો ફિકર હતી કે તું થાકીને પડીજ જઇશ. પણ ત્હને કાંઇ થયું નહિં...કોણ જાણે પરમસાધ્વી છે એટલે એમના ઉપર પ્રભુની કૃપા હોય પણ ખરી! પણ અમને મળતી કેળવણીનો પ્રભાવજ એવોજ છે કે એ આમને આમ માન્યામાં નથી આવતું:" પ્રબોધચન્દ્રે વિચાર કરતાં કરતાં કહ્યું.

"બીજું કાંઇ નહિં પણ બધાં ઢોંગ કરીને પડી ર્‌હેવાનું મ્હારે માથે આળ મૂકે છે: ક્હેછે કે, જો માંદી હોય તો ગરબા ગવાય?—'વાંઝણી! વાંઝણી!' કરતાં'તાં તે મ્હેણું ટળવાનો વખત પાસે આવ્યો ત્યારે આ વળી નવું થયું! વ્હાલા, હું આંટલું આટલું કરૂં છું પણ ત્હેનું ફળ કેમ નહિં થતું હોય?—જરા તાવ ઉતર્યો કે હું પાછી કામ કરવા માંડું છું. મ્હારી જાતનેયે સંભાળતી નથી,–ત્હોયે મ્હારા નશીબમાં

જસજ નથી ”! પત્ની ગ્લાનિભર્યે વ્હેરે બોલી; “મ્હને, વ્હાલા! કાંઇ ખોટું તો હવે કોઇ ઉપર લાગતુંજ નથી પણ લલીમ્હેને ને બધાંયે ‘મ્હેં વીંટી ચોરી’ એવી વાત આખી નાતમાં ઉરાડી છે; હું તો કાંઇ ત્હેની દરકાર કરૂં એવી નથી, કારણ મ્હારે ત્હારા વિના બીજા કોઇના સારા અભિપ્રાયની જરૂર નથી. પણ મ્હને ભાઇયે પૂછતા’તા!...અશે, બળી એ વાત!–વ્હાલા, હું મ્હારા ઉપર ખુશી તો છો ને?” “ત્હારા ઉપર ખુશી ન હોઉં તો હોઉં ક્યાં?” પતિએ કહ્યું: “વ્હાલી! આપણાં જીવન દુનિયાંના વિષાદથી ભરપૂર છે છતાં એક બીજાના ઉપરજ આધાર રાખતાં શાન્તિ પામી શકે તો ત્હેના કરતાં બીજું સુખ શું–બીજો વધારે સારો હર્ષ કીયો–બીજું વધારે સારૂં સ્વર્ગમાં પણ શું હોઈ શકે?...ઓ મ્હારી મધુરી!” ત્હેણે પત્ની છાતી સરસી દાબી પ્રેમના ઉમળકાનાં ચુંબનોથી ત્હેના આત્મામાં પોતાના આત્માને વિલીન–એકરૂપ કરતાં કહ્યું: “વ્હાલી પ્રિયતમા! કૃષ્ણ અને રાધિકાના વ્હાલ કરતાં વધારે પવિત્ર, નળ અને દમયન્તીની પ્રીતિ કરતાં વધારે સુન્દર, અને રામ અને સીતાના સ્નેહ કરતાં વધારે અદ્વૈતમય, ભગવાન શંકર અને ઉમાનો આત્માનન્દભર્યો પ્રેમ વધારે સુખકર છે, વધારે મનોહર છે, વધારે દિવ્ય છે,–ત્હેવાજ પ્રેમમાં આપણા આત્માઓ જ્યારે એકત્વ પામશે ત્યારેજ તું મ્હને પૂછતી’તી ત્હેવો આપણો અનન્ત સંયોગ થશે: એમ થવાને માટે આપણને બંનેને મહેનત કરવી પડશે–પ્રયાસ લેવા પડશે. જ્યારે આપણે સ્થૂલ પ્રીતિનું બંધન તોડી સૂક્ષ્મ અથવા અપાર્થિવ પ્રદેશોમાં પ્રવેશ કરી શકીશું, ત્યારે આપણે તે પ્રેમને–તે અદ્વૈત અમરતાને યોગ્ય થઇશું. પ્રભુતા ત્હેનાથી લેશપણ ભિન્ન નથીજ. પણ એ ક્યારે થશે કે આપણે આપણી આસપાસનાં અન્ય–આપણા કરતાં ઉતરતાં. જીવનોને સુખ, આનન્દ અને

ઉન્નતિ આપવા પ્રયત્ન કરીશું, આપણા ઐહિક-દુનિયાંનો સ્વાર્થ ભૂલી જઈ પરમાર્થમાંજ સ્વાર્થ માનીશું, સર્વ સાથે એક સરખી પ્રીતિ ભરી વર્તણુંક ચલાવીશું, અન્યનાં દુઃખથી દુઃખી થઇશું, બીજાંઓનાં ક્લેશ, કષ્ટ, અને ચિન્તાઓ દૂર કરવામાંજ આપણું જીવન આરોપીશું,—ત્યારેજ, વ્હાલી! ત્યારેજ આપણે આપણી ઇષ્ટ વસ્તુ મેળવીશું: કારણ **આપણા આત્માઓની ઉન્નતિ બીજા આત્માઓનો વિકાસ આપણાથી બની શકે ત્હેના પ્રમાણમાંજ થાય છે.** રસ્તો વિકટ છે, પણ પ્રભુની આપણાં બંને ઉપર પૂર્ણ કૃપા છે; અને ફળપ્રાપ્તિ અતિ દૂર છે, પણ પ્રભુની દયાથી આપણું હૃદયયુગલ આશાથી ભરપૂર છે: તો પછી અન્તે-જો આપણે હાલને માર્ગેજ વહન કરીશું તો-અન્તે વિજયની ખાત્રીજ છે: અને વખતે પ્રભુજી પંડે આવીને આપણને સાથેજ પોતાના અનન્ત પ્રેમમય સ્વરૂપમાં વધાવી લેશે એ નક્કિજ છે!"

શાન્તિ ત્હેવી ને ત્હેવીજ હતી પણ ત્હેમાંથી આ પતિપત્નીને આચ્છાદતો કોઇ અદ્ભૂત પ્રભાવ ચોતરફ વ્હેતો હતો. પૃથ્વી ઉપરનું સ્વર્ગ તે યુગલને પોતાના પરંતપ રાજ્યમાં સ્વીકારી લેતું હતું: સાક્ષાત્ પરમતેજોમય પ્રેમબ્રહ્મ પરમાત્માની અંતર્ કુંજનાં સંગીતજન્ય દ્વાર પણ ત્હેમને પોતાના સ્વરૂપની દિવ્ય સુગન્ધભરી ઝાંખી કરાવતાં ખુલ્લાંજ હતાં.

પ્રકરણ ૮ મું. વિધવાનાં કર્મની કહાણીઓ.

"મૈયા, આ શું?—આ ચમત્કાર તો મ્હારું હૃદય સમજીજ શકતુ નથી-મ્હારો આત્મા સ્વીકારીજ શકતો નથી!-આતે સ્વપ્ન કે જાગ્રત?"

શ્રીમતી મૈયા, એક મહાત્માએ બીજાને આપેલો ઉત્તર અહિં સંપૂર્ણરીતે અનુકૂળ આવે છે: 'એ જીવનનું સ્વપ્ન છે પણ આત્માનું જાગ્રત છે.' મૈયા, પતિપત્નીનાં જીવનચિત્રોનું વિલોકન કર્યું?—ક્હો હવે, તે દિવસ ગરબો ગાતી બે સમવયી યુવતીઓમાં કાંઇ ફેર ત્હમને માલમ પડે છે?"

"મૈયા, ઘણુંજ મ્હોટું અન્તર્! ક્યાં સરસ્વતી અને ક્યાં રત્નાવલી!-રત્નાવલી આવી? મૈયા, મ્હારો આત્મા એનું સાંસારિક જીવન જોઈ બહુ ક્લેશિત થાય છે. ઇન્દિરા, પણ સંપૂર્ણ નથી?-મૈયા! ઓ મ્હારી મૈયા! તું મ્હને સમજાવ્ય કે આ સર્વ જીવનચિત્રો તું શીરીતે મૂર્તિમાન કરી શકી?-મ્હને ત્હારી પ્રીતિનું પાત્ર બનાવ્ય: મૈયા! ત્યારે યોગ અને ભક્તિ ત્હારામાં આટલું બધું સામર્થ્ય પેદા કરી શક્યાં છે એ ખરૂંજ છે?-મૈયા, મૈયા, મ્હેં જોયું, છતાં મન અને બુદ્ધિ કબૂલ કરી શકતાં નથી."

"શ્રીમતી મૈયા, તું અત્યારે એ ભ્રમમાં પડીશજ નહિં. એ આત્માના બળની-અધિકારની વાત છે અને પ્રભુકૃપા વિના તેવું આત્મબળ એકદમજ પ્રાપ્ત પણ થતું નથી, ઉપયોગનું પણ નથી. માનુષી પ્રયત્નની સાથે સાંસ્કારિક યોગ્યતા પણ તેની પ્રાપ્તિના કારણ રૂપ છે. કુંભકરણને તે શક્તિ મળી નહિં, અને રાવણને તે છાજી નહિં; ફક્ત ત્હેનો ખરો ભોક્તા તો વિભીષણજ થઇ શક્યો. કર્ણ દ્રોણ અને ભીષ્મ પાસેથી તે લુપ્ત

થઇ ગઇ અને માત્ર અર્જુનજ હેને ધારણ કરી શક્યો. માટે મૈયા, પ્રથમ તો સ્વધર્મ પ્રમાણે વર્તવું અને કર્તવ્ય કર્યે જવું, એટલોજ જીવનહેતુ હાલ તુ રાખ્ય. તું મ્હારી બ્હેન જેટલી આજ મ્હને પ્રિય થઇ પડી છે અને તેથી મ્હેં ત્હને દિવ્ય ચિત્રદર્શન કરાવ્યું છે: પરન્તુ એટલું યાદ રાખજે કે એ સર્વ, નરક,-પૃથ્વી-અને સ્વર્ગના આત્માઓ આપણી તો ખાસ કરીને દયા, માયા અને ભક્તિનેજ યોગ્ય છે. પ્રભુ જેને પોતાની સૃષ્ટિમાં સંભાળે ત્હેનો તિરસ્કાર કરનાર આપણે કોણ? -માટે આ જોયું નથી એમ તું દુનિયાંમાં વર્તજે. ત્હારૂં જીવન જેમ જેમ વધારે વધારે પવિત્ર, પરોપકારી, આત્મત્યાગી થશે તેમ તેમજ ત્હારા આત્માનો વિકાસ થવાનો.

" મૈયા, પણ, સરસ્વતી અને પ્રબોધચન્દ્રવાળું ચિત્ર તો હજી મ્હારાં મનલોચન સમક્ષ તર્યાંજ કરે છે: આહાહા! શું સુન્દર, આ જગત્ પણ પતિપત્નીનું 'અન્યોન્ય કેરી ન્યૂનતા પૂરે અનુગુણ દંપતી,' એવું-રસજીવન બનાવી શકે? મૈયા! ત્હારૂં ક્હેવું ખરૂં છે: ત્હેની આગળ ગમે ત્હેવી વિશુદ્ધ કુમારિકાનું જીવવુ શુષ્ક છે, ગમે ત્હેવી પવિત્ર વિધવાની જીંદગી નિર્જીવ છે! દુનિયાંને ખરૂં સુખકારક જીવન તો-ત્હેના ઊંડા દુ:ખપંકો અમૃતધારાથી સાફ કરતું, ત્હેનાં ગાઢાંવિપત્તિ-ચિન્તા ભર્યાં મૂળ આત્મજ્યોતથી નિર્મળ કરતું,-પ્રેમીલાં દંપતીનુંજ છે: ત્હેને લીધેજ આપણાં ગૃહરાજ્યોમાં સજીવનતા ભર્યું જીવન પૂંકાય છે."

" બ્હેની શ્રીમતી! જ્યારે મ્હારાં જનનિસ્વરૂપ ગુરૂપત્ની ભક્તિ મૈયાએ પરલોકવાસ કર્યો તે પ્હેલાં ત્હેમણે મ્હને કહ્યું હતું કે, 'પુત્રી દેવી! હું અને તું થોડા સમયમાં જૂદાં પડીશું. ત્હારા અન્તઃકરણમાં હજી કેટલીક પ્રવૃત્તિના નિવાસરૂપ વાસનાઓ છે: મ્હારાથી ત્હને ત્હેમાંથી મુક્ત કર-

વાનું બની શક્યું નથી પણ-અહિંથી મ્હારો આત્મા પ્રયાણ કરી લે પછી ગુરુકૃપાથી ત્હને તેમ કરવાનો પ્રસંગ મળશે અને તું મુક્ત થઈ શકીશ. પરન્તુ તેમ કરવામાં ત્હારે ફરીથી ક્ષણભર સંસારનાં જાળાંઓમાં પ્રવેશ કરવો પડશે. પુત્રી ! બ્હીતી નહિં; કારણ ત્હારે માથે મહા સમર્થ હાથ છે ! ત્હને ત્યાં-તું જેવી નૈષ્ઠિક બ્રહ્મચારિણી બાલવિધવા છે ત્હેવીજ પવિત્ર-એક કુમારિકા અને એક સતી સાધ્વીનો પરિચય થશેઃ ત્યાંજ ત્હારી વાસનાઓ ફળપ્રદ થઈ, વિલુપ્ત થશે; અને તું પછી યોગજીવન ધારણ કરી શકીશ. ' બ્હેની ! મ્હારો આત્મા સાક્ષી પૂરે છે કે તેજ પવિત્ર કુમારિકા તે તું અને તેજ સતી સાધ્વી તે સરસ્વતી, એટલા માટેજ મ્હેં ત્હને ત્હેના આન્તર્ જીવનનું દર્શન કરાવ્યું. "

" મૈયા ! આટલું બધું તો મ્હારા ખ્યાલમાં પણ નહિં. પરન્તુ આજ તો ત્હને હું એક તસ્દી આપવા આવી હતી. મ્હારા એક સુધારક બન્ધુની સૂચના ઉપરથી દુઃખાર્ત્ત વિધવાઓને પત્રદ્વારા ત્હેમની વિપત્તિના અનુભવ મ્હારા ઉપર લખી મોકલવાનું વિનંતિપત્ર મ્હેં કેટલાક વખત ઉપર પ્રસિદ્ધ કર્યું હતું અને તે ઉપરથી મ્હને કેટલાક પત્રો મળ્યા છે જેમાંથી થોડું તારણ ક્હાડી લાવી ત્હારી સમક્ષ મૂકવા મ્હેં ધાર્યું હતું-પણ તું તો સર્વજ્ઞ છેઃ ત્હને ત્હેવા પત્રો વિના પણ અમારાં જીવનનાં રહસ્ય સાધ્ય છે તેથી તે વિષય ત્હારી પાસે આજ હું ક્હાડતાં પણ અચકાઉં છું. "

" શ્રીમતી, ત્હારી ભૂલ થાય છેઃ હું તો સર્વજ્ઞના પગની રજ પણ નથી. મ્હેં કહ્યું નહિં કે પ્રભુકૃપા વિના કાંઇપણ બની શકતું નથી ?-બેલાશક, તું ત્હારા પત્રોનું ટાંચણ વાંચ્ય. ત્હને એક ખબર નહિં હોય કે જેમ જેમ હું આખા જગત્ ઉપરેની મ્હારી-પ્હેલાંના-જેવી એક સરખી પ્રેમદૃષ્ટિ

નાંખતાં અચકાઉં છું-કારણ હાલ તું અને સરસ્વતી મ્હને પ્રિયતમ થઇ પડયાં છો-અને જેમ જેમ ત્હમારા તરફ ત્હેનું આકર્ષણ વધતું જાય છે,-તેમ તેમ મ્હારૂં યોગબળ ઘટતું જાય છે, હું ગુલાબસિંહની પેઠે મનુષ્ય બનતી જાઉં છું. પણ ફિકર નહિ : એ "મનુષ્યત્વ પણ મધુર છે !'- માટે હવે મ્હને તું ત્હારા જેવીજ ગણજે. ચાલ્ય, વાંચવાનું શરૂ કર, બ્હેની ! "

૧. ગરીબાઇ :

હું નિર્ધન બ્રાહ્મણ માબાપની દીકરી છું. મા જીવે છે પણ એને બિચારીને હાલ પણ અન્નને અને દાંતને વેર છે : મ્હારા પગાર ઉપર ગુજારો ચલાવે છે. થોડુંક ભણી: ભણવાનાં સાધનો તો સરકારે પૂરાં પાડયાં પણ ખાવું શું ? મ્હારી માને શું ખવડાવવું ? બાપ ન્હાની મૂકીને મરી ગયો ને મા હું દસ વર્ષની થઇ ત્યારે અંધ થઈ ! —સાત વર્ષની ઉમ્મરે મ્હારું એક ડોસા સાથે લગ્ન કર્યું, તે મ્હને સાંભરતું પણ નથી : નવ વર્ષના વયે મ્હારું એટલું સૌભાગ્ય પણ ન છાજ્યું. મ્હારે સાસરે પૈસો હતો; મ્હારા બાપે મ્હને પરણાવી તે વેચી હતી પણ વેચ્યાના પૈસાથી ત્હેણે પોતાનું કરજ વાળ્યું હતું. ડોસા ગુજરી ગયા એટલે ત્હેમના ભત્રિજાએ ઘરમાં પેશી જઈ, બધું કબજ કરી લીધું. હું તો પિયર હતી. મ્હોટી થઇ ત્યાં સુધી ઘરમાં રહ્યું સહ્યું જે હતું તે વેચીને મ્હેં ને મ્હારી માએ ગુજરાન ચલાવ્યું, પછી હું સાસરે ભરણપોષણ માગવાને ગઈ. જવાબ મળ્યો કે ' અહિં રહો, વૈતરૂં કરો, ને ખાઓ. ' મ્હારી માને મ્હારી સાથે રાખવાની શરતે જે કહ્યું તે કબુલ કર્યું-છ મહિના પક્કી ગુલામગીરી કરી. પણ ભત્રિજાની દાનત અપવિત્ર હતી!... મ્હેં ને મ્હારી

માએ તે ઘર હમ્મેશને માટે છોડયું. પણ કરવું શું ? – કાંઇ સાધન ન્હોતાં. એટલું ભણી ન્હોતી કે નિશાળમાં જગો મળે. તેથી એક જગોએ રાંધવા રહી. રાંધવાની સાથે ઘરનું સઘળું કામ પણ હુંજ કરતી. ત્યાંપણ મ્હને નિરાંત ન મળી. શેઠનો પુત્ર યુવાન અને વિષયી હતો...અન્તે ત્યાંથી પણ નીકળી. મ્હારી મા એવામાં માંદી પડી! ઇસ્પીતાલમાં રાખી! – સરકારનું પ્રભુ કલ્યાણ કરો, નહિંતો અમારૂં શું થાત ? ત્યાં કોઈ કોઇ માણસો ને કોઇ કોઈ છોકરા સારા તો ન્હોતા, પણ બધા ત્હેવા ન્હોતા. એક છોકરો તો ઘણોજ દયાળુ હતો. ત્હેણે મ્હારી સ્થિતિ મ્હોટા દાકતરને કહી; જે ઉપરથી મ્હારી માને આશ્રમમાં ર્‌હેવાની ત્હેમણે સગવડ કરી આપી અને મ્હને ઇસ્પીતાલમાં માંદાંની માવજત કરવાને જગો આપી; ત્યાં હું પાંચ વરસથી છું. તે છોકરો હાલ દાકતર થયો છે ને પોતાની બ્હેનની માફક મ્હને ગણે છે. પણ દુનિયાંમાં ત્હેના જેવા થોડાજ છે ! મ્હારો દુનિયાંનો અનુભવ ઘણોજ કડવો છે ! માટે હું તો પ્રભુકૃપાથી બચી જવા પામીશું, પણ જુલમના પૈડા તળે ઘણી અનાથ વિધવાઓ પીલાય છે–કચરાય છે, ત્હેમનું કાંઇ કરશો તો ત્હમારૂં ખરેખરૂં કલ્યાણ થશે ! ”

૨. ભણતર.

“ હું એક છોકરીઓની નિશાળમાં સ્ત્રી શિક્ષક છું. મ્હારા પતિએ અનેક કષ્ટ સહન કરીને મ્હને ભણાવી : હું કોલેજમાં જાઉં ત્યારે એ પંડે લોટ દળીને રોટલા કરી મૂકે !–(તે વખત અમારી હાલત સારી ન્હોતી.) મ્હારાં બે બાળકને પણ એ રાખે ! અને મ્હારે કરવાનું બધું કામ પોતે કરે !–એવામાં એમણે વૈકુંઠવાસ કર્યો. મ્હારી પાસે પૂરા પચીસ રૂપિયા પણ નહિં હતા ને બે બાળક તથા મ્હારૂં શું થશે એ

વિચારે મ્હને ગાંડીજ કરી મૂકી. લાજ મરજાદ મૂકી, એક માસ થયા પછી પાછો અભ્યાસ શરૂ કર્યો ! મ્હારા પતિ ગમે તેમ કરીને પૈસો પેદા કરી લાવતા પણ મ્હારે તો પાંચ રૂપિયાની સ્કૅાલરશીપમાંજ ચલાવવાનું હતું ! હું આડોશીપાડોશીનું કામ કરીને ગુજરાન ચલાવતી હતી–પણ વર્ષની આખરે ત્હેનું ઘણું માઠું પરિણામ આવ્યું–હું નપાસ થઇ–મ્હારી સ્કોલરશીપ રદ થઇ ! હવે તો ભીખ માગી ખાવાનો પણ રસ્તો રહ્યો ન્હોતો. એક વાણીયાના પચીસ રૂપિયા દેવા થયા હતા ત્હેણે હુકમનામું મેળવી ઘરમાંનો બધો–જેટલો રહ્યો હતો તેટલો–સામાન જપ્તીમાં લીધો ! સ્ત્રીઓની નિશાળોમાં પુરુષ મેહેતાજી રાખે છે એ ખરાબમાં ખરાબ છે ! એક માસ્તર મ્હારા ઉપર હમ્મેશાં કુદૃષ્ટિ કર્યાં કરતો હતો ત્હેનો હવે લાગ ફાવ્યો ! અત્યાર સુધી હું પવિત્ર હતી, પણ......હે પ્રભુ ! તું ગરીબાઇ શું કામ આપતો હોઇશ ?... દુનિયાંમાં જેટલાં પાપ સ્ત્રીઓ–ગરીબ સ્ત્રીઓ કરે છે તેટલાંમાંનું એક પણ ભાગ્યેજ કોઇ રાજીખુશીથી કરતી હશે !... અન્તે હું અપવિત્ર થઇ ! પણ મ્હારે અને મ્હારાં બે બાળકોને માટે રહેવાનું ઘર અને ખાવાનું અંન મેળવી શકી !–અભ્યાસ પણ જારી રાખ્યો અને પાસ થઇ મેહેતીજી થઇ. અહિં હવે કદિ ભ્રષ્ટ ન થવું એ મ્હેં નિશ્ચય કર્યો હતો. પણ પરીક્ષક પુરુષ હતો;–કમનશીબે ઇશ્વરે મ્હને જરા ખુબસુરત બનાવી હતી. હું દૃઢ રહી, તે વર્ષે નિશાળનું પરિણામ ખરાબમાં ખરાબ આવ્યું !–બરતરફ કરવાની ધમકી મળી અને પગાર પાંચ રૂપિયા ઘટયો ! બીજે વર્ષે પાછો એનો એ ચંડાળજ પરીક્ષા લેવા આવ્યો... હું ભાવિને શરણ થઈ ! અને ત્યારની ઉપરથી પવિત્ર પણ અંદરથી કુલટા કરતાં પણ નપાટ છું ? પણ શું કરું ? પેટ ભૂંડું છે મ્હારાં છૌકરાંનું શું થાય ?–સરકાર આટલું

ખર્ચ કરે છે ત્યારે છોકરીઓ, અને સ્ત્રીઓની શાળાઓમાં પુરુષોને શામાટે રાખતી હશે ? શિક્ષકો, પરીક્ષકો, ઇન્સ્પેકટરો અને ડાઇરેકટર, ત્હેમના ખાતાંનાં ઓધ્ધેદાર માણસો પણ સ્ત્રીઓજ જોઇએ અને તેમ થશે ત્યારેજ આ અનીતિનો સડો નીકળી જઇ સ્ત્રીકેળવણી પવિત્ર થશે. આ બાબત કાંઇ કરી શકશો તો મ્હારા જેવી સેંકડો અભાગિણીઓની દુવા ત્હમે લેશો; કારણ અમારા લોકોમાં વિધવા થાય એટલે સ્ત્રીને કોલેજમાં મોકલી સ્ત્રીશિક્ષક બનાવવા શિવાય બીજો કોઇ માન ભરેલો ધંધો ત્હેને માટે જડતોજ નથી. ! ”

૩. નિર્ધન કુલાભિમાન :

“ નાતમાં અમારૂં કૂળ ઉંચું હતું તેથી મ્હારી માએ પાંચ હજાર રૂપિયા ખાવાને આપીને મ્હને અમારાથી પણ ઉંચા કૂળમાં પરણાવી. મ્હારો વર પચીસેક વરસનો હતો પણ એટલામાં તે બેવાર તો પરણી ચૂકયો હતો જેમાંની એક મરી ગઇ હતી : એટલે હું અને મ્હારી શોકય બે જણુ હતાં. અમારે એને બને તો શેનુંજ ? એવામાં વળી મ્હારો વર જૂગારમાં હારી ગયો ને અમે ઘણાંજ ગરીબ થઇ ગયાં ! – મ્હારી શોકય તો કુચાલની હોવાથી ત્હેને ઘરની ફિકર ન્હોતી પણ હું ઘરનું ઘણુંખરૂં કામ કર્યાં કરતી. સુખ તો શું એ મ્હેં નજરે પણ ભાળ્યું નથી : કારણ મ્હારી માએ ઘર વેચીને મ્હને પરણાવી હતી અને તે રૂપૈયા અને બીજા જેટલા હશે તે બધા મ્હારા વરને દેવામાંથી છૂટો કરવામાં ગયા. એટલામાં વળી એને ફરી પરણવાની ધૂન લાગી તેથી અમને બંનેને કહાડી મૂકયાં ને અગિયારસો રૂપિયા તથા બીજી એક કન્યા લઇને ઘેર આવ્યો. મ્હેં તે દ્હાડાનું સાસરાનું મ્હોંયે ભાળ્યું નથી ! – બે ત્રણ વર્ષમાં એ ગુજરી ગયો અને હું

રાંડી ! — અધુરામાં પૂરૂં મ્હારી મા પણ મરી ગઈ !— મ્હારી શેરીમાં લોકોનાં—છાનાં છપનાં દયણાં, ખાંડણાં કરૂં છું ને ભાડાના ઘરમાં રહું છું. બીજું શું કરૂં ? એક હૂહાડાની નવરાશ મળતી નથી: વાંચતાં ન્હાની હતી ત્યારે શીખી હતી ને વાંચવાનું મન પણ થાય છે પણ શું વાંચું અને કયાંથી વાંચું ? જાર બાજરાનો રોટલો તો મળતો નથી ને ચોપડી કયાંથી લાવું ? — એક બે જગાએથી રાંધવા રૂહેવાનું કહેવા આવ્યું પણ તેઓ અમારાથી ઉતરતી નાતના હતા. નાતના પટેલીયાએ કૂહાવ્યું કે એમને ત્યાં રાંધવા રહીશ તો નાતબ્હાર મકીશું. મ્હારાં સગાં બ્હાલાં હું દળું છું ખાંડું છું તે બાબત પણ નિત આવીને લ્હડી જાય છે. પણ એમ ન કરૂં તો ખાઉં શું ? માટે આબરૂદાર ઘરની રાંડીરાંડોને માટે મદદગાર થઇ પડે એવું કાંઇ કરો — ખરા પુન્યનું કામ એ છે ! ભીખ માગવા જવાતું નથી ને ઉત્રાડી મજુરી થતી નથી. ઉંચી નાતની બાયડીઓ નાતરાં તો નહિં કરે, પણ બીજે કોઇ આબરૂદાર પણ ધંધે અમને ચડાવશો તો અમારા પેટને માટે પણ અમે ચડીશું. ”

૪. શ્રીમન્તાઇ, અને દુષ્ટમાર્ગી જ્ઞાન :

“ મ્હારાં માબાપ ધનવાન છે. મ્હારું અગિયાર વર્ષે લગ્ન થયું અને પંદરે વર્ષે હું સાસરે ગઇ. મ્હારા પતિ સત્તર વર્ષની ઉમ્મરે પ્લેગના દુષ્ટ રોગના ભોગ થઇ પડયા—ને મ્હારૂં નશીબ ફૂટી ગયું !—મ્હારા બાપ અને ભાઈ સુધારાવાળાઓમાં અગ્રેસર છે, પણ તેઓ કાંઇ કરી શકયા નહિં અને મ્હારૂં યૌવન તો ખીલતુંજ ગયું ! સંસ્કૃત અને ઈંગ્રેજીનો મ્હેં સારો અભ્યાસ કરેલો હતો પણ ત્હેણેજ મ્હને અપવિત્ર કરી: ખરાબ ખરાબ વિચાર મ્હારૂં મન ડોલાવી નાંખવા લાગ્યા—અ-

નીતિમાન સ્વપ્નાં મ્હારી નિદ્રાનો ભંગ કરવા લાગ્યાં–મ્હારૂં શરીર રાત દ્હાડો ધીક્યું ને ધીકયું રહ્હેવા લાગ્યું ! મ્હેં મ્હારી બ્હેનપણી પાસે મ્હારી બાને ક્હેવડાવ્યું કે જો ત્હમારામાં હિમ્મત હોય, બાપ અને ભાઈ બોલ્યા પ્રમાણે ચાલવાને તૈયાર હોય તો મ્હારૂં પુનર્લગ્ન કરાવો. નહિં કરાવો તો હું મ્હારી વર્તણુંક માટે જવાબદાર નથી. મ્હારા બાપ તેમજ ભાઇ આ વિચાર જાણ્યા પછી કાંઇક દુઃખી દેખાવા લાગ્યા; પણ તેમના તરફથી મ્હને કાંઇ જવાબ મળ્યો નહીં, તેમ કાંઈ ઉપાય પણ લેવામાં આવ્યો નહીં. બંગલામાંનો મ્હારો ઓરડો ખાસ ઇલાયદોજ છે. મીટીંગ, પાર્ટીઓ નાટકો ઇત્યાદીમાં મ્હારે વખતો વખત જવાનું થતું. મ્હારા ભાઇ અને બાપની પાસેનાં મને પસંદ પડે તે પુસ્તકો વાચવાની મ્હને છૂટી હતી (આ ચોપડીઓ એકઠી કરીને એક મ્હોટી આગમાં બાળી દીધી હોયની તો ઘણું પુન્ય થાય !) મેઘદૂત અને ગીતગોવિંદ, બાયરન અને ઝોલા, નર્મકવિતા અને દયારામનાં કાવ્યો, વાંચી વાંચીને મ્હારૂં તો ભવનજ ફરી ગયું !–મ્હારૂં મન દુર્વિચારથી ભરેલું, અનીતિ રૂપી નરકની ખાણ જેવુંજ થઇ ગયું હતું, તેવામાં અગ્નિમાં પવન ભળ્યો અને ઘી હોમાયું !–નર્મદાશંકરે લખ્યા પ્રમાણેનીજ અપવિત્ર સ્થિતિ મ્હારી થઇ !...... અનીતિની કાંઇ હદ રહીજ નહિં ! પણ પાપ ઘેરાયું !..... તોયે પણ મનોવૃત્તિઓ વશ રહી નહીં. અન્તઃકરણ જે પ્હેલાં કોમળ હતું, એક પાપ કરતાં પણ કંપારો ખાતું, તે હવે બેધડક હત્યાઓ કરે ગયું !...પણ હવે અનુભવ બદલાયો છે. જે જીવનમાં પ્હેલાં અમૃત જેવી મીઠાસ રહેલી લાગતી હતી તેમાં કોણ જાણે કયમ પણ હવે કડવાશનો સ્વાદ આવવા માંડે છે. તો હવે ત્હમુને કહેવાનું એટલુંજ કે બીજી મ્હારા જેવી નિર્ભાગી બાળકીઓ માટે કાંઇક ઉપાય શોધી કહાડો !

દુનિયાંનાં સુખ–ઉપભોગ અનુભવવા સરજાયલી જીંદગી એળે જવા દેવી એવી ઇશ્વિરની ઇચ્છા નહીંજ હોય એમ મ્હારા ભાઈ ઘણીવાર કહેતા અને મ્હને પણ એમજ લાગે છે. તો પુનર્લગ્નનો રીવાજ સબળ કરો તો ત્હમે દેશી સ્ત્રીઓનું કલ્યાણજ કર્યું કહેવાશેઃ પણ કદાચ કાંઇક કારણસર તેમ નજ બને એ-મ હોય તો તો પછીવૈધવ્ય ભોગવવું અને તે ભરયૌવનમાં ત્હેના કરતાં સતી થઇ બળી મરવાનો રિવાજ ઘણો સારો હતો ! નહિં તો ત્રાસદાયક પાપો થવાનાંજ, ત્યારે તેમાંથી અનાથ બાલિકાઓને બચાવવી એના જેટલું બીજું કયું મ્હોટું પુણ્ય છે ? ફક્ત જાણનારાંજ–અનુભવનારાંજ અમારી હાલત જાણે છે !–બીજાં કોઇને અમારાં કષ્ટ–દુઃખનું સ્વપ્ન પણ આવતું જણાતું નથી ! ”

૫. અન્ધશ્રદ્ધા :

“ હું પૈસાવાળાં પણ ધર્માંધ માતાપિતાને પેટ જન્મી છું. વીસ વર્ષની ઉમ્મરે ત્રણ ન્હાનાં બાળક મૂકી, મ્હારા પતિએ સ્વર્ગવાસ કર્યો. હું સાસરે હતી : મ્હારાં સાસરિયાંના ત્રાસ-દાયક જૂલમે મ્હને પિયર ન્હસાડી મૂકી. અહિં એક બ્રહ્મ-ચારીને બધાંયે ગુરૂ તરીકે માન્યો હતો : એનાં દુરાચરણ કોઇ સમજી શકતાં ન્હોતાં ! મ્હારા બાલવિચાર ત્હેણે પોતાની મનોવૃત્તિઓને અનુકૂળ થાય તેમ વાળ્યા અને ત્હેણે મ્હને એવાં એવાં પુસ્તકો વંચાવ્યાં, એવા એવા ધર્મના સિદ્ધાન્ત શીખવ્યા કે મ્હને કાંઇપણ દુર્વિચારની લાગણી થવા દીધા વિના અન્તે ભ્રષ્ટ કરી !...મ્હારૂં મન ધર્મની બીજી શુદ્ધ વૃત્તિઓ ઉપરથી ઉઠી ગયું અને કોણ જાણે એણે શું કર્યું કે હું એની પાછળ ગાંડી ગાંડી બની ગઈ!......અન્તે આંખ્યો ઉઘડી પણ કર્યું તે તો કર્યુંજ ! **पापोऽहं, पापकर्माऽहं, पापात्मा, पापसंभवः–**

એ વાક્ય સંપૂર્ણ રીતે મ્હારી બાબતમાં સત્ય પડ્યું. જગદીશ્વરની કૃપાથી એક ભગવતીસ્વરૂપ યોગિની મૈયાએ મ્હને બચાવી લીધી: ત્હેમણે આપેલી પૂજા કરૂં છું અને ત્હેમણે આપેલો મંત્ર અહોનિશ જપું છું પણ એ બ્રહ્મચારી હજીયે મ્હારો પિછો છોડતો નથી! મ્હારાં માતાપિતા દરેક ભગવી ચીંદડીમાં ધર્મસ્વરૂપ જુવે છે, ત્હેમને હું સમજાવી શકતી નથી: મ્હારી માતા ગોસાંઇજીનાં મન્દિરોમાં મ્હને જવાનો આગ્રહ કરે છે અને પોતાની સાથે ત્યાં લઇ જાય છે, પણ હું જે કૃત્યો ત્યાં થતાં જોઉં છું તેથી હવે મ્હારૂં હૃદય કમકમાટી પામી ત્રાસી જાય છે! સર્વ સ્થળે આવુંજ છે, ત્યાં શું કહેવું? વિધવાઓનાં કર્મની કહાણીઓ તો જાણનારજ જાણે છે! તેઓને યૌવનની, દરિદ્રતાની, સત્તાની, માનસિક અપવિત્રતાની, અને ધર્માંધતાની વેદી ઉપર પોતાનું સર્વસ્વ–ઐહિક અને પારલૌકિક સુખ હોમી દેવાની ફરજ પડે છે!–ત્હમે પુછશો કે 'ત્યારે તેનો ઉપાય?' તો મ્હને તો એમજ સૂઝે છે કે પુનર્લગ્ન કરાવી વિકારવશતામાં વધારો કરાવવા કરતાં ખરા ધર્મ અને પરમાર્થ તરફ તેમનું જીવન દોરવું એ વધારે સારૂં છે. પણ તેમ કરીને કોણ ત્હેમને બચાવી શકે તેમ છે? ત્હમે આટલી ત્હેમની દાઝ જાણો છો તો ત્હમને આટલું અમારૂં દુઃખ પણ રડાય છે નહિં તો અમારૂં કોણ છે? પુરુષો અમારી પાછળ શિકારી થઇને લાગ્યા છે; લોકોમાં મનાતાં ધર્મ અને જ્ઞાન અમને અપવિત્ર કરવામાં બધું બળ વાપરે છે, ને જનસમાજ પણ અમને તો ભૂલીજ ગયો જણાય છે!–એટલે કરવું શું?"

* * * * * * *

યોગિનીની આંખોમાંથી આંસુ ટપકવા માંડયાં અને બંને જણ ક્ષણભર વિચારગ્રસ્ત બેશીજ રહ્યાં.

" મૈયા, આ છેલ્લા પત્રમાં જે યોગિનીનું નામ લખ્યું છે

તે તું જ છે એમ મ્હને લાગે છે, એટલે એના સત્યાસત્ય ઉપર તું વિચાર કરી શકીશ. ”

“ હા શ્રીમતી, એ મૈયાને હું ઓળખું છું. એ કહે છે એમાં એક અંશ માત્ર પણ અસત્ય નથી. ઓ પ્રભુ ! આ વિધવાઓનાં કષ્ટ !–હું એવો મહાન્ સાગર ઓળંગવાનો પ્રયાસ કાગળના ન્હાના હોડકામાં બેશીને કેવી રીતે કરી શકવાની હતી ?–શ્રીમતી, મ્હારો આત્મા અત્યારે ખરેખરો ત્રાસતમજ થઈ ગયો છે. ગરબાને દિવસે કરેલા વિચાર પ્રમાણે એ ત્રણ દિવસમાં તું, હું અને સરસ્વતી આપણે મળવાનાં છીએ, તે વખત આ સર્વ વિષયોનું મન્થન કરવા પ્રયત્ન કરીશું. જગદંબા આપણને સહાય કરો !

પ્રકરણ ૯ મું : ત્રણ યોગિની–કુમારિકા, પત્ની, વિધવા.

૧. હૃદયવાટિકા :

નિર્મળબાળા, સરસ્વતી, અને મહાદેવી, એકલાં વિચારગ્રસ્ત બેઠાં હતાં. લલિત સુરમ્યતા, લાવણ્યમય મનોહરતા, ભવ્ય સુન્દરતા,—અહિં પોતપોતાનો કાન્ત પ્રભાવ ચોતરફ રેલાવતાં હતાં : ઉત્સાહભરી સ્વદેશભક્તિ, આનન્દન સ્વધર્મપ્રીતિ, ઉત્કર્ષક અબલાવત્સલતા;–અહિં પોતાનો રમણીય પ્રતાપ મૂર્તિમાન કરતાં હતાં.

" મૈયા, શ્રીમતીએ આ પત્રોથી તો ખરેખર અનાથ વિધવાઓનો કડવો અનુભવ દોહીજ કૃહાડયો છે !—હવે જો આપણાથી કાંઇ પણ ન બની શકે તો ત્હેમનો પ્રયત્ન અફળ છે અને આ જીવન પણ વ્રથા ભાર રૂપ છે ? કાંઇક તો કરવુંજ જોઇએ. "

" સરસ્વતી,-ત્હારા ઉપર મ્હારા હૃદયમાં જે અનન્ય પ્રીતિ ઉભરાય છે ત્હેને લીધે 'તું' કહીને વાત કરું તો ક્ષમા કરજે.-બ્હેની સરસ્વતી ! એકલી વિધવાઓનેજ કષ્ટ ભોગવવાનું નથી : આપણા સાંસારિક જીવનમાં પત્ની અને વિધવા - એમાંથી એક પણ ખરૂં સુખ ભોગવતી નથી. "

" મૈયા, ત્હારું એ કૃહેવું તો અનુભવથી સિદ્ધ થયેલુંજ છે ! " નિર્મળબાળા બોલી ઉઠી : " પરન્તું કુમારિકાઓ-કન્યાઓની સ્થિતિ પણ કોઇ રીતે પસંદ કરવા જેવી છેજ નહિં. મ્હારે ઘેરે ઘેરે ફ્રરવું પડે છે; હું હમ્મેશાં જૂદાં જૂદાં કુટુંબોની રૂહેણીકરણી તથા નીતિરીતિથી વાકેફ થયાં કરૂં છું, પણ એવાં થોડાંજ ઘર જોયાં કે જ્યાં વહુ અને પુત્રી, માતા અને ભગિની ક્લેશરહિત જીંદગી ભોગવે છે અને આનન્દમાં દિવસ નિર્ગમે છે ! મ્હારૂં માનવું તો એમજ થઈ ગયું છે-પછી મ્હારી ભૂલ હોય તો ' પ્રભુ ક્ષમા કરજે ';-કે ' હિન્દુઓ ગાળેજ જીવન ક્લેશમાં '-અને ' નારીને રોવા વિના નહિં કર્મમાં બીજું કંઇ ' એ વાકયો લખનાર કવિએ આબેહૂબ સત્યજ લખી દીધાં છે. હિન્દુ સ્ત્રી, આર્ય રમણીનો હાલ ' પિંજર સમ સંસાર વિષે નકિ વાસ છે ' , અને દુ:ખે સુખે ' જીવનભાર જવો વહીં ' એટલુંજ એમના સંસારનું સાર્થકય છે ! મૈયા, મૈયા ! કુમારિકા, પત્ની કે વિધવા, હું તો કોઇનું જીવન સુખમય-આનન્દમય-ઉન્નતિપથ પર જોતીજ નથી ! " આંસુભરી આંખ્યો લ્હોતાં ત્હેણે દીર્ઘ નિઃશ્વાસ મૂકયો.

" ભગવતી ! જગજ્જનનિ ! સર્વનું શ્રેય કરો : " યોગિનીએ કહ્યું. " સરસ્વતી, આપણી શ્રીમતી જેવી ઉત્સાહમૂર્તિ પણ જ્યારે આમ નિરાશાનાં ચિહ્ન દાખવે છે ત્યારે તું તો નિરાશ થાયજ, એમાં નવાઇ શી ?–પરન્તુ બ્હેનીઓ ! આપણે ફક્ત કર્તવ્ય કર્યાં કરવું ! મોહ ન પામવો, ક્ષોભ પણ ન પામવો ! અતિ ઉત્સાહનું પરિણામ અતિ નિરાશા અને અતિ નિરાશાવાન મનુષ્યનાં હૃદયોમાં પણ પરિણામે આશાનાં, ઉત્સાહજન્ય કિરણો પ્રકાશ રેલ્યા વિના રૂહેતાં નથી. આપણે કાંઇ અનન્તકોટી બ્રહ્માંડોનો ભાર ઉપાડવાને નિર્માણ થયેલાં નથી : તે કરવાવાળી મહાસમર્થ જગદંબા તો સાક્ષાત્ પરમજ્યોતિ સ્વરૂપે પ્રત્યક્ષજ છે. આપણે માટે નિર્માણ થયેલું જે ન્હાનું મ્હોટું કામ આપણે કરવાનું હોય તે પ્રભુપ્રીત્યર્થેજ કરવું : આપણે શું કરવાનાં હતાં ?–એ નો એ અર્જુન, એ નું એ ગાંડિવ, એ નો એ રથ અને એ ના એ અશ્વો, – છતાં કાબાથી લૂંટાયો ! ' દિન પલટયો, પલટી ઘડી, પલટી હથ્થ કમાન ! ' – એ નાં એ આપણે : પરન્તુ પરમાત્માનાં કૃપાકિરણથી ઝળકતી સૃષ્ટિમાં આપણે માટે શું નિર્માણ થયું છે તે કહી શકીશું ? અત્યારે નિરાશામાં તો કાલે આશામાં ! જીવનબ્હેણ એમજ વહે છે. માટે આપણે પ્રભુના રાજ્યમાં કૌરવો–રાક્ષસોની આસુરી સંપત્તિ સામે લડતી પાંડવો–દેવોની દૈવી સંપત્તિની તરફથી જેટલું–યત્કિંચિત પણ–કરીશું તેટલામાં પરમાત્મા શ્રી કૃષ્ણચન્દ્ર ભગવાન આપણી આંતર્ વૃત્તિઓના સારથી–નેતા થશેજ એમાં કાંઇ સંશય છે ? સહાય કરનારી, હિમ્મત દેનારી, હજાર હાથવાળી જ્યાં આદ્યશક્તિ છે ત્યાં... "

" મૈયા, મૈયા, મ્હને માફ કર ! " નિર્મળબાળા વચમાં બોલી ઉઠી: " ત્હારા શબ્દોએ મ્હારો ઉમંગ સજીવન કર્યો

છે; ત્હારા પવિત્ર આત્માએ મ્હારા જીવનતરંગોને સચેતન કર્યા છે; તું કહે તે કરવાને હું તૈયાર છું: પણ અભિમાન વિના, કીર્તિલોભ વિના, 'અહમ્' ભાવના વિનાજ; ઇશ્વર પ્રીત્યર્થે, ફરજ સમજીનેજ!–પછી વિજય પ્રાપ્તિ ન થાય તો...!"

"ન કેમ થાય, **શ્રીમતી**!" સરસ્વતીનું હૃદય પણ મહા દેવીની વાણીસુધાના પાનથી જાગ્રત થઈ ગયું હતું! "મૈયા જેવાં ભગવતીની મદદ છે; પરમાત્માના દેવદૂતો પણ આપણી વ્હારે ધાશે. લ્હડાઈ થશે તો એક અને અનેક વચ્ચે, અને પ્રભુ સાક્ષાત્ સહાય તો કદિ કરવાનાજ નથી; દ્રોણુ અને ભીષ્મ અને કર્ણ જેવા મહાવીરોની પાસેથી જેમ એકલો અર્જુન વિરાટની ગાયો છોડાવી લાવ્યો તેમ આપણું બળ આપણા હેતુની પવિત્રતામાં છે: ત્યાં સહોદર બન્ધુઓ અને મિત્ર વર્ગ આઘોજ રહે છે, સામેનો અક્કેકો યોધ્ધો ઇન્દ્રાસન પણ ડોલાવી નાંખવાને સમર્થ હોય છે, આપણો સારથી અબળ બાલક હોય છે અનેક રણસંગ્રામમાં રમેલા ઘોડા અને પ્રભુના સ્થાનકવાળો રથ પાસે નથી હોતો, તો પણ શું? પ્રભુ, જે લક્ષ્મીજીનું દિવ્ય પ્રેમ ભર્યું આલિંગન ત્યજી દઇ ભકતોની વ્હારે ધાય છે, તે આવી લ્હડાઇમાં, અદૃશ્ય છતાં, માત્ર આત્મબળનાંજ અસ્ત્ર અને હૃદયબળનાંજ શસ્ત્ર આપી ગાયોની વ્હારે ધાનાર વીર સૈનિકની મદદમાં હાજર હોતા નથી?–

"**શ્રીમતી**! આપણે પણ એવીજ–પીડા પામતી ગાયોની વ્હારેજ ધાવાનું છે, માટે અમુક નિશ્ચય ઉપર આવી જઇએ; અને આપણાથી જે થોડું વધારે કામ થશે તેટલું કરીશું, અધૂરું રહેશે તે બીજાં કરશે. જેમ દુરાચાર દુર્વિચાર અજ્ઞાન અને વ્હેમાદિના પોષક પિતા રકતબીજના અક્કેકા રુધિર-

બિન્દુમાંથી અક્કેકો રકતબીજ ઉત્પન્ન થયાં કરે છે, તેમ ત્હેમનો સર્વનો નાશ કરવાને સમર્થ—સુવિચાર, સત્સંગ, સદાચાર, અને સદ્દ્જ્ઞાનની પોષક જનનિ મહાશક્તિ ત્હેમનાથી પણ વધારે રૂપ લઈ, ત્હેમનું નિકંદન કરી નાંખે છે, એ વાર્તા પુરાણ-પ્રસિદ્ધ છે. તો આપણા જેવાં અસંખ્ય રૂપથી પરમાત્મા પોતાનું કામ તો કરશેજ. આપણે નિમિત્ત માત્ર છીએ. કેમ મૈયા !"

"સરસ્વતી, ત્હારો આત્મપ્રભાવ બહુ વિચક્ષણ છેઃ તું અને શ્રીમતી, બંને અધિકારી જન છો અને તેથીજ ત્હમારી સથે મ્હને પણ ભળવાની ઉત્સુકતા થઇ છે. ત્હારું ક્હેવું સત્ય છેઃ અને તે આજ નહિં તો એક દિવસ ભવિષ્યમાં પણ જગત્‌ને 'ગ્રાહ્ય અને સ્વીય' થવાનુંજ !—ક્હે શ્રીમતી, ત્હારી શી યોજના છે ?"

"માજી,—કુમારિકા, પત્ની, અને વિધવા,—એ ત્રણેનાં જીવનમાં ઉત્સાહની—આનન્દની બંસરી વગાડવી; જીંદગી ફક્ત દુઃખમયજ નથી, તેમ ક્ષુલ્લક, તાત્કાળિક સુખ માટે પણ નથીજ; ત્હેનાં સત્ય પરમ સુખ ત્હેમને અનુભવાવવાં; અને આર્ય મહિલાઓનાં આત્મા-હૃદય ઉન્નત કરી, ત્હેમનાં બુદ્ધિ-જ્ઞાનને વધારે વિકાસ પમાડી, ત્હેમનાં શરીરને વધારે તન્દુરસ્ત, સુન્દર કરી,—ગૃહકુંજો દિવ્ય વિલાસનાં કોકિલગાનથી ગુંજાવી મૂકવી, પ્રજાગણમાં આરોગ્યતા-સબળતાના સ્વર્ગીય પ્રવાહ રેલાવવા; અને ભારતીદેવીનું નિવાસમન્દિર પાછું સુરમ્ય થાય, પ્રભુગુણગીતાવલિથી સુહાતું થાય, જગત્ સર્વને આનન્દ આપતું થાય,—એજ આ સ્વદેશપ્રેમી, લોકવત્સલ, પરન્તુ અલ્પબળ, શક્તિહીન હૃદયની મહાન્ વાંચ્છના છે."

૨. સુવાસલહરિ :

"મૈયા!" સરસ્વતીએ કહ્યું : "મૈયા! આપણી સ્ત્રીઓની હાલત સુધારવામાં શું શું કરવું જરૂરનું છે, એ વિષય ઉપર એકાદ બે વખત મ્હારે મ્હારા પ્રિય પતિ સાથે વાત ચીત થઇ હતી: ત્હેમાંથી જેટલું સાંભરશે એટલું વિદિત કરીશ; બાકીનું શ્રીમતીને એ વિષયનો ખાસ અનુભવ હોવાથી, એ વધારે સારી રીતે કહી શકશે :

મૈયા, બાળકિઓ અને સ્ત્રીઓની શરીરસ્થિાત ઉપર ઘરમાં બીલકૂલ લક્ષ આપવામાં આવતું નથી; ત્હેમનો ખોરાક સત્વ વિનાનો અને ત્હેમની તન્દુરસ્તીની સાચવણી નહિં જેવીજ હોય છે; ખરા ગૃહશિક્ષણનું નામ નહિ; માતાઓ અને વડિલ વર્ગ શીખવે તો,—ભુંડાશ કરતાં, ચાડી ચૂગલી કરતાં, નિન્દા કરતાં, સાસરે ખંદાશ કરતાં, સાસુ નણંદોની સામે થતાં,—એવું એવું કંઇક શીખવે છે; કોઈ એમ નથી ક્હેતું કે ત્હમે પતિને પ્રસન્ન રાખો; સાસરૂં કે જ્યાં ત્હમારે આખી જીંદગી ગાળવાની છે ત્હેનેજ ઘર માનો; ભટકારા ઓછા કરો; સાસરિયાં ક્હે તે પણ સાંભળી દોષ સુધારો; દેવદર્શનમાં વખત ગાળ્યા કરતાં—(આ દેવદર્શનનું નામજ છે; મૈયા! ખરૂં પૂછો તો કુથલીઓ અને નિન્દા કરવાનેજ બાલિકાઓ વ્હેલી વ્હેલી ઉઠી દર્શન કરવા દોડે છે)— ઘરમાં દેરાસરમાં દેવજ છે તો—ત્હેમની અને પતિની ભક્તિ કરો; ભાઇ ભાંડુ, દિયર દેરાણી, નણંદ ભોજાઇ, સર્વની સાથે સારૂં રાખો! — મૈયા, એ કોઈ શીખવતુંજ નથી! — બાળલગ્ન સર્વત્ર છે, એટલે પુત્રી મટીને પત્ની થતાં થતાંમાં તો તે બાળકી માતા પણ થાય છે! મૈયા, મૈયા! ત્હમને હું શું કહું! એ બાલિકાઓ પોતાની માતા તરીકેની ફરજો જાણતી નથી તો બજાવે ક્યાંથી?— સીમન્ત

આવતાં જરા વાર લાગે છે તો–એટલામાં તો હવે એને પ્રજા થવાનીજ નથી એમ માની બેસે છે; અને સાસરિયાં ત્હેને એટલાં બધાં સતાવે છે કે કંઇકવાર ત્હેમનાં મ્હેણાંટુણાંથી ત્રાસી ગયેલી વહુઓ માત્ર છોકરાંની લાલચથીજ આડે માર્ગે પણ દોરાય છે. ઘરમાં, પછી પિયર હોય કે સાસરૂં પણ, હમ્મેશાં કલેશ અને કંકાસ ! જે બાલિકા પોતે સાસરામાં નણંદના સંતાપથી ત્રાસે, તેજ પિયરમાં ભોજાઇને બને તેટલું દુઃખ દેવામાં પાછી ન પડે ! આ અમારૂં કુટુંબચિત્ર ! અતિશયોક્તિ નથી; **મૈયા** ! શરીરે નિર્માલ્ય, પૈસેટકે ક્ષીણ, શાન્તિ અને સંપથી વિમુખ, કેળવણીમાં પછાત, ખરો ધર્મ શું છે ત્હેનું જેનેભાન પણ નહિં, અન્ધશ્રદ્ધામાં દટાઇ ગયેલાં–આ અમારાં સ્ત્રીજીવન !–આપણા ઋષિપૂર્વજોનાં સ્વપ્નમાં પણ નહિં હોય કે **ભા**રતભૂમિ જ્યાં દેવતાઓ પણ અવતાર પામવો એ સદ્‌ભાગ્ય સમજતા, તે આવી થશે ! આમને આમ ચાલે તો કવિનું કહેવું શું ખોટું છે કે ? :

> ' ને આ પુરાણ, રુડિ **ભા**રતભૂમિ અન્તે,
>
> થાશે વિલુપ્ત ઈતિહાસપટેથી, સત્યે ! '

મૈયા ! મ્હારા પ્રિય પતિને યોજેલો ઉપાય તો એકજ છે : સ્ત્રીઓને ખરી કેળવણી મળતી નથી, તે આપો : બાળકીઓને ન્હાનપણથીજ ધર્મશીલ નીતિમાન બનાવો; વિધવાઓને જનસમાજને તેઓ ઉપયોગી થઈ પડે એવા પ્રકારનું જ્ઞાન આપો,—તે તે દિશાઓમાં ત્હેમનાં મન વાળો ! **હિ**ન્દુ કુટુંબ જે હાલ ત્રાસદાયક અને સ્ત્રીઓના ઉદયને હરકત કરનારૂં થઇ પડયું છે, ત્હેના આન્તર્ વિભાગો જો યોગ્ય કેળવણીની અમૃત ફૂંકથી પવિત્ર કરવામાં આવે તો તે પાછું

પ્રીતિ અને નીતિનાં કિરણોથી સુહાતું બની શકશે; અને એક કરતાં વધારે સ્ત્રીનાં એક પુરૂષ સાથે થતાં લગ્ન, વિધવાઓનાં હૃદયબન્ધ તોડી નાંખે એવાં અત્યંત કલેશકર દુઃખ, વૃદ્ધ માતાપિતાની ઉત્તરાવસ્થામાં થતી હેરાનગતી,—બધુંય થોડા કાળમાં નિશ્ચે અદૃશ્ય થઈ જાય : એ સર્વે બિગાડનું સંશોધન કરી ગૃહસંસાર શુદ્ધ કરવાનું સાધન ઉત્તમ પ્રકારની સ્ત્રીકેળવણીજ છે, બીજું કાંઇ નથી !

"શ્રીમતી, હું હાલની કેળવણી ઉપર નકામોઆક્ષેપ મૂકતી નથી; પણ ત્હમેજ જૂવો, એ ફત્તેહ પામી છે?—મ્હારાથી મ્હોટાં વૃદ્ધ જનનો અનુભવ ક્હે છે કે, બાળકીઓ નાસ્તિક થઇ જાય છે, ગમે ત્હેવાં પુસ્તકો વાંચવાથી ત્હેમનાં મન કલુષિત થઇ જાય છે, વધારે હરામખોરી શીખે છે, વધારે ખટપટ ઉભી કરવામાં હુંશિયાર થાય છે ! સામાન્ય બાલિકા સારી કેળવણી નહિં પામેલી, ઉંચાં ધોરણો સુધી નહિં ગયેલી હોવાથી ત્હેના ઘણા દોષ માફ કરવા પડે છે : પણ પાઠશાળાની ઊંચી કેળવણીનો જે સન્નારીઓને લાભ મળેલો છે તેઓ પણ પોતાની બ્હેનોનાં સંસારસુખ તરફ બેદરકાર અને પોતાનાજ સ્વાર્થમાં અગર ઉદરનિર્વાહમાંજ જીવન ગાળતી જ્યારે દેખાય છે ત્યારે ત્હેમના ઉપર મ્હને દયાજ આવે છે!—એ પણ પોતાની ફરજો ન બજાવે ત્યારે એ બધું કામ કોણ પુરુષો કરવાના ? – શ્રીમતી, ત્હમે અને ઈન્દિરાબાઇ અપવાદ રૂપ છો : હું તો સામાન્ય રીતે વાત કરૂં છું. કહેશો કે થોડીજ સ્ત્રીઓએ એવા પ્રકારની કેળવણી લીધી છે : તો મ્હને એટલું જણાવશો કે એ થોડી સન્નારીઓ પણ દુનિયાંના ક્યા ખૂણામાં વસે છે ?—આ બેદરકારી એટલુંજ બતાવી આપે છે કે એ પણ જોઇએ ત્હેવી કેળવણી પામી નથી ! –ત્હેમનાં મન પણ જોઇએ તેટલાં ઉઘડ્યાં નથી !... હું તો ખાસ કેર

અપાતી કેળવણીનીજ તરફેણમાં છું : પણ ઘેરે ન મળે અને નિશાળમાં પણ ન મળે–એ કેળવણી બાળકીઓ પામવાની ક્યારે અને આપણી સ્ત્રીઓની હાલત સુધરવાની ક્યારે ?"

"બ્હેની સરસ્વતી ખરૂં કહે છે, મૈયા !" નિર્મળબાળાને કબૂલ કરવું પડયું : "ઘણું ખરૂં સત્ય છે. હું પણ તે ડગલે ડગલે અનુભવતી આવું છું : સાંસારિક સુધારો જે ઘરમાં–કુટુમ્બોમાંજ શરૂ કરવાનો છે, તે પછી અમારી મહિલાસમાજમાં તેમજ બ્હાર, ક્યાંથી સફળ થાય ?–અને મ્હને પણ એવાજ પ્રકારના વિચારોએ પત્નીશાળા અથવા 'જનાના સ્કૂલ' ની યોજના કરવા પ્રવૃત્ત કરી હતી. વિધવાઓ વાળા પત્રોએ હવે મ્હારી યોજનામાં થોડોક ફેર કરાવ્યોછે.

"જેમ લશ્કરી અને સામાજિક ખાતાંઓમાં કામ કરવાને યોગ્ય થવાના અમલદારો માટે જૂદી જૂદી નિશાળો છે, તેમજ પત્ની અને વિધવા તરીકે કામ કરવાને યોગ્ય થવા જૂદા જૂદા પ્રકારનાંજ ધોરણ જોઇએ. હું કબૂલ કરૂં છું કે વિધવાઓનાં લગ્ન–જે ત્હમને કદાચ રુચિકર નહિં હોય તે–થાય તો ઘણી સારી વાત છે. પરન્તુ તે કરવાને લોકવૃત્તિ, અને વિધવાઓની પોતાની ઇચ્છા પણ પકવ થાય ત્યાં સુધી તો ત્હેમની સંભાળ રાખવી જોઇએ ? અને વિદૂષી મિસિસ ઍનિ બિસેન્ટની કરેલી સૂચનાઓ જેના વિરૂદ્ધ બોબાટ ઉઠયો હતો તે–તેટલા પુરતી તો ઘણી સ્તુત્ય, પસંદ કરવા યોગ્ય છે એમ કબૂલ કરવું જોઇએ.

"બંને ત્યાં સુધી કન્યાશાળાઓમાં વૃદ્ધિ કર્યાં કરવી, અને પત્નીશાળાઓ, વિધવાશ્રમો અને અનાથ બાલિકાશ્રમોની વધારે વધારે સ્થાપના કર્યેજ જવી. ત્હેમાં પણ ખાસ અગત્યનું એટલું છે કે, સઘળી વ્યવસ્થા આધેડ, વયોવૃદ્ધ, સારૂં જ્ઞાન પામેલી, અનુભવી, સદાચરણી સ્ત્રીઓના હાથમાંજ મૂ-

ક્વી. કેળવણી ખાતાની હાલની પદ્ધતિ બાબતની ફરિયાદ ખરી છે: મ્હેં એક કરતાં વધારે ઠેકાણે તે સાંભળી છે. સ્ત્રીઓનું શિક્ષણ પુરુષોના હાથમાં મૂકવું, ત્હેમની શાળાઓની પરીક્ષા લેવાનું કામ એટલે ત્હેમના ભવિષ્યની આશાઓનો આધાર પુરુષોના હાથમાં રાખવો, એ મ્હને અવાસ્તવિક, અનીતિભરેલું, અન્યાયી લાગે છે !

" જનાનાસ્કૂલની રીત પ્રથમ પાદરીઓએ પ્રચલિત કરી હતી પણ મ્હને તે ઘણીજ સારી અને અનુકૂળતાભરેલી લાગે છે. પૈસાદાર કુટુંબોમાં સ્ત્રીઓ પોતાનો ઘણો ખરો વખત લગભગ નકામોજ ગાળે છે અને તેથી ત્હેમનું શરીર બળહીન અને જીવન ઉત્સાહહીન થઇ જાય છે. વિલાયતમાં પાદરીઓને પોતપોતાના શહેર-વિભાગોમાં મદદ કરવાનું કામ સ્ત્રીઓ નવરાશના વખતે કરે છે : ઘેરે ઘેર જાય છે, માંદાંની માવજત કરે છે, અપંગ, નિર્બળ, વૃદ્ધ મનુષ્યોની પાસે બેશી, વાતો કરી, ધર્મપુસ્તકો વાંચી સંભળાવી, ત્હેમની જીંદગીને સુખમય બનાવે છે. આપણે અહિં તવંગર અને ગરીબ, ભણેલાં અને અભણ,-એ મનુષ્યોની વચ્ચે તો કાંઈ સંબંધજ નથી ! એમ શા માટે હોવું જોઇએ ?..મ્હારી યોજના એવી છે કે જે સ્ત્રીઓ નિશાળે ન જઇ શકે, ત્હેમને ત્યાં જઇને, એટલા વિભાગમાંની થોડીક સ્ત્રીઓ એકઠી કરીને ત્હેમને શિક્ષણ, જ્ઞાન, સુબોધ આપવાં એ કરતાં સ્ત્રીઓને બીજું કયું વધારે સારૂં કામ મળવાનું ?-ઘણી કુલીન પણ નિર્ધન સ્ત્રીઓ અને વિધવાઓને આવી રીતે ભરતાં ગુંથતાં અને શીવતાં શીખવાય તથા બીજાં આજીવિકાનાં સાધન પ્રાપ્ત કરવામાં મદદ પણ કરી શકાશે; અને આમ થાય તો ' પત્નીશાળાઓ ' એ એક મહાન કાર્ય આરંભ્યું, એમ નિઃસંશય માની શકાય.

" હાલની ચાલતી કેળવણીની રીતિમાં ધાર્મિક અને

નૈતિક જ્ઞાનની તો જરૂર છેજ : પણ તે ઉપરાંત સંસ્કૃતના ફરજિયાત શિક્ષણની આવશ્યકતા પણ છે. સંસ્કૃત નહિં જાણવાથી, ગમે હ્મેવો ભગવાં વસ્ત્ર પ્હેરનારો બ્રાહ્મણ અગર બાવો આવ્યો અને એક બે ખરા ખોટા 'શ્લોક' બોલ્યો તથા ત્હેનો અર્થ મનગમતી રીતે સમજાવ્યો એટલે સ્ત્રીઓને એમજ થઇ જાય છે કે શાસ્ત્રનું વચન કેમ ઉલ્લંઘાય ?–આતો એકજ દાખલો છે પણ આવાં તો અસંખ્ય દૃષ્ટાંતો ત્હેમના ઠગાયાનાં બન્યાં છે અને બને છે! તો જ્યારે શાળાઓમાં ત્હેમને ઇંગ્લિશ શીખવવાનો આટલો બધો આગ્રહ છે તો સંસ્કૃત જે ત્હેમને દરરોજ ગૃહસંસારનાં શુભ અશુભ કામોમાં ઉપયોગમાં આવે છે, ત્હેનું જ્ઞાન તો બાળકીઓને ખાસ આપવુંજ જોઇએ.

"સ્ત્રીઓ બચપણથીજ ઘણી નબળી હોય છે: બાળલગ્નથી ત્હેમના બાંધા નરમ થઇ જાય છે; વારંવાર આવતી સુવાવડોથી ત્હેમનું શરીર સોસાઇ જાય છે,–અને તેથીજ તાણ, અશક્તિ, ક્ષય, આદિ હાલ વધારે પ્રચલિત રોગોનું પ્રબળ વધી પડયું છે. સાસરે કે પિયર શરમ-મર્યાદાના ખોટા વિચારથી બાળકી મુંગે મ્હોંયે ઘણાં ગંભીર દરદો સહન કર્યાં કરે છે,–પોતે સમજતી નથી, કોઇને પૂછતી નથી, અને ક્હેતાં શરમાય છે; આ સર્વનું પરિણામ ઘણુંજ વધી ગયા પછી ઝટ રોકાતું નથી. હિન્દુ સંસાર બળહીન, વીર્યહીન, તેજહીન થતોજ જાય છે! માટે બીજા જરૂરના વિષયો ઉપરાંત બાળકીઓને સાધારણ વૈદકનાં મૂળતત્વો, શસ્ત્રવિદ્યા તથા સ્ત્રીઓને લગતાં દરદોનું જ્ઞાન આપવું એ ખાસ અગત્યનું છે: બીજા ઘણાયે સાધારણ ઉપયોગના વિષયો ત્હેમને શીખવવામાં આવે છે, જેમાંથી એકાદ બે મૂકી દઇને પણ આવું મહત્વનું જ્ઞાન તો બાળકીઓને આપવુંજ જોઇએ.

"ગરીબ સ્ત્રીઓ માટે રક્ષકમંડળોની સ્થાપના–આશ્રય

સ્થાનોની વૃદ્ધિ; કુળવાન સ્ત્રીઓ માટે ઘેર ઘેર ફરી થોડી વધારે પણ મદદ કરી શકાય એવા ફંડનું–સદાવ્રતનું મંડાણ; સ્ત્રીઓને વાંચવા લાયક ખાસ પુસ્તકો લખાવી પ્રસિદ્ધ કરાવવાની યોજના તથા સારાં સારાં પુસ્તકો ઘેર આપી શકાય એવું પુસ્તકાલય; જનાનાસ્કૂલ અને ધાર્મિક કેળવણી ફેલાવવા માટે સ્ત્રીપણ્ડિતો તથા સ્ત્રીશિક્ષકોનો વધારો;–એવા એવા અનેક ઉપાયોની હાલનો સડો ક્હાડવાને જરૂર છે.

મૈયા, સારાં પુસ્તકોની લ્હાણી અને જૂજ ખર્ચથી અથવા પૈસા લીધા શિવાય સ્ત્રીઓને ચોપડીઓ મળી શકે એવા પુસ્તકાલયની સ્થાપના, એ ગરીબ સ્ત્રીઓના ગૃહશિક્ષણ માટે બહુ અવશ્યનું છે. ખ્રિસ્તી ધર્મ ફેલાવવાને કરોડો ધર્મપુસ્તકો મફત વ્હેંચાય છે, તો અહિં એટલું યે ન બની શકે કે–દરેક ગામમાં અકેકું એવું પુસ્તકાલય ક્હાડવામાં આવે, જેમાં સુપ્રતિષ્ઠિત સ્ત્રીનું સર્ટિફિકેટ–અભિજ્ઞાનપત્ર કોઇપણ સ્ત્રીને સભાસદ થવાની યોગ્યતા આપી શકે: બે ચાર ગરીબ સ્ત્રીઓની ત્હેના વ્યવસ્થાપક મંડળ તરફથી નીમણુંક કરવામાં આવે, જેઓ સભાસદ સ્ત્રીઓને ત્યાં લિસ્ટ–પુસ્તકોનાં નામનું પત્રક લઇને ફરતી રહે, તે માગે તે ચોપડીઓ આણી આપે અને અમુક મુદતે પાછાં આપવાનાં પુસ્તકો પાછાં લઈ જાય. વ્યવસ્થા યોગ્ય રીતે કરવામાં આવે તો આ યોજના બહુજ ફળપ્રદ થયા વિના નહિં રહે.

" છેલ્લે, સ્ત્રીપણ્ડિતોની ખાસ જરૂર છે: શાસ્ત્રી–પુરાણીઓ, બ્રહ્મચારી–સન્યાશીઓ બહુ અનીતિ પ્રવર્તાવનારા થઇ પડ્યા છે એ બૂમ ખોટી નથી. મૈયા ભગવતી ! ત્હારા જેવી સાધ્વી યોગિનીઓ થોડી છે ત્હેનુંજ એ પરિણામ છે. માટે મૈયા ! આ સર્વ બિગાડ નાશ કરવાની, આ સર્વ યોજનાઓ

સબળ કરવાની ખાસ જરૂર છે: અને ત્હેવા શુભ-કલ્યાણ કારક, મંગળ કાર્યમાં ત્હને પ્રથમ પગલું લેવા, આમન્ત્રણ અને વિનંતી કરીએ છીએ; અમે બધાં તો ત્હારી પાછળ છીએજ."

"બ્હેનો!—ઓ મ્હારી સ્વજનભક્ત મૈયાઓ! ત્હમારા હૃદયસુવાસ મ્હારા અંતર્‌ને ઉન્નત કરે છે: મ્હારૂં ત્હમારા જેટલું લોકસ્થિતિનું જ્ઞાન નથી. પણ મ્હારો આત્મા તો અત્યારે એમજ કહે છે કે ત્હમારા બંનેના આશય જેટલા ઉચ્ચ છે,-ત્હમારા મનોવિલાસ જેટલા સુન્દર છે, તેટલાજ લાભકારક, કલ્યાણકારક છે. આમ છે તો, મ્હને ત્હમારી સાથે ભળવામાં શું હરકત છે? મ્હારે ભાઇબ્હેન, સગાંસહોદર, માતાપિતા, મિત્રબાન્ધવ,-સર્વ, મ્હારી જગદંબાનાં સંતાન છે: ત્હેમનું શ્રેય કરવાને યત્ન કરવો એમાં હું શું વધારે કરવાની હતી?-એતો મ્હારો ધર્મજ છે. પરન્તુ એક વાત ત્હમારા બંનેના લક્ષમાં ખાસ આવી નથી:-તે એ છે કે, માંદાંની માવજત, નિરાધાર બાલકોને ઉછેરવાં, ધર્મશિક્ષણ લોકમાં પ્રચલિત કરવું,-આ સર્વને માટે ખાસ, પ્રાચીનકાળમાં હતા ત્હેવા, વિધવાઓના પવિત્ર મઠ, આશ્રયસ્થાન, આશ્રમોની જરૂર છે. ત્હમે પણ કેટલેક અંશે તે કહ્યું તો છે; પણ મ્હારૂં કહેવું, ધારવું જૂદુ છે. ત્હમારી કલ્પેલી પ્રવૃત્તિઓમાં વિધવાઓને હાલના ચાલુ મતાનુસાર કાંઇપણ ધંધો શીખવવાની યોજના છે. પરન્તુ તે પ્રમાણે વિધવાઓએ ઉદરનિમિત્ત ઉદ્યોગ કરવાની જરૂર નથી; ત્હેમનું દેશસેવામાં જીવન પ્રેરવું અને દેશી જનોએ ત્હેમના ભરણપોષણનો ભાર ઉપાડી લેવો, એ મ્હને વધારે સારૂં લાગે છે. આથી ત્હમારે જે સ્ત્રીશિક્ષકો-પણ્ડિતાઓ-વિદૂષીઓ-સાધ્વીઓની જરૂર પડે છે તે નહિં પડે: હાલ 'ઘણે અંશે નિરુપયોગી' જેવાજ,

પાંચ દસ કરોડ બાવા વેરાગીઓનું જે દેશ ગુજરાન ચલાવી લે છે, ત્હેમાં ત્હેના હિતાર્થેજ જીવન ગાળનાર વિધવાઓનું પોષણ કેમ ન થાય ?

" બ્હેનો ! ત્હમારી સાથે હું પણ ભળવાને તત્પર છું. લોકોને આ પ્રયત્નોમાં અનુકૂળ કરવા પડશે અને ત્હમારાં બંનેનાં અંતઃકરણોમાંથી નીકળી આવેલા આ ઉદ્દગારની એક યોજના ઘડી ક્હાડવી પડશે : હું હમણાં અહિંજ રહીશ-મ્હારી ભારતી માતાનાં સંતાનની સેવામાં જીવન ગાળવું એ પણ મ્હારા પ્રભુને, મ્હારી જગદંબાને ગમશે : કારણ પવિત્ર ધામોની યાત્રા કરતાં પણ એમની સેવામાં જીવન પ્રેરવું એ વધારે પવિત્ર કામ છે. મ્હારાં ભક્તિમૈયાનાં વાક્યો અત્યારે મ્હારાથી સમજાય છે : ઓ મ્હારા ગુરુ પિતાજી ! આ સત્કાર્યમાં જો હું પવિત્ર હૃદય, એકનિષ્ઠ મનોવૃત્તિઓ, નમ્રતાભર્યો આત્મા, સત્યપ્રિય જીવન, દૃઢ સંકલ્પમય વાસનાઓ-થી આ બંને સાધ્વીઓની સાથે ભળતી હોઉં તો ત્હેમાંથી કલ્યાણનાં ઝરણાં વ્હેજો અને અમારા અભિલાષ બધી રીતે મંગલ-મંગલ કરી દઈ સર્વને અમર ફળની પ્રાપ્તિ કરાવજો !

યોગિનીની દૃઢ શ્રદ્ધાએ નિર્મલબાળાના અન્તઃકરણમાં ગુંજાર કરવા માંડયો. ત્હેના ધ્વનિમાંથી ઉદ્દગાર નીકળી ગયા કે,

" જમણે હાથે, પ્રભુ સહાય સાથે,
" પછી કહો, કઇ ભીતિથી છે ડરવાનું ? "

પ્રકરણ ૧૦ મું. લોકવૃત્તિનું વ્હેણ.

૧ 'ગાંડી ગૂજરાત!'

ધીમે ધીમે સમય વ્યતીત થવા લાગ્યો. ત્રણે યોગિનીઓ પોતપોતાની કર્ત્તવ્યપ્રવૃત્તિનું ચક્ર આગળ ચલાવ્યે જતી હતી, અનેક વિચારશીલ હૃદયોને પોતાના આન્તરવિલાસ તરફ આકર્ષ્યે જતી હતી. નિર્મળબાળા અને મહિલાસમાજે જાહેર પ્રવૃત્તિઓ માથે લીધી હતી; સરસ્વતીએ સુશીલા, કુમળા, જીબા, વગેરે સહૃદય સુન્દરીઓની સાથે મળી સ્ત્રીજીવનની ગૃહકુંજોમાં આનન્દનો સુગન્ધ પ્રેરવાનું શરૂ કરી દીધું હતું; અને મહાદેવીએ, એ બંનેમાં ભાગ લેવા ઉપરાંત, જૂના જમાનાનાં, જૂના વિચારનાં મનુષ્યોને ત્હેવી ઉપયોગિતા સમજાવી ત્હેમનાં મન ઉપર અસર કરવાનું કામ આરંભ્યું હતું. જેટલો પ્રયાસ હાલ સુધીમાં થયો હતો તેટલા ઉપરથી તો ખાત્રીથી કહી શકાતું હતું કે, આગળ જતાં આ પ્રયત્નોનાં ખરેખરાં સોનેરી ફળ પ્રાપ્ત થયા વિના રહેશે નહિં. અત્યાર સુધીની પ્રવૃત્તિઓ કરતાં આમાં કેટલોક ફેર હતો. જાહેર ભાષણો, 'સુધારાવાળા'ઓમાં ગણાતા પુરૂષોની સ્ત્રીઓ તરફથી લખાયલા નિબંધો, ત્હેમના પક્ષના લેખકો તરફથી લખાતાં પુસ્તકો,–એટલામાંજ સર્વ પ્રયત્નોનો અંત આવી જતો!—આમાં તેથી વધારે એ હતું કે, જૂના મતનાં મનુષ્યો જેનો એક શબ્દપણ ઉથાપી શકે એમ નહિં હતું એવી મહાદેવી આ યોજનાનો આરંભ કરનારી હતી; સારાં કુટુંબોની સ્ત્રીઓ જે ઘરમાંજ ભરાઈ રહેતી. ત્હેમણે પોતપોતાની પોળોમાં જાગ્રતિ ભર્યું કામ કરવા માંડ્યું હતું; સુધારકોની

સ્ત્રીઓ પણ હાલ બોલી, લખીનેજ બેશી રહી ન્હોતી;—ત્હેમણે પોતપોતાના વિભાગોમાં સખ્ત મહેનત લેવા માંડી હતી; અને સંસારસુધારક મંડળનો તે પ્રવૃત્તિને ખાસ આશ્રય હતો. પત્નીશાળાઓની શરૂઆત થઈ ગઇ હતી, અને અનાથબાલિકાશ્રમ સારી સ્થિતિપર આવવા લાગ્યો હતો; સ્ત્રીકેળવણીના—પત્નીઓ અને વિધવાઓને આપવાના–શિક્ષણમાં ફેર કરવા બાબતની હીલચાલ ચાલુ થઈ હતી; સ્ત્રીકેળવણીના ખાતામાં બધી સ્ત્રીઓએજ વ્યવસ્થા રાખવી જોઇએ તેટલું સર્વમાન્ય સત્ય તો સરકારે પણ કબુલ કર્યું હતું; ઘેરઘેર પુસ્તકો આપી આવવા—લઇ જવાની યોજના પ્રમાણે એક પુસ્તકાલયે કામ પણ કરવા માંડયું હતું; નિર્મળબાળાએ પોતાના દવાખાનામાંથી મળતો સઘળો લાભ મહિલાસમાજને અર્પણ કરવાનું જાહેર કર્યું હતું; અને સ્ત્રીઓની આવી ઉન્નતિ થાય એવા પ્રયત્નો માટે એકઠું કરવા માંડેલું ફંડ વધવા માંડયું હતું: બાકીની યોજનાઓ એક પછી એક હાથમાં લેવાયે જતી હતી.

એવામાં પોતાને 'બ્રહ્મનિષ્ઠ–નૈષ્ઠિક બ્રહ્મચારી બાવા મહારાજ–**શ્રી ઓમ્ ગુલાબગરજી મહારાજ**' કહેતા, એક–નહિં બ્રહ્મચારી, નહિં સન્યાસી, નહિ પરમહંસ–એવા મહારાજની શહેરમાં પધરામણી થઇ! પોતે ઠાકોરજીની સેવા સાથે રાખતા અને આખું મન્દિર ભરાઇ જાય એટલો સામાન સાથે ફેરવતા. કોઇ પણ ધર્મ–કોઈ પણ પંથના ભક્તો પોતાના મન્દિરમાં ભળી શકે છે અને કોઈ પણ મતાનુસારી મનુષ્ય પોતાનો શિષ્ય થઇ શકે છે—એ સિદ્ધાન્તો વ્યવહાર દૃષ્ટિથી એમણે બાંધેલા હોઇ, એમનો ઘણો મહિમા વધારવામાં સહાય ભૂત થતા! મહારાજ પોતે ઝાઝું ભણ્યાગણ્યા તો ન્હોતા–તેમ શુદ્ધ બ્રાહ્મણ પણ ન્હોતા; પરંતુ કોઈક મિશ્રિત

જાતિઓના પરિણામરૂપ હતા, છતાં યજ્ઞોપવિત ધારણ કરતા અને બ્રાહ્મણોના પણ પોતે ગુરુ હોવાનો ડોળ કરતા. કાંઇક સંસ્કૃત અને કાંઇક ગપાટા એ એના જ્ઞાનથી પોતાનું ટટ્ટુ નભાવી રહ્યા હતા અને સ્ત્રીભક્તોની આગળ ગોળગોળ-અર્થ વિનાના દસ દસ શેરિયા શબ્દોની ત્હેમના તરફથી પ્રસારવામાં આવતી વાગ્જાળ ત્હેમનાં મનમાં મહારાજના જ્ઞાન વિષે ઘણોજ સારો અભિપ્રાય ઉત્પન્ન કરવાને બસ હતી ! પુરુષભક્તોમાં અભણ વાણિયા, લાલચુ બ્રાહ્મણો, અજ્ઞાન વૈશ્યજનો, આદિ મનુષ્યો સંખ્યાબંધ દાખલ થયાં હતાં: પણ ત્હેમાં મુખ્ય પ્રભાવ મહારાજની કથા કરતાં મહારાજના મન્દિરશ્રીના મહા પ્રસાદનોજ હતો ! પોતે કવિતાના ગ્રન્થો અને શાસ્ત્રનાં પુસ્તકો લખતા, જે ત્હેમના ભાવિક ભક્તજન છપાવી પ્રસિદ્ધ કરતા: અને પ્રસિદ્ધ કરવાના ખર્ચે જેટલાં નાણાં ત્હેમની શિષ્યાઓ પાસેથી મળી રહેતાં; મહારાજના સુન્દર ફોટોગ્રાફ (છબીઓ) ત્હેમાં શણગારીને મૂકવામાં આવતા; અને 'મહારાજતો સાક્ષાત્ પરમાત્માજ છે' એવી એવી ભરપટ્ટે પ્રસંશાઓથી ઉભરાઈ જતી પ્રસ્તાવનાઓ મહારાજ પંડે લખી આપતા અને ત્હેમના સાગ્રીત--શિષ્યો પોતાની સહીથી છપાવતા !

આ ગુલાબગર મહારાજનાં શહેરમાં પ્હેલાં પણ પગલાં થયાં હતાં પરન્તુ તે વખતનો ઇતિહાસ ત્હેમને શોભા આપે ત્હેવો ન્હોતો: ગઇ તિથિતો જોશીએ નથી જોતા, અને વળી ત્હેમાં એ સાધુઓની બાબતમાં તો તેમ બનવું મુશ્કેલજ ! એટલે એમના ઉપર મૂકવામાં આવેલા અપવાદ-મહારાજને શહેર મૂકીને ન્હાશી જવું પડેલું-તે બધું ભૂલાઈ ગયું અને 'પ્રેમલાં'-તૂલાં મનુષ્યોથી પાછી ત્હેમની કથા ઉભરાવા લાગી હતી ! આ મહારાજ હાથમાં ઝુંડો પકડીને ઉન્નતિની જે હી-

લચાસ઼ ચાલતી હતી ત્હેની સામે થયા ! મહાદેવીના નિર્મળ અન્તઃકરણમાંતો નિન્દાપાત્ર પદાર્થ કિંવા ગુણનો લેશ પણ ન્હોતો; પરંતુ ગુલાબગરના હાથમાંથી ત્હેને લીધેજ એક ભક્ષ ગયું હતું તે, મહારાજ ભૂલી ગયા ન્હોતા અને કદિ પણ ભૂલે એમ હતુંજ નહિં. કારણ તેઓનાં ભગવાં વસ્ત્ર નીચે ધબકતું ત્હેમનું મન મહા પાતકભર્યા નરક કુંડ જેવુંજ, ઇર્ષ્યા–ક્રોધ–લોભ–મમતા–મત્સર--અહંકાર–વિષયવાસના–દુર્વ્યસન આદિ અનેક દુર્ગુણકીટોથી, ખદબધાં કરતું હતું, અને ભગવી ચીંદડી એતો માત્ર તે સર્વ છુપાવવાને ધારણ કરેલું ઢોંગનું બખ્તર હતું. આવા બાવા થાય છે ત્હેમને એક પ્રકારની બહુ મ્હોટી સગવડ થઈ પડે છે અને તે એ છે કે, ત્હેમને માથેથી સાંસારિક, નૈતિક અને ધાર્મિક જવાબદારી દૂર થઇ ગઇ એમ તે લોકો માને છે; ‘જેણે મૂકી લાજ ત્હેને ન્હાનું સરખું રાજ,’ એ કુહેવત એમની બાબતમાં અક્ષરશઃ સત્યજ પડે છે, કારણ ત્હેમને સ્ત્રી બાલક અથવા સગાંસંબંધીનું બન્ધન નથી હોતું. જયાં જાય ત્યાં પેટ ભરવાને મિષ્ટાન મળે છે એટલે ધંધો અગર બીજો કાંઇ વ્યવસાય કરવાનું કારણ રહેતું નથી, અને આથી કરીનેજ મહા મહા ભયંકર પાતકો, કમકમાટી છુટે એવા ગુન્હા, ત્રાસદાયક કૃત્યો, જે જનસમાજને ધ્રુજાવી નાંખે છે ત્હેમાં સેંકડે નેવું ટકા ભાગ લેનાર, એ લોકોજ હોય છે: આ અમારું કુહેવું ખોટું લાગતું હોય ત્હેમણે આપણા દેશમાં આથડનાર જથ્થાબંધ આવા પ્રકારના મહારાજોમાંના કોઇનાં પણ આચરણ ફક્ત થોડો વખતજ ગુપ્ત રીતે જોવાં ! આ પ્રમાણે કરનારની ખાત્રી થશે કે–એમાંના ઘણા ખરાની દુષ્ટતા એટલી અનહદ છે, પાપ એટલું ભરપૂર છે, વિષયલાલસાઓ અને દુર્વ્યસન એટલાં ગાઢ છે, કે–અમે ગમે તેટલું લખીએ તોપણ ત્હેમાં

અતિશયોક્તિ થઇ શકેજ નહિં !—મહાન્ પાતકો પણ આટલાં બધાં છે ત્યાં ન્હાના ન્હાના દુર્ગુણોનું તો પૂછવુંજ શું ?

ગુલાબગર મહારાજે યોગિનીની સામે પોતાનો ઝુંડો ઉઠાવ્યો; પણ જોઇએ તેટલું શિષ્યમંડળ મહાદેવીની સામું થાય એમ એકઠું થતું ન્હોતું. વળી સુધારવાળા એટલે ઘણો ખરો અધિકારી વર્ગ ત્હેના તરફેણમાં હતો તેથી પ્હેલાં તો ઝાઝું વળ્યું નહિં ! ત્યારે ત્હેમણે લોકોની અન્ધશ્રદ્ધા–ત્હેમનાં અજ્ઞાન હૃદયોના વ્હેમ ઉપર અસર કરવા માંડી અને છુપાં વ્યાખ્યાનો, ખાનગી ભાષણો દ્વારા એક તરફથી એવી બૂમ ઉડાવી કે મહાદેવી તો ઉત્તર હિન્દુસ્થાનમાંથી ન્હાશી આવેલી ડાકયણ છે; એને પકડવાને લોકોની વિનંતિ ઉપરથી પોતે પધાર્યા છે; અને ત્હેને જે ઘરમાં પણ પેસવા દેશે, એનું વ્યાખ્યાન પણ સાંભળવા જશે તે રૌરવ નરકના અધિકારી થશે !–બીજી બાજુથી એવા ગપગોળા ચલાવ્યા કે એને તો સુધારાવાળા અને પાદરીઓએ પગાર આપીને લોકોને ભ્રષ્ટ કરવાને રાખી છે અને ત્હેના દૃષ્ટાન્ત તરીકે ત્હેની સાંપ્રત પ્રવૃત્તિઓ જે સુધારક મંડળની સાથે ભળીનેજ તે ચલાવતી હતી, તે મહારાજે બતાવવા માંડી : લોકો ઉપર અસર થયા વિના રહી નહિં; ધીમે ધીમે ત્હેનાં વ્યાખ્યાનોમાંથી શ્રોતા મંડળ ઓછું થવા માંડયું અને અન્તે કેટલેક વખતે ગંડી ગુજરાતનું ગાંડપણ સંપૂર્ણ રીતે સિદ્ધ થયું !

૨. ‘ નૈષ્ઠિક બ્રહ્મચારી ’ !

ભગવાં લૂગડાં પ્હેરેલા ‘બાવાની વર્તણુક ગમે ત્હેવી ખરાબ હોય, પણ ત્હેની પાછળ ગાંડા થતા ગૂજરાતીઓ ત્હેનો સંગ ત્યજતા નથી ! પચીસ વર્ષ સુધી ગાંધીની ગુમાસ્તી કરતાં

ત્હેને જોયો હોય તો પણ, ભગવાં લૂગડાં પ્હેરીને તે ક્હે કે ' હું તો પાંચ વર્ષનો હતો ત્યારથીજ બ્રહ્મચારી થયો છું ! '–તો એ પણ લોકોને ખોટું નહિં લાગવાનું ! ગજો, ચલમ, ભાંગ,–વગેરે અનેક વ્યસન કરતો હોય, ત્હેના મ્હોંમાંથી નઠારી વાસ પણ આવતી હોય તોપણ એ ક્હે કે ' અમારે તો કોઈપણ પ્રકારનું વ્યસનજ નથી ! '–તો, એ પણ લોકો તો સાચું માનવાનાજ. સારૂં ગાતાં બજાવતા આવડયું, બોલવાની જરા છટા હોય, વાત ક્હેતાં આવડતી હોય, અને જરાતરા ભજનિયાં ગોઠવી ક્હાડતાં જાણતો હોય (અર્થ બેસવાની કાઈ જરૂર નહિં !)–તો પછી એની પાછળ આખું ગુજરાત ગાંડું ગાંડું થઈ જવાનું એમાં કાંઈજ સંશય નહિં ! ' બ્રહ્મ, ' ' અદ્વૈત, ' ' સનાતન વેદ ધર્મ, ' ' આર્ય નીતિરીતિ, ' વગેરે, થોડા શબ્દો આવડે અને સાંભળનારા સમજી ન શકે એમ વાપરનાર હોય તો પછી ત્હેની પાછળ પાછળજ આખું શહેર ફરે, એમાં આશ્ચર્ય જેવું નથી; કારણ એવા બનાવો અમે કેટલાક સમયથી જોયાંજ કરીએ છીએ ! પણ પુરુષોની ઘેલછાની તો અમુક હદ હોય છે; તેઓ ગમે તેટલા ગાંડા ઘેલા–અક્કલ વિનાના, ધર્માંધ, પરમભક્ત હોય તોપણ પોતે પરસેવાનાં ટીપાં પડતાં પેદા કરેલો પૈસો છૂટે હાથે ખરચી શકતા નથી અને તેથી મહારાજોનાં પેટ ભરાતાં નથી. ત્હેમની ખરી કમાણીનો મ્હોટો આધાર તો સ્ત્રીભક્તો ઉપરજ હોય છે, અને તે પણ–ઘણું ખરૂં યુવાન, કમનશીબ વિધવાઓ ઉપરજ !–માતાપિતા યોગ્ય શિક્ષણ આપે નહિં, દેવમન્દિરોમાં અહિંથી તહિં મા પંડેજ ઘેલી–ઘ્હીલી દોડતી હોય, ત્યાં પુત્રીને એ શું શિખામણ આપે ? અને ઘણુંખરૂં વિધવા થયેલી બાળાઓને—સાસરિયાં સાથે ઓછું બનતું હોવાથી–ત્હેમના માબાપનું ચાલે ત્યાં સુધી. ત્હેમને પોતાને ઘેર–પિયરજ ઉ-

છેરવામા આવે છે અને ત્હેમના ગુજરાન માટે, પિતાનો હાથ પ્હોંચતો હોય તો, સારી રકમ પણ ત્હેમના નિમિત્તની જૂદી રાખવામાં આવે છે. આ પૈસા કંઇકવાર જોઇએ તે કરતાં ઘણા વધારે હોઇ, ધર્મનાં કામોમાં-પુણ્યદાનમાં વાપરવામાં ત્હેમને છૂટ આપવામાં આવે છે: અને સામાન્ય રીતે-મ્હારા-જોના **રાજભોગ અને માનભોગનું**,-બાવા બ્રહ્મચારીઓનાં રેશમીકોરનાં ધોતિયાં અને મૂલ્યવાન કસબી શાલદુશાલાનું ખર્ચ આવા પ્રકારનાં ધર્મનાં સાધનોમાંથીજ પ્રાપ્ત કરવામાં આવે છે! અરે, એટલુંજ નહિં પણ એ ધર્મઢોંગી ભામટાઓ નિર્દોષ બાલિકાઓને ઘરમાંથી ચોરીઓ કરતાં, નીતિશીલ સુન્દરીઓને મુરબ્બી-વડીલ વર્ગ અને પતિથી ગુપ્ત રીતે ત્હેમના ખર્ચ માટે પૈસા પૂરા પાડતાં, ધર્માંધ વિધવાઓને ત્હેમના ઉદરપોષણાર્થે પોતાનું સર્વસ્વ અર્પણ કરતાં શીખવે છે! અનેક રીતે ગૂજરાતી પ્રજાને પીડનારા, ત્હેનામાં અનીતિનાં વ્હેણ વ્હેવડાવનારા, ત્હેનામાં કુસંગબીજ રોપનારા, ત્હેનાં અનેક કુટુંબોને છિન્નભિન્ન કરી નાંખનારા ખરેખર એ દુષ્ટોજ છે!... આ અમારું કહેવું જે થોડા સદ્ગુરૂ છે ત્હેમને માટે નથી; પણ હાલ એ ધંધો એટલો તો વધી પડયો છે કે જે તે ત્હેમાંજ દાખલ થઇ 'હમારા બિ લગતા હે!'-કરી દે છે ત્હેમને માટેજ છે. અમારૂં તો ત્યાં સુધી માનવું છે કે પુરૂષોએ સ્ત્રીઓના ગુરુ થવાની જરૂરજ નથી: જો ત્હેમને સ્ત્રીઓની દયા આવતી હોય તો ત્હેમણે સાધ્વી સ્ત્રીઓની સાથે લગ્ન કરવું અને પોતાની ધર્મપત્નીઓ દ્વારા સ્ત્રીવર્ગને ધાર્મિક જ્ઞાન, શિક્ષણ આપવું. આમ કરવામાં બંને વર્ગનું કલ્યાણ થશે. એમ નજ બને તો સ્ત્રીઓને સુબોધ આપવાને સ્ત્રીશિક્ષકો, પણ્ડિતાઓ, સાધ્વીઓએ બ્હાર પડી તે કામ આ ડોળઘાલુ-કુચ્છંદી પુરુષો પાસેથી લઈ લેવું જોઇએ. ગોસાંઇજી મહા-

રાજનાં અને એવા પ્રકારનાં સર્વ મન્દિરોને પણ આ ટીકા સબળ રીતે લાગુ પડે છે; અને ત્હેમનાં વહુજી મહારાજ દ્વારા જો શિષ્યાઓનું હિત કરવા મ્હાશે તો મહારાજો પોતે તેમ ઘણી સ્હેલાઇથી કરી શકશે. ગમે તો ધર્મનો બોધ દેવા, પણ-યુવાન સુન્દરીઓ-તરુણ વિધવાઓ-નો સાથે લાંબો વખત, દિવસે અથવા રાત્રિએ, ગુરુએ એકાન્તમાં બેસવું, એ કીયા ધર્મની આજ્ઞા છે ?—છતાં તેમ થાય છે !...આવા આવા પ્રકારની ઘણીયે અનીતિ થાય છે, પણ આંખે પાટા બાંધી ગુરુનીજ દૃષ્ટિએ જોનાર ગાંડા ગૂજરાતીઓને ત્હેનું કાંઈ ભાન છે ?—જ્યાં ત્યાં ભગવો વાવટો જોઇએ !—એટલું હોય એટલે પછી તે ધારણ કરનારને સંપૂર્ણ સ્વતંત્રતા મળી ચુકી !

* * * *

ગુલાબગર મહારાજનું કામ તો હવે કડેધડે ચાલ્યું, ઘેરેઘેર પધરામણીઓ થવા લાગી, પુષ્કળ પૈસાની પ્રાપ્તિ થવા માંડી અને જ્યાં ત્યાં-ઉપરાઉપરી મિષ્ટાન્નનાં ભોજનો લેવા માટે આમંત્રણ થવા લાગ્યાં ! આ માણુસ આટલેથી સંતુષ્ટ ન થયો : ત્હેના અંતરમાં બળતો અગ્નિ જ્યારે મહાદેવીની અપ્રતિષ્ઠા કરીને શહેરમાંથી ત્હેને કહાડે ત્યારેજ,—ત્હેનું શિષ્ય-શિષ્યા મંડળ પોતાની સેવામાં આવીને હાજર થાય ત્યારેજ,-શાન્ત થાય તેમ હતું. જ્યાં ત્યાં તે યોગિનીને ગાળો દેતો, અપમાન ભરેલાં વચનો ઉચ્ચારતો, અને પોતાથી બને તેમ ત્હેનો પ્રભાવ ઓછો કરવાને પ્રયત્ન કરતો. ત્હેનાં ભાષણોમાં-(જો કે ત્હેમાં કાંઈ શીખવા જેવું અગર નવાઈ જેવું તો હતુંજ નહિં તોપણ)-હજ્જારો સ્ત્રી પુરૂષો હાજર થતાં, અને ત્હેની પાછળ આખું શહેર જાણે ગાંડુંજ થઈ ગયું હોયની એમ લાગવા માંડ્યું !-એની ચોપડીઓની જાહેરખબરો, એણે પ્રકટ કરેલાં વૈકુંઠ જવાની ખાત્રી આપતાં કલ્યાણપત્રો અને

કરેલાં પાપનાં માફીપત્રો જ્યાં ત્યાં વ્હેંચાવા તથા વેચાવા માંડ્યાં અને થોડા વખતમાં કિંમત પણ ખૂબ ઉપજવા લાગી. ન્યુસપેપરોમાં ત્હેનું નામ ગવાવા લાગ્યું અને 'મહારાજ તો પ્રત્યક્ષ ઇશ્વરનોજ અવતાર છે!'–એમ ત્હેને 'પરમાત્મા સ્વરૂપ' કહેનારા શિષ્ય–સાગ્રીતો હવે બેધડક કહેવા લાગ્યા!

મહાદેવીનું સ્ત્રીઓની ઉન્નતિનું કામતો ત્હેવુંને ત્હેવું સારી રીતે ચાલ્યે જતું હતું. 'ગુલાબગર મહારાજ આમ કરે છે અને તેમ કરે છેઃ આમ બોલે છે ને તેમ બોલે છે!' એવું વખતે કોઇ ભાવિક ભક્તજન આવીને ત્હેને જણાવે તો 'જગદંબા એમનું કલ્યાણ કરો! પ્રભુ ત્હેમને સદ્બુદ્ધિજ આપશે!'–તે શિવાય બીજો એક પણ શબ્દ એમના મ્હોંમાંથી નીકળતો નહિં. અને ખરેખર એવી આડી કૂથલી માટે ત્હેમને હાલ વખત પણ મળતો નહિં. પોતાનું નિત્ય કર્મ કર્યા પછી, ત્હેમણે પોતે માથે લીધેલું કામ તેઓ કરતાં, અને ત્હેને માટે ઠેકાણે ઠેકાણે ત્હેમને જવું પડતું હતું. ગુલાબગરના આવ્યા પછી ત્હેમને તો એક લાભ થયો હતો, કે નવરાં—કામ વિનાનાં—હેતુ વિનાનાં–શ્રદ્ધા વિનાનાં ઘણાંક મનુષ્યો ટીકા કરવાને, વખત ગાળવાને ઇત્યાદિ અનેક કારણસર આવીને કથામાં ભીડ કરતાં તે બીલકૂલ હવે રહ્યાં ન્હોતાં; જોકે સંપૂર્ણ શ્રદ્ધાશીલ–ભક્તિવાન સાધુવૃત્તિ જેમનાં અંતઃકરણમાં યોગિનીના પ્રભાવથી જાગ્રત થઈ હતી એવાં હજી ઘણાં સ્ત્રી પુરુષો દેવી મન્દિરમાં વખતસર હાજરી આપતાં હતાં. તોપણ એવામાં એક એવો બનાવ બન્યો કે જેથી ત્હેમને પોતાને પસંદ નહિ છતાં પણ, મહાદેવી તરફ સમસ્ત લોકદૃષ્ટિ પાછી ફરી.

• • •

એક શ્રીમાન્ શેઠિયાને ત્યાંથી દસ હજાર રુપિયાનાં ઘરેણાંની ચોરી થઇઃ અને ત્હેમાં પોલિસે ઘણીયે મહેનત કરી

છતાં પણ ત્હેનો પત્તો લાગ્યો નહિં. આ વાતને એકાદ પખવાડીયું થયું નહિં હોય એવામાં ગુલાબગરના એક સાગ્રીતે આવીને પોલિસનાં માણસોને ખબર આપી કે 'મ્હારું નામ બ્હાર ન પાડો અને બધાં માણસો—હું જેટલાં બતાવું તેટલાંને એકદમ કેદ કરો તો આ ચોરીનો માલ હાથ લાગે એવી ભાળ હું મેળવી આપું.' પોલિસે તે વાત કબુલ કરી, અને પત્તો લગાડનાર માણસ ત્હેમને દેવમન્દિરમાં રાતના નવેક વાગ્યે લઈ ગયો. ત્યાં રહેનારાં બધાં મનુષ્યોને જાપતામાં રાખ્યાં અને તપાસ કરી તો કેટલોક મુદ્દા માલ મન્દિરના પાછલા ભાગમાં એક પથ્થર તળે દાટેલો હાથ આવ્યો !—આ વખતે નિર્મળબાળા અને મહાદેવી બ્હારથી આવી પ્હોંચ્યાં. નિર્મળબાળા તો ત્હેમને મન્દિરે પ્હોચાડવાજ આવી હતી પણ તેઓ ત્યાં જઈ પ્હોચ્યાં કે, ત્હેને કાંઇ ગરબડ લાગવાથી ત્હેણે તપાસ કરી અને ખરી હકીકત સમજાતાં, ત્હેણે મહાદેવીને અવન્તિરામને ઘેર પોતાની સાથે આવવાની વિનંતી કરી. પરન્તુ મહાદેવીનું ધૈર્યતો ત્હેવુંને ત્હેવુંજ અડગ, ત્હેમની મુખાકૃતિ ત્હેવીને ત્હેવીજ શાન્ત, ત્હેનું હૃદય ત્હેવુંને ત્હેવુંજ શ્રદ્ધાશીલ રહ્યું ! પોલિસનાં માણસો ત્હેના પ્રતાપ આગળ વિનમ્ર થઈ ગયાં અને ગુલાબગરના સાગ્રીતે મુખ્ય ગુન્હેગાર તરીકે ત્હેમને પકડવાનું કહ્યું. છતાં પણ તેમ કરવાની વૃત્તિ તેઓને થઈજ નહિં. નિર્મળબાળા ત્યાંથી બગીમાં બેશીને એકદમ અવન્તિરામને ઘેર ગઈ અને સરકારી વકીલને લઇ પાછી મન્દિરમાં અડધાએક કલાકમાં આવી પ્હોંચી. અવન્તિરામે આવીને પોલિસને સમજાવી મન્દિરનાં મનુષ્યોને મુક્ત કરાવ્યાં.

હવે ચોરીની તપાસ ધમધોકાર આગળ ચાલી. પણ નવાઈ જેવું એ હતું કે પોલિસને પેલા સાગ્રીતને કેદ કર્યા ઉપરાંત બીજો કાંઇજ પુરાવો મળી શકતો નહિં હતો. અવન્તિરામ

અને રસિકભાઈ પણ ઘણીજ મહેનત લઈ શોધ કરતા હતા પરન્તુ મન્દિરનાં માણસો ઉપરથી શક દૂર થઇ શકે એવો કાંઇ પુરાવો ત્હેમને મળી શક્યો નહિં.—પરન્તુ એવામાં ઇશ્વરઇચ્છાથી એક એવી વાત બની કે જેથી સઘળી હકીકત અચાનકજ જાહેર થઈ ગઇ!—જે શેઠિયાને ત્યાં ચોરી થઈ હતી ત્હેની એક ખુબસુરત, યુવાન, પચીસ-અઠ્ઠાવીસ વર્ષની બાળવિધવા પુત્રીએ ઝેર ખાઇને આપઘાત કર્યો. વાત ચર્ચાઇ અને એકદમ જાહેર થઇ ગઇ. પોલીસતપાસ થઇ તેમાં ત્હેણે એક પત્ર નિર્મળબાળા ઉપર મરતાં પ્હેલાં લખેલો ત્હેની પેટી ઉપરથી હાથ આવ્યો. ત્હેણે ત્હેમાં જણાવ્યું હતું કે, 'ગુલાબગર મહારાજે મ્હારા ધાર્મિક જીવનની કુમળી નિર્દોષતામાં વિષ રેડયું હતું; અને મ્હને ધર્મને બ્હાને અનાચાર-તથા ભક્તિને બ્હાને વિષયવાસનાઓના વહનમાં ઉતારી હતી: મ્હારા ઘરમાં થયેલી ચોરીમાં મહારાજનો મુખ્ય હાથ હતો અને ત્હેમના આગ્રહને વશ થઇને હું સાધનભૂત થઇ હતી. જ્યારે મહાદેવી ઉપર આરોપ મૂકવામાં આવ્યો અને તેપણ મહારાજના ખાસ માણસ તરફથી-ત્યારેજ-મ્હને એમ ભાન થયું કે મ્હેં ખોટું કર્યું હતું! એવામાં એક વખત યોગિનીનું વ્યાખ્યાન મ્હારા સાંભળવામાં આવ્યું, જેમાં ખરી ભક્તિ, ખરો ધર્મ, સ્ત્રીઓનું ખરું કર્તવ્ય, વિધવાઓના જીવનનો ખરો ઉદ્દેશ,-શાં છે એ ત્હેમની રસિક વાણીથી મ્હેં શ્રવણ કર્યું. મ્હને એ સાધ્વીનાં દર્શન થયાં ત્યારથીજ મ્હારી જીવનવૃત્તિઓ બદલાઇ ગઇ અને મ્હારું અન્તઃકરણ મ્હેં કરેલાં ઘોર પાતક માટે દાઝવા લાગ્યું. હવે મ્હેં દેવીમન્દિરમાં કથા સાંભળવા હર હમ્મેશ જવાનું શરૂ કર્યું અને જો કે મ્હારો હેતુ મહારાજનું પાપ કહી દેવાનો હતોજ નહિં, તોપણ મહારાજને મ્હારા ઉપર શક પડ્યો અને ધાસ્તી લાગી; અને તેથી તેઓ મ્હારા ઉપર ન કહેવાય

એવો—ઘાતકી-ઘોર જૂલમ ગુજારી મ્હારાં માબાપને ઘેરથી પોતાના એક સાગ્રીત સાથે ન્હાશી જવાની ફરજ પાડે છે. હું જીંદગીથી કંટાળીતો ગઇ જ છું અને ત્હેમાં વળી આ ત્રાસ !—મ્હારું હવે શું થશે?—મ્હારાથી કોઇની સલાહ લેવાય એવું નથી: ત્હમને મળવાનો વિચાર હતો પણ છેવટ સુધી મ્હેં ઢીલ કર્યા કરી અને હવે વખત નથી તેથી ઝેરની શીશી જે કેટલાક વખતથી મ્હેં પાસે રાખી મૂકેલી છે, તે પીવાનો મ્હેં નિશ્ચય કર્યો છે. મહારાજનું ગમે તે થાય ત્હેની મ્હને દરકાર નથી-ક્રૂરમાં ક્રૂર સજા પણ ત્હેમને ઓછી છે: પરન્તુ મહાદેવી જેવાં પરમ ભગવતી-જગદંબાના અવતારરૂપ સાધ્વી ઉપર ખોટો આરોપ ન રૂહે એટલા માટે આ પત્ર ત્હમને લખુંછું. એ પ્હોંચશે તે વખત આ દેહમાં આત્મા નહિં હોય: પરન્તુ કદિ કદિ આ દુઃખી જીવનનો ભાર વહન કરનાર પાપિણી ઉપર પ્રીતિની દૃષ્ટિ નાંખશો, એજ પ્રાર્થના છે !'

ગુલાબગર મહારાજ કેદ થયા, ત્હેમના ઉપર કામ ચાલ્યું; અને તે અને ત્હેમના સાગ્રીતો સખ્ત મજૂરી સાથે કેદ ખાનામાં પોતાની જીંદગીનો મુખ્ય ભાગ નિર્ગમન કરવા ગયા એ ઇતિહાસની વાત છે અને થોડા વખત ઉપરજ બનેલી હોવાથી સુપ્રસિદ્ધ છે.... આ પ્રસંગને લગતી મહાદેવીના પ્રતાપ વિષે નવી નવી વાતો ચાલવા લાગી હતી: એક બે પોલિસના માણસો એમ ક્હેતાં સંભળાયા કે મહાદેવીને પણ તેઓ જાપતામા લીધા વગર રૂહેત નહિં પણ યોગિનીથી ત્રણ ત્રણ હાથની અંદર ત્હેમણે ઘણો પ્રયાસ કર્યો છતાં પણ ત્હેમનાથી જવાયુંજ નહિં હતું.—એક બીજી વાત એમ પણ ચાલી હતી કે, યોગિની નદીએ સ્નાન કરવા ગયેલાં ત્યાંથી પાછાં આવ્યાં તે વખત કથાનો સમય થઇ ગયો હતો; ત્હેમને પોતાની કથામાં આવનાર ભકતો સામાં મળ્યાં અને પોતાને વાર થઇ

ત્હેને માટે-તથા કથા મોડી થશે ત્હેને માટે ત્હેમણે દીલગીરી બતાવી, પણ પેલા શ્રોતામંડળે તો પોતે વખતસર ત્હેમના મુખથીજ કથા સાંભળ્યાનું જણાવ્યું હતું. !...... આ બંને વાતો અંતે કેટલાંક ભક્તજન મહાદેવી પાસે લઇ ગયાં: "માતાજી શહેરમાં તો આમ વાતો ચાલી રહી છે"—યોગિની પાસેથી ફક્ત એટલો જવાબ મળ્યો કે, "ભૈયાઓ, જગદંબાને શું અસાધ્ય છે? પરન્તુ હજી મ્હારી ભક્તિ કોઇ પણ રીતે એવી નિર્મળ, પવિત્ર, ઉન્નત થઇ નથી કે મ્હારે માટે ઇશ્વરી પોતે આટલો બધો શ્રમ લે?"

૩. સંસારસુધારાની વાતચીત:

નવીનચન્દ્ર, રસિકભાઇ, અને પ્રબોધચન્દ્ર બેઠા હતા એવામાં ડાક્તર પ્રતાપચન્દ્રરાય, અવન્તિરામ તથા જગન્નાથ અંદર આવ્યા. બધા ઉઠીને ઉભા થયા; ડાક્તર સાહેબ થોડા દિવસની રજા લઇ અમદાવાદ આવ્યા હતા. સંસારસુધારાની હીલચાલ સંબંધી વાત ચાલી:

"નવીન, તું અને બાળા ગાંડાં છો; સખ્ત પગલાં વિના જ્યારે છૂટકોજ નથી ત્યારે શા માટે તહમે આનાકાનીમાં વખત ગુમાવો છો? તડ ને ભડ!-નકામા સભાસદો હોય ત્હેમને દૂર કરો; કચરો તો ફ્હાડી નાંખ્યોજ કામનો!" પ્રતાપચન્દ્રરાયે કહ્યું: "તું જેવી સુધારક મંડળ વિષે બૂમ મારે છે ત્હેવીજ બાળા એની મહિલાસમાજ વિષે પણ ફરિયાદ કરે છે, ત્યારે તહમે હરકતકર્તા સભાસદોને વીણીવીણીને ફ્હાડી નાંખતાં કેમ નથી?

"રાયસાહેબ, હું પણ એજ મતનો છું." અવન્તિરામે પોતાના વિચાર જણાવ્યા: "બહુ મ્હોટી સંખ્યા હોવાથી એક

તો કામ ઘણું વધી પડે છે અને સુધારા તરફ શિથિલ વૃત્તિઓ-વાળા બહુ હોવાથી આપણાં મંડળો વગોવાય છે ! આપ પ-ધાર્યા છો, એટલામાં હવે એજ કામ માથે લઇ કરી નાંખીએ; કોકડું ઘણા દિવસથી ગુંચાયલું છે. ”

“ હાજી ” જગન્નાથે વાતમાં ભાગ લેતાં કહ્યું: “ ત્હે-માંયે એક ખાસ દિલગીર થવા જેવું એ છે કે શ્રીમતી અને મહાદેવી તથા ત્હેમની સહાયક સન્નારીઓ જેટલું કરે છે ત્હેનો એક ભાગ પણ આપણું સુધારામંડળ કરી શકતું નથી ! ”

“ એનું કારણ મ્હારા ધારવામાં એમ છે, સાહેબ, ” પ્રબોધચન્દ્ર બોલી ઉઠયો “ આપણું સુધરેલું મંડળ બીજાથી પોતાને બહુ ઉંચું ધારે છે; જાણે અભણ અને જૂના વિચા-રના મનુષ્યોની ગંદકી પોતાને લાગી જતી હોય નહિં તેમ, સાહેબ લોકોની પેઠે ઘણીવાર પોતાની કેમ્પ (છાવણી) જન-સમૂહથી બે ત્રણ ગાઉ દૂર લઇ જઇને નાંખે છે ! એમ કોઈ દહાડો સુધારો થવાનો હતો ? સહજાનન્દ, કબીર, નાનક, એ બધા ખરૂં જોતાં ધાર્મિક, કિંવા સાંસારિક સડો કહાડી નાંખવા પ્રયત્ન કરનાર સુધારકોજ હતા, પણ એમણે લોકો—જનસમૂહની વચમાં રહીને કામ કર્યું : તથા દયાનન્દ સરસ્વતી અને કેશવ ચન્દ્રસેન પણ ત્હેમની પેઠેજ લોકો સાથે ભળી જતા હતા. આપણા સાહેબ લોકોને તો એ-મના સહવાસની સૂગ લાગી જાય છે. આનું કારણ આપણી કેળવણીની રીતિજ છે !—રેલ્વેમાં એકાદ થોડુંઘણું ભણેલો યુવાન બેઠો હશે તો તે નહિં બોલવાનો ને નહિં ચાલવાનો ! લોકો બિચારા ત્હેની સાથે વાત કરવાની વૃત્તિ બતાવે, ત્હેને માન આપે, ‘ માસ્તર સાહેબ ’ કહીને ત્હેને બેસવા સૂવાની પણ સગવડ કરી આપે; પણ ત્હેના મગજનો તોર તો કાંઇ જૂદોજ હોય છે. ‘ ભાઇ, કયાં પધારો છો ? ’ એ સવાલનો

જવાબ આપતાંજ ભાર પડે છે અને વખતે કોઇ વાતુડા પડોશીએ ફરીથી એનો એ પ્રશ્ન પૂછ્યો તો 'ત્હમને પૂછવાનો હક્ક સો છે?'–એવા એવાજ ઉત્તર મળવાના!–આ આપણી રહેણીકરણી છે: અને આપણું બધું લશ્કર એવા સૈનિકો ઉપર આધાર રાખે છે, તો પછી આપણું કાગ ક્યારે પેશ જવાનું?"

પ્રતાપચન્દ્રરાય સાંભળીજ રહ્યા. "છેક એવું તો નથી, પણ અતિશયોક્તિ બાદ કરતાં પ્રબોધચન્દ્રના કહેવામાં સત્ય છે એમ તો કબૂલ કરવું પડશેજ." અવન્તિરામે કહ્યું.

"અરે, સાહેબ, બીલકૂલ અતિશયોક્તિ નથી," નવીનચન્દ્ર વચમાં બોલી ઉઠ્યો: "એક ગ્રેજ્યુએટે પોતાની રેલ્વેની મુસાફરીના અનુભવમાં આ વાત—પોતે કાંઈ બહાદુરી મારી હોયની એમ—અમારા બધાના સમક્ષ જણાવી હતી."

થોડીવાર બધા વિચારગ્રસ્ત, શાન્ત રહ્યા.

"પણ હાલ હું એટલું તો જોઉં છું કે વિધવાવિવાહ શિવાયના ઘણાખરા સવાલોમાં ચોતરફથી–સઘળા વિચારનાં મનુષ્યોમાં સરખાપણું આવતું જાય છે ખરૂં." જગન્નાથે વાત ઉપાડી.

"એ સવાલજ બહુ મુશ્કેલ છે તો!" અવન્તિરામે કહ્યું: "પણ બાળવિધવાને વિધવા માનનારાજ મૂર્ખ છે, ત્હેમને શું કહેવું? બાકીનો સવાલ તો હાલ સોશિયલ કોન્ફરન્સમાં પણ મુલતવી જેવોજ નાંખી મૂકવામાં આવ્યો છે. નિકર મ્હારો મત તો એમજ છે કે દરેક સ્થળે પુનર્લગ્નો જેમ બને તેમ વધારે કરાવવાં—જેમ બને તેમ ત્હેમને ઉત્તેજન આપવું એજ ત્હેનો મુખ્ય હેતુ હોવો જોઇએ."

"સાહેબ, સુધારકોના વીર નરો તો હમ્મેશને માટે ગયાજ! શું એમનો ઉત્સાહ!—શું એમની જાગ્રતિ અને

સ્વદેશપ્રીતિ અને સ્વાર્થત્યાગ ?—નર્મદ અને નવલરામ, કરસનદાસ અને મહીપતરામ, દુર્ગારામ અને માધવદાસ એ મહારથીઓ તો ગૂજરાતમાંથી ગયાજ ! એમના જેટલી આગ્રહભક્તિયો હવે જોવામાં આવતી નથી !" પ્રબોધચન્દ્રે કહ્યું.

"કેમ રસિકભાઈ, ત્હમે આજ કેમ મૌન ધારણ કર્યું છે ?" જગન્નાથે ત્હેને ચાલતી વાતમાં ઉતરવા પૂછ્યું.

"વિધવાવિવાહની બાબતમાં મ્હારે ત્હમારી બધાની સાથે મતભેદ છે તેથી !"

"શું મતભેદ છે ?" અવન્તિરામે કહ્યું: "જાણીએ તો ખરા"

"સ્ત્રીઓનું લગ્ન ફરીથી થાય ત્હેમાં ત્હેમની હૃદયવૃત્તિઓ અપવિત્ર થાય છે: હું બાળવિધવાને તો-ત્હમારી પેઠે -વિધવા ગણતોજ નથી. જેને પતિનો સંગ થયો નથી તે બાળા મટી પત્ની થયેલી ગણાય નહીં. પરન્તુ પતિના સહવાસમાં આવેલી વિધવાઓનાં લગ્નની વિરુદ્ધ હું એટલા માટેજ છું કે તેથી આત્માની વિશુદ્ધિ ઓછી થાય છે, સ્નેહની સુન્દરતામાં ક્ષીણતા આવી જાય છે, જીંદગીનાં નિર્મળ સુખોમાં વિષનો ભેગ થાય છે. ત્હમે મ્હને પૂછશો કે પુરૂષો પુનર્લગ્ન કરે છે ત્હેનું કેમ ?—તો હું ત્હમને જવાબ દઈશ કે હું તો સ્ત્રી કે પુરૂષ કોઇનાં પણ ફરીથી લગ્ન થવાંજ ન જોઇએ—એ મતનો છું. મનુષ્યજીવનની વાસનાઓને દિવ્ય, ઉન્નત ન થવા દેતાં, આ પ્રમાણે સ્થૂલ, પાર્થિવીજ બનાવીદેવી એ મ્હારા આન્તર્ વિલાસોથી દૂર છે—મ્હને તે કબૂલ નથીજ ! હું તો એમજ માનુંછું કે પુનર્લગ્ન—પછી સ્ત્રીનું હોય કે પુરૂષનું પણ—પુનર્લગ્નજ આપણી પ્રજાની રસિક વૃત્તિઓનો નાશ કરશે, અને જેટલું રહ્યુંસહ્યું આપણામાં દંપતીપ્રેમનું બળ ટકયું છે ત્હેનો લોપ કરી દેશે."

"ત્યારે ત્હમે એટલે લગી તો અમને મળતા છો કે બાળ વિધવાને વિધવા તરીકે ત્હમે કબૂલ રાખતા નથી. તે ઉપરાંત ત્હમે એટલું પણ અમને જણાવો છો કે સ્ત્રી અને પુરૂષ બંનેનાં ફરીથી લગ્ન થવાની આવશ્યક્તા નથી. કબૂલ!" પ્રતાપચન્દ્રરાયે કહ્યું: "પણ હવે આપણે જોવાનું એટલુંજ છે કે હિન્દુઓ ત્હમારૂં માનવું કોઇ પણ દિવસ ગ્રહણ કરશે? મુસલમાન, બૌદ્ધ અને ખ્રિસ્તી પ્રજાઓમાં પણ પુનર્લગ્ન થાય છે; ત્યાં ત્હમે લગ્નગ્રન્થીની એવી શી શિથિલતા જુવો છો કે ત્હમને ત્હમારૂં આર્યત્વ એટલા ઉપરથીજ જતું રૂહેવાની ફિકર રૂહે છે?–બીજું, ત્હમારે એટલું તો સ્વીકારવુંજ પડશે કે જે પ્રજામાં એક કરતાં પણ વધારે પત્ની કરવાનો દુષ્ટ રિવાજ છે–જે મહાભારત ઉપાય લીધા છતાં પણ હજી ત્હેવોને ત્હેવોજ છે, તે પ્રજાના પુરૂષોની ફરીથી લગ્ન કરવાની છૂટ કોઈ કાલે પણ અટકાવી શકાશે એમ ત્હમને લાગે છે?"

"પણ ત્હમે ક્યાં એ મત સ્વીકારો છો? ત્હમારો તો એવોજ વિચાર છે ને કે જનસમાજની ઉત્તમતા વિધવાઓનાં પુનર્લગ્ન નહીં થાય ત્યાં સુધી થવાનીજ નથી?"

"છેક એમ નહીં; અમે એમ નથી કૂહેતા કે સ્ત્રીઓને પુનર્લગ્ન કરવાની ફરજ પાડો. અમારૂં માત્ર એટલુંજ કહેવું છે કે એમને પવિત્ર રૂહેવાની છૂટ આપો; એમની ઇચ્છામાં આવે તો ફરીથી લગ્ન કરે. ફરજિયાત વૈધવ્યથી એક દુઃખી અનાથ બાલિકાના ભાળા ઉપર આવેલા પત્રમાં ત્હેના હૃદયમાંથી ઉદ્‌ગાર નીકળી ગયા છે કે, 'જયારે અમારે મરવાનું છે ત્યારે વિશુદ્ધ, નિર્મળ રહીને મરવાનું અમે ઘણુંજ વધારે પસંદ કરીએ છીએ'!- મૃત્યુ તો કોઈ રાજીખુશીથી કબૂલ કરેજ નહિં; પણ પ્લેગ કે ક્ષય રોગ, બેમાંની એકની પસંદગી કરવાનું આવી પડે ત્યારે તો - મરકીમાં મરવાનુંજ

ઘણાંખરાં મનુષ્ય કબૂલ કરશે ! ! પરન્તુ, આ અત્યંત કરૂણાજનક નથી ? ” પ્રતાપચન્દ્રરાયે લટકાવેલી–સુપ્રસિદ્ધ ચિત્રકાર રાજા રવિવર્માવાળી શકુન્તલા–જન્મ નામની છબી–(જેમાં ઉડી જતી અપ્સરા મેનકા પોતાની બાળપુત્રી શકુન્તલા વિશ્વામિત્ર ઋષિને સોંપવાનું કરે છે અને વિશ્વામિત્ર પોતાના તપભંગના ભાનથી ગાંડા જેવાજ થઇ ગયો છે ! ત્હેના)–તરફ નજર ફેરવી: “ રસિકભાઈ, મ્હારે ત્હમને બીજું કંઈ કહેવાનું નથી. પૂનર્લગ્ન કરનારી વિધવાને અમે-ત્હેનું નામ જ્યાં ત્યાં છપાવીને–ફજેત કરીએ છીએ, વગેરે, અનેક આક્ષેપ અમારા ઉપર આવ્યા છે, તે જો ખરા હશે તો તે સુધારવાનું બની શકશે: પણ મેહેરબાની કરીને, ત્હમે આ ચિત્ર તરફ દૃષ્ટિ નાંખીને મ્હને કહો કે, ઘણાં વર્ષો સુધી તપ કરનાર, માત્ર તપોબળથીજ ક્ષત્રિયનો બ્રાહ્મણ થનાર, રાજર્ષિ મટીને પોતાની બ્રહ્મર્ષિમાં ગણના કરાવનાર, એક સમયે ઇન્દ્રાસન પણ ડોલાવી મૂકનાર, ત્રિશંકુને ખાતર બ્રહ્માથી જૂદી સૃષ્ટિ ઉત્પન્ન કરી આખા બ્રહ્માંડને ધ્રૂજાવી મૂકનાર, આ પુરૂષ કમતાકાતવાન હશે ? પણ ત્હેનીયે, વિષયવાસનાએ કેવી હાલત કરી નાંખી છે ! તો પછી કયાં એ મહાસમર્થ દેવર્ષિ અને કયાં બિચારી ઉગતી, અનાથ, અબળ વિધવા ? વિધવાઓને લગ્ન કરવાની છૂટ આપવી કે નહિં અને તેમ કરવાથી ત્હમારાં આર્ય લગ્નોની પવિત્રતામાં ખામિ આવે છે કે નહિં ત્હેનો ન્યાયનિર્ણય કરવા બેસો, તે પ્હેલાં ત્હમે આટલું જરા ત્હમારા હૃદયમાં વિચારી જો જો ! ” બધા વિચારમાં પડી ગયા. આ દૃષ્ટાન્ત એટલું તો જાણીતું હતું કે કોઇથી તે બાબતમાં પ્રત્યુત્તર દઈ શકાયો નહિં. એક બે મિનિટ એમ ને એમ વહી ગઇ.

“ આપનું કહેવું ખરૂં છે, સાહેબ ! ” અંતે રસિક-

ભાઇ બોલ્યો: "પરન્તુ આપ જેમ એ ચિત્ર તરફ દૃષ્ટિ ફેરવો છો, તેમ મ્હારૂં હૃદય બીજા પ્રસંગ ભણી ખેંચાય છે. મેનકા કરતાં પણ વધારે મનોહર, ભગવાન નારાયણે પંડે ઉત્પન્ન કરેલી,—અપ્સરા મંડલમાં સર્વથી ખુબસુરત-ઉર્વશીથી પણ, વિશ્વામિત્રના કરતાં પ્રમાણમાં ઘણો ઉતરતો મનુષ્ય—અર્જુન ન લોભાયો, એમ ન બની શકે? વળી ચ્યવન ઋષિ જેવા વૃદ્ધ, અન્ધ, વિરૂપ બ્રાહ્મણને પરણેલી રાજાની પુત્રી સુકન્યા, અશ્વિનિકુમાર જેવા દેવયુગલની અદ્‌ભૂત સુન્દરતાથી પણ ચલિત ન થઇ, એવાં દૃષ્ટાંતો પણ આપે લક્ષમાં લેવાં જોઇએ નહીં? ઉન્નતતાનો ધન્યવાદ આપ વિશ્વામિત્રને આપશો કે સુકન્યાને!...આપણા મનોવિકારનું દમન કરવાથીજ, નહિં કે ત્હેમનું પોષણ કરવાથી, આપણી પૂર્વ ઉચ્ચ સ્થિતિ આપણે પાછી મેળવી શકીશું, એમ મ્હારો તો નમ્ર અભિપ્રાય છે."

"બંને બાજુનાં કારણો સરખાં સબળ છે." પ્રબોધચન્દ્રે કહ્યું: "રસિકભાઇ, ત્હમારા મતની સત્યતા અમારે કબૂલ કરવા જેવી છે. અને જો કે સુધારકોનું સામાન્ય વલણ જેટલું પુનર્લગ્ન કરાવવા તરફ છે તેટલું પવિત્ર વૃત્તિવાળી વિધવાઓના માનસિક-ધાર્મિક-જીવનની ઉન્નતિ કરવા તરફ નથી, મુખ્ય-અગ્રેસર સુધારકોએ અત્યાર સુધીમાં તેને માટે કાંઇપણ પગલાં ભર્યાં નથી,—અને મ્હારા અભિપ્રાય પ્રમાણે તો તેવી સંસ્થાઓ ઉભી કરી તેનું પરિણામ જોવાની ઘણી જરૂર છે–એ બધી વાત ખરી છે; તોયે ત્હમેયે એટલું તો કબૂલ કરશોજ કે તેમની ઉન્નતિના ઉપાયો લીધા છતાં પણ સાંસારિક-કૌટુમ્બિક જીવનની ઇચ્છાવાળી, તેમજ ચંચલ વૃત્તિઓવાળી, વિકારવશ થઈ રહેનારી, અને 'દુનિયાંદારીનાં સુખ-ઉપભોગ અનુભવવા સરજાયલી જીંદગી એળે" જવા દેવી નહીં" એવા મતવાળી વિધવાઓનો સનસમાજમાં કેટલોક ભાગ રહે

વાનોજ: તો તેવી વિધવાઓ અનીતિ માર્ગે ચ્હડી પોતાના જીવનને કલંકિત કરે તે કરતાં હજાર દરજ્જે એ વધારે સારૂં છે કે તેઓ પુનર્લગ્ન કરે."

પ્રકરણ ૧૧ મું: મંદવાડની પથારી.

૧. સીમન્ત અને સુવાવડ.

આખરે તે મંગલ ઘટિકા આવી પ્હોંચી; સરસ્વતીનું સીમન્ત સમીપ આવ્યું. હિન્દુઓમાં શુભ કાર્યના આરંભમાં ઘણે ખરે ઠેકાણે ગણેશસ્થાપનનો રિવાજ છે; આ રિવાજ 'ગયેલા સાપના લીસોટાની પેઠે' હજુ પણ ત્હેવોને ત્હેવોજ કાયમતો રહ્યો છે, પણ હાલ ઘણું ખરૂં મંગલ કામની શરૂવાત ક્યારે થાય છે કે જ્યારે પ્રથમ કંકાસના ગણપતિનું કુટુંબમાં પૂજન થયું હોય ત્યારેજ! સગાંસંબંધી, બન્ધુસહોદર-મિત્ર વર્ગ, સ્વજ્ઞાતિજનો,—એ સર્વમાં ગમે તેટલો સ્નેહ હોય, ગમે તેટલો સંબંધ હોય, પણ સારૂં ટાણું આવ્યું એટલે થઇ રહ્યું! તેટલા સમય પૂરતાતો તેઓ ત્હમારા કટ્ટા દુશ્મન કરતાં પણ ખરાબ! આવું આંવું કાંઈ એક બે નહિં પણ અનેક જગોએ જોવામાં આવે છે; સો સો વર્ષનાં ઉંડાં વૈર સંભારવાનો તેજ સમય છે; સહાય કરવાની વાતતો ઘેર ગઈ પણ પ્રતિકૂળ થઇને ન બેસે તોપણ મ્હોટું ભાગ્ય! આ બધા-

તું કારણ અમનેતો હિન્દુઓના અવિભક્ત (એકઠા) કુટુંબની વિચિત્ર સ્થિતિ; જ્ઞાતિ બન્ધનનું વિચિત્ર સ્વરૂપ; કૌટુંબિક વ્યવહારમાં અભણ, અજ્ઞાન સ્ત્રીઓનું પ્રબળ;—એવાં એવાં અનેક કારણો નજરે તરે છે!... પ્રાચીન ભારતની જે સુન્દર નિર્દોષતામાં સીમન્તિની પોતાના બાલ યૌવનના ઉલ્લાસભર્યા છેલ્લા દિવસો નિર્ગમન કરતી, પતિ પાસે પોતાના સહુ કોડ પૂરા કરાવતી, સ્વજનવર્ગમાં જ્યાં ત્યાં સન્માન પામતી, કુટુંબજનોમાં જ્યાં ત્યાં સ્વાગત થતી, ખાવા, પીવા, પ્હેરવા, ઓઢવા, વાપરવા, આપવા મૂકવામાં કોઇ પણ પ્રકારની ન્યૂનતા જેના જોવામાં આવતીજ નહિં, સખીમંડળમાં જે આનન્દસ્નાન કરતી, સાસરામાં જે મંગલકારી લક્ષ્મી રૂપે લેખાતી, પિયરમાં જેનાં કુંકુમ પગલાં જ્યાં ત્યાં ઉત્સાહ અને પ્રીતિના મિઠ્ઠા મિઠ્ઠા મનોહર ઝંકાર રેલતાં—તેજ સીમન્તિની તરફ અત્યારે દૃષ્ટિ ફેરવો: ઉત્સાહને બદલે કંટાળો, ખુશાલીને બદલે દિલગીરી, આનન્દને બદલે કંકાસ, શરીરની સ્ફૂર્તિને બદલે ત્હેમાં ચુંથારા—એવું એવુંજ કાંઇ નજરે પડે છે! બાળકી બાળકી મટી ન હોય ત્યાંતો તે પત્ની થઈ જાય અને ત્હેને જનનિ પણ થવાનો વખત આવે, ત્યાં તન્દુરસ્તી ક્યાંથી રહે?—શુભ પ્રસંગ આવ્યો કે ચોતરફથી સગાં વ્હાલાં કાઉ કાઉ કરવા માંડે ત્યાં ઉલ્લાસ શેનો હોય? ખરેખર, આપણી સ્થિતિ એટલી નબળી આવી ગઇ છે કે આપણું સર્વસ્વ આપણે ખોઈ બેઠા છીએ, એટલુંજ નહિં, પણ કેટલીક વસ્તુઓ જે સર્વસ્વ સાથે પણ ન ખોવાય—ફ્હાડ્યાથીયે ન જાય, તેપણ આપણેતો ખોઇજ બેઠા છીએ!—આપણાં સંસારસુખ, આપણા શુભ ઉત્સવોનો આનન્દ, આપણા મંગલ પ્રસંગોનો ઉલ્લાસ, આપણાં કુટુંબની શાન્તિ, આપણા દંપતીસ્નેહની અલૌકિકતા, આપણાં ભક્તિમય અન્તઃકરણોની પવિત્રતા;—જ્યાં સર્વ ગયું ત્યાં ગણવું કેટલું?

સરસ્વતીના સીમન્તનો ઉત્સવ આવીજ દશામાં પસાર થયો! પિયરિયાં, પતિ, અને સુજનમંડળ તરફથી હેને સર્વે પ્રકારની અનુકૂળતા હતી, પરન્તુ સાસરિયાં અને હેમાં મુખ્યત્વે કરીને **ભાગીરથી**, **લલિતા**, ગુલાબ અને ધનકોર માશીએ તો હેને ખરેખરી ત્રાહ્યતોબાહ્ કરાવી! **સરસ્વતીને** હેરાન કરવામાં ગુલાબ અને **લલિતા** પાછાં એક થઈ ગયાં હતાં; અને જે નાના પ્રકારની ન્હાની ન્હાની--પણ સરવાળે ઘણી મ્હોટી અડચણો-હરકતો વહુને થતી સુગમતા અટકાવવાને હેના માર્ગમાં સાસરિયાં નાંખી શકે છે તે સર્વની પૂરેપૂરી અજમાયશ અહિં થઈ: અધૂરામાં પૂરૂં, એની આરોગ્યતાની હાલત જે હમેશાં સાધારણજ રહેતી હતી તે પણ આવા પ્રકારનાં ચિન્તા, ક્લેશ, હેરાનગતિઓ, મનોવ્યથા, વગેરેને લીધે બગડવા લાગી. એકત્ર કુટુંબમાં વહુઓને માથે આવી પડતો ત્રાસ કેવળ અવર્ણનીય છે; અને પોતે જૂલમ સહન કરીને મ્હોટી થયેલી સાસુઓ, તથા પોતાને સાસરે એવાજ પ્રકારના જૂલમનો ભાર વેઠતી નણંદો, જ્યારે પોતાની કરુણાજનક સ્થિતિ, પોતાની દુખાયલી લાગણીઓ ભૂલી જઈ, બિનઅનુભવી, હલ્લડ, નવીન, વહુઓ ઉપર ઘાતકીપણે વર્તે છે, ત્યારે

" ના, ના, જે આંખ્યો આંસુડાં ઢાળતી,
" જે હૈડામાંની પીડાઓ સૂચવે,
" તે-તે પત્થર કેરી સંબંધી નહિં;
" હોયે નહિં પ્રીતિહીન હૈડું, જે દ્રવે. "

એ વાક્યોમાં પણ કદિ કદિ સત્ય નહિં હોય એમ માન્યા વિના ચાલતું નથી!

અન્તે જેમ તેમ તે વખત પણ વહી ગયો! અગ્નિની શિખા તો અદૃશ્ય થઈ, પણ ઉષ્ણતા ન ગઇ; માંગલિક પ્રસંગનો ક્ષણિક સમય પસાર થઇ ગયો, પણ ઊંડાં વિષબીજ વાવતો ગયો; અને સરસ્વતીના કોમળ, રસિક, વ્હાલસોયા અન્તઃકરણ ઉપર સાસ રયાની પ્રતિકૂળ વર્તણુકની સજ્જડ છાપ પડી ગઈ! મનુષ્ય દેવ નથી; મનુષ્ય તેતો મનુષ્યજ છે! સાસરિયાં પ્રસંગે પ્રસંગે નાતજાતમાં સગાંસંબંધી વર્ગમાં જ્યાં ત્યાં વહુને હલકી પાડી દે, નજીવા નજીવા જ્યાં ત્યાંથી ખણી ખોળીને પણ આરોપ મૂકવાનાં બ્હાનાં લાવે, શરીરે ઠીક ન હોય તોપણ કામ હાથમાંથી કોઇ મૂકાવે નહિં, મંદવાડને ઢોંગ ગણે અને જ્યાં ત્યાં પોતાનું વાંકું બોલતાં—ફજેત કરતાં ફરે;—એ સર્વ ફિરસ્તાને પણ શેતાન બનાવી દેવાને બસ છે!......સરસ્વતીએ આ બધું મનમાંજ રાખ્યું હતું, પતિને પણ હૃદયમાં દુઃખ થશે ધારી ન કહ્યું, સાસરાની વાત પિયરતો કરાયજ કેમ એ વિચારે પિયરમાં પણ મન ખોલી વાત કરતાં ત્હેને અટકાવી: આ અધાનું પરિણામ એ થયું કે ત્હેની અતિશય મૃદુ લાગણીઓ ઉપર સખ્ત આઘાત થયો તથા શરીર ન સંભાળ્યાથી તનદુરસ્તીને જબરો ઘા વાગ્યો, અને તેથી જ્યારે ચોતરફ, ખાવું ખવડાવવું અને પ્હેરવું ઓઢવું-મિષ્ટાન્નનાં ભોજન અને વસ્ત્રઅલંકારનું ધારણ કરવું નજરે પડતું હતું ત્યારે—ભાવિની નિર્દય વક્રોક્તિના સૂચન રૂપે-જેને માટે આ સર્વ થતું હતું, ત્હેના મન, શરીર, લાગણીઓ અને વૃત્તિઓની સ્થિતિ કેવળ કરુણાજનકજ હતી!—આનન્દમન્દિર ઉપર વજ્રપાત થયો હતો, અન્તઃકરણમાં વિષકીટ પેઠો હતો; અને તનદુરસ્તીની કોમલ કમળનાળિકામાં ધગધગતું લોઢું, પ્રવેશ કરતું હતું. ક્ષમાનો ગુણ હૃદયમાં તે ધારણ કરી રાખતી હતી, ધૈર્ય અને પ્રેમનું સામ્રા-

જ્યાં ત્હેનું મન કબૂલ કરતું હતું; પરન્તુ પરિણામતો અનિષ્ટ આવ્યા વિના રહ્યુંજ નહિં! સુન્દર ગુલાબ, મનોહર ચંપો, સુરમ્ય મોગરો,—એ પુષ્પોની ભભકથી લચી જતી ફુલવાડી પોતાનો સુગન્ધનો કદિ ત્યજતી નથીજ: પરન્તુ તેથી કરીને કાંઈ ઝેરી જીવડાંથી ત્હેનો નાશ થયા વિના ર્‌હેતો નથી! સીમન્ત ગયું કે સરસ્વતીને સખ્ત તાવ આવ્યો, તાવની સાથે ઉધરશ ઉપડી, અશક્તિ પણ સાથેજ દૃષ્ટિ ગૌચર થવા લાગી અને ત્હેની સાથે સૂવાવડ સમિપ આવ્યાનાં ચિહ્ન પણ જણાવા લાગ્યાં.

નિર્મળબાળા અને ચન્દ્રકાન્ત પાસે હાજરનાં હાજર ર્‌હેવા માંડયાં; શહેરના જાણીતા દાક્તર—વૈદ્યોની સલાહ લેવામાં આવી; પરન્તુ પરિણામને માટે કોઈ જવાબદાર થઇ શકયું નહિં. ઘણીજ સંભાળથી-દવાઓની અસરથી—નિર્મળબાળાની ખાસ માવજતથી, એટલું તો થયું કે, પ્રસવ વેદના ત્હેને ઘણી ઓછી થઈ અને એક બાલિકાને ત્હેણે જન્મ આપ્યો. પરંતુ ત્હેના શરીરની હાલતમાં બિગાડજ થતો ચાલ્યો અને અંતે નિર્મળબાળાને પણ ત્હેનાં પિયરિયાં સમક્ષ ખાનગીમાં ક્ષયના ભયંકર વ્યાધિનો અસાધ્ય ઉપદ્રવ કબૂલ કરવો પડયો. દાકતરોના, તેમ બીજા સુજ્ઞાત અને નવીન જ્ઞાત, સઘળા ઉપાયો ત્વરાથી અજમાવી જોવા માંડયા અને 'હવા ફેર કરવાનો' ત્હેમનો પ્હેલો અને છેલ્લો ઇલાજ, સરસ્વતીને ન્હાઈ ધોઇને ઉઠયા પછી નિર્મળબાળાને બંગલે લઈ જઇને રાખવાનો,—પણ કરી જોવામાં આવ્યો!—પાશ્ચિમાત્ય દવાઓનું શાસ્ત્ર, દરદો અને ત્હેમના ઉપાય સંબંધી દાક્તરોનું જ્ઞાન, ઘણુંજ અપૂર્ણ છેઃ પોતાનાં હુશિયારીનાં બણગાં ફૂંકયા છતાં ત્હેમનાથી મ્હોટા રોગોમાં, અસાધ્ય દરદોમાં કાંઇજ બની શકતું નથી; અને દેશી વૈદ્યકની સ્થિતિ ત્હેમને પ્હેલાં મળતા ઉત્તેજનન

અભાવે હવે તો વળી તદ્દનજ નબળી થઈ ગઇ છે ! એટલે હિંદુસ્થાને પોતાનું હતું તે ખોયું છે, અને પારકું વધારે સારૂં ધારી ગ્રહણ કર્યું છે, ત્હેમાં પણ કાંઈ માલ નથી !–કબૂલ છે કે તાત્કાળિક અસર ત્હેમની દવાઓની વધારે થાય છે, પણ ત્હેની સાથે એ પણ બહુમાન્ય છે કે જૂનાં દરદો જડમૂળથી ફ્હાડવામાં દેશી વૈદ્યકના જેટલી ત્હેમની શક્તિ નથી : અને શસ્ત્રવિદ્યા–ભ્હાડકાપનાં કામમાં ત્હેમની જેટલી ચાલાકી છે ત્હેનો એક અંશ પણ ક્ષય જેવા ભયંકર રોગો નાશ કરવામાં તો શું પણ ત્હેમનો ફેલાવો રોકવામાં પણ નથીજ, એ હવે નિર્વિવાદ છે ! રોગીને દરરોજ વધારે વધારે દરદથી પીડાતો, –(ઉપાયો, પોતાના પ્રિય ઉપાયો, ખરચાળ ઉપાયો યોજ્યા છતાં,–) નિત્ય નિત્ય વધારે હેરાન થતો,–ત્હેનું દરદ વધારે વધારે વધતું, જોયા છતાં પણ જ્યારે દાક્તરોની પોતાની દવાઓ ઉપરની અંધશ્રદ્ધાનાં પડળ ઉતરતાં નથી ત્યારે ક્હેવું શું અને કરવું પણ શું ?–બીજી દરેક વિદ્યાનો વિસ્તાર થયા છતાં વૈદ્યકવિદ્યાની હિંદુસ્થાનમાં રહી ગયેલી ત્હેવીને ત્હેવીજ શોકજનક હાલત ખરેખર તે ધંધાના વિદ્વાનોને માટે માનભરેલી તો નથીજ !–જે મનુષ્યો, આત્માના અસ્તિત્વનો પણ અસ્વીકાર કરી, ઇશ્વરની આવશ્યકતા પણ અમાન્ય કરી, કેવળ કુદરત અને ત્હેમના નિયમો ઉપર પોતાનો આધાર રાખે છે તથા કુદરત મનુષ્યસત્તાને વશ થાયજ એમ માને છે, ત્હેવા વીરનરો જે ધંધામાં પ્રથમ પદ ભોગવે છે, તેજ ધંધાની આવી સ્થિતિ !–આના કરતાં મનુષ્યજ્ઞાનની બીજી કેટલી વધારે નિર્બળતા, અપૂર્ણતા સૂચવી શકાય ?

૨. છેલ્લા મંદવાડની શરૂવાત :

નિર્મળબાળાને બંગલે સર્વ પ્રકારની અનુકૂળતા હતી : ત્હેને પોતાને વૈદ્યકનું, દરદીઓની સારવારનું સારું જ્ઞાન હતું; સ્ત્રીઓને પડતી વીટંબણાની ત્હેને પૂરી માહેતી હતી. રસિકભાઇ, સુશીલા અને ધનલક્ષ્મી ત્યાં રહેતાં અને કમળા તથા જીબા, ઇન્દિરાબાઇ તથા મહિલાસમાજની સરસ્વતીના સહવાસ–પરિચયમાં આવેલી સુન્દરીઓ ત્હેની માવજત માટે વારાફરતી રહ્યાં કરતી હતી. યોગિની મહાદેવી પણ દરરોજ સ્હાંજે ત્હેની પાસે આવ્યા વિના રૂહેતાં નહિં. દિવસમાં એક બે વાર ચન્દ્રકાન્ત પણ બાઇસીકલ ઉપર બેશીને આવી જતો અને દાકતરોના મેળાપ વખતે તો નિત્ય હાજરજ રહ્યાં કરતો. પ્રબોધચન્દ્રે મહા પ્રયાસે રજા મેળવી અને તે પણ ત્યાંજ રૂહેવા લાગ્યો. વખતો વખત ભાગીરથી અને લલિતા, ધોળી બ્હેન અને જમનાંબા તથા કદિ કદિ ગુલાબ અને ધનકોર માશી પણ પાછળ બબડતાં ૯ફડતાં, પરન્તુ લોકમાં ખોટું ન દેખાય એટલા માટે, આવી જવા લાગ્યાં.

" સૂવાવડ એ હમ્મેશાં સ્ત્રીની તુન્દુરસ્તીની એક ભયંકર કસોટી છે અને આપણી સ્ત્રીઓને માટે તો ખાસ કરીને તેમ છે ! બાળકીઓને પ્રથમના દિવસોમાં–અંધારામાં, ખરાબ હવામાં, બેકાળજીથી ખરાબ ખોરાક ઉપર રાખવામાં આવે છે : યોગ્ય સૂચાનીઓ મળતી નથી, સરકાર તરફથી રાખવામાં આવતી સ્ત્રીદાકતરો એરંડા પ્રધાન રૂપ હોવાથી માનમાં બેંચાઇ જઇ બેદરકાર અને બેતમા હોય છે, અને ઉંટવૈદું જાણનારી સ્ત્રીઓને હાથે ગરીબ બાળકીઓની એવી તો દુર્દશા થાય છે કે, ત્હેનું સ્મરણ કરતાં પણ કમકમાટી છૂટે છે ! આપણી કેળવણી લેતી યુવતીઓ બી. એ.-એમ.

એ. થવાને પ્રયત્ન કર્યા કરતાં જો વૈદ્યકનું જ્ઞાન લેતી હોય, અને તે કેળવણીનો પોતાની બ્હેનોના હિતાર્થે ઉપયોગ કરતી હોય તો આપણી સ્ત્રીઓની તન્દુરસ્તીની હાલતમાં પ્રશંસનીય ફેર જોવામાં ન આવે ?...... કબૂલ છે કે અમુક મુદ્દત પછી તે નવીન માતાઓને પૌષ્ટિક ખોરાક આપવામાં આવે છે; પણ ત્યારે, ખોટી નાજુકાઇનો દેખાવ કરવાને માટે તે બાળકીઓ તે ખાતાં શરમાય છે ! ઓસડિયાંના રગડા પીવામાં તૈયાર પણ જુલાબની દવા લેવામાં શરમ ! અને નુકશાનકારક ચીજો ખાવાનું મન પણ પુષ્ટિકારક ખોરાક લેવામાં વાંધો ! એ કદાચ ત્હમને આશ્ચર્યકારક લાગશે પણ સત્ય છે : ત્હેમને મળતું શિક્ષણ એવા પ્રકારનું છે, ત્હેમની બ્હેનપણીઓના વિચારજ એવા છે, ત્હેમનું જીવનજ એવી રીતનું બંધાઈ ગયું છે કે, ખોટી બડાઈ, વિચિત્ર નાજુકાઇ, નવાઈ જેવા આચારવિચાર, જૂજ ખોરાક એ બધું—ત્હેમના સંબંધમાં કાંઇ નવું નથી !......ઘણે ઠેકાણે તો સૂવાવડ જેવી ગંભિર સ્થિતિનું સારવાર કરનારી માતાઓને ભાનજ હોતું નથી ! ‘અભડાઈ જઇએ ને અપવિત્ર થઈ જઇએ અને માથું બોળીને ન્હાવું પડશે,’ એવા એવા વિચારમાં પુત્રીઓને એકલી નાંખી મૂકી, ત્હેમની તરફ બેદરકાર રૂહેતી ઢોંગી ‘પ્રેમલીઓ’—માતાઓના નામને લાંછન લગાડે છે,—ઉગતી પુત્રીઓનાં આરોગ્ય જીવનમાં ઝેર ભરે છે !—આમાં એક પણ વાત ખોટી નથી, બધી હું ઠેકાણે ઠેકાણે જોઉં છું અને ત્રાસી જાઉં છું, પણ ત્હેમનાં સ્નેહી સંબંધીઓ ઉપર તો ત્હેની કાંઇ અસર પણ મ્હને જણાતી નથી; બાળકીને એમ રીબાવી રીબાવીને માર્યા કરતાં એકદમ ઝેર આપી મારી નાંખતાં હોય તો તેઓ બિચારી જીંદગીભરના દુઃખમાંથી છૂટે !” નિર્મળમાળાએ પોતાના અનુભવની વાત કરી, જેનું નિર્વિવાદ સત્ય સર્વ શ્રોતાઓને

કબૂલ કરવું પડયું. " દાકતરો અને સૂયાણીઓ એકલી શું કરે ? અમે તો ઘણુંયે કહીએ છીએ પણ પત્થર ઉપર પાણી ! "

" પણ શ્રીમતી બ્હેન, ત્હમારા દાકતરો અને ત્હમારી દવાઓ તો અમારે માથે ખરચના દાટ વાળી મૂકે છે ! ત્હમારૂં ક્હેવું તો ખરૂં છે કે છોકરીઓની સૂવાવડમાં બરોબર કાળજી રખાતી નથી. " ઘોળી બ્હેને કહ્યું : " પણ, ભાઇસાબ, ત્હમારાં બીલથી તો અવધિ ! "

" ત્હમે ખરૂં ક્હો છો; અમારી માવજતમાં એટલો ખાસ વાંધો છે કે એ ગરીબ અને સાધારણ સ્થિતિનાં માણસોને ભારે પડે છે : પણ તેથી કાંઈ બાળકીઓને સૂવાવડના વખતમાં બરોબર સંભાળવાની ત્હમારી જવાબદારી ઓછી થતી નથી ! "

" અરે, દાકતરોનાં ભારે બીલની બાબતમાં એક વાત છે. " કમળા બોલી ઉઠી : " એક ડોશી આંધળી હતી, પણ પાસે એ પૈસાનો જીવ ખરો. ત્હેણે એક હુંશિયાર દાકતરની દવા કરવા માંડી; દવા તો લાંબો વખત ચાલી પણ અંતે ડોશી દેખતી થઇ. ડોશીએ દેખતી થયા પછી દાકતર ઉપર ફરિયાદ માંડી. જડજે પૂછયું કે ' ડોશી ત્હમારું દાકતર શું લઇ ગયો ? ' ડોશીએ જવાબ દીધો, ' સરકાર હું આંધળી હતી ત્યારે તો ઘરમાં જ્યાં ફરતી ત્યાં કાંઈનું કાંઇ હાથમાં આવતું, પણ હવે દેખતી થયા પછી તો ઘરમાં કાંઇ દેખતીજ નથી ! "

" એંહ...એ તો દાક્તરને ઘેર જવું અને દાવો લ્હડવા જવું એ સરખુંજ છે ! " જીઆએ કહ્યું : " દિવાનીમાં જાય તે દિવાનો થાય : જીતે તો હાર્યો, ને હારે તો દુનિયાં પાર ગયો !–દાકતરને ત્યાં પણ એમજ છે : મટયું તો ઘર ખાલી થયું જાૂવે, અને ન મટયું તો માણસે જાય ને ઘરે જાય !–

મ્હારાં દાદી તો નિત્ય એમજ કહે છે; ' મરો રાંડો ! આ દાકતરનાં ને દવાનાં ખરચ શાં ?–એનાથી દસમા ભાગના પૈસાનું ઘી ખાઓને ઘી !–બધુંયે મટી જશે : એની મેળે ઉઠીને ઉભાં થવાશે !–બાકી આવાં ખરચ કરીએને, તો વાજ આવીએ વાજ !–ને ઉઠી જઇએ !–ઘરનાં નેવાંયે પારકાં થઇ જાય ! પૈશા ઘટયા ને રાંડોનાં ખરચ વધ્યાં; ઘર તે શી રીતે ઉંચુ આવે ? ' ”

નિર્મળબાળા ખડખડાટ હશી પડી. “ બ્હેન, એમાંની અતિશયોક્તિ બાદ કરીએ તો ઘણુંખરૂં સત્ય છે; પણ શું કરવું ઉપાય નથી. વિલાયતથી દવાઓ મંગાવવી, અને પોતાનાં ભારે ખરચ ઉપાડવાં–એ બધું દરદીઓ ઉપરજ ને ! ” –તે ગંભીર સ્હેરે બોલી : “ પણ એ બાબતમાં સુધારો થવાની ખાસ જરૂર છેજ ! વૈદક જેવા પવિત્ર ધંધાને લોકોએ ગાંધિયાટા જેવો વેપારજ કરી દીધો છે ! ”

સરસ્વતીના બિછાના પાસે આવી આવી કંઇક ગમ્મતની–અનુભવની વાતો થતી. ત્હેનો આ છેલ્લો મંદવાડ બહુ ભારે હતો. તે તો ઘણું ખરૂં માંદી સાજીજ રહેતી પણ જરા સારી થાય કે તરત ઉઠીને બેઠી થતી. પરન્તુ આ વખત તો પ્રકૃતિ હરહમ્મેશ બગડતીજ ચાલી અને ત્હેને પણ પોતાની સ્થિતિ ભયાજક જેવી લાગવા માંડી. ત્હેની મૂળથીજ ધર્મ ઉપર સારી શ્રદ્ધા હતી, ત્હેમાં પછી ધનલક્ષ્મીની પુત્રી, તે પોતાની માતા જેવીજ હતી; તેથી ધર્મપુસ્તકો વાંચવાં, ધર્મના વિષયો ઉપર ચિન્તવન કરવું, ધર્મનાં કામોમાં લક્ષ પ્રેરવું,–એ ત્હેની સ્વાભાવિક વૃત્તિઓ આ મંદવાડમાં સતેજ થઇ ગઈ અને મહાદેવીના તથા નિર્મળબાળાના સહવાસમાં પોતાના મનોરાજ્યમાં જે સુધારો થયો હતો તે દૃષ્ટિગોચર થવાથી, તથા પોતાની સારવાર માટે બધાં આટલું બધું કરતાં તેથી, તે સ-

ર્વની ઘણીજ ઓશિંગણુ રહેવા માંડી. મંદવાડની પથારી એટલી તો કરુણાજનક છે, પ્હાડ જેવાં માણસો પણ ત્યાં એવાં નિર્બળ થઈ જાય છે, ત્યાં થતું કષ્ટ આપણે નજરે જોઇએ છીએ, હૃદય દાઝે છે પણ આપણે નિર્વીર્ય-શક્તિહીન થઇને આસપાસ બેશીજ રહીએ છીએ તે એટલું તો ત્રાસદાયક લાગે છે કે, ક્રૂરમાં ક્રૂર, ઘાતકીમાં ઘાતકી, પાપીમાં પાપી મનુષ્ય પણ ત્યાં-ક્ષણભરતો-સુધર્યાવિના રહેજ નહીં: અને ત્હેમાં પણ જે મનુષ્ય એ પ્રકારની મૃત્યુશૈય્યા ઉપર સૂતું હોય ' હું ઉઠીશકે નહિં ?- મ્હને મટશે કે નહિં ?' એ માનસિક આન્દોલનોમાં જીવન ઝોલાં ખાધા કરતું હોય, ત્યાં મલિન વિચાર, અપવિત્ર વિકાર, ક્ષુદ્ર સંકલ્પો, પાતકી આચાર,-એ કેમ ટકી શકે ?...મોતનું બિછાનું એ એક પ્રકારનું મહા ભયંકર કષ્ટ-કારાગૃહ છે, છતાં ત્હેનો પણ વિશ્વક્રમમાં હેતુ છેઃ ગમે ત્હેવાં કનિષ્ઠ હૃદયોનું પણ ત્યાં સંશોધન થાય છે, અપવિત્રતા ઉડી જાય છે, મલિનતા નાશ પામે છે; ત્યાં અસુર પણ મનુષ્ય થાય છે, મનુષ્ય દેવ થાય છે; જ્યારે તે શૈય્યાની આસપાસનાં અન્તઃકરણો પણ કોમળ, નિર્મળ બને છે ત્યારે ત્હેમાં સૂતારનાં આત્માની વિશુદ્ધિનું તો પૂછવુંજશું ?

રસિકભાઇ અને પ્રબોધચન્દ્ર વારાફરતી ત્હેની પાસે રહ્યાં કરતા તથા સ્ત્રીઓમાં સુશીલા અને નિર્મળબાળા પણ તેમજ કરતાં : આથી જેટલો લાભ આ પ્રસંગની પવિત્રતાનો સરસ્વતીને થયો, તેટલોજ ફાયદો-આ ચારે જણાંને મૃત્યુશૈય્યાની સેવાના પુણ્યનો થયો. સરસ્વતીને કોઈ પણ વખત તેઓ અણગમતું આવવા દેતાં નહિં; અને આખો દિવસ સ્ત્રીઓની હાલત સુધારવાની વાતો, સુધારાની પ્રવૃત્તિના ખબર, નવાં નવાં પુસ્તકોનું વાચન, દરરોજ યોગિનીની સ્હાંજની કથાઃ-એ બ-

ધામાં ત્હેનું રહેલું અલ્પ આયુષ-તાવ અને ઉધરશની પી-ડાનો સમય બાદ કરતાં-ખરેખરી શાન્તિમાં જવા લાગ્યું.

સરસ્વતીને પોતાની સ્થિતિનું જ્યારથી ભાન થવા લાગ્યું ત્યાર પછીથી તે ધીમે ધીમે બદલાવાજ લાગી હતી. ત્હેના આન્તર્ વિલાસ અપાર્થીવ થવા માંડયા; ત્હેના હૃદયતરંગ ભક્તિમાર્ગમાંજ વહન કરવા લાગ્યા; ત્હેનો પ્રેમભર્યો આત્મા સર્વના ઉપર એક સરખી રીતે પોતાના ઐશ્વર્યની સજ્જડ છાપ બેસાડવા લાગ્યો. આપણા હિન્દુ સંસારમાં પતિપત્નીનો સંબંધ જેટલો એકતા ભરેલો છે તેટલોજ ભાઇબ્હેનનો સ્નેહ ભિન્નતાવાળો છે. રસિકભાઇને સરસ્વતી બાલ્યાવસ્થામાં સાથેજ ઉછર્યા પછી એકદમ જૂદાં પડયાં હતાંઃ ભાઇને અભ્યાસને માટે બ્હારગામ જવું પડયું હતું, બ્હેન સાસરે ગઈ હતી. ક્વચિત્ ક્વચિત્ મેળાપ શિવાય, ત્હેમને સાથે રહેવાનું તો ભાગ્યેજ બનતું હશે! પણ હવે તે બંને એક બીજાની છાયા રૂપજ હોયની એમ ગાઢ પરિચયમાં આવવા લાગ્યાં; અરસ્પરસની મિઠ્ઠી લાગણીઓ અને હૃદયની અભિદષ્ટિ બહુ સુન્દર રીતે વિકાસ પામલા લાગી; અને ત્હેમના આત્માઓનાં વલણ એકજ દિશામાં હોવાથી પોતાની એકની એક બ્હેન-ની-થોડા વખતમાં પોતાને ત્યજવાને નિર્માણ થયેલી ભગિનીની -સારવાર કરવી, એ ભાઇના જીવનનો મુખ્ય હેતુ હોયની એમજ થઈ ગયું. સરસ્વતીની પથારી પાસે બેસવું, ત્હેના સુકા પડી ગયેલા ઓઠને મન્દમન્દ હસાવવા, ત્હેના ગભરાતા જીવને ગમે તેમ કરીને ઠંડુ પાડવું, ત્હેની સાથે ધાર્મિક ચર્ચાઓમાં ઉતરવું, ત્હેનાં આત્માનાં ઉન્નત ઉડ્ડયનોમાં ભાગ લેવો,-આદિ અનેક પ્રકારની ન્હાની ન્હાની વસ્તુઓ જે ત્હેના ચિત્તને ઉદ્વેગથી દૂર રાખે, ત્હેના શરીરને દરદની પીડાથી મુક્ત રાખે તે કરવામંજ રસિકભાઇ હાલ પોતાનું જીવન-

સાર્થક્ય સમજતો. દર્દી મનુષ્યમાં બાલકતા આવી જાય છે અને ત્હેથી ત્હેનું બોલવું ઘણું સુરમ્ય, સુમધુર લાગે છે : આ વાણીની મિઠાશ તે જરા ન સાંભળે તો વ્હીલો વ્હીલો થઇ જતો !–સરસ્વતીને પણ પોતાના ભાઈ તરફ ઘણીજ સબળ વેગથી વળેલી વૃત્તિઓને લીધે તેમજ થયું : અને આ ભાઇબ્હેન, આ પ્રમાણે, આપણાં કુટુંબોમાં અનન્ય એવું બન્ધુ-ભગિનીના-ગાઢ હૃદયસંબન્ધરૂપી સુખમાંજ પોતાની ઐહિક જીંદગીની અનુપમ સ્થિતિ અનુભવવા લાગ્યાં.

પ્રબોધચન્દ્ર સાથેનું ત્હેની પત્નીનું જીવનસૌખ્ય તો તેથી પણ વધારે અપૂર્વ હતું : ત્હેમના દંપતી તરીકેના સંબન્ધમાંથી –સ્થૂલ પ્રીતિનો આનન્દ હવે ઉડીજ ગયો; ત્હેની જગોએ પવિત્ર પ્રેમ–ઉમામહેશ્વર વચ્ચેનો ઉપભોગલાલસા વિનાનો નિર્મળ, વિશુદ્ધ સ્નેહ–ધીમે ધીમે મૂર્તિમાન થવા લાગ્યો. હવે ત્હેમના પરિચય દિવ્ય બનતા ગયા, ત્હેમનું મનયુગલ દૈવી પ્રીતિનાં સુખસરોવરોમાં રહેવા લાગ્યું, ત્હેમના જીવનતરંગોએ પાર્થિવી ક્ષિતિજ ત્યજી દેવા માંડી, અને ત્હેમના આત્માઓ સ્નેહ–સંગીતના રવ ઉપર સ્વારી કરતા પ્રભુધામનાં અન્તઃપુરો પણ ઓળંગી જવા લાગ્યા.

૩. સરસ્વતીના બિછાના પાસે:

સ્હાંજે કથા પૂરી થયા પછી સ્રીમંડળ ઘણીખરીવાર આડીઅવળી વાતચીતોમાં ઉતરતું : નિર્દોષ વાર્તાઓ કહેવાતી, પ્રીતિના મધુરા વિવાદ થતા, મિઠાં મિઠાં ભજનો ગવાતાં; વખતે નિર્મળબાળા હાર્મોનિયમ કે પિયાનો વગાડતી, કોઇક વાર મહાદેવી એકતારાની ધૂન મચાવતાં; અને ક્વચિત્ સાધુપૂજન પણ કરવામાં આવતું. તે સમયે પ્રાચીન કવિઓ અને મહા-

ત્માઓનાં કવન ત્યાં લલકારવામાં આવતાં. મહાદેવીની ઉગ્ર સુન્દરતા બદલાઇ ત્હેમનામાં દિવ્ય મનોહરતા આવવા લાગી હતી; નિર્મળબાળાની ઉચ્ચ માનુષતા બદલાઇને ત્હેનામાં રમણીય દૈવીતાએ વાસો કરવા માંડયો હતો: ધનલક્ષ્મી તો દેવી સ્વરૂપજ હતાં—અને આવી રત્ન જેવી પુત્રી નજર આગળથી ચાલી જતી જોવી એ અતિ કઠિન હતું તોપણ પોતાના કુદરતી ધૈર્યશીલ સ્વભાવથી, તેઓ ત્હેને પોતાની મનોવ્યથાનું કાંઇપિણ ભાન ન થાય તેમ વર્તતાં. સુશીલા અને કમળામાં પણ ઘણો પ્રસંશનીય ફેર દૃષ્ટિગોચર થતો હતો અને ચોતરફના સુધારાનું આ કામ ઇશ્વરી પ્રેરણાથી એટલું બધું આગળ વધ્યું હતું કે, લલિતા અને ગુલાબ ઉપર પણ ત્હેની અસર થવા લાગી હતી.

" માંદાં મનુષ્યની સેવા કરવી એના કરતાં બીજું કોઈ વધારે મ્હોટું પરમાર્થ કે પુણ્યનું કામ નથી; પ્રભુ પણ એને પોતાની મ્હોટામાં મ્હોટી સેવા માની લે છે. મૈયા, ત્હમારાં સંસારીઓને તો એવાં પુણ્યનાં કામ એટલાં બધાં છે કે ત્હમને તો નવરાશે મળવી દુર્લભ!—દેવતાઓ પણ મનુષ્યદેહ ધારણ કરવાની યાચના કરે છે ત્હેનું કારણ આજ. ત્હેમાંયે આપણી સ્ત્રીઓનું જીવન બહુ ઉચ્ચ થઈ શકે: બાલ્યાવસ્થામાં દેવસેવા, ભાઇભાંડુની સેવા, માતાપિતાની સેવા, અતિથિની સેવા,—યૌવનમાં પતિભક્તિ, સસરાસાસુની ભક્તિ, નણંદભોજાઈ, દિયર, અને સંબન્ધીઓની ભક્તિ, શ્વસુરગૃહનાં આશ્રિતોની ભક્તિ,—વૃદ્ધાવસ્થામાં પુત્રપૌત્રાદિકનું સાન્ત્વન, પુત્રીઓ, વહુઓનું સાન્ત્વન, કૌટુમ્બિક જનોનું સાન્ત્વન, દરદ અને દુઃખથી પીડાતાં અન્તઃકરણોનું સાન્ત્વન,—એ સ્ત્રીઓનો પરમ ધર્મ છે.—આ સર્વમાં પણ માંદાંની માવજત એ ઉત્તમોત્તમ ધર્મ છે: જે મનુષ્ય અભિમાન વિના, સ્વાર્થ વગર,

અન્તઃકરણ પૂર્વક, ઇશ્વર પ્રીત્યર્થે, રોગીઓના રોગ નિવારણ કરે છે–દરદીઓનાં દુઃખ ઓછાં કરવા પ્રયત્ન કરે છે, ત્હેને પ્રભુભક્તિ બીજી કોઇ રીતે કરવાની જરૂર છેજ નહિં. જેનું આખું જીવનજ ભક્તિમય–પ્રીતિમય છે, ત્યાં સેવાપૂજાની આવશ્યકતા નથી. માંદાં મનુષ્યોનું બિછાનું એવું પવિત્ર સ્થાન હોવાથીજ વિધવાઓને પોતાનું જીવન ગાળવાનું તે પ્રથમ સ્થાન છે. " મહાદેવી વાત કરતે કરતે વ્યાખ્યાનમાં ઉતરી પડયાં.

" હા બ્હેન, એટલા માટેજ મ્હેં કહ્યુંને કે, નિર્મળ અન્તઃકરણ અને આત્મત્યાગી લાગણીઓથી જે મનુષ્ય અન્ય પ્રાણિઓના કલ્યાણ અર્થે પ્રયત્ન કરે છે, ત્હેને પછી 'વ-રત વરતુલાં' કે સેવાપૂજા કાંઇ જૂદાં કરવાની જરૂર રહેતી નથી; પ્રભુ ત્હેનાથી દૂર નથી"; મહાદેવીએ કહ્યું.

" પણ મૈયા," કમળાએ પૂછ્યું : " મૈયા, ત્હમે સાકાર પ્રભુની સેવાપૂજાની વાત કરો છો કે નિરાકારની ?–અમારે ત્યાંતો એ બાબતની નિત્ય ધમાલ થાય છે ! શાસ્ત્રીપુરાણીઓ અને સુધારાવાળા દરરોજ ભરાય છે, તકરાર થાય છે, અને ૫ગ કાંઇ આવતું નથી. અમે તો નિરાકારની ભક્તિ કરીએ છીએ : ઘણું ખરૂં રાતે પ્રાર્થના કરીએ છીએ, હાર્મોનિયમ સાથે ઇશ્વરસ્તવન ગાઇએ છીએ અને રવિવારે સમાજમાં જઇએ છીએ. પણ મૈયા, ખરૂં શું ?–મ્હને તો સમજણુજ પડતી નથી. "

" હવે એવી એવી નાસ્તિક વાતો રહેવા દેને, " ધોળી બ્હેન બોલી ઉઠી : " જરા ગનાનની વાતો તો સાંભળવા દે. જ્યાં ત્યાં એની સમાજ ! માતાજી, એ તો બહુ ડાહ્યલી થઈ ગઇ છે, એની વાત સાંભળશોજ નહિં ! "

" ના ના, ધોળી મૈયા," યોગિનીએ જરા હશીને કહ્યું : " કમળા મૈયાનો પ્રશ્ન પણ સારો છે. જુવો મૈયા, સાકાર નિરાકારની ભક્તિ એ અધિકારની વાત છે. માટીના પાર્થેશ્વર કરીએ છીએ, માટે કાંઈ માટીને આપણે પૂજતાં નથી; અને નિરાકાર પ્રભુનું ધ્યાન ધરીએ છીએ ત્યારે પણ હૃદયમાં કોઇપણ પ્રકારની મૂર્તિ ઉતાર્યા વિના તો ચિત્ત ઠરતુંજ નથી : એટલે એ બાબતના વિવાદમાં કાંઈ ફળ નથી ! સાકારની ભક્તિ ઉપરથી પણ ઘણાયે ભક્તરાજ નિરાકારની ભક્તિમાં ગયા છે : પણ ત્હેમાંયે, એનું એજ છે. કમળામૈયા, ત્હમારે એવી ભાંજગડમાં પડવુંજ નહિં. પ્રભુભક્તિ કરો, પતિભક્તિ કરો, સ્વજનભક્તિ કરો; ત્હમને પ્રભુએ આપેલી અનુકૂળતાનો પવિત્ર જીવનથીજ, ઉચ્ચ સદ્‌વર્તનથી ઉપભોગ કરો. બીજું આપણે શું જોઇએ ? પ્રભુની ભક્તિમાં આત્મા પોતાની યોગ્યતાના પ્રમાણમાં વધતો જશેજ, એ નિઃસંશય છે. "

" માતાજી, એવા વિચારજ કોણ જાણે કેમ આવતા હશે ? " ધનલક્ષ્મીએ પૂછ્યું, " આજકાલની છોકરીઓ વિચક્ષણ તો બહુ ! અમે એના જેવડાં હતાંને ત્યારે અમને તો એવું કાંઈ બોલતાંયે ન આવડતું. "

" હા મૈયા, પણ એ ગૃહશિક્ષણ—આપણા ઘરમાં જે કેળવણી બાલકોને આપણે આપીએ છીએ, ત્હેનો પ્રભાવ છે; —આપણે જેવું વિચારીયે, કરીયે, ત્હેવું ઘરનાં છોકરાં પણ કરતાં શીખેજ, એ સ્વાભાવિક છે. "

નિર્મળબાળા અંદર આવી : " મૈયા, ગૃહ–શિક્ષણની ખામી અને નિશાળના શિક્ષણની વિચિત્રતાનો નમૂનો એક માસિકપત્રમાં આવ્યો છે.

તેમાં લખ્યું છે કે દરેક વર્ષે ઘણાં ઘણાં અને ઉંચાં ઈનામો લઇ એમ. એ. સુધી ભણી વિદ્વાન થયેલી બંગાળાની એક સુગંધમંજરી નામની સ્ત્રી, જેનું એક ત્યાંના ઈન્જીનીયર સાથે લગ્ન થયું હતું, તેને પોતાના પતિ સાથે નોકરીના કામ પ્રસંગે ફરતાં ફરતાં જંગલમાં થઇને જવાનું હતું તેવામાં એક વખત એવો પ્રસંગ આવ્યો કે રસોઇયો પાણી લાગવાથી એકદમ માંદો થઈ જવાથી તેમ તેજ દિવસે પોતાની સાથે બીજું કોઈ માણસ હાજર ન હોવાથી પોતે જાતે રસોઇ કરવી પડી; પરંતુ આખી જીંદગીમાં તે કામ કોઇ દિવસ બીલકુલ પણ કરેલું ન હોવાથી ખીચડી કે ચોપડાંશાક કરતાં પણ તેને ઘણી ઘણી મુસ્કેલી થઈ પડી, અને કોઇ ઉંચી પરીક્ષાના ઘણાક કઠિન સવાલપત્રના જવાબ લખી આપવા કરતાં પણ આ કામ તેને વધારે અઘરૂં લાગ્યું.

" સ્ત્રીઓને ત્હેમના ગૃહકાર્યોના શિક્ષણની પણ જરૂર છે; નહિં તો આનાથીયે બૂરી ફજેતી થાય !—સમજ્યાં, કમળા? "

" મરો મરો ! રાંડનું રાંધવું એમાં તે શું ? " ધોળી વ્હેને કહ્યું : " પાંચ મિનિટનાં ચોપડાં !—એમાં તે એવું શું હતું જે એને આટલી મહા મુસ્કેલી પડી ? ? "

" વ્હેન, એતો જેનો જેને પરિચય ! " જીબા બોલી ઉઠી : " એમ. એ. થઇ છે તે એને કાંઇ થોડું જ્ઞાન હશે ? —પણ એમ કહો કે રસોઇ કરતાં શીખેલી નહિં ત્હેથી આટલી બધી માથાકૂટ એને નડી. છોકરીઓને પ્હેલું તો એ —રાંધતાં શિખવું જરૂરનું છે. નહિં તો પછી વરને કહેશે કે ત્હમે ત્હમારી મેળે કરી લ્યો. કસાર કરવા જતાં લૈડકું થઈ જાય ને ખીચડી કરતાં રગડો પીવો પડે ! અરે ધોળી વ્હેન, કેટલીક બાયડીઓને તો કંટેવાળા કરતાંયે આવડતા નથી !

" મૈયા, કેળવણી આપતાં, બાળકીઓની પ્રથમ ફરજોનું જ્ઞાન હેમને આપવા ઉપર યોગ્ય લક્ષ અપાતું નથી. પરિણામ એ થાય છે કે જ્યારે એ સાસરે જાય છે ત્યારે હેમને માથે આવી પડતી વિટંબનાઓનું તો વર્ણન પણ થાય એમ નથી " સરસ્વતીએ કહ્યું.

" અરે ! સાસુઓ અને નણંદો બોલીઓ ને મ્હેણાં મારે " ધોળી બ્હેન બોલી:

" આડોશી પાડોશી છણકા લપકા કરે, જ્યાં ત્યાં ફજેતી થાય ! અને કહેવાય શું જે, ' હાય, હાય, બા; એની મા આવી શી જે બરોબર રાંધતાંયે ન શીખવાડ્યું ?–કેટલીક રાંડોને તો એમના ભાયડા રાંધી આપે ત્યારે, જરા કાંઇ સારૂં રાંધવાનું હોય કે કોઇ બે માણસનું વધારે કરવું પડ્યું કે ભાયડાના કરમમાં તો ચૂલો ખરોને ખરોજ ! "

૪. યોગિનીનું આત્મબળ :

" મૈયા, મૈયા જગદંબા ! બાળા ત્રિપુરસુન્દરી ! ભગવતી આદ્યશક્તિ ! પ્રસન્ન થા, પ્રસન્ન થા ! મૈયા, મૈયા, ભક્તિ મૈયા ! પ્રકટ થા, પ્રકટ થા ! "

દેવીમન્દિરમાંની એક ઓરડીમાં યોગિની પૂજા કરવા બેઠી હતી. સ્હામે ઘીના દીવા નિર્મળ તેજથી પ્રકાશતા હતા. ઝગઝગતો સુગન્ધી ધૂપ ચિત્રવિચિત્ર આકૃતિઓ ધારણ કરતો ઉંચે ઉંચે ઉડી જતો હતો હતો. છાપરામાંની એક તડમાંથી ચન્દ્રમા જમીન ઉપર પોતાની ધવલ છાપ પાડી, આ સમાધિષ્ઠ તપસ્વિનીના ઉજ્જ્વલ હૃદયની સાક્ષી પૂરતો હતો. મહાદેવીના કપાળ ઉપર વિભૂતિનું ત્રિપુંડ ચળકતું હતું; મીંચાઇ રહેલા નેત્રયુગલ ઉપર ' દીપજ્યોતોનો પ્રકાશ રમતો હતો. હેની આકૃતિની તેજોમય સુન્દરતા આજ અલૌકિકજ હતી ! હેના ઓઠ ઉપરના શબ્દો બબડ્યા–ન બબડયા, એ-

વામાં દિવ્ય તેજનાં કિરણોથી ઓરડી છવાઈ જવા લાગી. યોગિનીનું અન્તઃકરણ ઉછળવા લાગ્યું, ત્હેનો આત્મા પ્રફુલ્લિત થવા લાગ્યો, ત્હેના મ્હોં ઉપર એક સુરમ્ય સ્મિત રમવા લાગ્યું : પ્રકાશનાં કિરણોમાં શાન્ત, મનસ્કાન્ત, સત્વગુણમય, પારલૌકિક દ્યુતિમય, એક વૃદ્ધ સાધ્વીના મુખારવિંન્દનું દર્શન થયું.

* * * * * * *

નિર્મળબાળા અને મહાદેવી સરસ્વતીની હવે ઘણીજ બગડી ગયેલી હાલત વિશે વાતચીત કરતાં બેઠાં હતાં; એવામાં સાઇકલ દોડાવતો, ઉતાવળો ઉતાવળો ચન્દ્રકાન્ત ત્યાં આવી પ્હોચ્યો. ત્હેને જોઇને શ્રીમતી ચમકી : “ ડોકટર ? હું ત્હમને સોંપીને જરા અડધો કલાક બ્હાર આવી એટલામાં–ત્હમે પણ ખશી ગયા ?–આજ જો કાંઈ થયું તો ત્હેના જવાબદાર ત્હમેજ છો ! ત્હમે લોકો બહુ બેકાળજી રાખો છો. બ્હેન પાસે કોઈ બેઠું છે કે એમને એમજ ? ”

હમણાં હમણાંની સરસ્વતીને ઘણાંખરાં મનુષ્યોએ બ્હેન કહેવા માંડી હતી.

“ મિસ. ઠાકુર, ” ત્હેણે જવાબ દીધો : “ હું ત્યાંથીજ અને ત્હમને બોલાવવાજ આવ્યો છું. ત્હમારા ગયા પછી તરત ભાભીને લોહીની ઉલટી થઈ અને બશેરેક લોહી તૂટી પડયું ! ”

“ અરરર !–પછી કાંઇ ઉપાય લીધા કે કેમ ? ”

“ હાજી હું ઉપાય લેતો’તો એવામાં ડોકટર ઈસ્માએલજીને બોલાવેલા, તે ત્યાં આવી પ્હોંચ્યા; ઉલટી થયા પછી છાતીમાં એમને ઘણુંજ દરદ થાય છે અને ગભરાય છે; ડોકટરે પણ આજ તો આશા મૂકી દીધી છે. એ બંગલે બેઠા છે ને મ્હને ત્હમને બોલાવી લાવવા મોકલ્યો. ”–મહાદેવી તરફ ફરીને તે પ્રણામ કરી બોલ્યો :“ મૈયા, પ્રણામ કરૂં છું. ”

" કલ્યાણ થાઓ; ભાઇ !–પણ આજ બ્હેનની હકીકત બહુ ભયભરેલી સ્થિતિ બતાવે છે ! "

" અરે મૈયા, એમને બહુ દરદ થાય છે અને બેચેની પણ ઘણી છે : એ બધાં ખોટાં ચિહ્ન છે. " નિર્મળબાળાની આંખમાં આંસુ આવી ગયાં.

" મૈયા, આપણું એક રત્ન જાય છે, હોં ! "

" શ્રીમતી ! એ આત્માને જીવનભારનું એટલુંજ વહન નિર્માણ થયેલું હશે. જગદંબાની જેવી ઇચ્છા ! "

" પણ મૈયા, એમને દરદ થાય છે, એ નથી જોવાતું ! એતો એજ સહન કરે. આટલું દુઃખ બીજા કોઇને હોય તો ત્હેની બૂમોથી આખો બંગલો ત્રાશી જાય ! " ચન્દ્રકાન્તે કહ્યું. " ડોકટર પણ એ દરદ ઓછું કરી શકતા નથી. છેલ્લા ઉપાય તરીકે હમણાં અમે ઘેનની દવા આપી છે ! "

" મૈયા, હું જાઉં છું ત્યારે " નિઃશ્વાસ મૂકીને નિર્મળબાળા ઉઠી: " ત્હમે પણ નિત્ય કર્મથી ફારગ થઇને આજ જરા વ્હેલાં પધારજો. ત્હમારો હાથ એમના શરીર ઉપર મૂકશો ત્હોયે એમની ઘણી પીડા ઓછી થઇ જશે.–હું જઇને ગાડી પાછી મોકલું છું."

ચન્દ્રકાન્ત અને નિર્મળબાળા ગયાં. પણ મહાદેવીનો મનનો ઉદ્વેગ ઓછો થવાને બદલે વધવા લાગ્યો. ત્હેનો સરસ્વતી ઉપરનો સ્નેહ કેવળ અપૂર્વ, અમાનુષીજ હતો. જ્યારે આપણી પ્રણયમૂર્તિઓ કષ્ટ સહન કરે છે ને આપણે તે જોઇજ રહેવું પડે છે–આપણી મ્હોટામાં મ્હોટી શક્તિ, આપણા હૃદયનો વધારેમાં વધારે વેગ, તે ઓછું કરવામાં કાંઇજ કરી શકતો નથી, ત્યારે આપણી મનોવ્યથા કેટલી અને કેવી હોય છે, ત્હેનું તો મનુષ્ય માત્રને અનુભવસિદ્ધ જ્ઞાન હશેજ ! અને મહાદેવી પોતાના તપોબળ, આત્મબળથી પણ કાંઈ કરી શ-

કતી ન્હોતી એથી તો ત્હેને ઉલટું વધારે દુઃખ થયાં કરતું હતુ. અન્તે ત્હેનું હૃદય ભરાઈ આવ્યું : તે એકલી બેઠી બેઠી પુષ્કળ રોઈ પડી. એવામાં ત્હેને મૃત્યુશૈય્યા ઉપર પોતાનાં ગુરુપત્ની, જનનિ સમાન ભક્તિ મૈયાએ કહેલું વચન યાદ આવ્યું : " દેવી ! તું માનવીઓનાં અલ્પ આયુષ અને પાર્થિવ પ્રીતિબન્ધનના વ્હેણમાં ભળવા માગે છે, તો ત્યાં કદિ ફસાઈ પડે તો મ્હારું સ્મરણ કરજે : જગદંબાની ઈચ્છા અનુસાર હું ત્હને સહાય કરીશ. " આ સ્મૃતિથી ત્હેના અન્તઃકરણમાં અમૃત રેલાયું અને તરતજ આનન્દના ઊર્મિઓ ત્હેમાં સ્વચ્છંદે ઉછાળા મારવા લાગ્યા.

"ઓ મૈયા, તુંજ મ્હારી ખરી માતા છે; ત્હેંજ મ્હને પવિત્ર, સાધુ જીવન અર્પ્યું છેઃ અને તુંજ મ્હારા ક્લાન્ત હૃદયનું વિશ્રાન્તિસ્થાન છે !" તેમ બોલી ઉઠી અને પોતાની સેવાપૂજા કરવાની ઓરડીમાં ગઈ; જ્યાં ત્હેને ઉપર જણાવ્યા પ્રમાણે ભક્તિ મૈયા પ્રત્યક્ષ થયાં.

" દેવી ! પુત્રી ! આમ કલ્પાંત કર્યે ફળ શું ?–જેનો અહિં ખપ છે ત્હેની જરૂર જગદંબાના દરબારમાં પણ કેમ નહિં હોય ?...મ્હને ગ્લાનિ એટલીજ થાય છે કે વિશ્વના સર્વ આત્માઓની સાથે રાખવાનો એક સરખો બન્ધુભાવ વીસરી જઈ, તું એકપક્ષી પ્રીતિબન્ધનમાં પડી, એક આત્મજીવનમય થઈ વધારે વધારે સંસારવિલીન બનતી જાય છે !" શોકથી આચ્છાદિત થયેલે સ્હેરે ભક્તિમૈયા બોલ્યાં. સ્વર્ગસંગીતના મધુર સૂરના જેવો નન્દન તે સ્વર હતો; અનિલની સૌરભભરી મૃદુ લહરિઓ લતાકુંજોમાંથી જાણે ધીમે ધીમે પસાર થતી હોયની એમ મન્દ લલિત સુગન્ધ ચોપાસ ઝરતી હતી. મહાદેવીએ આંસુ લ્હોઈ નાંખ્યાં.

"મૈયા, યોગજીવન કરતાં પ્રેમજીવન કેવી રીતે ઉતરતું છે? ભક્તિ એ પ્રેમનીજ આત્યંતિક સ્થિતિ શિવાય બીજું શું છે? સ્નેહસમાધિને લીધેતો ભગવતી ઉમામૈયા પરમ યોગીન્દ્ર ભગવાન શંકરથી પણ વધારે સામર્થ્યવાન છે!"

"પણ પુત્રી, તું એક વાત વિસરે છે: ન્હાવું એટલે રોવું એમ નહિં. સમજી? સંસ્કારી આત્માનું નિવાસસ્થાન એક આત્મમન્દિર નહિં. પણ આખું બ્રહ્માંડ,—અનન્ત બ્રહ્માંડો ત્હારાંજ જોઇએ! સર્વ જીવનમાં એક સરખો સમભાવ રાખવો; અને તે આપણા પ્રેમથી આચ્છાદિત થયેલા જીવોનું કલ્યાણ થાય તેમ કરવું, ત્હેમની વાસનાઓ દિવ્ય માર્ગે વ્હેવરાવવી, ત્હેમના હૃદયપ્રદેશમાં સ્વર્ગીય સુધા રેલાવવી: એજ પ્રભુત્વભર્યો પ્રેમ છે. છતાં એકજ જીવનમાં ત્હારો આત્મા વિલીન થયો છે તો ભલે? પરન્તુ ત્હારાં ઉદાર, પ્રણયી મનોરાજ્યમાંજ મૂર્તિ અત્યારે વિરાજમાન છે, તે કદિ પણ લુપ્ત થવાની છે?—શું પ્રેમ, જેને જગત જીંદગી માને છે તે, ક્ષણિક દેહ ધારણ પર્યન્તજ રહેવાનો? પુત્રી! ત્હારા આત્માનાં ઉડ્ડયન શિથિલ થઈ ગયાં છે. ત્હારું બળ ક્યાં ગયું?—પ્રેમ એ સનાતન જીવનને પોષતું દિવ્ય સંગીત છે, જગદંબાના દરબારનો અખંડ જ્યોતિ છે, પરમ પુરુષના અન્તરાત્માનો નન્દન સુવાસ છે; તે જેટલો આત્મત્યાગ ભર્યો, જેટલો પ્રભુતામય, જેટલો તન્મયતાથી પ્રફુલ્લ, તેટલોજ સુન્દર, ઉન્નત, દિવ્ય થઈ શકે છે. દેવી! એ આત્માને આ દેહ ત્યજી જતાં રોકવાનું ત્હારા આત્મામાં શું બળ નથી? જગદંબાની દયાનું તું પાત્ર છે: પરમાત્માસ્વરૂપ ત્હારા ગુરુજીના અમાનુષી પ્રીતિ પક્ષપાતનું તું પાત્ર છે. બંનેનાં આત્મનયન ત્હારી તરફ વળેલાં હું અત્યારે જોઉ છું તો તું શું ન કરી શકે?—પણ પુત્રી, મૈયાભગવતીની ઇચ્છા સફળ થાઓ! તું હાલ

જેને માને છે તે સત્ય પ્રેમ નથીજ. તું ત્હારા આત્મબળથી તે આત્માનું પોષણ કર:અને ત્હમારી આ ક્ષણિક જીંદગી પૂરી થયા પછી તે તથા અનન્ત બ્રહ્માંડોમાં અરસ્પરસ ત્હમારા ઉ-દ્દયનો અનિમેષ નયનથી નિહાળી શકશો અને સાથે સાથે ભગવતીને પારે વહન કરી શકશો. તે આત્માનું તપોબળ ત્હારા કરતાં પણ વધારે ઉન્નત છે: પણ વાસનાઓની જાળમાં તે ગુંથાયલો છે, ત્હેને મુક્ત કરવાનું કામ ત્હારે માથે છે. પોતાની પ્રણયમૂર્તિની ઉન્નતિ એજ પ્રેમી હૃદયનો ખરો ધર્મ છે:–પછી સનાતન કાળસાગરમાં જન્મ શું, મૃત્યુ શું ?–વર્તમાન શું, ભવિષ્ય શું ?–ઐક્ય શું, ભિન્નતા શું ?–બન્ધન શું, મોક્ષ શું ?...સત્યપ્રેમી આત્માઓનું નિવાસમન્દિર જગદંબાની હૃદયકુંજ સર્વત્ર વ્યાપી રહેલીજ છે, સર્વે દિશાઓમાં ઝળહળતી વિસ્તરેલીજ છે ! ”

દિવ્ય પ્રકાશ અદૃશ્ય થયો : ઘીના દીવાનો મન્દ જ્યોતિ અન્ધકારમાં ઝાંખો ઝાંખો પ્રકાશતો હતો, પણ મહાદેવીના આત્મજ્યોતિનું તેજ ખરેખરૂં પ્રકાશમાન, ઝળકારા માર્યાં કરતું હતું. ત્હેની હૃદયવ્યથા વિલુપ્ત થઇ ગઇ હતી.

“ મૈયા ! જગદંબા ! ગુરુમહારાજ ! ” તે બોલી : “ હવે ત્હમારી સર્વેની પ્રીતિના પાત્ર તરીકે યોગ્ય રહેવાને હું નિરન્તર પ્રયત્ન કર્યાંજ કરીશ;. પણ ત્હમારી કૃપાવિના શું બની શકે એમ છે ?–માટે તે કૃપાની તો સર્વદા હું તરશી રહીશજ !...મૈયા, મૈયા ! ત્હારું કહેવું સત્ય હોય, મ્હારા આત્મામાં કાંઈ પણ બળ હોય, જગજ્જનનિ ! ત્હારી દયાનો પ્રસાદ મ્હને મળતો હોય, ગુરુમહારાજ ! ત્હમારી પ્રીતિનાં કિરણ મ્હારા ઉપર ઢળતાં હોય તો એટલું તો કરો–મ્હારે મ્હારી બ્હેનીના આ જીવનને બચાવવું નથી, મ્હારે ત્હેના આત્માનો ઉચ્ચ માર્ગ બંધ કરવો નથી, મ્હારે મહાન્ પ્રભુની ઇચ્છાના પ્રવા-

હમાં આડે આવવું નથી–પણ, હું જન્મથી તે અત્યાર સુધી નૈષ્ઠિક બ્રહ્મચારિણી રહી હોઉં, મ્હેં નિષ્પાપ વૈધવ્ય અત્યાર સુધી પાળ્યું હોય, મ્હારૂં જીવન પવિત્ર, આત્મત્યાગી, સુવિચારમયજ રહ્યું હોય તો,–સરસ્વતીની આ જીંદગી ટકે ત્યાં સુધી એના શરીરની પીડા અને વ્યાધિનો તાપ દૂર થાઓ, એનું જીવન વધારે વધારે પ્રીતિમય–ભક્તિમય થતું રૂહો, અને અન્તે જગદંબાના તેજોમય સ્વરૂપેજ ત્હેનો આત્મા પરજીવન પ્રાપ્ત કરો ! ”

યોગિનીના આત્મબળનો વિકાસ ચોતરફ દ્યુતિમય રેલાતો હતો, અને ઘીના ઝાંખા ઝાંખા દીવા ગુલ થયા છતાં ઓરડી પ્રકાશથી ભરપૂર હતી; જાણે પ્રભુધામના દેવદૂતો પૃથ્વી ઉપર રમવા લાગ્યા ન હોય એમ, ક્ષણવાર, સર્વત્ર, સર્વ શાન્ત થઇ રહ્યું દેખાયું !

૫. મૃત્યુશૈય્યા ઉપર :

ક્ષયના મહા ભયંકર રોગ–અસાધ્ય વ્યાધિની પીડા ખરેખર સહન કરનારજ જાણે છે : ઘણું ખરૂં એ દરદ યૌવનમાં ખીલતાં મનુષ્ય-બાળકોના ઉપરજ હુમલો કરે છે અને એકવાર જ્યાં વળગ્યું એટલે વળગ્યું ! આશાભર્યું જીવન, સોનેરી સ્વપ્નાંમય યૌવન,–એ દરદનો ભોગ થઈ પડે છે: અને જ્યારે જીંદગીનાં સુખ ભોગવવાનો સમય સમિપ આવે છે ત્યારે–તે પ્હેલાં તો કયારનાંએ, એ કાળયવનમાં ઝેરીલાં નયન મનુબાળક ઉપર ધુરકિયાં કરી રહ્યાં હોય છે !

સરસ્વતી એજ આ અસુરપંઝામાં સપડાઇ હતી; અને હવે ત્હેના ઐહિક જીવનની ઘટિકાઓ પણ ગણીગાંઠીજ રહી હતી ! એકસોને પાંચ પાંચ ડિગ્રી સુધી તાવની ઉષ્ણુતામાં શરીર દગ્ધ થઈ જાય અને પંચાણૂ પંચાણુ ડિગ્રી સુધી ઉતરી

પડતી શરદીથી થઇ જતી જીવની ત્રાસતમ સ્થિતિ; ઉધ-રસના પરિબળમાં નિત્ય થયે જતો વધારો, ત્હેની પ્રચંડ વ્યથા સામે ટક્કર લેવાની દેહની હરહમ્મેશ થયે જતી કમતાકાત હાલત, ખોરાકના વજનમાં ઘટાડો અને વ્યાધિની વેદનામાં નિરંતર થયે જતી વૃદ્ધિ: આ સર્વમાં ઉછરતાં મનુષ્યનાં કુમળાં જીવનનાં મૂળ બળી જઇ, શરીર શક્તિહીન, પોષણહીન, તેજહીન બની જાય, તેમાં શું આશ્ચર્ય ?

લોહીની ઉલટી થયા પછી તો ડાક્તરોએ ત્હેની છેલ્લી આશા પણ મૂકી દીધી હતી અને ત્હેના શરીરમાં વ્યાધિની જે અસહ્ય પીડા થયાં કરતી હતી તે કેવળ દયાજનક—વૈદ્ય દાક્તરોથી પણ શાન્ત કરી શકાય ત્હેવી ન્હોતી : છતાં, તે થોડા વખત પછી અચાનકજ બંધ પડી ગઇ, અને ત્યાર પછી જોકે સરસ્વતીનો જીવનજ્યોતિ અસ્ત થવાને ઓછો ઓછો પ્રકાશવાન થયે જતો હતો, પરન્તુ દેહકષ્ટની વ્યથા હવેથી બંધ થઇ. ડોકટર ઇસ્માએલજી અને ચન્દ્રકાન્ત ત્હેનું કારણ સમજી શકતા ન્હોતા, અને નિર્મળબાળા પણ માત્ર કલ્પનાજ કરી શકી હતી !

પણ કોણ જાણે શું થયું કે દરદ ઓછું થઇ ગયું, પરન્તુ સરસ્વતીને તો હવે એમજ લાગ્યું કે મ્હારૂં શરીર વધારે વખત ટકવાનું નથી. ત્હેની સાથે પ્હેલાં જે ત્હેને જીવનલાલસા હતી—અને મૃત્યુશૈય્યા ઉપર સૂતેલી કઈ આશાભરી બાળકીને તે નથી હોતી?—તે પણ હવે ધીમે ધીમે ઓછી થવા લાગી. ત્હેના અન્તઃકરણ ઉપર જીવનનો સ્હેજ પણ રંગ રહેલો તે બદલાઈ જઇ હવે તે સ્વચ્છ અને શાન્ત બની રહ્યું.

તે પથારીમાં સૂતી હતી; બપોરના બે વાગ્યા હતા; પ્રબોધચન્દ્ર પાસે બેઠો હતો; એવામાં ગુલાબ અને લલિતા અંદર

આવ્યાં, ત્યાં પ્રબોધચન્દ્રને જોઇને ગુલાબ પાછી ફરી; અને એ-કલી લલિતાને પાસે આવી જોઇને પ્રબોધચન્દ્ર ઉઠયો.

" મ્હોટાભાઇ, બેસોને ? હું આવીને ત્હમે જાઓ એતો ખોટું !"

" ના બ્હેન, મ્હારે જરા નવીનબાબુ પાસે કામ છે. હું હમણાં આવું છું. તું બેઠી તો છે ને ?" પ્રિય પત્ની સાથે આંખ મેળવી તે બ્હાર ગયો. લલિતા ખાટલા નજીક બેઠી.

" લલિબ્હેન, આવોને પાસે; ખાટલા ઉપર આવો !" સરસ્વતીએ મ્હોં મલકાવીને કહ્યું : " ત્હમે આવો છો ત્યારે મ્હને બહુ સારૂ લાગે છે. એ દ્હાડાથી કેમ ત્હમેને જી જણાયાં નથી ? આજ તો મ્હને દરદ ઓછું છે. "

" બહુ સારૂં થયું, ભાભી !" લલિતા બોલી : "જુવોને ઠા-કોરજી ત્હમને હવે ઝટ મટાડી દેશે. હવે ત્હમારા ગ્રહ પણ સારા છે તો ! બાપા ક્હેતા'તા—આતો જરા જીને શરીરે ઠીક ન્હોતું ને પાછાં ધનકોરમાશી પડયા'તાં એટલે રોકાઇ ગઇ'તી. બળ્યું, જીવ તે કેમ રૂહે ?—પણ રહયો બંગલો દૂર પડયો એ-ટલે આવતાં વારજ થઈ જાય છે. બાકી જી ને બાપા તો મ્હોંમાં જીભ ઘાલતાં નથી જીભ !"

થોડીવાર બંને ગુપચુપ રહ્યાં. લલિતા સરસ્વતીના ખા-ટલાને અડીને બેઠી બેઠી ત્હેના પગે હાથ ફેરવવા લાગી.

" લલીબ્હેન, " સરસ્વતીએ ધીમે ધીમે કહ્યું " લલી બ્હેન, આજ મ્હારૂં મન ખાલી કરૂં છું હેં, બ્હેન ! ખોટું તો નહિં લગાડોને ?—જુવો બ્હેન, મ્હારાથી બનતું ન બનતું પણ હું તો ઇશ્વરપ્રીત્યર્થે મ્હારાથી થતું તે ઘરમાં કરતી. તેથી મ્હારાથી ઘણીવાર એવુંયે થઈ જતું હશે કે ત્હમને ને જીને અને ગુલાબભાભીને ખોટું લાગવાનુ થતું હશે !—પણ જુવો બ્હેન, હવે મ્હને મટવાનું નથી. મ્હારો રોગજ નઠારો છે;

ત્હમે જુવો છો કે મ્હારી આય બધી જતી રહી છે અને ઉધરશ ખાતાં પણ જીવને આવે છે! એટલે હું આજ જે કહુ તે મનમાંજ રાખજો હાં, બ્હેન!–તે દ્હાડે ત્હમે મ્હારે માથે ત્હમારી વીંટી ચોર્યાનું આળ મૂક્યું'તું, હું કબૂલ કરૂં છું કે એમ કરવાનું કારણ તો હતું–કારણ ત્હમને ખબર નહિં કે એ વીંટી શી રીતે મ્હારી ઝાંપીમાં આવી. પણ એ તો મ્હારીજ હતી. અરે!" ત્હેણે પોતાની પથારી તળે દાબેલી એક હીરાની મૂલ્યવાન વીંટી ક્હાડીને લલિતાના હાથમાં મૂકી: "બ્હેન, આ વીંટી મ્હેં એજ વીંટીના સંભારણા તરીકે કરાવી રાખી છે–મ્હારા પૈસાની કરાવી છે, એ જાણે છે અને એમની સલાહથીજ એ ત્હમારે માટે મ્હેં કરાવી છે માટે લ્યો: જ્યારે પ્હેરો ત્યારે એટલું યાદ લાવજો કે એ વીંટીની આપનારીએ ત્હમારી વીંટી લીધી ન્હોતી અને કદિ લીધી હશે તો તે નિર્દોષપણામાં, અજાણપણેજ બન્યું હશે! બ્હેન, જુવો, ગુલાબભાભી બાળક છે, કમળાબ્હેન હજી ન્હાનાં છે; ઘરનો બધો ભાર ત્હમારે માથેજ છે. જીનું શરીર સારૂં ર્‌હેતું નથી તેથી બાપાની લાકડી પણ ત્હમેજ છો: પણ ત્હમે, લલીબ્હેન, હવે જરા નિર્મળબાળા જેવી સાધ્વીઓની વધારે સોબત રાખતાં જાઓ! ત્હમારો દોષ નથી, બ્હેન ત્હમારી કેળવણીનોજ વાંક છે. પણ જુવો ત્હમને કોઈની સાથે બનતું નથી ત્હેનું કારણ કાંઇ સમજાય છે?–બ્હેન આપણે એવાં શાં હોઇએ જે કોઇની સાથે આપણે ન બને? –ત્હમારી હાલત ભણી તો વિચાર કરો! બાપા તો આજ છે ને કાલ નથી: ઘરમાં કાંઈ બહુ પૈસો નથી–આબરૂ લાખ રૂપિયાની છે પણ કાંઇ વટાવાતી નથી–એટલે ત્હમને બહુ મુશ્કેલ પડશે. હું હોત તો તો કાંઈ ફિકર ન્હોતી: હુંયે ગમે ત્હેવી હતી અને ત્હમે પણ ગમે ત્હેવાં હતાં; પણ ત્હમે મ્હા-

રી કોટે વળગેલાં હતાં-મ્હારી બ્હેન જેવાંજ હું તો મ્હારા મનથી ગણતી.-હવે વાજું બદલાઈ જશે. ગુલાબભાભીનો સ્વભાવ જરા વધારે આકળો છે, અને મ્હારી પછી આવશે તે પણ કોણ જાણે કેવીયે હશે; માટે હવે ત્હમે, જુવો બ્હેન, જરા સંભાળીને ચાલો. ત્હમારા ભાઇનું પણ કામ ત્હમારેજ માથે છે: અને જીનું ને બાપાનું તો હોય ત્હેમાં નવાઈજ શી ? માટે ખોટું ન લગાડશો, બ્હેન; હું ત્હમને 'મ્હારાં છો' સમજીનેજ કહું છું. આ વીંટી અહીં મૂકી દેવાની નથી. બ્હેન, મ્હારા સમ લઇને ન પ્હેરો તો !-મરવા સૂતેલી ભાભીનું આટલું વચને નહિં પાળો ? "

" બળી એ રાંડ વીંટી !" લલિતા રોઈ પડી: " ભાભી, ભાભી, ત્હમારા જેવું રતન અમારા ઘરમાંથી જવા બેઠું છે, ને મ્હેં તો એ જાણ્યું છે ત્યારથી મ્હારૂં તો કાળજું બળીને રાખ થઇ જાય છે: ભાભી, મ્હારા સમ, મ્હને માફ કરો ! મ્હારા જેવી નઠારીનેયે ત્હમે કેટલું કરતાં ?-અને કેવી છાતી ઉપરને છાતી ઉપર રાખતાં ?-ત્હમે ઘરમાંથી ગયાંછો ત્યારનુંજ, ભાભી ! કામ શું છે ને કેમ થાય છે તે મ્હેં જાણવા માંડ્યું છે; તો ભાભી મ્હારા મનમાં તો ઘણીવાર એમજ થઈ જતું હતું કે અહિં આ'વીને ત્હમારે પગે પડીને માફ માગું કે-મ્હારાથી ભૂંડાશ થઇ ગઈ તે થઇ ગઈ પણ હવે ત્હમે એ તરફ ન જોશો. ભાભી, ત્હમે આવી હાલતમાંયે ત્હમારી મિઠાશ મૂકતાં નથી એ જોઇને છાતી ચીરાઇ જાયછે ! "

લલિતા ડુસકે ડુસકાં ભરીને રોઇ પડી: " લલીબ્હેન, બ્હેન ! આ શું કરો છો ? કોઈ આવશે ! " સરસ્વતીએ આંસુ ભરી આંખે કહ્યું.

" ઓ ભાભી, ત્હમને પરમેશર શું કામ લઈ લેતો હશે ? ત્હમારે તો જનમ મરણનો ફેરો છેજ નહિં, ત્હમે તો ખરે-

ખરાં સતી છો-જુવોને માતાજીયે ત્હમારા ઉપર કેટલો બધો વ્હાલ રાખે છે, પણ...ભાભી, ખોટું ખોવાય નહિં ! નહિં તો હું શેં નથી મરતી ? આવાં ત્હમે ઉડીને આમ ચાલી જવા બેઠાં છો ને મ્હારૂં કરમ હજીયે ફુટતું નથી. ત્હમે તો મ્હને ઘણીયે નભાવી લીધી, ભાભી ! પણ આ કરમમાં તો હજી શીયે કાળી ટીલીયો આવવાની લખી હશે !... ઓ. મ્હારાં ભાભી ! જો એમ થતું હોત કે મ્હારાથી ત્હમારે બદલે જવાતું હોત તો અત્યારે મ્હારો પ્રાણ ક્હાડી નાંખત ! ભાભી, હું ખોટું ક્હેતી નથી. મ્હારાથી જે થયું તે થયું : હવે મ્હને માફ કરો. ” ત્હેણે પોતાનો હાથ સરસ્વતીને ગળે લગાડયો. “ ત્હમારા સમ, ભાભી, મ્હારી આશા ના સમ !- હું હવે ન સુધરૂં તો, મ્હને માફ કરો. ”

સરસ્વતીની આંખોમાંથી પણ આંસુ ચોધાર ચાલ્યાં જતાં હતાં. લલિતાએ પોતાના છેડાથી લોહી નાંખ્યાં : “ મૂઈ હું, ભાભી;-એ બધું ભૂલીજ જાઓ. મ્હારે લીધે ત્હમારૂં શરીર વળી વધારે બગડશે. ”

ભાભીએ નણંદના હાથ ઉપર એક પ્રેમભર્યું, મધુરૂં ચુંબન લીધું ! એવામાં ગુલાબ અંદર આવી. તે આ દેખાવ જોતી, આ વાતચીત સાંભળતી, બારણાની તડ આગળ ઉભી હતી. ત્હેના ઉપર પણ આ પવિત્ર દેખાવની અસર થયા વિના ન રહી. ત્હેની આંખોમાંથી પણ આંસુની ધારા વહ્યાં જ કરતી હતી. તે આવીને ખાટલા આગળ ઘુંટણીએ પડી અને ત્હેણે સરસ્વતીનો બીજો હાથ લઇને પોતાની છાતી ઉપર મૂકયો.

“ આ શું ગુલાબભાભી ?-આવોને અહિં બેસો : કેમ છે લવિંગી ને અરુણને ? ” સરસ્વતીએ વાત ફેરવતાં પૂછ્યું.

“ ભાભી, ત્હમે લલીબ્હેનને તો માફ કર્યું પણ એમનો કાંઇ વાંક હતોજ નહિં: મ્હેં એમને જેવું સમજાવ્યું ત્હેવું

ત્હેમણે માન્યું ! પણ ખરો ગુન્હો તો મ્હારો છે, ભાભી ! મ્હેંજ...લલીબ્હેનની વીંટી લીધી હતી ! (મ્હારી પાસે છે લક્ષ્મીબ્હેન, હું ઘેર ત્હમને આપી દઇશ.)–ભાઇ સાહેબ, છોકરમતમાં થઇ ગયું ! અને...પછી, ભાભી, મ્હને માફ કરજો,–પણ કોણ જાણે શું થઈ ગયું જે,–દ્વેષને લીધે મ્હેં ત્હમારૂં નામ લક્ષ્મીબ્હેનને દઈ દીધું : ત્હમારી વીંટી જોઈ કે મ્હને કાંઈ કાંઈ થઇ આવ્યું ! ભાભી, મ્હારો ગુન્હો માફ કરો ! મ્હેં ત્હમારૂં બૂરૂં બહુ તાક્યું છે !...ભાઇ સાહેબ, હવે કહી દીધું એટલે જંપ વળ્યો. પણ ભાભી, ત્હમે–મ્હેં આટલું આટલું કર્યું તોપણ લલીબ્હેનને મ્હોંયે પણ મ્હારૂં જરા પણ વાંકુ નથી બોલતાં એના કરતાં બીજી વધારે રૂડી ભલાશ કેઈ ?–મ્હને પણ માફ કરો: લલીબ્હેન કરતાં હું વધારે અપરાધી છું. પણ મ્હને માફ કરો. આજથી હું પણ સુધરીશ. ભાભી, ત્હમે અમને બધાંને ત્હમારા જેવાંજ બનાવ્યાં.–એમને ત્હમારા તરફ આટલી બધી લાગણી જોઇ વખતો વખત મ્હારા મનમાં ઝેર ભરાતું !–પણ, ભાભી, ત્હમારા સભાવનું તો મૂલજ નહિં થાય. જે બધાં ત્હમને વળગ્યાંને વળગ્યાં રહ્હેતાં ત્હેનું ખરૂં કારણ તો ત્હમારી પોતાની ભલાશજ છે. માટે હવે ' ગઈ–ગુજરી ' કરો અને મ્હારો વાંક'–અપરાધ તો ઘણોય મ્હોટો છે પણ–માફ કરો ! " તે સરસ્વતીના હાથને વળગી પડી.

" મ્હારાં વ્હાલાં ગુલાબભાભી ! " સરસ્વતીએ કહ્યું : " જીવવું મરવું તો કોઇના હાથમાં નથી. પણ આપણી રહ્હેણીકરણી સારી રાખવી એ તો આપણા વશની વાત છે. હું ખરેખરા અન્તઃકરણથી ત્હમને માફ કરૂં છું એટલુંજ નહિં પણ લલિબ્હેનની તરફથી પણ ખાત્રી આપું છું કે એમણે ત્હમને માફજ કર્યું છે. મ્હને ત્હમારા ઉપર પ્રીતિ

એવીને એવીજ છે ત્હેની ખાત્રી તરીકે મ્હેં આ ત્હમારે માટે એરિંગ કરાવી રાખ્યાં છે તે લ્યો પ્હેરજો. અને ત્હમે પણ, બ્હેન, લલીબ્હેનની સાથે, કમળાબ્હેનની સાથે શ્રીમતી જેવી સારી બાયડીઓની સોબત રાખજો કે જેથી જીંદગી સુધરી જાય. બ્હેન, ચન્દુભાઇના સારા ગુણોનું મૂલ થાય તેમ નથી અને ત્હેમને ત્હમે જરા ઓપાવી-દીપાવીને ઠેકાણે આણશો તો ત્હમારા જીવનનું કલ્યાણ થઈ જશે. ગુલાબભાભી, લવિંગીને અને અરૂણને ખાસ કરીને સંભાળજો; બ્હેન, ત્હમે જરા બેકાળજી છો. પણ જેવાં માબાપ ત્હેવાં છોકરાં. માટે ત્હમે બીજી કાંઇ ચિન્તા રાખશો નહિં અને મરવા સૂતેલી ભોજાઇનું એટલું તો કહ્યું માનજોજ, કે બીજું ગમે તે થઇ જાય તો ફિકર નહિં પણ પ્રિય પતિને તો કદિજ દુભવવો નહિં."

આ સદ્વાક્યોનું અભિઝરણ શુષ્ક, ખરાબાવાળા, રેતાળ પ્રદેશોમાં થઇને વ્હેતું ન્હોતું. લલિતા અને ગુલાબનાં જીવનો ઉદ્ધાર થવાની પવિત્ર પળ આવી હતી, ત્હેનો આ મૃત્યુશૈય્યા ઉપર સૂતેલી સાધ્વીએ લાભ લઈ લીધો, અને ત્હેનું પરિણામ એ આવ્યું કે ત્હેમના બંનેના મનોવિકાર, આચારવિચાર જો કે સ્વર્ગ તરફ વ્હેતા થવાને ઘણીવાર લાગી, પરન્તુ હવેથી નરકની દિશાનો તો ત્હેમણે હમ્મેશાંને માટે ત્યાગ કર્યો; અને આજથી ત્હેમના અંતઃકરણનાં ધાડાં વાદળાંમાં હમ્મેશાંને માટે એક આશાજનક રૂપેરી દોરો તો ફૂટેલો રહ્યોજ.

નણંદ અને ભાભીએ સરસ્વતી પાસે બેશી રહીને, ક્ષણે ક્ષણે આંખોમાં ઉભરાઇ આવતાં આંસુનાં વ્હેણ લ્હોતાં લ્હોતાં પણ ઘણા લાંબા વખત સુધી આવીને આવી વાતો કર્યાંજ કરી: હાથમાંથી છટકી જતી ભાભીને કેમ કરીને છાતી સરસી જડી રાખીએ અને ત્હેની પાસે વખત વ્હેલો વ્હેલો કેમ ન્હાશી જાય છે-એતું એવું કાંઇ આજ ત્હેમનાં બંનેનાં મનમાં થઇ રહ્યું.

પ્રકરણ ૧૨ મું: સ્વપ્ન અને જાગ્રત.

૧. આત્માઓનાં ઉડ્ડયન:

મધ્યરજનિ ગઇ હતી. સ્વર્ગનાં નન્દનવનની ખુશબો પવનની પાંખ્યો ઉપર સ્વારી કરતી ચોતરફ વિસ્તરતી હતી. ઉજ્વલ ચન્દ્રમંડળમાંથી પોતાનાં મુક્તામય કિરણોમાં વિહરતા દેવદૂતોનાં ટોળાં રૂપેરી કળશો ભરી ભરીને દિવસના તાપથી તપેલી–તૃષાતુર થઈ ગયેલી પૃથ્વી ઉપર, 'ઉજળી દૂધ જેવી' અમૃતમય આહ્‌લાદ આપતી, મિઠી શીળી ચાંદની ઢોળતાં હતાં. પ્રેમભર્યા જીવનના આનન્દ–ઉર્મિ રસકુંજોનાં સુધા ઝરણાં જગત્‌માં રેલાવતા હતા.

એક સુન્દર બગીચો હતો; જેમાં વિવિધ જાતિનાં–નવા નવા રંગનાં મનોહર કુસુમો ખીલી રહ્યાં હતાં. કેટલાંક પુષ્પો યુગલમાં ઝૂલતાં હતાં, કેટલાંક મંજરિઓમાં ડોલતાં હતાં, કેટલાંક પત્રશય્યાઓમાં હીંચતાં હતાં; વચમાં એક મ્હોટું, વિશાળું, રમ્યતાભર્યું, કનકઓવારાઓથી શોભતું, અમૃતકુંડોને પણ ઝાંખા પાડતું,–એક સરોવર હતું: જેમાંની કુમુદિની પોતાના જળમન્દિરમાં વિરાજતી, આ ફૂલવાડીની શોભામાં વધારો કરતી હતી.

સરસ્વતી સૂતી હતી ત્હેવામાં ત્હેને કાંઈ એમજ લાગ્યું કે,–પોતાના પતિની સાથે પોતે એક કમળપુષ્પ ઉપર ઉભી છે; બાગમાં સંપૂર્ણ વિકાસ પામેલાં ગુલાબ તથા મોગરાનાં ફૂલમાં મહાદેવી અને નિર્મળબાળા ઉભાં છે; અને ચોતરફ ચંપો, જાઇ, જૂઇ, કરેણ, આદિનાં અનેક સુગન્ધીમય, સુન્દર રંગનાં,–તેમજ પરિમલ વિનાનાં કુસુમોમાં 'જગન્નાથ અને ઇન્દિરા,

રસિકભાઈ અને સુશીલા, મનન્તરામ અને કમળા, જીબા અને હેનો પતિ મનોહર, ગુલાબ અને ચન્દ્રકાન્ત, રત્નાવલી અને શશિશંકર, વગેરે, વગેરે,-અનેક દંપતીયુગલો પણ ચોતરફ ઉભાં છે. ધનલક્ષ્મી, પ્રતાપચન્દ્રરાય, નવીનચન્દ્ર, વગેરે પણ પત્રપુષ્પોમાં ત્હેની દૃષ્ટિએ પડતાં હતાં......એવામાં પ્રબોધચન્દ્ર અને સરસ્વતીનાં પડખાંમાંથી કનકમય, પારદર્શક પાંખ્યો બ્હાર નીકળી આવી, ઝળકવા લાગી; ત્હેમનાં શરીર, મણિબન્ધનથી જોડાયલાં, જોતજોતામાં એક થઈ ગયાં, જેથી ત્હેમની પાંખ્યો વિસ્તાર અને પ્રબળતામાં બમણી વધી; અને ત્હેનો ફફડાટ,-દિવ્ય સંગીતના મંજુલ સ્વર ઝરતો, સુરગાનની નન્દન લહેરીઓ સ્ફૂરાવતો,-સંવાદભર્યો સુમધુર કર્ણે પડવા લાગ્યો. આ દ્વન્દ્વે ઊંચે ઉડવા માંડયું અને ત્હેની સાથે, જાણે કોઇ અદ્‌ભૂત ફૂવારો ઉડતો હોયની એમ, ફૂલવાડીમાંની કુસુમશય્યાઓમાં ઉભેલા જનમંડળે પણ પોતાનાં ઉડ્ડયન શરૂ કર્યાં. મહાદેવી પોતે એકલી હોવા છતાં ગગનકુંજોનાં ઊંડાણોમાં પણ તે સરસ્વતી-પ્રબોધચન્દ્રના યુગલની ગતિ લગોલગ રહી શકી અને નિર્મળબાળા તથા ધનલક્ષ્મી પણ ત્હેમનાથી બહુ પાછળ ન્હોતાં. સુવર્ણસાંકળોથી બંધાયલાં, જગન્નાથ અને ઇન્દિરા, રસિકભાઇ અને સુશીલા, મનન્તરામ અને કમળા, જીબા અને મનોહર, અવુન્તિરામ અને જમનાંબાનાં દ્વન્દ્વો ઊંચે જવાને પ્રયાસ કરતાં ઉડતાં હતાં; પરન્તુ ત્હેમની પાંખ્યો એક બીજાની સાથે અથડાતી હોવાથી ત્હેમની ગતિ ઘણીજ શિથિલ અને ત્હેમનાં ઉડ્ડયન બહુજ ઓછાં થઇ શક્યાં હતાં: નવીનચન્દ્ર, પ્રતાપચન્દ્રરાય, દિનકરરાવ, વગેરે, એકલા ઉડતા છતાં આ યુગલોથી ઉંચે જઇ શક્યા હતા. આ સર્વથી નીચેનાં દ્વન્દ્વો—શશિશંકર અને રત્નાવલી, ચન્દ્રકાન્ત અને ગુલાબ, મણિધરપ્રસાદ અને ભાગીરથી, વગેરે, લોખંડનાં

બન્ધનોથી સાંકળાયલાં, છતાં આવી અને જુદી જુદી જાતની પાંખ્યોવાળાં, અન્યોન્યથી વિરૂદ્ધ દિશાઓમાં ગતિ કરવાને પ્રયત્ન કરતાં, એક બીજાના ઉડવાનો અવરોધ કરતાં હોવાથી બીલકુલ ઉડી તો શકતાં ન્હોતાંજ, પણ ઉલટાં કાંટાઝાંખરાં તથા ખાડાખૈયામાં ઉછળી, ગબડી પડતાં હતાં: લલિતા, ધનકોર માશી, ફુલી કાકી, વગેરે, મનુષ્યો તો ઉડીજ શકતાં નહિં અને માત્ર પાંખ્યો ફફડાવ્યાંજ કરતાં હતાં. ચન્દ્રકાન્ત અને મણિધરપ્રસાદ પોતાની સુરમ્ય રૂપેરી પાંખ્યો હોવા છતાં પણ વધારે ઉંચે જઈ શકતા ન્હોતા ત્હેનું કારણ તો માત્ર ત્હેમને નડતી ત્હેમની પત્નીઓની બળહીન, વિરૂદ્ધ દિશાઓમાં ફફડાટ કરતી પાંખ્યોજ હતી; અને ગુલાબ તથા લલિતાની પાંખ્યો સુન્દર રંગોમાં ખિલવા માંડેલી છતાં, હજી ત્હેમને ઉંચે લઇ જાય એટલી શક્તિવાળી થઈ જણાતી ન્હોતી.

આ અલૌકિક દેખાવ, ઘટિકાઓની ઘટિકાઓ સુધી સરસ્વતીના નયનપ્રદેશમાં લાલિત્ય રેલતો, દૃષ્યમાન રહ્યાંજ કર્યો.

* * * * *

સરસ્વતીના સ્વપ્નનો અર્થ કરતાં યોગિનીએ કહ્યું:

“ મૈયાઓ, મનુષ્યજીવન એ એક મનોહર બાગ છે: ત્હેમાં ફળ, ફુલ, ઝાડ, વેલીઓ,–તેમ કાંટા પણ,–બંધુયે થાય છે. આ બગિચામાં આવેલું ભક્તિસરોવર ત્હેનું પોષણ કરે છે. પરન્તુ તે પોતાની સંપૂર્ણ સુન્દરતામાં પ્રફુલ્લિત થાય, તેટલા સારૂ ત્હેમાં મધુર, અમૃતમય જલનું સિંચન કરવું જોઇએ, ત્હેનાં ન્હાનાં મ્હોટાં ઝાડ ઉછેરવાં–રક્ષવાં જોઇએ; ફુલને સુધારવાં–વીણી લેવાં જોઇએ; ફલને ઉતારવાં–પકવવાં જોઇએ; કાંટા દૂર કરવા–નષ્ટ કરવા જોઇએ: છતાં આમાંની

એક પણ ચીજ નકામી નથી. ઝાડ રૂપી આત્મબળ, વધારે ઉંચું, વધારે વિસ્તારવાન, વધારે મજબુત થતું જાય, હૃદયની વિશુદ્ધલાગણીરૂપ વેલીઓ ત્હેને વીંટાઇને ત્હેને આશ્રયેજ મ્હોટી મ્હોટી થયે જાય, વિચારપુષ્પો નિત્ય નિત્ય વિકાસમાં વધતાં જાય, ત્હેના ઉપરનાં રસભર્યાં કર્તવ્યરૂપી અમરફળ અનેક પરાભક્તિ-પરમાર્થપ્રીતિવાળાં પંખીઓનું પોષણ કરે-આત્માની દિવ્યાંશપ્રાપ્તિની ક્ષુધા તૃપ્ત કરે-અને પોતાનાં અક્ષય્ય બીજથી બગિચાઓની અભિવૃદ્ધિ નિરંતર ચાલુ રાખે,-ત્હેને માટે કંટકની વાડ પણ જરૂરની છે. પરન્તુ ત્હેનો અર્થ એમ નહિં કે આપણે કાંટાના રોપાજ ઉછેરવા, ત્હેમના ઝેરી વેલાનીજ ત્હેમની આસપાસ વૃદ્ધિ થવા દેવી, ત્હેમનાં રંગ અને વાસ વિનાનાં ફુલોજ વધારવાં, અને ત્હેમનાં વિષફળોનેજ ફાલ વધવા દેવો! તેમ થવા દઇએ તો આપણી વાટિકાનું સ્વર્ગીય સ્વરૂપ કેટલી ઘડી ટકવાનું?-જ્યાં સુધી ધાર્મિક વૃત્તિઓમાં, સદ્ગુણશીલ લાગણીઓમાં આપણી જીંદગીને સ્નાન-પાન અને પોષણ આપીએ છીએ ત્યાં સુધીજ આપણામાં પ્રભુનો દિવ્ય અંશ-ત્હેની કરુણાનું કિરણ રહી શકે છે, અને ત્યારેજ આપણને પૃથ્વી ઉપર પણ સ્વર્ગ પ્રાપ્ત થાય છે; જ્યારે આપણે અનિશ્ચિત, આડાઅવળા વૃત્તિ-તરંગોમાં જીવનવ્હેણ વ્હેવા દઇએ છીએ-અડધો આમ અને અડધો તેમ—ઘડીમાં આકાશ તરફ અને ઘડીમાં ખાડાઓમાં, આત્મપ્રવાહને આથડવા દઇએ છીએ, ત્યારે પૃથ્વી ઉપરનાં અન્ય પશુપક્ષિના જેવીજ—હેતુ વિનાની જીંદગીજ આપણે જીવી ક્હાડીએ છીએ; અને જ્યારે બુદ્ધિપૂર્વક આપણે પાપપંકમાં પડીએ છીએ, પડીએ છીએ એટલુંજ નહિં પણ ત્હેમાં ઘુમીએ છીએ, ઘુમીએ છીએ એટલુંજ નહિં પણ ત્હેમાંજ તન્મય-તલ્લીન થઇ રહીએ છીએ, ત્યારે તો આપણે

પૃથ્વી ઉપર પણ નરકમાંજ જીવીએ છીએ—મૃત્યુકાળ સુધીની પણ નરક આપણી રાહ જોતું નથી, આપણને અહિં પણ સામું આવીને ભેટી લે છે!.....આપણે કેવાં છીએ? આપણી જીંદગીમાં ફુલવાડીનું પોષણ થાય છે કે કાંટાનાં વન ઉગી નીકળ્યાં છે, કંટક વધારે છે કે કુસુમ, તે–આપણાં હૃદયોમાં પ્રભુપ્રીતિ હોયતો નિઃસંશય આપણે જાણ્યા વિના રહેતાં નથી. દેવતાઓની પ્રેમદયાનું લક્ષણ એજ છે કે આપણાં મન, બુદ્ધિ અને હૃદયદ્વારા આત્માઓને અનુકૂળ પ્રતિકૂળ ચિતાર આપણી સમક્ષ ખડા કરે કે જેમાંથી આપણે સારૂં શું તે સહજજ શોધી—સ્વીકારી શકીએ...ક્હો રત્નાવલી મૈયા, કાલના સ્વપ્ન ઉપરથી કહી શકશો કે ત્હમારી વાટિકામાંથી દુનિયાંને અને ત્હમને શું પ્રાપ્ત થાય એમ છે?"

રત્નાવલીતો આવો સીધો પ્રશ્ન સાંભળી આભીજ બની ગઇ–શિયાવ્હીયા થઈ ગઈ! ત્હેણે શરમાતે શરમાતે જવાબ દીધો: "માતાજી સર્વજ્ઞ સર્વશક્તિમાન છે; ત્હેમને શું અજ્ઞાત છે, પત્થરનું રત્ન પણ તે બનાવી શકે છે. મૈયા, બીજું શું કહું?—અબળ, અજ્ઞાન બાળકને ત્હમારા વિના બીજા કોઇનો આશરો નથી!" તે મહાદેવીને પગે પડી. અત્યાર સુધી ત્હેના વિચાર ઘણાજ સ્વતંત્ર હતા; નિર્મળબાળા પાઠશાળામાં કેળવાયલી છતાં યોગિની જેવી સાધુડીના પાછળ પાછળ આથડે, ત્હેનાં વખાણજ કર્યા કરે, ત્હેનુંજ અનુકરણ કર્યાં કરે, તે ત્હેને પસંદ ન્હોતું, એટલુંજ નહિં પણ તે બાબતની ઉઘાડી વિરુદ્ધ ટીકાઓ તે ઘણીવાર મહિલાસમાજમાં તેમજ બ્હાર કરતી, છતાં આજ તે પણ વિનમ્ર થઇ ગઇ.

યોગિનીએ પોતાના બંને હાથ રત્નાવલીના મસ્તક ઉપર મૂક્યા: "મૈયા, ત્હમે જો અત્યારે ખરા અન્તઃકરણપૂર્વક પશ્ચાત્તાપ કરતાં હો તો ત્હમારી-ઉરવાડીના કાંટા વંડાઈ

જશે; અને આત્મમન્દિર પવિત્ર, મંગલમય થઈ જશે: દૃઢતા રાખજો, અને જગદંબાએ પ્રેરેલા માર્ગેજ હવેથી વહન કરજો. મૈયા ત્હમારા આત્માનો અરુણોદય કલ્યાણ કરશે!"

આસપાસનાં સર્વ હૃદયો શાન્ત-શાન્ત થઈ ગયાં : રત્નાવલીની આંસુથી ભીની થયેલી આંખો સહુની નજરે પડી.

" પણ મૈયા, " નિર્મળબાળાએ જરાવાર થયા પછી પૂછ્યું : " પણ મૈયા, આ સ્વપ્નનો અર્થ શું ? આપના ઉડ્ડયનને પણ બ્હેનની ગતિ કે… રીતે પ્હોચી શકી ?–મ્હારો મત પૂછો તો, બ્હેનના જીવનને હું સર્વદા સન્માનપાત્ર ગણતી આવી છું છતાં પણ, પૂજ્ય, વંદનીય, તો ત્હમારી જીંદગીજ–મ્હને લાગે છે : ત્યારે આમ કેમ ? "

" શ્રીમતી, અરે,–હું ક્યાં અને મૈયા ક્યાં, ત્હમે ક્યાં, બા ક્યાં, બીજાં બધાં ક્યાં ?–મ્હારું મન તો ક્યારનું એજ સંકલ્પવિકલ્પમાં ઘોળાયાજ કરે છે! ત્હમે બધાં જે પરોપકાર, પુણ્ય, પરમાર્થ કરી શકો છો, ત્હેનો એક અંશ પણ મ્હારાથી બનતો નથી; છતાં પણ મ્હારા આત્માનું–જો મ્હેં દીઠું તે ખરૂંજ હોય તો–ઉચ્ચ વહન ત્હમારા તથા મૈયાના જેટલું કેમ ?–મૈયા, એટલું તો સમજાવવાની કૃપા કરો; નહિં તો મ્હને જંપજ વળવાનો નથી. " સરસ્વતીએ પોતાના ગાલ ઉપર ખીલી આવેલા શરમના શેરડા છુપાવવાને પ્રયત્ન કરતાં કહ્યું : " પ્રભુનો આટલો બધો અપૂર્વ પક્ષપાત મ્હારા ઉપર શાથી ! "

" બ્હેન " મહાદેવી બોલ્યાં : " બ્હેન ! તું આ સ્વપ્નનો સત્ય અર્થ બરોબર સમજી શકી જણાતી નથી. મનુષ્યની જીંદગીમાં ' પ્રેમ અને ધૈર્ય '–એજ ઉન્નતિનું પ્રથમ સાધન છે; જગતનો ઉન્નતિક્રમ સ્ત્રીપુરુષનાં યુગલો ઉપરજ

મુખ્ય આધાર રાખે છે અને તેથી દંપતીપ્રેમ પ્રભુના દરબારમાં પણ ઉચ્ચસ્થાન પામે છે. અન્ય મનુષ્યોનું હિત થાય, શ્રેય થાય; અન્ય ક્લેશાર્ત્ત જીંદગીઓમાં સુખનાં, આનન્દનાં અમૃતજળ સિંચાય; અન્ય તિમિરભર્યાં જીવનમાં પ્રીતિનાં કિરણોથી પ્રકાશની વૃષ્ટિ થાય;—એ બધું કરવાને કોઈ મનુષ્ય પ્રયત્ન કરે છે ત્યારેજ તે પોતાના જન્મની સાર્થકતા કરે છે એમ જગન્નિયંતાને ત્યાં મનાય છે. સ્ત્રી અને પુરૂષ મળીનેજ એક મનુષ્ય થાય છે; તે બંનેમાં જૂદા જૂદા ભાવ, જૂદી જૂદી વૃત્તિઓ છે: મૃદુતા, સ્નેહ, સુન્દરતા, સહનશીલતા, સ્વાર્પણભાવ, ભક્તિ,—એ સર્વની ઉરવાહિની સ્ત્રી છે; અને દઢતા, ધીરતા, પ્રીતિ, વીરતા, કર્ત્તવ્ય,—એ સર્વનું આત્મમાં પોષણ કરનાર પુરુષ છે. તેથી જ્યારે આ સર્વ ગુણોનું સંમીલન થઈ, ગંગાયમુનાના સંયુક્ત પ્રવાહની પેઠે, મનુષ્ય જગત્‌માં પોતાનો ધર્મ બજાવવા નીકળે છે, ત્યારેજ ત્હેના પ્રયાસ સર્વાંશે સફળ થાય છે. બ્હેની ! તું અને ત્હારો પતિ પણ કેવળ દોષરહિત નથી અને તેથીજ ત્હમારા ઉડ્ડયનને ગગનપટમાં રૂંધાઈ રૂહેવું પડ્યું; નહિં તો અનન્ત બ્રહ્માંડોની વિશાળતા-વિસ્તીર્ણતા પણ દૈવીદંપતીનાં આત્મઉડ્ડયનો માટે બસ નથીજ !—છતાં, ત્હમે બંનેયે આ જીવનમાં પ્રેમથી જે કુટુમ્બનો ભાર સહન કર્યો છે, જનહિત કરવાને ત્હમારા બંનેથી બનતો મહા પ્રયાસ કર્યો છે, અને ભાગ્યેજ કદિ પણ અન્ય મનુબાળકોના શ્રેયમાં સ્વાર્થવૃત્તિને અવરોધ કરવા દીધો છે,—તે સર્વ ત્હમારા જીવનને દિવ્યતાનાં દ્વાર પાસે લઈ જાય છે. અમે, હું અને શ્રીમતી,—હું બાળવિધવા તરીકે તો શ્રીમતી કુમારિકા તરીકે,—પવિત્ર નૈષ્ઠિક બ્રહ્મચર્યમાંજ જીવન ગાળીએ છીએ, અને પ્રભુકૃપાથી બને તેટલી જગતની સેવા કરીએ છીએ 'તેથી—અમે યુગલમાં

નહિં હોવા છતાં,–અમારાં જીવનમાં દામ્પત્યસ્નેહનાં, કૌટુમ્બિક વત્સલતાનાં અમિઝરણુ ઝરતાં નહિં હોવા છતાં,–ત્હારા જેટલાં જ અમારાં પણ આત્મઉડ્ડયન વહી શકયાં : ત્હારાં જનનિ ત્હેમના જીવનમાં પતિએ મૂકેલા પવિત્ર સંસ્કારનો, જ્ઞાનનો પરિમલ બહુ નહિં હોવા છતાં, સાત્વિક શ્રધ્ધાની અત્યંતતા,—એને લીધે ત્હેમની ઉર્ધ્વગતિ પણ અમારા જેટલીજ થઈ શકી: અને આ જ પ્રમાણે સર્વ જીવનોનાં ઉડ્ડયનોનું સમજવું.... જગદંબા ! ત્હારી કૃપાથી હું–આટલીયે ત્હેની દયાને પાત્ર નહિં હોવા છતાં-પાત્ર થઈ લાગું છું. તો મૈયા, તું ત્હારૂં બાળક સંભાળજે; મ્હને ત્હેનો હર્ષ પણ નથી, શોક પણ નથી ! મ્હારૂં જીવન કોઇપણ રીતે હું જગતને ઉપયોગી કરી શકું, મ્હારા આત્મામાં ત્હારી ભકિતનો પરિમલ ભરી શકું,–દધીચિ ઋષિની પેઠે અસ્થિ અર્પીને કિંવા નાગાનન્દની પેઠે શરીર અર્પીને પણ, હું ત્હારી દયાને પાત્ર થઇ શકું તો... મૈયા, મ્હારે બીજું કાંઈ જોઇતું નથી : એટલુંયે બહુ છે !” મહાદેવીએ આંખો બંધ કરી, હાથ જોડી, માથું નીચું નમાવ્યું. એવામાં કાંઈ ત્હેમના મનમાં ઊર્મિ થઈ આવ્યો ને તે એકદમ ઉભાં થયાં. “ બ્હેની ! તું અમારાં સર્વમાં મૈયાની પ્રીતિનું નિવાસસ્થાન છે : અત્યારે તો ત્હને હું જગદંબા સ્વરૂપજ જોઉં છું.”

યોગિનીએ સરસ્વતીને માથે હાથ મૂકયા, અને ત્હેના કપાળ ઉપર એક સુરમ્ય ચુંબન લઈ ત્યાં પવિત્રતાનો, પ્રેમભકિતનો પ્રકાશ ઝળકાવ્યો; ત્હેમના ઓઠ ઉપર એક મધુરું, રુચિરું સ્મિત ઝૂલતું હતું.

૨. ઉન્નત પ્રયાણ :

સરસ્વતી બિછાંના ઉપર અશકિતમાં પડી રહી હતી, પર-

ન્તુ ત્હેના આત્મઉલ્લાસ ઘણા ખરા સંતુષ્ઠ થયેલા હતા; ત્હેના હૃદયરાજ્યમાં પ્રીતિભક્તિના આનન્દનો ઝરમર ઝરમર મિઠો વરસાદ વરસી રહ્યો હતો; મુખવ્યોમ ઉપર સ્મિતચન્દ્રની કળાઓ ખીલતી હતી; અને વદનવાટિકામાં હૃદયતરંગનો સોહાગ પ્રસરતી ફુલલહરિઓ રમતી હતી. અવર્ણનીય જ્યોતિભરી સુન્દરતાનાં આન્દોલનો અહિં પોતાની રમણીયતા વિસ્તરતાં હતાં.

" ભાભી ! ભાભી ! વધામણી આપો તો કાંઇ સારૂં સારૂં કહું ! " ચન્દ્રકાન્તે ઉતાવળો ઉતાવળો અંદર પ્રવેશ કર્યો. " ધારો, ભાભી, શું હશે ? " તે સહર્ષ બોલી ઉઠયો: " વધામણી આપો તો કહું. "

" ત્હમને પેલી જગો મળી ? " સરસ્વતીએ મ્હોં મલકાવીને પૂછ્યું.

" અરે જહાનમમાં ગઇ એ જગો ! –ભાભી, નાના, એ નથી.–હ્યો કહું ત્યારે ? – મ્હોટા ભાઇને મામલતદારની જગો મળી. ક્હો, હવે થયાં ખુશી ? લાવો વધામણી લાવો ! "

" જાઓ જાઓ, એમ મશ્કરી શું કામ કરતા હશો ? એતો રજા ઉપર છે ને ?" ત્હેનો આનન્દ હૃદયમાં ન રહ્યો.

" રજા ઉપર છે ત્હોયે એમને મામલતદારની જગો મળી. એમના ઉપર કમીશ્નર સાહેબની ખાસ મેહેરબાની છે તેથી રજા પૂરી થતાં એમણે એ જગો ઉપર જઇને હાજર થવું એવો હુકમ આપ્યો છે. ભાભી, હવે ત્હમે ઝટઝટ સાજાં થઈ જાઓ. ઉધરશ તો બંધ છે ખરૂંકની ? ને તાવે ઓછો છે. "

" હા. ભાઈ, હમણાં ઉધરશ તો ઓછી છે; પણ કોણ જાણે કેમ, આજ, મ્હને બેચેની રહ્યાં કરે છે–આ જગો મળી

એતો બહુ સારૂં થયું; પણ હવે ત્હમારૂં કાંઇ થઈ જાય તો નિરાંત થાય. ”

“ અમારૂં તો થવાનું હશે તો ઘણુંયે થશે. આપણે એની કાંઈ ઉતાવળ નથી ! પણ એમ લૂખાં લૂખાં ખુશી થવાનું નથી. લાવો વધામણી અને આપો મિજબાની ! ”

સરસ્વતીએ તળાઇ ઉંચી કરી ત્હેની નીચે મૂકેલી એક ચોપડી ક્હાડી : “ લ્યો ભાઈ, આ વધામણી : મિજબાનીમાંયે હું તો નકામી છું, પણ મહેનત કરો તો હું ખર્ચ આપું ”

“ ભાભી, આશું ?–‘ નારદસૂત્ર, ભક્તિમિમાંસા ! ’ ક્યાંથી મંગાવી ?–આ ચોપડીને માટે તો મ્હેં બહુ તપાસ કરી’તી પણ મળી ન્હોતી; ” ચોપડી ઉપર લખેલું ‘ અ. સૌ. સરસ્વતી તરફથી ચી. ચન્દુભાઇને પ્રેમપૂર્વક ’–એ વાક્ય વાંચતાં તે બોલ્યો.

“ હા ભાઇ; મ્હેં પણ ભાઇ પાસે ત્હમારે માટે ખાસ ખોળ ક્હાઢી મંગાવી છે. ત્હમે એ શોધતા’તા તે હું જાણતી’તી.”

“ ચન્દુ ! તારવાળાને એક રુપિયો આપ્યને. ” પ્રબોધચન્દ્રે ઓરડામાં પ્રવેશ કરતાં કહ્યું. ચન્દ્રકાન્ત ગજવામાંથી પાકીટ ક્હાડતો બ્હાર ગયો પ્રબોધચન્દ્ર પત્નીના ખાટલા પાસે એક ખુરશી પડી હતી ત્હેના ઉપર બેઠો. સરસ્વતીનો હાથ ત્હેણે પોતાના હાથમાં લીધો.

“ કેમ વ્હાલા, ચન્દુભાઇએ કહી તે વાત ખરી ? હવે તો પાછા મોંઘા થવાના !–અમને કાંઈ ઇનામ આપો, ખુશી કરો; ત્હમે મામલતદાર-સાહેબ થયા ને અમને કાંઇયે નહિં ? ” સરસ્વતી આનન્દના ઉમળકાથી ઉભરાઈ જતા હૃદયથી બોલી.

“ હા. હમણાંજ તાર આવ્યો કે વીરમગામના મામલતદારની જગો ઉપર રજા પૂરી થતાં હાજર થવું ” પ્રબો-

ધચન્દ્રે હસીને જવાબ દીધો : " બોલ્ય, હવે ત્હારે શું ઈ-
નામ જોઇએ છે ? "

" એમ અમે કહીએ ને ત્હમે આપો ત્હેમાં નવાઈ શેની ? –અમારે શું જોઇએ છે તે ત્હમે ધારી લો. આપણે બે જૂદાં હઈશું તો અમારા મનની વાત નહિં જાણો ને એક હઇશું તો આપશો. " પત્નીએ પતિનાં નયન સાથે પ્રેમદૃષ્ટિ મેળવતાં કહ્યું.

" એમ બાંધી લે એ કાંઇ ઠીક નહિં. ત્હારા મનની વાત હું શી રીતે જાણી શકું, વ્હાલી ? " ત્હેણે નીચા નમી સરસ્વતીના ઓષ્ઠ ઉપર એક પ્રીતિભર્યું, રસિલું ચુંબન લીધું.

" ક્‌હો, કેવા જાણી ગયા છો ? ક્‌હેતા'તાને ! –આપણે એ કાંઈ જૂદાં છીએ, વ્હાલા ? " પત્નીએ પતિના હાથને ચું-બતાં કહ્યું.

" હેં, વ્હાલા ! હું સાજી નહિજ થાઉં એમ હવે મ્હને લાગે છે, " સરસ્વતીના મુખ ઉપરનું મધુરું સ્મિત ઉડી ગયું. " જો હું એકવાર પથારીમાંથી ઉઠું ને તો !...પણ આ મ્હારો છેલ્લોજ મંદવાડ છે; હેં, વ્હાલા ! હું સાજી નહિંજ થાઉં ? "

પ્રબોધચન્દ્રના અન્તઃકરણમાં એક ઉંડો, ગાઢ ચીરો પડ્યો ! " આમ ગાંડપણ શું ક્‌હાડે છે, વ્હાલી ?–ત્હને હવે સારૂં છે, ડાક્તરોયે ક્‌હે છે કે ઠીક છે;–ત્યારે તું આ વળી શું લઇ બેઠી છે ?–ત્હને કાંઇ થાય છે ? "

" ના, વ્હાલા ! બીજું કાંઇ થતું નથી : પણ આજ મ્હારો જીવ–કોણ જાણે કેમ–ગભરાય છે, મ્હને સમજણ પડતી નથી. મ્હારામાં તો આયજ રહી નથી !...મરવાનો તો મ્હને બીલકુલ ફીકર નથી; પણ, આ જીંદગીમાં કદિ કદિ ત્હને પજવ્યો હશે, ખોટું લગાડ્યું હશે, ત્હારી મરજી પણ

નહિં સાચવી હોય,—એ બધું આજ મ્હને બહુ સાંભરી આવે છે. વ્હાલા! જો ફક્ત એકજ વાર સાજી થાઉંને તો...! પણ આ વખત મ્હને એમજ થઇ આવે છે કે મ્હને મટવાનુંજ નથી!...ત્હારા વિના હું ત્યાં શું કરીશ?—આપણે ફરી મળીશું ખરાં?" સરસ્વતીનાં પ્રેમાર્દ્ર, શોકાર્દ્ર નયનોમાંથી અશ્રુધારા અસ્ખલિત, સ્વચ્છંદ વ્હેવા લાગી: તે પતિને બાઝી પડી અને ત્હેણે ત્હેની છાતી ઉપર માથું નાંખી દીધું.

પ્રબોધચન્દ્રની આંખોમાંથી પણ આંસુ નીકળી પડયાં, પરન્તુ પત્ની ન જાણે તેમ રૂમાલથી તે લોહી નાંખી, ત્હેણે કહ્યું: "મ્હારી મધુરી! વ્હાલી! આમને આમજ તું વધારે માંદી થઈશ, હોં! મ્હારા સમ જો તું શાન્ત ન થાય, ત્હારૂં મ્હોં હસતું ન કરે તો!—આપણો પ્રેમ આટલો બધો ગાઢ થવા દઇ, પ્રભુ આપણને જૂદાં પાડે ખરો? અને કદિ તેમ થાય તોપણ શું?—આપણો અરસ્પરસનો સંબન્ધ આટલા ટૂંકા, ક્ષણિક જીવન માટેજ હોત તો તે પ્રેમરૂપી પોતાની દિવ્યપ્રભા આપણાં બંનેનાં હૃદયોમાં શું કરવા પ્રેરત?—ત્હને ખબર નથી કે, 'પ્રભુ જે કરે છે તે આપણા સારા માટે'?—આપણા આત્માઓની ઉન્નતિનો, અનન્ત કાળ પર્યન્ત સંમીલનનો એજ માર્ગ હશે તો!—જગદંબાની ત્હારા ઉપર કૃપા છે, યોગિની મૈયા જેવી સાધ્વીની ત્હારા ઉપર પૂર્ણ પ્રીતિ છે, એ ઉપરથીંજ ત્હને નથી લાગતું કે, પ્રભુ આપણા શ્રેય માટેજ સર્વ કરતો હશે?—માટે ચાલ, વ્હાલી! એવા ગાંડાઘેલા વિચાર મનમાંથી ફ્હાડી નાંખ અને હસતું મ્હોં કર!"

સરસ્વતી પોતાના પતિના મ્હોં સામેજ જોઇ રહી: જાણે તે ત્હેનાં વચનામૃતનું પાન કરતી હોયની અને જાણે ત્હેના

નયનસોપાન દ્વારા હૃદયમન્દિરમાં ઉતરતી હોયની, એમ જણાતું હતું. ત્હેની આંખમાંથી આંસુનાં વ્હેણ ઉડી ગયાં. મ્હોં ઉપર એક ન્હાનું સરખું સ્મિતહાસ્ય, મધુરી મંજુલ લહરિઓ ખીલાવતું, આવીને બેઠું. ત્હેણે પોતાના પ્રિય પતિનો હાથ પોતાના હાથમાં લઇ તે ઉપર સપ્રેમ ચુંબન લીધું.

પત્નીએ એવામાં કાંઇક સાંભરી આવ્યાથી બેઠાં થઇ હાથ જોડયા "વ્હાલા ! મ્હારી એક વિનંતિ કબૂલ રાખવાનું વચન આપો. મ્હારી જીભ ઉપડતી નથી પણ મ્હારી માગણી કબૂલ રાખવાની હા કહો ! "

પ્રબોધચન્દ્ર હશી પડયો : " જાણ્યા વગર હા કહું ?– લેને 'હા.' થયું હવે ? "

" વ્હાલા, ત્હમે ચ્હીડાશો તો ખરા. પણ,... પણ, મ્હને ત્હારી બહુ ફીકર થાય છે કે હું નહિં હોઉં ત્યારે ત્હારૂં શું થશે, વ્હાલા ?–માટે તું ફરીથી લગ્ન કરજે. જરૂર, હોં, મ્હારા સમ ! મરવા સૂતેલી વ્હાલીનું આટલુંયે નહિં માને ? ઘરના ઢંગ હું કાંઇ નથી જાણતી ?–માટે મ્હારા સમ, મ્હને વચન આપ કે ફરીથી લગ્ન કરીશ "

પ્રબોધચન્દ્ર તો વાતના વિષયે બદલેલું સ્વરૂપ જોઇ આભોજ બની ગયો ! તે એકદમ ઉભો થઈ જતે જતે પાછો. બેઠો. ત્હેને પત્નીની ભયંકર અવસ્થાનું ભાન થયું.

" જો વ્હાલા, ખોટું લગાડયુંને ? ચાલો અમે આટલું છેલવેલું માગી લઇએ છીએ તે અમને આપો !–તેથી કાંઇ આપણો વ્હાલ ઘટવાનો નથીજ, હોં ! પણ, વ્હાલા, તું હેરાન તો ન થાય ! ને છોકરીને તો ભાભીજ રાખવાનાં છે, એટલે ત્હારે એની કાંઈ ફીકર રાખવાની નથી. ક્હે, વ્હાલા, શું જવાબ દે છે ?–અમારો બોલ પાળવાનો છે અને અમને વચન આપવાનું છે: એટલું તો કરવુંજ પડશે ! "

" વ્હાલી! આજ ત્હને કોઈ ઘેલછાજ ભરાઇ આવી છે! હમણાં તો તું એમ પૂછે છે કે આપણે જૂદાં કેમ પડીએ છીએ? અને તે વાત તો પૂરી થઇ નથી ત્હેવામાં તું પાછી કાંઈ–આડીઅવળી–નજીવી વાતોમાં ઉતરી જાય છે!" પ્રબોધચન્દ્રે શાન્ત મુખાકૃતિથી હૃદયના ઉદ્વેગને દાબી રાખતાં કહ્યું: "છતાં ત્હારો આટલો બધો આગ્રહ છે તો હું કહું છું કે–તું ચીરંજીવ રૂહો અને તું ધારે છે ત્હેવું હાલ બનવું તો કેવળ અશક્યજ છે, તો પણ ભાવિની વિપરિત ગતિથી કાંઈ અણધાર્યુંજ બની જાય–તો...વ્હાલી, ત્હારાં આ વચનો સ્મરણમાં–મ્હારા હૃદયમાંજ રાખીશ.–હવે બીજું કાંઇ કહીશ નહિં; ત્હારા સમ–મ્હારાથી બની શકે તેટલે દરજ્જે–મ્હેં પાળ્યા છે, હું પાળીશ" ત્હેણે પત્નીને છાતી સરસી દાબી ત્હેના ઉપર હાથ ફેરવવા માંડયો.

" ઓ મ્હારા વ્હાલા! પ્રિય પ્રાણ! આપણે એ જૂદાંજ પડીશું?" સરસ્વતી મનમાં આવેગ થઈ આવવાથી, ફરી પાછી ઉછળી પતિને વળગી બોલી: " વ્હાલા! આપણે એ હમ્મેશને માટે જૂદાંજ પડીશું? હવે પાછાં નહિંજ મળીએ?" ત્હેની આંખો અશ્રુપૂર્ણ થઇ ગઇ! પ્રબોધચન્દ્રે ચીરાતા હૃદયથી જેમ તેમ કરીને ત્હેનું સાન્ત્વન તો કર્યું, પરન્તુ એ વચનો ત્હેના સ્મૃતિજીવનમાંથી કદિ ખસ્યાંજ નહિં! અને સરસ્વતી ત્હેના આત્માને સર્વદા વળગેલીજ રહી.

* * * * *

સ્હાંજ પડી હતી; સરસ્વતીની પથારી આગળ ઘરનાં મનુષ્યો એકઠાં થઇ ગયાં હતાં. રસિકભાઈ ત્હેના ખાટલા ઉપર બેઠો બેઠો ત્હેના કપાળ અને મ્હોં ઉપર ઉભરાતો. પરશેવો લ્હોતો હતો. ધનલક્ષ્મી અને લલિતા હાથે ગરમી રાખવાના ઉપાય યોજતાં હતાં. સુશીલા અને ગુલાબ પગ પંપાળતાં

હતાં. નિર્મળબાળા અને ચન્દ્રકાન્ત થોડી થોડીવારે ઔષધ પાતાં, શરીરે ચોળાવતાં, અગર દવા સુંઘાડતાં હતાં. મહાદેવી સામાં બેઠાં બેઠાં, મનમાં ને મનમાં, કાંઇ મંત્રનો પાઠ કર્યા કરતાં હતાં. સરસ્વતીને અત્યારે ઘણીજ બેચેની થઇ હતી; ત્હેનાં હાથપગ ટાઢાં થઇ જતાં હતાં, ત્હેની નાડીઓ મન્દ-ત્વરિત થઇ જતી અને વખતે ઘણીજ ધીમી પડી જતી હતી. ત્હેનો જીવ ઉંડો ઉંડો ઉતરી જતો હતો.

" ભાઇ, મ્હને કોણ જાણે છાતીમાં શું થઈ જાય છે ?–મ્હને કાંઈ ચેન પડતું નથી–બહુ ગભરામણ થઇઆવેછે ! "

" હમણાં મટી જશે હોં, બ્હેન !–જોને તું આટલી દવા જરા પી લે. જીવ ગભરાતો હમણાં પાછો ઠીક થઇ જ-શે. " રસિકભાઇએ કહ્યું : " તું જો તો ખરી, જરાવારમાં ઠીક થઈ જશે. કેમ મિસ ઠાકુર ! ખરૂં કની ?–બ્હેન, જરા હિમ્મત રાખ; આ દવા તો અકસીર છે. "

" ભાઇ ! " સરસ્વતીએ બેઠી થઇ ત્હેના ગળા ઉપર માથું મૂક્યું : " ભાઈ ! હવે તે શું મટે એમ છે ?–લાવો દવા પીઉં, પણ હવે મટવાનાં તો ખાલી ફાંફાંજ છે, ભાઇ ! "

" એમ શું બોલે છે, ગાંડી ! " રસિકભાઈ હિમ્મત આપતાં બોલ્યો. " તું જરા ધીરજ રાખ. આ ઓસડની અ-સર થયા વિના તો રહેજ નહિં, બ્હેન !–જરા તો સહન કરવું પડે. હમણાં મટી જશે ! "

પ્રબોધચન્દ્ર એટલામાં અંદર દાખલ થયો અને ખાટલા આગળ આવી ઉભો : પતિપત્નીની નજર એક થઇ ! એ-પ્રેમના, ઉદ્વેગના, જે જે ઉર્મિ એક ક્ષણવારમાં તે નયનસર-માં ઉછળી રહ્યા તે ખરેખર અવર્ણનીયજ છે. સરસ્વતીએ હાથ જરા લાંબો કર્યો પ્રબોધચન્દ્રે ખાટલા પાસે બેશીને તે

હાથમાં લીધો. પત્નીએ પતિનો હાથ દાબ્યો; પ્રીતિભક્તિની વીજળીથી હૃદયકુંજમાં પ્રેમનો પેગામ પ્હોચાડયો : આત્મા આત્માને ભેટયો.

" બા, આમ શું કરે છે ?–ત્હારે તે આ વખત હિમ્મત હારવી જોઇએ ? ભાઈ ! મૈયા ! બાને તો જરા ધીરજ આપો, સમજાવો ! " ધનલક્ષ્મીની આંખમાંથી ચોધાર આંસુ ચાલ્યાં જતાં જોઇ, તે પોતાની મનોવૃત્તિઓને કાબુમાં રાખી બોલી.

" એ મ્હારી લાડકવાઇ બાપુડી ! " ધનલક્ષ્મી છેક હિમ્મત ખોઈ બેઠાં, ત્હેમનાથી રોવાઈ જવાયું : "એ મ્હારી મોંઘી દીકરી ! તું આ બાણીની કશી ફીકર રાખીશ નહિં હોં ! ત્હારે કશામાં જીવ રાખવો નહિં. તું તો સાક્ષાત જગદંબાનો અવતાર છે–ત્હારે હવે જનમ મરણનો ફેરો નથી. પણ બ્હેન ! તું છોકરીની રજ ચિંતા રાખીશ નહિં. મ્હારે જેવો ભાઈ, જેવી તું, ત્હેવીજ એ છે, હોં ! ત્હારાં ભાઇ અને ભાભી એને છાતી આગળથી વેગળી કરવાનાં નથી હોં, મ્હારી લાડકવાઈ બ્હેન ! " ત્હેમનાથી માંડમાંડ ખાળેલાં આંસુ રોકાઈ ન રહ્યાં; રોવાઇજ જવાયું !

" બા ! બા ! તું આમ શું કરતી હોઇશ ? ઉલટી બ્હેનને નકામી ગભરાવે છે. બ્હેન, ત્હારે કોઇની કશી ફીકર રાખવાની નથી. સમજીને. " રસિકભાઇએ કહ્યું. " એ મ્હારી છાતી ઉપર છે; ત્હારે કશામાં જીવ રાખવો નહિં. " સુશીલાએ સરસ્વતીના હાથ ઉપર કોઇ ન જાણે એમ ધીરે રહીને ચુંબન લીધું; પણ તેમ કરતાં એક ન્હાનું સરખું આંસુ ત્હેના ઉપર પડયું; નણંદે ભાભીનો હાથ દબાવ્યો, બંનેની આંખ મળી. સુશીલાની આંખમાંથી ગાલ ઉપર આંસુ ટપકયેજ જતાં

હતાં. સરસ્વતીથી બરોબર હવે બોલાતું ન્હોતું, થાક બહુ લાગતો હતો; છતાં ત્હેણે પોતાનો હાથ ભાભીના માથા ઉપર મૂક્યો. " ભાભી, ત્હમેને આ આમ ગાંડાઇ શું ક્હાડતાં હશો?...મ્હને હવે જરા ઠીક છે...જુવો બા, આમ ગભરાઇએ નહિં! "

ધનલક્ષ્મી અને સુશીલાએ લુગડાના પાલવથી આંસુ લોહી નાંખ્યાં. મહાદેવી એવામાં ખાટલા પાસે આવ્યાં. "બ્હેન! ત્હને સારૂંજ છે; હમણાં ઠીક થઇ જશે. પણ ભગવતીનું-જગદંબાનું સ્મરણ કર-એજ તારનારી છે. બ્હેન, મૈયામાંજ લક્ષ રાખ. એ મૈયાજ જીંદગીનો પરમ મોક્ષ છે. જગદંબ! જગદંબ! " ત્હેમણે પોતાના બંને હાથ ત્હેના માથા ઉપર મૂક્યા.

સરસ્વતીના ઉપર યોગિનીના શબ્દોની સજ્જડ અસર થઈ. ત્હેમના કરસ્પર્શથી અતિ સુન્દર, દિવ્ય પ્રભા ત્હેના મુખારવિંદ ઉપર પ્રસરી રૂહેતી હોયની એમ જણાયું. ત્હેનો ઘાંટો ઘણોજ મન્દ થઇ ગયો હતો છતાં પણ 'જગદંબ! જગદંબ!' એ શબ્દોનું ઉચ્ચારણ સંભળાયાં કરતું હતું. અન્તે ત્હેણે ચોતરફ આંખ ફેરવી, સઘળાંની સાથે દૃષ્ટિ મેળવી અને પ્રિય પતિનાં નયનમાં પોતાનાં નયન પરોવ્યાં; મ્હોં ઉપર એક મધુરું, રુચિરું, પ્રેમશીળું, દિવ્યતા ભર્યું સ્મિત પથરાયું. એટલામાં ત્હેનાં નયન મીંચાઇ ગયાં. સુન્દર મુખ ઉપર દિવ્ય શાન્તિ પથરાઈ રહી, અને 'જગદંબ! જગદંબા!' એ ઉચ્ચારમાં ને ઉચ્ચારમાંજ, લગાર પણ ચિહ્ન વિના ક્ષણભંગુર શરીરનો ત્યાગ કરી, ત્હેનો અમર, પવિત્ર આત્મા પરલોક તરફનું ઉન્નત પ્રયાણ કરતો ચાલ્યો ગયો.

પ્રકરણ ૧૩ મું: અવસાન.

૧. પત્થર તે પત્થર ને માટી તે માટી !

" અલી ! આશું !" ધનકોરમાશીએ ઘરના ઉમરા ઉપર પગ મૂકતાં કહ્યું : " હેં, બા ! ફિરંગીના ઘરમાં વહુને મરવા દીધી તે તો જાણે ઠીક; પણ મ્હેં તો એવુંયે સાંભળ્યું છે જે એને તો ભાંયે ન ઉતારી ને ચોક્કય ના નાંખી ! ધનલખમી આવી ડાહીડમરી થઇને ફરે છે ત્હેનામાં કેટલી પ્હોચ છે એતો આખી નાત જાણે છે; પણ, અલી ! ત્હમારાં બધાંનીયે અક્કલો ક્યાં ગઇતી ?–ક્હે છે જે પુન્યે ના કરાવ્યું ને દાને ના કરાવ્યું ને ખાટલામાંને ખાટલામાંજ મરવા દીધી !–એના બચારીના છેલા સંસકાર તો સુધારવા'તા ?"

" હું તે એકલી એકલવાઈ શું કરૂં, મારૂં ?" ભાગીરથી અકળતાં અકળતાં બોલ્યાં : " મ્હારા ઘરમાં તે એવાં ક્યાં વધવધનાં માણુસ હતાં ? લલી ને ન્હાની વહુતો ત્યાં રૂહેતાં'તાં સ્તો ! ને કુમુ બચારી પરસ્વાધીન, તેણે દરરોજ બંગલે ગયા વના રૂહેતી નહિં. હું જાઉં ત્યારે અહિંનું કોણ કરે ? ને, એંહ !–બ્હેન મ્હારાથી તો કાંઇયે નીપજતું નથી. માંદાં માંદાંયે ઉઠીને ઘરનો ઢસયડો તો તાણ્યા વના કાંઇ છૂટકો છે ?–પણ ત્યાં જઇને તો રહેવાય નહિં !...મેંકુ, ચોપડાં શાક કરીને સગરામ મંગાવી જરા જોઈ આવું; એને ઘણું થયાનું સાંભળ્યું'તું ને ન જઇએ તો ખોટું દેખાય !–પણ એટલામાં તો માણુસ બોલાવવાજ આવ્યું. હું ગઈ ત્યારે તો બધાં બારણે હતાં; એટલે શું થયું ને શું નહિં, ત્હેની મ્હને તો જરાયે ખબર નથી "

" હા. બા, હા. ત્યારે તો તું શું કરે ને કોઇયે શું કરે?—પણ, અલી?—આપણે તો લોક કુહે તે કહીયે છીએ, હોં, બા,?—બધે તો એમજ વાતો ચાલી રહી છે કે, રસિકે બ્હેન પાછળ દસ હજાર રૂપિયા ખર્ચી નાંખ્યા—પછી ખરૂં ખોટું તો ઉપરવાળો જાણે!"

" દસ હજાર તો શું રાખ થાય છે?—એટલી તો બૂમોયે પાડતાં થાકી જવાય—ને સોએ સહસ્તર વંચાય!" ભાગીરથી બોલી ઉઠયાં: " પણ. હા. પાંચસો હજાર ખરચ તો થયાજ હશેને.—એમ જુવે તો બસે પાંચસે તો અમનેયે થઈ ગયા! ગાડીઓમાં જવાં ને ગાડીઓમાં આવવાં ને ફુલાણું જોઇએ ને ઢીકણું જોઇએ!—એતો વાત જ કરીશ નહિં!—હા, એટલું કે એમનું ખરચ જણાઈ આવે ને આપણું તણાઇ જાય! બાકી આ લલિ તરફ તો જરા નજર કર; ભોજાઈની પાછળને પાછળ અડધી તો થઈ ગઈ છે!"

લલિતા અને ગુલાબ અંદર આવ્યાં.

" અલી લલી!" ધનકોરમાશી બોલ્યાં: " અલી, આવી શેં, જે ભોજાઇની પાછળ આટલી ગાંડાઇ ક્હાડછ?—કોઇની ભોજાઇઓ નહિં મરતી હોય?—અત્યારમાં નણંદ ભોજાઈ બંને એકઠાં કયાં ગયાં'તાં?—મેર મેર, અલી! એમ વાત વાતમાં આંસુ આણીએને તો તો વાજજ આવીએ, બા!—લોહી નાંખ આંસુ, ભાભી તો કાલ ઉઠીને બીજી લાવીશુંને ત્હને કાંઈ થયું ને તો...!"

" હું મરીશ ત્હેમાં આવી શું મ્હોટી લંક લાગવાની હતી?" લલિતાએ ડુમો શમાવવાને પ્રયત્ન કર્યો પરન્તુ ત્હેનાથી આખરે રોવાઈ જવાયું: " આવાં રતન જેવાં—સાક્ષાત્ માતાજી અવતાર જેવાં ભાભી ગયાં ત્યારે મ્હારી તે એ-

વી શું ખોટ પડી જવાની હતી ? એ કાંઈ જવા જેવાં હતાં ?–સુખ ભોગવાનો વખત આવ્યો, ભાઈ મામલતદાર થયા, ત્યારે એ ઉઠીને ચાલતાં થયાં ! ”

ગુલાબની આંખમાં પણ આંસુ ઉભરાતાં હતાં; ત્હેણે લલિતાને વાંસે હાથ ફેરવી માંડમાંડ એને છાની રાખી : “ જુવો બ્હેન, એ કાંઈ આપણા હાથની વાત છે ? ઠાકોરજીએ જે ધાર્યું તે ખરૂં. એમના ગયાથી આપણુને એકલાંનેજ કાંઇ લાગે છે ? મ્હોટાભાઈ, એ, બાપા, ભાભીનાં મા ને ભાઇભોજાઇ, એમાંનાં કોઇનેયે થોડું લાગતું હશે ?–એમના કરતાં એમના ગુણ બહુ સાંભરી આવે છે : નહિં તો શ્રીમતી ને મૈયા, એમનેને ભાભીને શું ?–પણ એ બધાંયે કેવાં થઈ ગયાં છે ? ”

ભાભીએ પોતાની આંખોમાંથી આંસુ લોહી નાંખ્યાં, અને નણંદ પાસે જઈ બેઠી. ધનકોરમાશી તો આ બધું જોઈજ રહ્યાં ! સાસરિયાં મૃત્યુ પામેલી વહુને માટે–લોકોના દેખતાં રૂવે તે તો જાણે ઠીક, પરન્તુ–પાછળ પણ આંસુ પાડે અને દિલગીર થાય એ ત્હેમને મનતો ‘ જૂની આંખોને નવા તમાશા ’ જેવુંજ હતું ! ભાગીરથીના અન્તઃકરણમાં ગમે તેમ હોય પણ તે લલિતાને એક અક્ષરે ક્હે તેમ ન્હોતું; તેથી તે ચ્હીડાયાં તો ખરાં પણ વાત બદલી; વાત બદલતાં બદલતાં પણ ત્હેમનાથી ઉભરો કહાડ્યા વિના ન રૂહેવાયું.

“ અલી, આટલું બધું શું છે જે ?–પૈસાવાળાની દીકરી એકલે બધાંયે અછોઅછોવાનાં કરે; નહિં તો ઘણાંયે માંદાં પડે છે ને ઘણાંનેયે ખર્ચ થાય છે !–ગરીબને ત્યાં જનમી હોતની તો... ! ” લલિતાના ચ્હેરા ઉપરથી એને ગુસ્સો ચ્હડવા માંડ્યો છે એમ જણાયું કે તરતજ ત્હેમણે વાત બદલી : “ હેં અલી ભાગીરથી ! ત્હેં તો રોવા કૂટવાનું રાખ્યું છે ને ! ”

" ના બા. હું એકલી શું કરૂં ;–વહુનાં પિયરિયાંએ ફ્હાડી નાંખ્યું ત્યારે હું શું કરવા એવા મોટાપા કરૂં ?–મ્હારે કોઈ માણસ છે ? આ બંને તો બાળક; ને તું ને હુ–આપણે તે કેટલું કરીએ ? એ તો જથાવાળાંનાં કામ–મ્હોટાભાઇનીયે મરજી નથી ને એમનીયે નથી ! ક્હે છે કે, વહુ ક્હેતી ગઇ છે કે ' મ્હારી પાછળ રોશો કૂટશો નહિં ને ગીતાજી બેસાડજો '–ત્યારે આપણે શું, બા ? " " એમકે ? " ધનકોરમાશી બોલ્યાં; " ત્યારે તો આપણે શું, બા ?–ખોટું ક્હેવાશે તો એમનું, ત્હારે શું ? " ત્હેણે જરા સ્વર ધીમો કરીને કહ્યું : " અલી, હું તો એટલા માટે આવી'તી જે–આવી ડાહી, ચાણી, ત્હારા હાથમાંથી ઘરનું કામ મૂકાવી દે એવી વહુ ગઈ તે તો જાણે બહુજ ખોટું થઇ ગયું, પણ કાંઈ ભગવાનની મરજી આગળ આપણો ઉપાય ચાલવાનો હતો ? ને આપણે તો સંસારમાં રહ્યાં એટલે બધુંયે કરવું પડશે–માટે મ્હોટા ભાઈ માટે બીજા કોઇને ત્યાં વિચાર રાખશોજ નહિં !–મ્હેં મ્હારે ગોઠવણ કરી રાખી છે; રતિની છોકરી ભણી છે, ગણી છે : ને એને બારમું વરસ ગઇ પાંચમે બેઠું; છોકરાને રાંધીતો પીરસે ?–કેમ લલી, છોકરી ત્હને કેવી લાગે છે ?–છોકરીઓની તો કાંઈયે ખોટ નથી; આપણે કમાડ પાછળ કન્યા ! પણ આતો–મ્હેકું, ઘરે સારૂં ને માણસે સારાં; અને છોકરી પણ ફૂટડી નખેતર જેવી છે. "

" ધનકોર માશી ! ભઈ સાબ, ત્હમને ખોટું લાગે તો ભલે; પણ હજી ભાભીની ચિતા પુરી છંટાઇયે નથી એવામાં–આવી વાત મ્હને નથી ગમતી ! " લલિતા છણકો કરીને ઉઠી : " ચાલો, ન્હાનાં ભાભી, આપણે ઉપર બેશીએ; કરવા દો જીની સાથે એમની કૂથલી ! હા, મ્હારાથી તો–હું સાંભળીશ તો–કાંઈ બોલાઇ જવાશે. " લલિતા અને ગુલાબ મ્હે-

ડીએ ગયાં.

" બ્હેન, ખોટું ન લગાડીશ, હોં !" ભાગીરથીએ કહ્યું: "એને શરીરે સારૂં રૂહેતું નથી ને તેથી હમણાં હમણાંમાં એનો સભાવ બહુ ચ્હીડીયો થઇ ગયો છે."

" હા, બા, હા !" ધનકોર માશી ગુસ્સાનો ગોટ ગળી જઇને બોલ્યાં: "લલીનો બચારીનો કાંઈ વાંક છે ?–ઉજાગરા, મહેનત,–એ બધું હવેજ જણાશે તો ! ઠીક ત્યારે, અલી ! હું રતિને 'હા' કહી રાખીશ, ને તુંયે કોઇ પૂછવા આવે તો ક્હેજે જે અમારે ગોઠવણ થઈ ગઈ છે."

૨. સરસ્વતીની અમર સુન્દરતા :

દેવીમન્દિરના એક વિભાગમાં નિર્મળબાળા અને મહાદેવી બેઠાં હતાં. નિર્મળબાળાના હાથમાં એક પત્ર હતો.

" પ્રિય શ્રીમતી બ્હેન."

" મ્હને આજ ખાત્રી થઈ ગઈ છે કે, હું હવે વધારે વખત જીવવાની નથી. વ્હાલી બ્હેન, ત્હમે અને જનનિ સમાન યોગિની મૈયાએ મ્હારે માટે બહુ કર્યું છે અને કરોછો; અહિં બધાંયે મ્હારે માટે જેટલું કરે છે તેટલું પોતાનાં વ્હાલામાં વ્હાલા માણસ માટે પણ કદિ કોઇ ભાગ્યેજ કરત. આ સર્વ માટે જગદંબાના મહાન્ આભાર તળે અને ત્હમારી બધાંની ઓશિંગણ તો હું સદાયની છુંજ : દિલગીરી માત્ર એટલી છે કે, હવે તે ઉપકારનો સ્હેજ પણ બદલો મ્હારાથી વળી શકે તેમ નથી. જેવી ભગવતીની ઇચ્છા !

" આપણે જે જે મહાકાર્યો ઉપાડયાં છે તે તે બાબતમાં

સ્ત્રીઓ કેટલું કરી શકે અને સ્ત્રીપુરુષો સાથે પ્રયાસ કરવાથી કેવું સુન્દર ફળ ઉપજાવી શકે,–તે સઘળા વિષયોમાં મ્હારા પોતાના વિચાર મ્હારા પ્રિય પતિની સાથે મ્હેં સરખાવી જોયા છે,–ત્હેમની શુભ યોજનાઓ ત્હેમાં ભેળવી–સુધાર્યાં છે: –આથી મ્હારી મનોવાંછનાઓ મ્હારા અવસાન કાળને સંતાષે છે અને ત્હમે ત્હેમને પોષણ આપશોજ એમ માની મ્હને ઘણીવાર મૃત્યુકષ્ટ અને પ્રિયજનોનો હમ્મેશનો વિયોગ પણ હવે દુઃખકર લાગતાં નથી.

" બ્હેની! મ્હારા પૂજ્ય પિતાજીએ મ્હારા નામે મૂકેલા દસ હજાર રૂપિયા હવે મ્હને પોતાને નિરર્થક છે. મ્હારી બાલ પુત્રી મ્હોટી થશે તો મ્હારી બાનું જે સર્વ છે તે એનુંજ છે; એટલે આ રકમની ત્હમે આપણે ઉપાડેલાં કામોમાં નીચે પ્રમાણે વ્યવસ્થા કરશો:

" ૧. સ્ત્રીઓને ખરી કેળવણી આપવામાં મદદ કરે એવાં પુસ્તકોનો સંગ્રહ કરવો તથા પુસ્તકો લખાવવાં, અને પ્રકટ કરાવવાં; પુસ્તકાલયની ચોપડીઓ સઘળી સ્ત્રીઓને મફત ઘેર બેઠે વાંચવા મળે એવી યોજનાઓ ઠામ ઠામ કરવી; સ્ત્રીઓને ખાસ ઉપયોગી પુસ્તકો તથા વસ્તુઓ એકઠી કરવી; તેઓ વિદ્યાકળા, વૈદક, ભરતાં ગુંથતાં, પાકશાસ્ત્ર, બાળક ઉછેરતાં તથા માંદાની માવજત કરતાં શીખી શકે અને સ્ત્રીરોગો બાબતનું જ્ઞાન મેળવી શકે એવું વાચન પૂરૂં પાડવા તરફ આ પુસ્તકાલય તરફથી ખાસ પ્રયત્ન થાય એવી ગોઠવણ કરવી.

" ૨. પત્નીશાળાઓની નિરંતર વૃદ્ધિ કર્યા કરવી; અનાથ બાલિકાશ્રમને સંપૂર્ણ ઉત્તેજન આપવા ઉપરાંત વિધવા સ્ત્રીઓને પોતાનું વૈધવ્યજીવન દેશસેવામાં ગાળતાં શીખવ-

વા માટે એક મઠ અથવા મન્દિરની સ્થાપના કરવી જેમાં ત્હેમને પોતાની સ્થિતિને યોગ્ય કેળવણી આપી, આપણા દેશમાં યોગિની મૈયાના જેવી પણ્ડિતાઓ તથા સ્ત્રીઉપદેશકો, અને ઇસ્પિતાલોમાં ખાસ રીતે જરૂરની સૂયાણીઓ તથા નર્સો (માવજત કરનારી સ્ત્રીઓ) ની–એવી એવી ઘણીક ખોટ જે પડે છે તે ઓછી કરવી; કુલીન પરન્તુ ગરીબ પત્નીઓ અને વિધવાઓને દ્રવ્ય, અન્ન, વગેરેની સહાય કરવી; અને જે જે યોજનાઓ આપણા ગૃહસંસારને સુધારી શકે તે તે સર્વે યોજવી.

" ૩. હું સારી રીતે સમજુંછું કે, આમાંની એક પણ બાબત ફળદ્રુપ કરવામાં મ્હારા દસ હજાર રૂપિયા કાંઇ વધારે નથીજ!–પણ ' ફૂલ નહિં તો ફૂલની પાંખડી ' એ ક્હેવત પ્રમાણે મ્હારી પાસે જે છે તે હું આપણી સમસ્ત બ્હેનોની સેવામાં અર્પણ કરૂ છું. ત્હમે મ્હેં જણાવેલા વિચાર ઉપરથી સ્ત્રીઓની હાલત સુધારવાનું એકાદ ફન્ડ ઉભું કરશો તો બની શકશે; મ્હારા પ્રિય પતિ અને મ્હારા ભાઇ ત્હેવા ફન્ડમાં પોતાની માસિક ઉપજનો દર મહિને પાંચમો ભાગ અને ચિ. ચન્દુભાઇ દસમો ભાગ એટલું આપવા કબૂલ કરે છે: ત્હમે દાક્તર સાહેબ પાસેથી અને મૈયા ભગવતી એમના પૂજ્યપાદ ગુરૂજીશ્રીના આશ્રમ ભંડોળમાંથી પણ ત્હેમાં કાંઇક મદદ તો કરાવીજ શકશો.

" પ્રિય બ્હેન, હું જીવીશ તો આટલી ઉમેદો પરિપૂર્ણ કરવામાંજ મ્હારૂં જીવન ગાળવાનો મ્હેં નિશ્ચય કર્યો છે; અને કદિ આ દેહનો પાત થાયતો એટલું કામ ત્હમે અને યોગિની મૈયા ઉપાડી લેશો, એટલી મૃત્યુશૈયા ઉપરથી ત્હમારી આ ભગિનીની ત્હમને પ્રાર્થના છે.

" જગદંબા ત્હમારૂં કલ્યાણ કરો ! અને આપણો પ્રીતિભાવ છે ત્હેવોને ત્હેવોજ નિરંતર રહ્યાં કરો !—એટલીજ હવે યાચના છે !

" લિ. ત્હમારી સર્વની આશિંગણુ અને સ્નેહાંકિત,

" અ. સૌ. સરસ્વતીનો પ્રણામ. "

૩. મૈયા, મ્હને પણ વિસારતાં નહિંજ હોં !

બંને સાધ્વીઓનાં નયન અશ્રુપૂર્ણ હતાં; સરસ્વતીના ઉદાર જીવનસુવાસની આ લહરિ ખરેખરી અલૌકિકજ હતી ! —અને ત્હેણે ત્હેની કદિ પણ ના વિસારાય એવી જીંદગી અત્યારે વધારે વધારે પ્રિય કરી. સ્ત્રીઓના સંસારસરોવરમાં તોફાનનાં મોજાં અને આનન્દની લહરિઓ સર્વ ન્હાનાંજ હોય છે; ત્હેમનાં જીવન જગતની દૃષ્ટિ સમક્ષ ભાગ્યેજ આવે છે અને તેથી ત્હેના વિજય પરાજય, સુખ દુ:ખ, અને આશા નિરાશા,—એ બધુંય દુનિયાંની નજરમાં તો નજીવુંજ લાગે છે ! છતાં આ સતીની જીંદગીની પ્રભા અન્ત:પુરોથી બ્હાર નીકળવાની,—બ્હાર નીકળીને અન્ય અનેક અન્ધકારભર્યો જીવનમાં પ્રકાશ રેડવાની, બીજી ઘણીક તેજધારાઓનું વહન કર્તા થનારી,—આ સઘળું સાંભરતાં પ્રીતિનાં આંસુ સૂકાયાં તો નહિં પરન્તુ ઉત્સાહના ઉભરા ત્હેમને હર્ષભર્યાં કર્યાં વિના રહ્યા નહિં.

" મૈયા, બ્હેનની આ યોજનાઓ ખરેખરી સુન્દર છે," નિર્મળબાળાએ પ્રેમના આવેગમાં તે પત્રને ચુંબન કરતાં કહ્યું: " મ્હારા પિતાજી પણ ઘણી ખુશીથી દસ હજાર રૂપિયા, આ ફન્ડમાં આપી શકશે અને લખપતી શેઠે જે દસ હજાર

અમને મહિલાસમાજમાં આપવાનું કહ્યું છે તે રૂપિયા આમાં લઇ લઇશું. આશ્રમના ભંડોળમાંથી ત્હમે શું અપાવી શકશો, મૈયા!"

"શ્રીમતી! મ્હારા વંદનીય ગુરૂજીને મ્હેં આપણી અભિલાષાઓ જણાવી હતી અને ભંડોળમાંથી સહાય પણ માગી હતી. આજ સ્હવારેજ વીસ હજાર રૂપિયાની હુંડી મ્હારા ઉપર એમણે મોકલી દીધી છે, જે આ ભંડોળ માટે હું એમની તરફથી, કાંઇપણ અગવડ વિના, આપી શકીશ."

"ઓહો! મૈયા, મૈયા! દૈવી જીવનનો શો અનુપમ પ્રભાવ છે?—બ્હેન એક યોજનાની ઇચ્છા જણાવે છે એટલામાં આપણી પાસે પચાસ હજાર રૂપિયા જેટલી મ્હોટી રકમ તો તૈયાર થઇ જાય છે. ઉપરાંત, માસિક કિંવા વાર્ષિક ઉપજમાંથી અમુક અંશ આ કામમાં મદદ તરીકે નવીનબાબુ, જગન્નાથ, વગેરે, બીજા પણ આપશેજ એમ મ્હારી ખાત્રી છે. નિઃસંશય આપણી પાસેથી એ ગઇ નથીજ!—મ્હને લાગે છે કે બીજાં બધાં સ્મરણચિહ્નો કરતાં આ ફન્ડમાં એનું નામ રાખીએ તો? જેમ ડફરિન ફન્ડથી માજી વાઇસરૉય નામદાર ડફરિન સાહેબનાં બાનુનું નામ અમર થઇ ગયું છે, તેમ આ ફન્ડને આપણે 'સરસ્વતી અબલાસહાયક ફન્ડ' કહી, બ્હેનનું યશોગાન કાયમ કરવું એ સર્વને ગમશે. મૈયા, ત્હમને કેમ લાગે છે?"

"શ્રીમતી!" મહાદેવીએ કહ્યું: "મ્હને પણ એ વ્યવસ્થા બહુ મનોહર લાગે છે.—પણ બ્હેન, આ સ્થળે મ્હને બહુ સમય થયો, એટલે હું હવે મ્હારૂં યાત્રાપર્યટન કાલ સ્હવારથીજ પાછું શરૂ કરીશ; મ્હને હાલ આગ્રહ કરીશ નહિં. મ્હારૂં મન અહિંથી ઉઠયું છે—ગુરૂજીની આજ્ઞા મળી

ચૂકી છે-અત્યાર સુધીનો આ સ્થળમાં રૂહેવાનો આશય હતો તે હવે પરિપૂર્ણ થઇ ગયો છે; ને હું પરદેશમાં આ **અબલા સહાયક** યોજનાને બનતી સહાય કરી શકીશ.-એટલે હવે ત્હારી સાથેનો પરિચયઆનન્દ પણ હું ખોઇશજ! પરન્તુ આપણાં જીવન અન્ય જીવનના ઉત્કર્ષમાંજ ઉદયમાન થાય છે એટલું સ્મરણમાં રાખજે અને તેથી પોતાની વાસનાઓને આધિન થવું ત્હેના કરતાં આસપાસનાં પ્રાણિઓની ઇચ્છ વાસનાઓનું પોષણ, રક્ષણ કરવું એમાંજ આપણા આત્માની ઉન્નતિ છે." જરા વાર વિચારગ્રસ્ત થઇને તે બોલ્યાં: "મ્હેની! આપણે હવે જૂદાં પડીએ છીએ તે સમયે-ત્હારૂં લગ્નનું વય પ્રાપ્ત થઇ ગયું છે, અને પતિ થવાને યોગ્ય યુવક ત્હારી હૃદયદૃષ્ટિની સમિપ છે, તો-ત્હારી મનોવાંછનાઓ ગમે ત્હેવી હશે તોપણ મ્હને અત્યારે એમજ થઇ આવે છે કે, ત્હને 'અખંડ સૌભાગ્યવતી, પરાક્રમી પુત્રવતી ભવ!' એ આશીર્વાદ દઇ દઉં!" મહાદેવીએ નિર્મળબાળાને માથે હાથ મૂક્યો અને હશી પડયાં. "ખોટું ન લગાડીશ, હોં; કુમારિકા રહીને જીવન ગાળવાનો વિચાર મ્હેં ત્હારો સાંભળ્યો છે, એ પણ ઠીક છે. પરન્તુ આપણાં **શાસ્ત્રો**માંના **પત્ની** અને **સતી**ના ધર્મ મ્હને સર્વદા અપાર્થિવજ લાગ્યા છે; અને એટલા સારૂ હું તો પવિત્ર પ્રેમીઓનાં દંપતી થવું એજ મનુષ્ય જીવનની ઉત્તમાવસ્થા માનું છું; તથા સ્વદેશની ઉન્નતિનો મુખ્ય આધાર જે આત્મત્યાગી, સ્વદેશપ્રેમીલી પ્રજા ત્હેનાં પણ જન્મ આપનાર હોય, તે હમ્મેશાં વંદનીયજ છે."

નિર્મળબાળાએ આમાંનું થોડુંકજ સાંભળ્યું હતું: **સરસ્વતીના** પત્ર સાથે ત્હેનાજ હાથની એક ચિઠ્ઠી હતી, જે ત્હેણે કોઇને બતાવી ન્હોતી,-ત્હેમાં પણ **નવીનબાબુ** સંપૂર્ણ રીતે યોગ્ય છે એમ સૂચવી **સરસ્વતી**એ નિર્મળબાળાને ત્હેની સાથે લગ્ન

કરવા વિનંતી કરી હતી. 'આથી ત્હમે બંને અનુગુણુ દંપતી થઈ એક બીજાની ન્યૂનતા પૂરી કરી શકશો-પતિપત્નીનાં જીવનમાં વધારે સહૃદયતાથી ઉતરી શકશો-સાથેજ પ્રયાસ કરવાથી જગતનાં દુઃખનો ભાર ઓછો કરવામાં વધારે વિજયી થશો—ડાકતર સાહેબ (પ્રતાપચન્દ્રરાય) ના અન્તરૂના અભિલાષ તૃપ્ત કરી શકશો,-આવા આવા અનેક લાભની સાથે ત્હમારાં એકાન્ત-શૂન્ય જીવનમાં પ્રીતિ-વત્સલતાના પ્રવાહોની મિઠી સેરો સ્ફુરાવી શકશો '-આ સરસ્વતીએ જણાવેલા વિચાર ત્હેના હૃદયમાં રમતા હતા એવામાં મહાદેવીના મ્હોંમાંથી નીકળી ગયેલા ઉદ્ગાર પણ સબળ વેગથી ભળ્યા !

અનેક વાતો થઈ; અને વખત પણ ઘણો ગયો પરન્તુ જણાયોયે નહિં. નિર્મળબાળાએ ઘણો આગ્રહ કર્યો પણ મહાદેવીએ પોતાનો દૃઢ સંકલ્પ બદલ્યો નહિં, માત્ર કબુલ એટલું કર્યું કે ' જેમ બનશે તેમ વધારે પત્રવ્યવહાર રાખીશ, અને પાછાં ફરતી વખત અહિં થઇને જઈશ. ત્હમે બધાં મ્હારા ઉપર જે માયા બતાવો છો ત્હેને બદલે મ્હારાથી યત્કિંચિત્ પણ-જે બનશે તે કરવા હું તત્પર છું. '

નિર્મળબાળાથી રોવાઈ જવાયું: " મૈયા, મૈયા ! બ્હેન હતી ત્હેને પ્રભુએ ઉપાડી લીધી, અને જનનિસમાન ત્હમે તે પણ જાઓ છો. ત્હમને, કર્તવ્યપરાયણતા, ધર્મપ્રીતિ, પ્રભુભક્તિ સર્વ જેનેં સુવિદિત છે; અને વિચાર અને આચારમાં જેને ફરકજ નથી; ત્હેને હું બીજું શું કહું ?-ગમે ત્યાં હશો, ગમે તે મહા કાર્યમાં રોકાયાં હશો તો પણ ત્હમે આ હૃદયમાંથી તો ખસવાનાં નથીજ અને આટલી મ્હારી નમ્ર વિનંતિ છે કે, મૈયા ! મ્હને પણ વિસારતાં નહિંજ હોં ! "

મહાદેવીએ શોકાર્દ્ર નયનથી પોતાને પ્રણામ કરતી નિર્મળબાળાને માથે પોતાના બંને હાથ મૂકયા.

૪. દૈવી જીવનનો પ્રભાવ :

ધનલક્ષ્મીની આંખોમાંથી અંસુ ઝરતાં હતાં,—મૂંજા પૂજાને ઠેકાણે ને માળા માળાને ઠેકાણે રહી ગઇ હતી; અને પ્રબોધચન્દ્ર તથા રસિકભાઇ સ્હામા હિંચકા ઉપર શોકવિલીન મુખાકૃતિઓથી બેઠા હતા.

રસિકભાઈથી ન રહેવાયું; ઘૂંટણુ ઉપર માથું મૂકીને તે રોઈ પડયો. પ્રબોધચન્દ્રે ચિરાતા અંતઃકરણના ઉદ્દ્વેગોના પ્રબળ રૂપ પોતાનાં નયનનો અશ્રુવેગ રોકવાને વૃથા પ્રયાસ કરતાં—તેને વાંસે હાથ ફેરવી આશ્વાસન આપવા માંડયું.

" ભાઇ ! ભાઇ ! આમ તે ગાંડાઇ ક્હાડતા હઈશું ? —બ્હેન આપણી ગઇ તે હવે કાંઇ પાછી આવવાની છે ?—આપણે ગમે તેટલાં રોઇએ તો પણ શું ?...આટલું પૂખડું મૂકતી ગઇ છે તેયે જીવે તો ઘણું ?—એ છોકરીના મ્હોં સ્હામું જોઇને આપણે તો દિલાસો લેવાનો છે ?...પ્રબોધચન્દ્ર ! જુવો ભાઇ, હું તો ત્હમને ખરેખરી સલાહ આપું છું કે ત્હમે ત્હમારે ખુશીથી પરણજો ! ગઈ તે કાંઇ પાછી આવવાની છે ?! ત્હમેયે કરવામાં કાંઈ બાકી રાખી છે ? —અને એ તો સંસારવે'વારની રીત છે; માટે બેલાશક ત્હમે ત્હમારે લગ્ન કરજો ! મ્હારે પરણાવવા જેવડી છોકરી હત તો હું તો જરૂર ત્હમને આપત. બીજાં બધાં ગમે ત્હેવાં પણ કાંઈ ત્હમારી તરફથી છોકરી દુઃખ પામી છે ?—ભાઈ, હું કયાં ત્હમારા ઘરની હકીકત નથી જાણુતી ? પરણુશો તો સુખ પામશો ! ને આ છોકરીની તો ત્હમારે બિલકુલ કાળજી રાખવાની નથી.—હવે કાંઇ રોયે એ પાછી આવવાની છે ? માટે રોશો નહિં ! આંસુ લોહી નાંખો !—ભાઈ, ત્હમેયે આમ શું

કરતા હશો ? પ્રબોધચન્દ્રને ધીરજ આપો. આપ તો ગઈ, હવે રોવાથી કાંઈ વળવાનું છે ?

પ્રબોધચન્દ્રની આંખો રોઈ રોઇને રાતી થઈ ગ... હેનાં ડુસકાં માતાં ન્હોતાં; રસિકભાઇએ મહા પ્રયાસે ... આવેગ દાબ્યો અને થોડીવારમાં પ્રબોધચન્દ્ર પણ તેમ કરી શકયો.

તે બંને જણા રસિકભાઈની મ્હેડીમાં જઇને બેઠા.

“ ક્ષયનો રોગ મટતોજ નહિં હોય ? ” રસિકભાઈ ઉદ્વેગમાં બોલી ઉઠયો : “ ત્યારે દાકતરો બધા કામના શું ... ?—એવાં દરદોને જો એ લોકો અસાધ્ય માને છે તો પછી ...પની દવા કરવાનું પણ ફળ શું ? ”

“ ના ના. છેકજ એમ નથી. એ રોગ બીજા રોગોના ...રતાં સમજવો વધારે કઠિન છે એથીજ ઓસડની વ્હેલી અ... બહુ અસર નથી થતી. નહિં તો એક દાકતરે ખાત્રી પૂ... ક કહ્યું છે કે, એ દરદમાં છેલ્લામાં છેલ્લી સ્થિતિમાં દરદી ... ત્યાંસુધી યોગ્ય ઉપાયોથી તે બચી શકે છે. આપણે એ... ...ના હતભાગ્ય કે દરદની વૃદ્ધિ એવા વખતમાં થઈ કે આ... ણે ત્હેને રોકી શકયા નહિં અને તેથીજ આવું પરિણામ ...વી ગયું !—મનની ચિન્તાઓથી દૂર રાખવાને અને શરીરની ...થાઓ ઓછી કરવાને, રોગી મનુષ્યને હવા ખાવાનાં સ્થા... ...ોમાં લઈ જવામાં આવે છે, જ્યાં ત્હેના દરદ ઉપર પણ સા... ... અસર થયા વિના રહેતી નથી. પરન્તું આવા રોગનું ખા... ... ઔષધ, મનની શાન્તિ, કુટુમ્બમાં આનન્દ, જીવને જેમ ...ને તેમ રમત ગમ્મતમાં રાખવો, હુંશિયાર દાકતરની સાર... ...રમાં રાખી પૌષ્ટિક તથા ધીમે ધીમે ક્ષયનું રોધન કરે એવા પદાર્થોનું સેવન કરવું,—આવા આવા ઉપાયો લેવા અને પછી પ્રભુની ઇચ્છા : આ પ્રમાણે થાય તો જરૂર કોઇ પણ પ્રકા... ...ો ક્ષયનો રોગ એવો નથી કે તે ન મટે. પરન્તુ સઘળું ... આપણને કડવા અનુભવો ઉપરથીજ પ્રાપ્ત થાય છે !...

ઊંચી કોમની બાળકીઓમાં ક્ષય અને તાણુ જેવા મહાન્ રોગોનું પ્રબળ દિનપરદિન વધતું જોઇએ તું કારણ, બાળલગ્ન આદિ અનેક કારણો ઉપરાંત, તન્દુરસ્તાની બેદરકારી, ખરાબ ખોરાક, અને અંગકસરતનું બિલકૂલ નાબૂદ થવું, એ પણ છે. અનીતિથી અને માણસોની ગર્દીથી કંટાળી ઘણીખરી બાલિકાઓએ નદીએ ન્હાવા જવાનું અને મન્દિરમાં દર્શન કરવા જવાનું,—એ બંને આપણી સંમતિથી—ત્યજી દીધાં છે; પરન્તુ ત્હેને બદલે ઘરમાં કાંઇ પણ શરીર કસાય એવું કામ કરવાની આપણે ત્હેમને ફરજ પાડતા નથી; તેમ વળી ઘણાખરા મધ્યસ્થ વિચારવાળા પુરૂષો ઉપર જણાવેલો સુધારો સ્વીકાર્યા છતાં સ્ત્રીઓ બ્હાર ફરેહરે ત્હેની વિરુદ્ધ છે: તો પછી સ્ત્રીઓમાં અને ત્હેને લીધે ત્હેમનાં બાળકોમાં હમ્મેશાં નબળાઇ વધતીજ જાય ત્હેમાં કાંઈ નવાઈ જેવું છે? મ્હારા મનમાં એટલોજ અભિલાષ હતો કે હું કોઈ સ્વતંત્ર જગો પર જાઉ! સુખઘટિકા પણ આવી પ્હોચી, પરન્તુ પોતાની સાથે વેદનાનું વિષ લેતી આવી."

તે આંસુ ભરી આંખોથી બોલ્યો: "એમને જવું નિર્માણુજ થયેલું હતું તો—રસિકભાઈ! મ્હને એટલુંજ લાગી આવે છે કે—ફક્ત બાર મહિના, છ મહિના પછી તેમ થયું હોત તો...!"

"बलीयसी केवलमीश्वरेच्छा—આપણા હાથમાં છે શું?" રસિકભાઇએ દીર્ઘ નિઃશ્વાસ મૂકગો: "આપણા જીવનમાં 'અમૃત વિષ બે સાથે વહે' એ વાકય કેટલું સંપૂર્ણ રીતે ખરૂં છે? મ્હને આટલું બધું લાગી આવે છે, તો તમને—નિરંતર સહવાસ, અરસ્પરસનું ગાઢ પ્રીતિબન્ધન, જીંદગીનાં કલેશચિન્તાઓ તેમજ સુખસ્વપ્નોમાં ઉરવાહિની,—એ સર્વ ઉડી જતાં કેટલું કેટલું લાગી આવતું હશે, શું શું નહિં થઈ આવતું હોય?—મ્હારી તો એ બ્હેન તે બ્હેનજ, સહચરી હતી!...પણ કરવું શું?—જગદીશ્વર પાસે મ્હારી તો રાત દિવસ એજ યાચના છે કે, મનુષ્યજીવન